શ્રીપુરુષોત્તમગ્રન્થાવલી–૫

દ્રવ્યશુદ્ધિદીપિકા

जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ

પ્રકાશકઃ
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,
કંસારા બજાર, માંડવી-કચ્છ,
ગુજરાત, ૩૭૦ ૪૬૫
ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
gosharad@rediffmail.com

http://www.vallabhacharyavidyapeeth.org/

www.pushtimarg.net

સમ્પાદક : ગોસ્વામી શરદ્

પ્રથમ સંસ્કરણ : વિ.સં. ૨૦૬૯

પ્રતિ : ૧૦૦૦

ગ્રન્થપ્રકાશન સહાય : ૧૦૦/-

મુદ્રક : પૈંર્વી પ્રેસ, રાજકોટ

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

<u>સેમિનારઃ</u>

૧. શબ્દખંડીયા વિદ્વતપરિચર્ચા, ગાંધીનગર	૨. કાર્યકારણભાવવિચાર, વડોદરા-ગુજરાત
૩. પ્રત્યક્ષપ્રમાણ સંગોષ્ઠી, પુણે	૪. અન્યખ્યાતિવાદીયા વિદ્વતસંગોષ્ઠી, પુણે
૫. અન્ધકારવાદ વિદ્વતપરિચર્ચા, પુણે	૬. વાર્તાપરિચર્ચા, હાલોલ-ગુજરાત
૭. અધિકારપરિચર્ચા, હાલોલ-ગુજરાત	૮. સાધનાપ્રણાલી, મુંબઈ
૯. સેવા-સમર્પણ, મુંબઈ	૧૦. કથાયાં વા/ગુણગાન સાધના, મુંબઈ
૧૧. શરણાગતિ, મુંબઈ	૧૨. પુષ્ટિભક્તિસાધનામેં પ્રતિબન્ધ, મુંબઈ
૧૩. જઘન્યાધિકાર, મુંબઈ	૧૪. પુષ્ટિફલમીમાંસા, મુંબઈ

૧૫. World Philosophy Conference. Delhi (cosponsored with Indian Philosophical Congress)

૧૬. International Conference on World Peace. Ahmedabad (Cosponsored with Uni. of Gujarat)

આચાર્યવંશજોમાટે અધ્યયનસત્ર :

૧. તર્કામૃતમ્ - ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી ૨. વેદાન્તસાર

ગ્રન્થપ્રકાશન :

સામ્પ્રદાયિક પરીક્ષાના પાઠ્યપુસ્તકો

૧. પ્રવેશિકા, લેખક : ગો.શરદ્ (ગુજરાતી)	૧૦
૨. પ્રવેશિકા, લેખક : ગો.શરદ્ (હિન્દી)	નિઃશુલ્ક
૩. પ્રવેશિકા, લેખક : ગો.શરદ્ (અંગ્રેજી)	નિઃશુલ્ક
૪. પુષ્ટિપ્રવેશ-૧, લેખક : ગો.શરદ્ (ગુજરાતી)	૧૦
૫. પુષ્ટિપ્રવેશ-૨, લેખક : ગો.શરદ્ (ગજરાતી)	૧૦
૬. પુષ્ટિપ્રવેશ-૧-૨, લેખક : ગો.શરદ્ (હિન્દી)	૧૦
૭. પુષ્ટિપથ, લેખક : ગો. શરદ્ (ગુજરાતી)	૨૦
૮. પુષ્ટિપથ, લેખક : ગો.શરદ્ (હિન્દી)	૨૦
૯. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગો.શરદ્ (ગુજરાતી)	૨૦
૧૦. Manual of the Devotional Path of Pushti. : ગો.શરદ્	૬૫

સામ્પ્રદાયિક વિચારગોષ્ઠી

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા સમાયોજિત સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્ર તથા તેમના પર થયેલ વિશદ ચર્ચા નો સંગ્રહ

૧૧. વાર્તાપરિચર્ચા	૧૫
૧૨. સાધનાપ્રણાલી સંગોષ્ઠી	૫૦
૧૩. અધિકારપરિચર્ચા	૧૦૦
૧૪. પુષ્ટિભક્તિમેં કથાસાધના સંગોષ્ઠી	૫૦
૧૫. શરણાગતિ વિચારગોષ્ઠી	૫૦
૧૬. સેવા-સ્મરણ વિચારગોષ્ઠી	૫૦
૧૭. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૈંરક પ્રશ્નોત્તરી (ગુજરાતી)	નિઃશુલ્ક

૧૮. પુષ્ટિભક્તિ તથા પ્રપત્તિમાં પ્રતિબન્ધ	૧૦૦
૧૯. જઘન્યાધિકાર	૮૦
૨૦. પુષ્ટિફલમીમાંસા	૧૦૦

તત્ત્વદર્શન વિષયક રાષ્ટ્રીય સેમિનાર

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા સમાયોજિત તત્ત્વદર્શન વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ વિભિન્ન શોધપત્ર તથા ચર્ચા નો સંગ્રહ (સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)

૨૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા	૨૦૦
૨૨. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી	૧૫૦
૨૩. કાર્યકારણભાવવિદ્વત્સંગોષ્ઠી	૨૦૦
૨૪. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી	૧૫૦
૨૫. અન્ધકારવાદીયા વિદ્વત્સંગોષ્ઠી	૨૦૦
૨૬. વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ, લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી	નિઃશુલ્ક

નિત્યસ્તોત્રપાઠ

૨૭. પુષ્ટિપાઠાવલી (હિન્દી)	૧૦
૨૮. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી)	૧૦
૨૯. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (ગુર્જરભાષાનુવાદ)	૨૦

સંદર્ભગ્રન્થ

૩૦. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા	૧૦
૩૧. .... , લેખક : ગો.શરદ	૧૫
૩૨. અમૃત વચનાવલી (ગુજરાતી)	નિઃશુલ્ક
૩૩. અમૃત વચનાવલી (હિન્દી)	નિઃશુલ્ક
૩૪. પુષ્ટિઅસ્મિતા સંવર્ધન શિબિર, રાષ્ટ્રીય સંમેલન, ભરૂચ	૨૫

અધ્યયનોપયોગી ગ્રન્થ

૩૫. પુષ્ટિવિધાનમ્-૨ (વ્યાકરણમ્) શ્રીવલ્લભાચાર્ય-શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી વિરચિત ૨૬ ગ્રન્થોનો પદચ્છેદ-અન્વય-શબ્દપરિચય-વૃત્તિપરિચય	૧૦૦
૩૬. પુષ્ટિવિધાનમ્-૩ (વ્રજભાષા) શ્રીવલ્લભાચાર્ય-શ્રીગોપીનાથજી-શ્રીગુસાંઇજી વિરચિત ૨૬ ગ્રન્થોનો શબ્દાર્થ-શ્લોકાર્થ-વિવેચન-પાદાનુક્રમણિકા	૧૫૦
૩૭. તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્, (વ્રજભાષાટીકા)	૫૦/૭૦
૩૮. તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ (વ્રજભાષાટીકા)	૮૦/૧૦૦
૩૯. શ્રીભાગવતમહાપુરાણ, ચાર ખણ્ડોમાં (ગુર્જરભાષાનુવાદ)	૪૦૦
૪૦. વિવેકત્રયમ્, પ્રપંચ-જીવ-મૈલરૂપ (સંસ્કૃત)	૧૦
૪૧. ગૃહસેવા અને વ્રજલીલા (વ્રજભાષા) વ્યાખ્યાતા : ગો.શ્રીશ્યામમનોહરજી	નિઃશુલ્ક
૪૨. ગૃહસેવા અને વ્રજલીલા (ગુજરાતી) વ્યાખ્યાતા : ગો.શ્રીશ્યામમનોહરજી	અપ્રાપ્ય
૪૩. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વ્યાખ્યાતા : ગો.શ્રીશ્યામમનોહરજી	અપ્રાપ્ય

૪૪. શ્રીગોપીનાથપ્રભુચરણ, જીવનચરિત્ર-ગ્રન્થ-હસ્તાક્ષર (ગુજ/હિન્દી) ૨૫

૪૫. શ્રીકૃષ્ણચરિત્ર (દશમસ્કન્ધ ગુર્જરભાષા-ભાવાનુવાદ)
અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી ૮૦
૪૬. શ્રીમદ્ભગવદ્ગીતા, ગુર્જરભાષાનુવાદ, અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી
(શ્લોકાર્થ-વિવેચન-પાદાનુક્રમણિકા-ગીતાતાત્પર્ય-ન્યાસાદેશવિવરણ ગુજ.) ૫૦
૪૭. રસદ્રષ્ટિની તરફેણમાં (ગુજરાતી), લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૮. સિદ્ધાન્તનું આચમન, પ્રશ્નોત્તર (ગુજ.) ઉત્તરદાતાઃ ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૪૯. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો (ગુજરાતી) ૭૦
ગો.શ્રીશ્યામમનોરજી લિખિત શ્રીવલ્લભ મહાપ્રભુસ્તોત્રાણિ ગ્રન્થની વિસ્તૃત હિન્દી ભૈંમિકાનો ગુર્જરભાષાનુવાદ તથા સાદર્યપદ્ય, સર્વોત્તમસ્તોત્ર, વલ્લભાષ્ટક, સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત, શ્રીહરિરાયચરણ રચિત શ્રીવલ્લભસ્તોત્ર, પંચશ્લોકી, શિક્ષાશ્લોકી વગેરે ગ્રન્થોની ટીકાઓનો ગુજરાતી અનુવાદ.
૫૦. સેવાકૌમુદી (હિન્દી) વિષય : નવધાભક્તિ, લેખક : શ્રીલાલૈંભટ્ટજી,
વ્યાખ્યાતા : ગો.શ્રીશ્યામમનોહરજી અપ્રાપ્ય
૫૧. બ્રહ્મવાદ (હિન્દી) લેખક : ગો.શ્રીશ્યામમનોરજી નિઃશુલ્ક
૫૨. ભક્તિવર્ધિની (ગુજરાતી) વ્યખ્યાતા : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક
૫૩. સેવા (હિન્દી) (ઋતુ-ઉત્સવ-મનોરથ), વ્યખ્યાતા : ગો.શ્રીશ્યામમનોરજી નિઃશુલ્ક
૫૪. સેવા (ગુજ.) (ઋતુ-ઉત્સવ-મનોરથ), વ્યખ્યાતા : ગો.શ્રીશ્યામમનોરજી નિઃશુલ્ક
૫૫. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લેખક : શ્રીભૈંપેન્દ્ર ભાટીયા ૪૦
૫૬. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૬૪ વાર્તાઓ, લેખક : શ્રીભૈંપેન્દ્ર ભાટીયા ૪૦
૫૭. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી વિરચિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ ૦૭

ઇતિહાસ

૫૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીનો આપસી ટકરાવ
(ગુજ.) લેખક : ગો.શ્રીશ્યામમનોરજી નિઃશુલ્ક
૫૯. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીનો આપસી ટકારવ
(હિન્દી) લેખક : ગો.શ્રીશ્યામમનોહરજી નિઃશુલ્ક

ચિત્ર

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય નિઃશુલ્ક
શ્રીગોપીનાથપ્રભુચરણ નિઃશુલ્ક
મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય-શ્રીગોપીનાથપ્રભુચરણ-શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ નિઃશુલ્ક

ગોશાળા જીર્ણોદ્ધાર :

તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજીના બેઠકજી, ગામ : વિંજાણ-કચ્છ
હસ્તલિખિત ગ્રન્થોંનો સંગ્રહ-સંરક્ષણ ; પુસ્તકાલય.

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાંગ્મય :

શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આધારભૈંત સંસ્કૃત-વ્રજ-ગુજરાતી આદિ ભાષામાં લખેલ મૈંળ ગદ્ય-પદ્ય ગ્રન્થસાહિત્ય, તેમનો અનુવાદ તેમજ તેમના ઉપર લખેલ વિવેચન આદિનો (સામ્પ્રદાયિક શબ્દકોશ, સામ્પ્રદાયિક વચનાનુક્રમણિકા, ભગવદ્ગીતાપાદાનુક્રમણિકા આદિ સહિત અધ્યયનોપયોગી સાહિત્યનો) બૃહદ્ સંગ્રહ. ડાઉનલોડ્ તેમજ માર્ગદર્શન માટે સંપર્ક : http://www.pushtimarg.net/pushti/pushti-vangmay.html.

વર્તમાનમાં નિમ્નલિખિત ગ્રન્થ શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગીય વાંગમય માં ઉપલબ્ધ છે.

ષોડશગ્રન્થ (બધી સંસ્કૃત ટીકા, હિન્દી ગ્રન્થપરિચય, ગુજરાતી અનુવાદ સહિત)

તત્ત્વાર્થદીપનિબન્ધ

- શાસ્ત્રાર્થપ્રકરણ (ટિપ્પણી-આવરણભંગ-યોજના-સત્સ્નેહભાજન, અનુ.ગુજ.વ્રજ)
- સર્વનિર્ણયપ્રકરણ (સંસ્કૃત ટીકા = ટિપ્પણી-આવરણભંગ, અનુ.=વ્રજભાષા)
- ભાગવતાર્થપ્રકરણ (બધી સંસ્કૃત ટીકાઓ)

બ્રહ્મસૈંત્રાણુભાષ્ય

શિક્ષાપદ્યાનિ (બધી સંસ્કૃત ટીકાઓ)

મધુરાષ્ટકમ્ (બધી સંસ્કૃત ટીકાઓ)

પરિવૃઢાષ્ટકમ્ (બધી સંસ્કૃત ટીકાઓ)

પુરુષોત્તમનામસહસ્રમ્ (બધી સંસ્કૃત ટીકાઓ)

ત્રિવિધનામાવલી (બધી સંસ્કૃત ટીકાઓ)

સુબોધિની (સ્કન્ધ ૧ તથા ૨ સંસ્કૃત)

સેવાશ્લોકા

વિદ્વન્મણ્ડનમ્ (મૈંળ તથા ગુજરાતી અનુવાદ)

સૌન્દર્યપદ્ય (વ્રજભાષા ટીકા)

સાધનદીપિકા (મૈંળ તથા વ્રજભાષા તથા ગુજરાતી અનુવાદ)

પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર (મૈંળ-સંસ્કૃતટીકા-હિન્દી અનુવાદ)

શ્રીભાગવતપુરાણ (સ્કન્ધ ૧-૭, ૧૦, ૧૧ મૈંળ તથા હિન્દી-ગુજરાતી અનુવાદ)

શ્રીહરિરાયવાંગમુક્તાવલી (૫૫ ગ્રન્થ, મૈંળ તથા ગુજરાતી અનુવાદ)

દ્રવ્યશુદ્ધિ (મૈંળ તથા ગુજરાતી-વ્રજભાષા અનુવાદ)

૮૪ વૈષ્ણવવાર્તા (મૈંળ-ભાવપ્રકાશ, વ્રજભાષા)

૨૫૨ વૈષ્ણવવાર્તા (મૈંળ-ભાવપ્રકાશ, વ્રજભાષા)

૪૧ શિક્ષાપત્ર (મૈંળ તથા વ્રજભાષા ટીકા)

પ્રસ્થાનરત્નાકર

અવતારવાદાવલી ખંડ ૨,૩

વાદાવલી

ભગવદ્ગીતામૃતતરંગિણી

વલ્લભાષ્ટકમ્

સર્વોત્તમસ્તોત્રમ્

શ્રીવલ્લભાચાર્ય વિદ્યાપીઠ : ટૈંક સમયમાં જ કાર્યરત થવા જઈ રહેલ આ વિદ્યાપીઠ અધ્યયનોપયોગી ગ્રન્થાલય, અધ્યયનકક્ષ, નિવાસ, ભોજન, અધ્યાપક વગેરે અત્યાવશ્યક સુવિધાઓથી સુસજ્જ થશે. http://www.vallabhacharyavidyapeeth.org/

પુષ્ટિસ્વાધ્યાય : સપ્તાહના પ્રાયઃ બધા દિવસ અબાલ-વૃદ્ધ બધા પુષ્ટિમાર્ગીઓમાટે સમ્પ્રદાયના મૈંળ ગ્રન્થોંનુ અધ્યાપન વિદ્વાન આચાર્યવંશજોં દ્વારા ત્રણ માધ્યમોંથી થાય છે : ૧. ટેલિફોનિક્ કોન્ફરન્સ્, ૨. ઈંટર્નેટ દ્વારા લાઈવ ઓડિયો તથા ૩. ઈંટરનેટ દ્વારા લાઈવ્ વીડીયો કોન્ફરન્સ્, વિશેષ જાણકારીમાટે ફોનસંપર્ક :- યોગેન્દ્રભાઈ (+૯૧ ૯૩૨૩૭૩૩૭૯૬), પિનાકીનભાઈ (+૯૧ ૯૭૨૬૪૪૪૫૧૫), નીરજભાઈ (યુએસએ) (+૭૩૨૫૪૨૪૧૬૫), ઈમેલસંપર્ક : pushtiswadhyay@gmail.com

ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીદ્વારા સમ્પાદિત-પુનર્મુદ્રિત
શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના મૂળ સંસ્કૃત ગ્રન્થ

૧. સવ્યાખ્યષોડશગ્રન્થ

ખંડ ૧. શ્રીયમુનાષ્ટકમ્ થી સિદ્ધાન્તરહસ્યમ્ (૧-૫)
ખંડ ૨. નવરત્નમ્ થી ભક્તિવર્ધિની (૬-૧૧)
ખંડ ૩. જલભેદ થી સેવાફલમ્ (૧૨-૧૬)

૨. સવ્યાખ્યષડ્ગ્રન્થાઃ (શ્રીપુરુષોત્તમનામસહસ્રમ્, ત્રિવિધનામાવલી, પ્રેમામૃતમ્, શ્રીપરિવૃઢાષ્ટકમ્, મધુરાષ્ટકમ્, શિક્ષાશ્લોકી)

૩. તત્ત્વાર્થદીપનિબન્ધઃ

ખંડ ૧. શાસ્ત્રાર્થ-સર્વનિર્ણયપ્રકરણ
ખંડ ૨. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૧-૫
ખંડ ૩. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૬-૧૨

૪. બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્ઃ (પ્રકાશ-રશ્મિ વ્યાખ્યા સહિત)

ખંડ ૧. પ્રથમાધ્યાય
ખંડ ૨. પ્રથમાધ્યાય
ખંડ ૩. દ્વિતીયાધ્યાય
ખંડ ૪. તૃતીયાધ્યાય
ખંડ ૫. ચતુર્થાધ્યાય

૫. શ્રીમદ્ભાગવતસુબોધિનીઃ

ખંડ ૧. પ્રથમ-દ્વિતીયસ્કન્ધ
ખંડ ૪. જન્મપ્રકરણ
ખંડ ૫. તામસફલપ્રકરણ
ખંડ ૬. તામસપ્રમેય-સાધનપ્રકરણ
ખંડ ૭. તામસફલપ્રકરણ
ખંડ ૮. રાજસપ્રમાણ-પ્રમેયપ્રકરણ
ખંડ ૯. રાજસસાધન-ફલપ્રકરણ

૬. શ્રીપુરુષોત્તમગ્રન્થાવલીઃ

ખંડ ૧. વેદાન્તાધિકરણમાલા-ભાવપ્રકાશિકા
ખંડ ૨. પ્રસ્થાનરત્નાકર
ખંડ ૩. અવતારવાદાવલી-૨ (ભેદાભેદવાદ, સૃષ્ટિભેદવાદ, આવિર્ભાવતિરોભાવવાદ, ખ્યાતિવાદ, પ્રતિબિમ્બવાદ, અન્ધકારવાદ)
ખંડ ૪. અવતારવાદાવલી-૩ (બ્રાહ્મણત્વાદિદેવતાવાદ, જીવવ્યાપકત્વખણ્ડનવાદ,

જીવપ્રતિબિમ્બત્વખણ્ડનવાદ, ભાગવતસ્વરૂપવિષયકશંકાનિરાસવાદ, ઉપદેશાદિવિષકશંકા-નિરાસવાદ, ભગવતપ્રતિકૃતિપૈંજનવાદ, ઉર્ધ્વપુણ્ડ્રધારણવાદ, તુલસીમાલાધારણવાદ, શંખચક્રધારણવાદ, ભક્તિરસત્વવાદ, ભક્ત્યુત્કર્ષવાદ, નામફલાદિપ્રકારવાદ, જયશ્રીકૃષ્ણોચ્ચારણવાદ, સ્વવૃત્તિવાદ, વસ્ત્રાદિસેવાવાદ, મૈંર્તિપૈંજનવાદ, ભાગવતપાઠાદેઃ-શંકાનિરાસવાદઃ)

ખંડ ૫. દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીયપરાધનિરૂપણવિવૃતિઃ, ઉત્સવપ્રતાનઃ

૭. વિવિધવિવરણોપેત પત્રાવલમ્બનમ્
૮. વિદ્વન્મણ્ડનમ્
૯. શ્રીબાલકૃષ્ણગ્રન્થાવલી
૧૦.પુષ્ટિવિધાનમ્
૧૧.શ્રીવલ્લભમહાપ્રભુસ્તોત્રાણિ
૧૨.શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ
૧૩.વાદાવલી (બ્રહ્મવાદપ્રમુખાનામ્ અનેકવાદાનાં સંકલનરૂપા) બ્રહ્મવાદઃ, વાદકથા, વિગ્રહવાદ, પ્રપંચવાદ, પ્રપંચસંસારભેદવાદઃ, બ્રહ્મજીવતદૈક્યસ્વરૂપનિરૂપણમ્, વિરુદ્ધધર્માશ્રયત્વ-નિરૂપણમ્, આત્મવાદ, પ્રશ્નોત્તરસાહસ્રીપર્યાલોચનમ્, પ્રશ્નોત્તરસાહસ્રીચર્ચિત-પ્રકૃત્યધિકરણસમાલોચનમ્, કેવલાદ્વૈતવાદાભિમતાવિદ્યાસ્વરૂપવિમર્શ, અક્ષર-પુરુષોત્તમદ્વૈત-નિરાસવાદઃ.

ક્રમાંક ૧-૨, ૪/૧-૪/૨ તથા ૬/૫ નો છોડીને બધા ગ્રન્થ શ્રીવલ્લભવિદ્યાપીઠ-શ્રીવિટ્ઠલેશ્વર-પ્રભુચરણ આ.હો.ટ્રસ્ટ (કોલ્હાપુર) દ્વારા પ્રકાશિત.

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીના હિન્દી-ગુજરાતી પુસ્તકો

વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ	રસદ્રષ્ટિની તરફેણમાં
ભગવત્સેવાનો સિદ્ધાન્તશુદ્ધ પ્રકારઃ એક પ્રશ્નોતરી	વિશોધનિકા
પુરુષોત્તમયોગ (ગુજ-હિન્દી)	શ્રીયમુનાષ્ટકમ્
ધર્મ-અર્થ-કામ-મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના	ગૃહસેવા અને વ્રજલીલા
શ્રીવલ્લભાચાર્યના દર્શનનું યથાર્થ સ્વરૂપ	નવરત્નમ્
સિદ્ધાન્તનું આચમન : પ્રશ્નોત્તરી	સિદ્ધાન્તસૈંક્તિ
નવરત્નોપદેશનુ માનસવિશ્લેષણ	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ
સાકારબ્રહ્મવાદ (તત્ત્વચિંતન ભક્તિ સંસ્કૃતિ વિમર્શ)	વિવેક (ગુજ-હિન્દી)
શરણાગતિવિચારગોષ્ઠી એક પૈંરક પ્રશ્નોત્તરી	વાર્તાઓની સૈદ્ધાન્તિક સંગતિ
તત્ત્વાર્થદીપનિબન્ધ : શાસ્ત્રાર્થપ્રકરણોપક્રમ	ભક્તિયોગ (ગુજ-હિન્દી)
સેવા (ઋતુ-ઉત્સવ-મનોરથ) (ગુજ-હિન્દી)	સેવા અને વ્રજલીલા (ગુજ-હિન્દી)

સંપર્ક : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી, વ્રજકમલ, ૬૩ સ્વસ્તિક સોસાયટી, ૪ રસ્તા, જુહુ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ. ફોન : (૦૨૨) ૨૬૧૪૪૩૨૬.

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

પ્રકાશકીય

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યોપદિષ્ટ પુષ્ટિમાર્ગીય સાધનામાં સેવાસાધનાનું સ્થાન અનન્ય છે. ભગવત્સેવા પુષ્ટિભક્તોમાટે જોકે સ્વતન્ત્રપુરુષાર્થરૂપા-ફલરૂપા હોય છે તેમ છતાં સેવાકર્તાની અવસ્થા કક્ષા ના ભેદથી તેની ધર્મરૂપતા પણ સ્વીકાર્ય છે જ. આથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ લખે છે : ''પુષ્ટિમાર્ગે હરેઃ દાસ્યં ધર્મઃ''. શાસ્ત્રોમાં જેવી રીતે ધર્મના ષડંગ : દેશ-કાલ-દ્રવ્ય-કર્તા-મન્ત્ર-કર્મ નો ગંભીર વિચાર થયેલો છે તેવી રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં પણ ધર્મસ્થાની કૃષ્ણસેવાના દેશ-કાલાદિ ષડંગોના સિદ્ધાન્તાભિમત સ્વરૂપનું નિરૂપણ પ્રમુખતયા : ષોડશગ્રન્થ, શિક્ષાશ્લોકા, પંચશ્લોકી, તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત સાધનપ્રકરણ આદિ ગ્રન્થોમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોએ કરેલ છે. જ્યારે કે નિત્યસેવાની વિધિનું નિરૂપણ શ્રીવલ્લભાચાર્યચરણોના જ્યેષ્ઠાત્મજ શ્રીગોપીનાથપ્રભુચરણોએ પોતાના 'સાધનદીપિકા' નામના ગ્રન્થમાં કર્યું છે. ધર્માંગભૈંત મન્ત્રનો જ્યાં સુધી પ્રશ્ન છે તો પુષ્ટિભક્તિમાર્ગીય ભગવત્સેવામાં સમ્પ્રદાયના મૈંલાચાર્ય તેમજ તેમના કૃપાપાત્ર ભગવદીયો ના ભક્તિભાવાત્મક વચન જ મન્ત્રસ્થાની માનવામાં આવે છે. તેનું નિરૂપણ શ્રીગોપીનાથપ્રભુચરણ વિરચિત 'સેવાશ્લોકા' આદિ ગ્રન્થોમાં તથા બહુપ્રચલિત કીર્તન ગ્રન્થોમાં ઉપલબ્ધ થાય છે.

અહીં એ અવધેય છે કે શ્રૌત-સ્માર્ત ધર્મોમાં કર્તા પ્રમુખતઃ વર્ણાશ્રમી હોય છે. કર્તાને નિત્ય-નૈમિત્તિક-કામ્યના ભેદથી જે કર્મ કરણીય હોય છે તદનુસાર તેના કાલ-દેશ-દ્રવ્ય-મન્ત્રનો નિર્ણય કરવામાં આવે છે. કર્મમાર્ગમાં કર્મનું પ્રાધાન્ય હોય છે આથી દેવતા કર્મના અંગ-દ્રવ્ય માનવામાં આવે છે. કર્મમાર્ગથી વિપરીત ભક્તિમાર્ગમાં કર્મની તુલનામાં આરાધ્ય દેવનું પ્રાધાન્ય હોય છે.

ભક્તિમાર્ગની દ્રષ્ટિમાં ભક્તિ-સેવાસાધનાના મુખ્ય ઘટક : [૧]સેવ્ય, [૨]સેવા અને [૩]સેવક હોય છે. એમાંથી પ્રથમ અર્થાત્ [૧]સેવ્ય તો ક્ષરાક્ષરાતીત પુરુષોત્તમ સ્વયં શ્રીકૃષ્ણ કેમકે નિત્ય અપરિચ્છિન્ન હોય છે, આથી દેશ-કાલાતીત છે. આથી જ સેવ્યની [૨]સેવા પણ દેશ-કાલના શાસ્ત્રીય નિયમોથી બંધાયેલ ન હોઈ, ભક્તિભાવથી ભક્ત જ્યાં-જ્યારે શ્રીકૃષ્ણની સેવા કરે છે ત્યાં-ત્યારે શ્રીકૃષ્ણ તેના ઉપર અનુગ્રહ કરીને તેની સેવાને સ્વીકારે છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોએ શ્રીકૃષ્ણની સર્વદા-સર્વત્ર ભજનીયતાના આ સિદ્ધાન્તને 'ચતુઃશ્લોકી' ગ્રન્થમાં **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ, સ્વસ્ય અયમેવ ધર્મો હિ ન અન્યઃ**

ક્વાપિ કદાચન'' આ શબ્દોમાં ઘોષિત કરેલ છે.

[૩]સેવક-જીવ, કેમકે, ભગવદંશ હોય છે આથી જીવસ્વરૂપના વિચારે તો જીવમાત્રનો સ્વધર્મ ભગવત્સેવા જ હોય છે. તથાપિ ભગવાન્‌ની ભિન્ન-ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન ફળોનું દાન કરવાની ઈચ્છાને કારણે ભગવાન્ જીવોનું વરણ પુષ્ટિ-મર્યાદા-પ્રવાહ ભેદથી ભિન્ન-ભિન્ન માર્ગોમાટે કરે છે. તદનુસાર ભગવાન્, કેમકે, પુષ્ટિમાર્ગીય ફલ કેવળ પુષ્ટિજીવોને જ પ્રદાન કરે છે આથી કેવળ પુષ્ટિજીવ જ પુષ્ટિભક્તિમાર્ગમાં અધિકૃત માનવામાં આવેલ છે. જીવચેતના, કેમકે, **''એવં પંચવિધં લિગં ત્રિવૃત્ ષોડશવિસ્તૃતમ્, એષ ચેતનયા યુક્તો 'જીવ' ઈત્યભિધીયતે''** (ભાગ.પુરા.૪।૨૯।૭૪) વચન પ્રમાણે પ્રાણ-અન્તઃકરણ-ઈન્દ્રિય-તન્માત્રાદિથી યુક્ત હોય છે. આથી એવી મિશ્ર અવસ્થામાં અધ્યસ્ત ચેતના માટે શુદ્ધ 'સ્વ'નું નિર્ધારિણ કરવું દુષ્કર થઈ જાય છે. આથી જ સ્વધર્મનું નિર્ધારિણ પણ જટિલ બની જાય છે. 'સ્વ' જોકે આત્માનું વાચક હોય છે. આમ છતાં દેહાદિમાં ફસાયેલો જીવ પોતાને દેહાદિ સમજવા લાગે છે. એવામાં, દેહાધ્યાસાદિ જ્યારે લાગેલા જ છે ત્યારે, ભગવતસેવાના આત્મધર્મરૂપ હોવાના ફક્ત શાસ્ત્રીય જ્ઞાનના જોરે, પુષ્ટિમાર્ગી જો દેહધર્મની ઉપેક્ષા કરે તો પાખણ્ડ જ કહેવાય. આથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ શ્રીભાગવતના તૃતીયસ્કન્ધની **''સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્''** કારિકાની સુબોધિની વિવૃતિમાં પુષ્ટિમાર્ગીય સેવાકર્તા માટે સ્વવર્ણાશ્રમધર્મના પાલનની આવશ્યકતા ઉપર ભાર દેતા લખે છે કે :

> **''મનુષ્યએ સ્વધર્મનું આચરણ કરવું જોઈએ. 'સ્વધર્મ' અર્થાત્ દેહધર્મનું આચરણ. પોતપોતાના વર્ણ અને આશ્રમ ના અનુસાર શાસ્ત્ર આપણને જે કર્તવ્યોના પાલનમાટે આદેશ કરે છે તેમનું યથાશક્તિ પાલન કરવું જોઈએ. શાસ્ત્ર પણ કહે છે : ''જેટલું થઈ શકે તેટલું કરો''. સ્વવર્ણાશ્રમધર્મનું પાલન કરવામાં સમર્થ હોવા છતા પણ તેમનું અલ્પ અથવા અધૂરુ પાલન ન કરવું જોઈએ.... જ્યાં સુધી દેહાદિમાં આત્માનો અધ્યાસ છે ત્યાં સુધી તો વર્ણાશ્રમધર્મ જ સ્વધર્મ હોય છે, ભગવદ્ધર્માદિ પણ વિધર્મ કે પરધર્મ કહેવાશે. પરંતુ જ્યારે મનુષ્ય પોતાને ''હું દેહાદિ સંઘાતથી ભિન્ન જીવ છું'' એવું માનવા લાગે ત્યારે તો ભગવદ્દાસ્ય જ સ્વધર્મ હોય છે, અન્ય વર્ણાશ્રમાદિ ધર્મ પરધર્મ બની જાય છે.''***

આ વચનોનું નિષ્કૃષ્ટ તાત્પર્ય સમજાવતાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણોના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથપ્રભુચરણ 'સાધનદીપિકા' ગ્રન્થમાં લખે છે કે :

---

* ''સ્વધર્માણાં દેહધર્માણાં વર્ણાશ્રમાધિકારસિદ્ધાનામ્ આચરણં યથાશક્ત્યા કર્તવ્યમ્, ન તુ શક્તાવપિ સંકોચઃ. શાસ્ત્રમપિ ''યચ્છક્નુયાત્ તત્ કુર્યાત્'' ઈતિ. ... યાવદ્ (વિપર્યાયાભ્યાસદાર્ઢ્યેન આત્મતયા ભાતઃ[પ્રકાશ]) દેહો અયં તાવદ્ વર્ણાશ્રમધર્માએવ સ્વધર્માઃ, ભગવદ્ધર્માદયોઽપિ વિધર્માઃ પરધર્મા વા. યદા પુનઃ આત્માનં જીવં મન્યતે, સંઘાતવ્યતિરિક્તં, તદા દાસ્યં સ્વધર્મઃ. અન્યે વર્ણાશ્રમાદયોઽપિ પરધર્માઃ''. (ભાગ.સુબોધિની ૩।૨૮।૨)

''દેહધારીઓમાટે કર્મોનો નિઃશેષ ત્યાગ કરવો સમ્ભવ નથી. જ્યારે કર્મ કરવા જ પડતા હોય તો સ્વધર્મનું જ પાલન કરવું જોઇએ. એમ ન કરવાથી સ્વધર્મત્યાગ અને સ્વચ્છન્દાચરણ નો બેવડો અપરાધ થશે. આથી વિધર્માચરણથી બચીને ભક્તિશાસ્ત્રના અનુકૂળ રહીને યથાશક્તિ સ્વધર્મનું આચરણ કરવું જોઇએ''. (સાધનદીપિકા શ્લો.૧૫-૧૭)

આ ખંડમાં પ્રકાશિત કરવામાં આવેલ ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ વિરચિત ૧.દ્રવ્યશુદ્ધિદીપિકા ૨.ભક્તિમાર્ગીયાપરાધનિરૂપણવિવૃતિ તેમજ ૩.ઉત્સવપ્રતાન —આ ત્રણ ગ્રન્થોની ભૈંમિકાના રૂપમાં ઉલ્લિખિત નિરૂપણની પ્રાસંગિકતા આ છે :

ધર્મની સિદ્ધિનેમાટે તેમના દેશ-કાલાદિ ષડંગોનું શાસ્ત્રશુદ્ધ હોવું આવશ્યક હોય છે. પુષ્ટિભક્તિમાર્ગમાં, કેમકે, ભગવત્સેવાને ધર્મસ્થાની માનવામાં આવેલ છે આથી અને પુષ્ટિમાર્ગીય સેવાકર્તાને યાવદ્દેહાભિમાન સ્વવર્ણાશ્રમધર્મોનું પાલન કરવું આવશ્યક હોય છે આથી દેહાભિમાની વર્ણાશ્રમી સેવાકર્તાના વિચારે સેવાનુકૈંલ **દેશ** અને **દ્રવ્ય** આ બે ધર્માંગોની શુદ્ધિનું શાસ્ત્રીય નિરૂપણ 'દ્રવ્યશુદ્ધિદીપિકા' ગ્રન્થમાં કરવામાં આવ્યું છે. જ્યારે કે ધર્માંગ **કાળ**ના સેવાનુકૈંલ સ્વરૂપનો શાસ્ત્રીય વિચાર 'ઉત્સવપ્રતાન' ગ્રન્થમાં કરવામાં આવ્યો છે. અને 'ભક્તિમાર્ગીયાપરાધનિરૂપણવિવૃતિ' ગ્રન્થમાં ધર્માંગભૈંત કર્તાદ્વારા ભક્તિમાર્ગનું અનુસરણ કરતી વખતે થઈ શકનારા અપરાધોનું અને તેમના નિવારણના ઉપાયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

અહીં એ ભૈંલવું ન જોઈએ કે ધર્મશાસ્ત્રમાં દેશ-કાલ-દ્રવ્ય-મન્ત્ર-કર્મના એક નહીં, અનેક અનુકલ્પ-વિકલ્પ કર્તાને દેખાડવામાં આવ્યા છે. આવશ્યકતા, પરન્તુ, એ છે કે કર્તા શુદ્ધ હોય. સિંદૈંરથી ભરેલી માંગ હોય, ગળામાં મંગળસૈંત્ર હોય, હાથમાં પૈંજાની થાળી હોય, લાજ કાઢેલી હોય પરંતુ એવી સ્ત્રી જો સ્વૈરિણી હોય તો! જ્યારે સ્વયં કર્તા જ અશુદ્ધ/અનધિકારી હોય ત્યારે ઉત્તમોત્તમ કાલ-દેશ-દ્રવ્ય-મન્ત્ર-કર્મ પણ આડંબર માત્ર રહી જાય છે. આથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય 'સિદ્ધાન્તમુક્તાવલી' ગ્રન્થના ઉપસંહારમાં લખે છે કે **''ગંગાના તટ પર નિવાસ કરવાવાળો જો ગંગા પ્રત્યે ભક્તિભાવથી રહિત છે તો તે તેના દુષ્ટ આચરણથી પાપનો ભાગી બને છે. તે જ રીતે ભક્તિભાવથી રહિત મનુષ્ય જો ભગવાન્-ભગવત્સ્થાન-ભક્તના નિકટ પણ રહે તો, ત્યાં રહેવું એ જ તેના અધઃપતનનું કારણ બની શકે છે''** (સિદ્ધાન્તમુક્તાવલી ૨૦). આથી ભક્તિમાર્ગમાં પોતાના ભજનીય દેવ પ્રત્યે નિરુપાધિક-નિષ્કામ-શુદ્ધ પ્રેમભાવનું હોવું સર્વથા આવશ્યક છે. આત્મનિવેદિત થઈને, સ્વગૃહમાં વ્રજાધિપ શ્રીકૃષ્ણને પધરાવીને, તેમને જ પોતાનું સર્વસ્વ માનીને, નિવેદિત સ્વસર્વસ્વનું તેમનામાટે વિનિયોગ કરીને પ્રેમથી સ્વયં એમની સેવા કરવી આ જ પુષ્ટિભક્તિમાર્ગીય સેવાસાધનાનું સૈદ્ધાન્તિક સ્વરૂપ છે. 'સિદ્ધાન્તરહસ્ય' ગ્રન્થોકત, પોતાના

બધાજ ખાન-પાન-યજ્ઞ-શ્રાદ્ધ-દાનાદિ લૌકિક-વૈદિક કાર્યમાત્રનું સ્વસેવ્યને સમર્પણ કરવું અને સ્વસેવ્યની સેવામાં સમર્પિત ન હોય એવા ઘર-ધનાદિ વસ્તુ માત્ર તથા જાગવું-સ્નાન-ખાન-પાનાદિ વ્યવહાર માત્રનો ત્યાગ કરવો –આ ભગવદાજ્ઞાઓનું પાલન સ્વગૃહમાં વિરાજમાન પ્રભુની સેવામાં સ્વતનુવિત્તના વિનિયોગ વિના અસંભવ જ નહીં અકલ્પનીય છે. વિડંબના એ છે કે આજે મોટ ભાગના ઉપદેશકો પોતાના સેવ્ય અને એમની સેવાને પૈસા કમાવાનું સાધન બનાવી બેઠાં છે. પુષ્ટિભક્તિમાર્ગના નામે ચાલવાવાળી તેમની હવેલીઓ, જે કયારેક ગુરુઘર હતી, પરંતુ આજે સાર્વજનિક મન્દિરમાં પરિવર્તિત થઇ ચૅકી છે, તેમાં ભક્તિના નામપર સેવા, દર્શન, મનોરથ, પ્રસાદ, તુલસી-ચરણામૃત, દીક્ષા, કીર્તન, કથા... બધું જ વેચાય છે. આ બધા નિમિત્તે પૈસા માંગીને પુષ્ટિમાર્ગના મોટાભાગના આચાર્યો(!) પોતાની આજીવિકા ચલાવે છે. શાસ્ત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે ભગવત્સેવા વડે આજીવિકા ચલાવવાવાળો 'દેવલક' ચાંડાલજેટલો અપવિત્ર બની જાય છે! કહેવું જરૂરી નથી કે આવી સ્થિતિમાં પુષ્ટિમાર્ગના અધિકાંશ ગુરુઓની સ્થિતિ ''ઇતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ'' જેવી થઇ ચુકી છે. સેવા-કથાને ધંધો બનાવવાને કારણે ભક્તિમાર્ગમાંથી તો ભ્રષ્ટ થઇ જ ગયા, દેવલકતાના કારણે ચંડાલ જેટલા અપવિત્ર થઇ જવાને કારણે શાસ્ત્રીય રીતે પણ બધી યોગ્યતાથી ભ્રષ્ટ થયા. બીજી બાજુ મોટા ભાગના પુષ્ટિમાર્ગના અનુયાયી દુકાન જેવી હવેલીઓમાં સેવા-દર્શન-મનોરથના સ્પોન્સર (પ્રાયોજક) બનીને અને દેવદ્રવ્યનો પાતિત્યકારક પ્રસાદને ખાઇને પોતાને કૃતકૃત્ય માને છે. આ અપરાધોને કારણે એમની સ્થિતિ પણ એમના ગુરુઓની જેમજ ''ઇતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ'' જોવામાં આવે છે. ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ લખે છે કે

''ધન આપીને સેવા કરાવવાથી ધનદાતા અહંકારી બની જાય છે, તેનું ચિત્ત કયારે પણ ભગવત્પ્રવણ થઇ શકતું નથી... જેમ દક્ષિણા આપીને યાગ કરાવવાથી યાગનું ફળ દક્ષિણા આપનારને મળે છે એવું ભક્તિમાર્ગમાં સંભવ નથી. કેમકે કર્મમાર્ગમાં તો જો કે ધન આપીને યજ્ઞાદિ કર્મ કરાવવું શાસ્ત્રવિહિત છે પરંતુ એમ કરવાની આજ્ઞા ભક્તિમાર્ગમાં ભગવાને આપી નથી તેથી એમ ન કરવું જોઇએ, ભગવાને જેમ કરવાની આજ્ઞા દીધી છે એવી રીતે કરવું જોઇએ. એમ કરવાથી જ સાધનરૂપા તનુવિત્તજા સેવા સાધ્યરૂપા માનસીસેવા બનીને વ્રજભક્તોની જેમ ફલિત થશે'' (સિદ્ધાન્તમુક્તાવલી-વિવૃતિપ્રકાશ ૨).

આથી વાત ચોખ્ખીને ચટ છે કે કોઇને પૈસા આપીને તેનાથી સેવા-મનોરથ કરાવવા એ ભગવદાજ્ઞાનો તિરસ્કાર તો છે જ તદુપરાંત ભક્તિથી વિપરીત પરિણામનું જનક હોઇને ભક્તિમાર્ગથી ભ્રષ્ટ કરનાર પણ છે. વિશેષમાં દેવદ્રવ્યનો પ્રસાદ ખાવાને કારણે મહાપતિત થવાથી તેઓ શાસ્ત્રીય અધિકારથી પણ ભ્રષ્ટ થાય છે.

આમ, ગુરુ-શિષ્ય બન્ને ઉભયતો ભ્રષ્ટ સિદ્ધ થઇ રહ્યા છે છતાં મહામોહ કેવો છે કે કોઇ તો જગદ્ગુરુ બનવાની રેસમાં ઉભો છે તો કોઇ ૨૫૦૧ ડોલર અને ૧૫૦૧ ડોલર દઇને પોતાના નામ ૨૧મી સદીના ૮૪-૨૫૨ વૈષ્ણવોની સૈંચિમાં લખાવવામાં લાગ્યા છે. આ

જોઈને અનાયાસે જ **"ઉભાવપ્યશ્રુતગ્રન્થૌ ઉભાવપિ જડાત્મકૌ, અહો મોહસ્ય માહાત્મ્યં તત્રૈકઃ શિષ્યાતાંગતઃ !"** વચનનું સ્મરણ થઈ આવે છે.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે એક બાજુ તો વર્ણાશ્રમધર્મ ગુરુ-ચેલા બન્નેને ધર્મબહિષ્કૃત માને છે તો બીજી બાજુ ભક્તિમાર્ગ તેમને પોતાના અયોગ્ય માને છે. આવી ઉભયતઃ પાશની સ્થિતિમાં, મુખ્યત્વે **વર્ણાશ્રમી ભક્તિમાર્ગીને** ઉદ્દેશીને લખવામાં આવેલ દ્રવ્યશુદ્ધિદીપિકા, ભક્તિમાર્ગીયાપરાધનિરૂપણવિવૃતિ તથા ઉત્સવપ્રતાન આ ત્રણે ગ્રન્થોને પૃષ્ઠભૈમિમાં રાખીને વિચાર કરવામાં આવે તો, કેટલાક યક્ષપ્રશ્ન ઉભા થાય છે જેનાઉપર વિચાર કરવો આજની સ્થિતિમાં ખૈંબજ જરૂરી લાગે છે. જેમકે,

- જે ગુરુ પોતાના સેવ્યની સેવા દ્વારા પોતાની વૃત્તિ ચલાવે છે તે દેવલકતાના કારણે સદાય ચાણ્ડાલવત્ અપવિત્ર થઈ ગયો હોવાથી તેણે 'દ્રવ્યશુદ્ધિ' ગ્રન્થોક્ત શુદ્ધિના પ્રકારોમાંથી બ્રાહ્મણાધિકારક શુદ્ધિના પ્રકારને અપનાવવો જોઈએ કે પોતાને ચાણ્ડાલવત્ અપવિત્ર માનીને પોતાને 'દ્રવ્યશુદ્ધિ'નો અવિષય માની લેવો જોઈએ?
- દેવલકતાના કારણે બ્રાહ્મણત્વથી હાથ ધોઈ નાખવા પર અને સ્વધર્મરૂપા ભગવદ્ભક્તિને પૈસા કમાવાનું સાધન બનાવવાને કારણે ભક્તિમાર્ગથી પણ બહિષ્કૃત થઈ જવાને કારણે જે વલ્લભવંશજો હવે ગુરુ જ નથી રહી ગયા તેમના પ્રતિ ભેદબુદ્ધિ રાખવી તે અપરાધ છે કે તેમનામાં દેવબુદ્ધિ રાખવી અપરાધ છે?
- જે પોતાના મૈંલાચાર્યના દ્રોહી હોય એવા ગુરુનો આદર ન કરવો અપરાધ છે કે તેમનું અપમાન-નિન્દા ન કરવી તે અપરાધ છે?
- દેવલક ગુરુનો સ્પર્શ, ગૃહવાસ આદિ થાય તો શિષ્યે પોતાની તથા ગૃહાદિની શુદ્ધિ કેવી રીતે કરવી? શું ગૃહદાહ કરવો?
- બીજાની પાસેથી દ્રવ્યાદિ લઈને સેવા કરવી ભગવદાજ્ઞાથી વિરુદ્ધ છે. એવી સેવા જ્યારે સ્વયં ભગવાન જ સ્વીકારતા નથી તો પુષ્ટિમાર્ગીય સેવાના નામે સમ્પ્રદાયમાં સર્વત્ર આજે જેને અભૈંતપૈંર્વ ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે તે ભોગ-રાગ-શૃંગાર શું ભસ્મહોમતુલ્ય નહીં કહેવાય?

આ પ્રાસ્તાવિકની સાથે સમ્પાદકીય ઉત્તરદાયિત્વને નિભાવતા આટલું નિરૂપણ કરવું બાકી રહે છે : આ ગ્રન્થમાં ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ વિરચિત

૧. દ્રવ્યશુદ્ધિદીપિકા

૨. ભક્તિમાર્ગીયપરાધનિરૂપણવિવૃતિ

૩. ઉત્સવપ્રતાન

—આ ત્રણ ગ્રન્થોનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. **(નોંધ : રાજસંસ્કરણ**

આવૃતિમાં ત્રણ ગ્રંથો સંયુકત છે. પ્રસ્તુત ગ્રંથમાં ફકત દ્રવ્યશુદ્ધિદીપિકાનો ગુજરાતી અનુવાદ છે.)

દ્રવ્યશુદ્ધિદીપિકા :

ભારતમાર્તણ્ડ શ્રીગટ્ટુલાલજીના સંગ્રહમાંથી પ્રાપ્ત હસ્તલિખિત પ્રતિના આધારે આ ગ્રન્થનું પ્રકાશન વિ.સં.૧૯૫૫ માં શ્રીગોવર્ધનદાસ લક્ષ્મીદાસ, યદુવંશીય પુસ્તકાલય, મુંબઈ દ્વારા વ્રજ તથા ગુર્જર ભાષાનુવાદ સહિત થયેલ હતો. આના પુનઃ પ્રકાશનના અવસર પર, ગ્રન્થના પાઠભેદનું નિર્ધારિણાર્થ કરવા માટે [૧]માંડવી ગ્રન્થાગાર તથા [૨]ભુવનેશ્વરી પીઠ, ગોંડલ થી પ્રાપ્ત આ ગ્રન્થની અન્ય બે પ્રાચીન હસ્તપ્રતોની સાથે સરખાવીને પાઠભેદની ચકાસણી કરવામાં આવી છે.

અનુવાદના સમ્બન્ધમાં એ ધ્યાતવ્ય છે કે બન્ને અનુવાદ અલગ-અલગ વિદ્વાનો દ્વારા કરવામાં આવ્યા છે. શાસ્ત્રવચનોના અર્થોમાં બન્ને વચ્ચે અનેક સ્થાનોમાં અલગ મત જોવામાં આવે છે. કોઈ જગ્યાએ ગુર્જર તો કોઈ જગ્યાએ વ્રજ ભાષા અનુવાદ ઉપયુકત પ્રતીત થાય છે. સુજ્ઞ અધ્યેતાઓએ સ્વકર્તવ્ય નિર્ધારિણાર્થ તો મૈંલ પર જ નિર્ભર રહેવું જોઈએ.

આ ગ્રન્થમાં કયારે-ક્યાં-કેમ-કેવીરીતે સ્નાન કરવું, રાત્રિના સમયે જન્મ-મરણ-રજોદર્શન થવા પર કાલનું નિર્ધારિણ કેવી રીતે કરવું, રજસ્વલા સમ્બન્ધી શુદ્ધિ, સ્પર્શદોષ કયારે માનવો કયારે ન માનવો, ભગવત્સેવા તથા પિતૃકર્મ વિષયક શુદ્ધિ, વસ્ત્ર-પાત્ર-શય્યા-ધાન્ય-સિદ્ધાન્ન-ઘૃતપાયસ-ઉદક-જલાશય-ભૈંમિ-ગૃહ-રથ્યા વગેરેની શુદ્ધિ, પ્રકીર્ણ વિષયોની શુદ્ધિ તથા આત્માની શુદ્ધિ જેવા વિષયોઉપર શાસ્ત્રીય વિચાર કરેલ છે.

અન્તમાં, ગ્રન્થાધ્યાપન પ્રવચન લેખન સમ્પાદન આદિ કાર્યોમાં ખૈંબજ વ્યસ્ત હોવા છતાં પણ સમાદરણીય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા) એ આ ગ્રન્થની મુદ્રણાર્થ તૈયાર કરેલી પ્રતિનું અવલોકન કરીને આવશ્યક ઉપયોગી નિર્દેશ આપ્યા એ સર્વથા અવિસ્મણીય છે. ગ્રન્થની મુદ્રણવ્યવસ્થાનો ભાર શ્રીપ્રવીણભાઈ તથા પીયૈંષ (રાજકોટ) એ ઉઠાવ્યો તથા સૌ.ખ્યાતિએ ગ્રન્થનું સચિત્ર આવરણ તૈયાર કરી આપ્યું એ પણ સ્મરણીય છે. સર્વાન્તમાં દ્રવ્યશુદ્ધિદીપિકા તથા ઉત્સવપ્રતાન ગ્રન્થોના પૈંર્વ પ્રકાશકો તથા અનુવાદકો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપિત કરતા....

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા
ગોસ્વામી શરદ્

।। દ્રવ્યશુદ્ધિઃ ।।

અર્થબોધિની ગુજરાતીભાષાટીકા

અનુક્રમણિકા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમચરણ વિરચિતા

।। દ્રવ્યશુદ્ધિઃ ।।

અર્થબોધિની ગુજરાતીભાષાટીકા

(મંગલાચરણમ્)

શ્રીઆચાર્યોને પ્રણામ કરીને શ્રીહરિની સેવામાં ઉપકાર કરનારી બહારની અને અન્દરની બે પ્રકારની પદાર્થોની શુદ્ધિનો આ ગ્રન્થમાં વિચાર કરવામાં આવે છે।।૧।।

જો કે બીજા ગ્રન્થોમાં દ્રવ્યશુદ્ધિ વિસ્તારપૈર્વક કહેલી છે તો પણ હમણાં મન્દબુદ્ધિ લોકોની સમજમાં આવતી નથી તેથી તેમને જણાવવા માટે આ મારો પ્રયત્ન છે।।૨।।

૧. સ્નાનાચમન નિમિત્ત વિચાર

પ્રાયશ્ચિત્તમિતાક્ષરમાં યાજ્ઞવલ્યઋષિનું વચન છે કે

> ''રાજસ્વલા, શબ, ચાણ્ડાલ, મહાપાતકી, સૈંતિકા અને મૃતકસૈંતકી (મરેલા માણસનું સૈંતક પાળનાર) એઓની સાથે સ્પર્શ કરનાર માણસે સ્નાન કરવું અને તેઓનો સ્પર્શ કરનારનો સ્પર્શ કરવાથી આચમન કરવું અને ''આપોહિષ્ઠા'' ઈત્યાદિ ત્રણ મન્ત્રનો જપ કરવો અને ગાયત્રી મન્ત્રનો પણ એકવાર જપ કરવો''.

'વિજ્ઞાનેશ્વર' નામના મહાપણ્ડિત પણ આ પ્રમાણે જ લખે છે. અને વળી લખે છે કે, મૈંળ શ્લોકમાં બહુવચન છે તેથી એકવચનનો પ્રયોગ બહુવચન સાથે સમ્બન્ધ ન રાખે. બહુવચન, બહુવચન સાથે જ સમ્બન્ધ રાખનારું હોય છે. (સ્નાયાત્) એ એકવચન અને (તૈઃ) એ બહુવચનમાટે ઉપરના શ્લોકનો સારાંશ એવો છે કે રાજસ્વલા વિગેરેનો સ્પર્શ કરનાર માણસ સિવાય બીજાના સ્પર્શમાં જ ફક્ત આચમન કરવું. આ પ્રમાણે અર્થ કરવાથી બહુવચનના પ્રયોગનો સમાવેશ થાય છે. એટલે રજસ્વલા, શબ, સૈંતકી, ચાણ્ડાલ, મહાપાતકી અને સૈંતિકા એઓનો સ્પર્શ થવાથી સચૈલ (વસ્ત્રસહિત) સ્નાન કરવું. 'અપરાર્ક' નામના ગ્રન્થમાં અને મનુ વાક્યથી પણ

> ''ચાણ્ડાલ, રાજસ્વલા, મહાપાતકી, સૈંતિકા (પ્રસવ થવાથી શુદ્ધિકાલને પ્રાપ્ત ન થયેલી સ્ત્રી.), શબ અને શબનો સ્પર્શ કરનાર, આ ઉપર કહેલાઓનો જો સ્પર્શ થાય તો તે ઘડીએ સચૈલસ્નાન કરવું''.

જો કે ઉપરના શ્લોકમાં ફક્ત સ્નાન જ કરવાને લખ્યું છે. પરન્તુ અમને એમ ભાસે છે કે સચૈલસ્નાન કરવું એ સર્વસમ્મત વાત છે. અને વળી 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં પણ સચૈલ સ્નાન કરવાને કહ્યું છે. વળી ચ્યવનઋષિનું પણ આ પ્રમાણે મત છે કે

> ''કૈંતરું, ચાણ્ડાલ, શબનો ધૈંમાડો, દેવદ્રવ્યથી આજીવિકા કરનાર, આખા ગામનો યાજક (કર્મ કરાવનાર), સોમનામની ઔષધિનો વેચનાર, ચિતા, ચિતાનું કાષ્ઠ, મદિરા, મદિરાનું પાત્ર, મનુષ્યનું તરતનું હાડકું, શબનો સ્પર્શ કરનાર, મહાપાતકી અને શબ આટલા પદાર્થોમાંથી કોઈ એકનો જો સ્પર્શ થાય તો, વસ્ત્રસહિત જલમાં ઉતરી સ્નાન કરવું. પછી અગ્નિનો સ્પર્શ કરી, એટલે અગ્નિ તાપીને આઠસો વાર ગાયત્રીમન્ત્રનો જપ કરવો. પછી જરા ઘી ખાઈ સ્નાન કરી, ત્રણવાર આચમન કરવું''.

આ પ્રમાણે ચ્યવનઋષિનું વચન છે. ત્યારે આથી એમ ભાસે છે કે રજસ્વલા, શબ, ચાણ્ડાલ, પતિત, સૈંતિકા અને તેનો સ્પર્શ કરનાર મૃતકાશૌચી (મરેલાનું સૈંતક પાળનાર) તેને અડકનાર અને તેનો સ્પર્શ કરનારનો જો સ્પર્શ થાય તો સચૈલસ્નાન કરવું અને આ સિવાયના બીજાઓના સ્નાન કરવાલાયકના સ્પર્શમાં આચમન કરવું એમ સિદ્ધ થાય છે અને તે સ્નાન કરવા લાયકની ગણના 'વિજ્ઞાનેશ્વર' નામના ગ્રન્થકારે કરેલી છે તે આગળ કહેવાશે. હમણાં તો રજસ્વલા વિગેરેના સ્પર્શમાં બીજો પણ કાંઈ વિશેષ કહેવામાં આવે છે. 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં પરાશરનો મત એવો છે કે

> ''બહાર બેઠેલી સ્ત્રીના અનનો સ્પર્શ થાય અથવા તેના કપડાનો સ્પર્શ થાય તો પણ, સચૈલસ્નાન કરવું અને સર્વ જાતની રજસ્વલા સ્ત્રિયો દોષથી સમાન જ સમજવી''.

મોટા-મોટા વિદ્વાન બ્રાહ્મણો પણ એમ જ પ્રતિપાદન કરે છે કે રજસ્વલાના અનનો તથા વસ્ત્રનો સ્પર્શ સમાન જ ગણવો.

૨. વસ્ત્ર વિગેરેથી રજસ્વલાદિકનો સ્પર્શ થવાથી સ્નાનાદિક કરવાનો વિચાર

'પૃથિવીચન્દ્રોદય' નામના ગ્રન્થમાં લખ્યું છે કે વસ્ત્રાદિક વચમાં હોય એટલે જેમ કે એક માણસને એક રજસ્વલાના અનનો નહીં પણ તેણે ધારણ કરેલા કપડાનો સ્પર્શ થયો તો તે સ્પર્શને પણ સાક્ષાત્ સ્પર્શ સમજવો. અર્થાત્ રજસ્વલાનો સ્પર્શ થવાથી જે કાંઈ કરવું પડે તે જ તેના કપડાનો સ્પર્શ થવાથી પણ સાક્ષાત્ સ્પર્શ જેવું જ સમજવું એ રીતે પ્રચેતાનું વચન છે.

પરાશર ઋષિનું વચન જે સ્પર્શ કરનારનો સ્પર્શ કરવાથી સ્નાન કરવાને લખ્યું છે તેનો જો કાષ્ઠાદિકથી સ્પર્શ કરવામાં આવે તો આરોહણ (શબને ઉપાડનાર) માફક તે સ્પર્શને ન સમજવો. એટલે જેમ કોઈ માણસે શબનું આરોહણ કરેલ છે, એટલે શબને ઉપાડેલ છે,

પછી તેને બીજો માણસ અડયો, બીજાને ત્રીજાનો સ્પર્શ થયો અને તે ત્રીજાનો ચોથાને સ્પર્શ સાક્ષાત્ નહીં પણ કાષ્ઠાદિકથી કરવામાં આવ્યો હોય, તો પણ તે સ્પર્શથી સ્નાન નહીં પણ, આચમન કરવાથી એટલે હાથ-પગ ધોઈ ભગવત્સ્મરણ કરી આચમન કરવાથી શુદ્ધિ થાય. કારણ કે મનુએ ગણેલા ઉપર જણાવેલા પાંચ જણામાં શબના સૈંતકીનું ગ્રહણ નથી કર્યું માટે આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે ચાણ્ડાલ વિગેરે પાંચનો તો જો વચમાં વસ્ત્ર કાષ્ઠાદિક હોય અને સ્પર્શ થાય તો પણ, તે સ્પર્શને સાક્ષાત્ સ્પર્શ સમજીને સચૈલ સ્નાનાદિક કરવું જ પ્રાપ્ત છે. પરન્તુ સૈંતકી જે અડકી ગયો હોય તેને જો કાષ્ઠાદિકથી જાણી જોઈને અડવામાં આવે તો આચમન કરવું એટલે હાથ-પગ ધોઈ, ભગવત્સ્મરણ કરી આચમન કરવું. કારણ કે સૈંતક દિવસે-દિવસે ઘટતું ચાલ્યું જાય છે.

હવે ચેતન(સજીવ) પદાર્થ વચમાં આવવાથી થતા સ્પર્શમાટે વિશેષ વિચાર : સંવર્ત્ત ઋષિનો એવો મત છે કે અજાણતાં ઉપર કહેલા રજસ્વલા વિગેરેનો કોઈ સ્પર્શ કરે તો તે સચૈલસ્નાન કરે. પણ જો તેનો સ્પર્શ બીજો કરે તો તે પણ સચૈલસ્નાન કરે પણ તેનો સ્પર્શ જો ત્રીજો કોઈ કરે તો તે આચમન કરે. આમ પદાર્થોને માટે પણ સમજવું. અર્થાત્ અપવિત્ર પદાર્થનો અજાણતાં સ્પર્શ થવાથી ત્રીજા પદાર્થનું પ્રોક્ષણ (જલથી છાંટવું) કરવાથી પવિત્રપણુ માનવું. બે પદાર્થ સુધી તો તે પદાર્થને ધોઈ નાખવો. હવે જો જાણી જોઈને સ્પર્શ થયો હોય તો તેની શુદ્ધિ ગૌતમઋષિ કહે છે કે

''પતિત, ચાણ્ડાલ, રાજસ્વલા, શબનો સ્પર્શ કરનાર,
તેનો સ્પર્શ કરનારનો સ્પર્શ કરવામાં આવે તો સચૈલસ્નાન કરવું
તથા ચોથા માણસે હાથ-પગ ધોઈ આચમન કરવું''.

સારાંશ આ છે કે ઉપર ગણાવેલી ચીજોમાંથી કોઈ એક અપવિત્ર ચીજ જેમકે રજસ્વલા સ્ત્રી છે તેનો કોઈ માણસને સ્પર્શ થયો, તે માણસનો બીજા માણસને સ્પર્શ થયો અને તે માણસનો ત્રીજા માણસને સ્પર્શ થયો તો, તે ત્રીજાનો જો ચોથા માણસને સ્પર્શ થાય તો ચોથા મનુષ્યે હાથ-પગ ધોઈ આચમન કરવું. એટલે તે ચોથો શુદ્ધ થાય. પરન્તુ ત્રીજા સુધી તો સચૈલસ્નાન જ કરવું જોઈએ. આ પ્રમાણે 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં દેવલઋષિનું પણ વચન છે. તેજ પ્રમાણે બીજા પણ ગ્રન્થકારોનાં વચનો ઘણાં છે.

જો કે પ્રથમ સ્પર્શ કરનારનો સ્પર્શ અજાણતાં થયો છે અને બીજા-ત્રીજાનો જાણી જોઈને થયો છે; અથવા પહેલાનો બુદ્ધિપૈંર્વક સ્પર્શ થયો છે અને બીજા-ત્રીજાનો અજાણતા થયો છે; આવી બાબતમાં શાસ્ત્રકારોએ કાંઈ વિશેષ ક્યાંય પણ કહ્યું નથી. તો પણ દોષની પ્રાપ્તિની કલ્પના દરેકને બુદ્ધિમાં જ થાય છે, માટે અમોને એમ ભાસે છે કે ત્રીજા સુધી તો સ્નાન જ કરવું, ચોથાએ આચમન કરવું. અને ત્યારે પછી પાચમાં-છઠ્ઠા વિગેરે માણસોએ કાંઈ પણ ન કરવું જોઈએ. કારણ કે ચાર પુરુષ પછી અશુદ્ધિ આવવાનો અસમ્ભવ છે. હવે આનો આ વિચાર પદાર્થોને માટે પણ સમાન સમજી રાખવો. બાકી કાંઈ પ્રકાર કહેવાનો છે. તે અપવિત્ર પદાર્થના સ્પર્શથી પાત્રોની શુદ્ધિ કહેવાશે ત્યાં કહીશ.

હવે સ્પર્શ થયા બાદ સ્નાન કરવું તે કેમ કરવું તે બાબતમાં 'મર્યાદાસિન્ધુ' માં કહેલો વિશેષ વિચાર.

૩. ઠંડા–ગરમ જલથી સ્નાન કરવાનો વિચાર

ઉપર કહેલા અસ્પૃશ્ય (ન સ્પર્શ કરવાલાયક) નો જો સ્પર્શ થાય તો તીર્થાદિકમાં ઠંડા જલથી સ્નાન કરવું. વૃદ્ધમનુનું પણ આમ જ કહેવું છે કે જેના સ્પર્શથી સ્નાન કરવું પડે તેવાઓનો જો સ્પર્શ થાય અને નહાવું પડે તો ઠંડાજલથી જ નહવું. જો તીર્થ વિગેરે ન હોય તો ગરમ જલથી સ્નાન કરવું. કેટલાંક નિત્ય કાર્ય છે જેમ કે બ્રાહ્મણાદિને સુધ્યાવન્દન, કેટલાંક નૈમિત્તિક કાર્ય છે જેમ કે પિતૃશ્રાદ્ધ, કેટલાંક કામ્યકર્મ છે જેમ કે સ્વર્ગમાં જવાની ઇચ્છા રાખનાર માણસે અમાવાસ્યા વિગેરે તિથિઓને દિવસે યજન કરવું, કોઈ વખતે કાર્યની અનભૈંત ક્રિયામાં સ્નાન કહેલું હોય છે જેમ કે યજ્ઞની સમાપ્તિમાં 'અવભૃથ' નામનું સ્નાન. માટે કહેવાનો મતલબ એવો છે કે જુદા–જુદા કારણે જુદી–જુદી રીતથી સ્નાન કરવાને શાસ્ત્રમાં કહેલું છે. ક્યાંક ગરમ જલથી, ક્યાંક શીત જલથી અને ક્યાંક પરોદકથી ('પરોદક' એટલે એક પાત્રમાં પ્રથમ ઠંડુ જલ નાખવું તે પછી ગરમ ત્યાર પછી વળી ઠંડુ જલ નાખવું. આવું જે જલ તેને 'પરોદક' નામનું જલ કહેવામાં આવે છે.) માટે જેવું નિમિત્ત તે પ્રમાણે કાર્ય કરવું. જેમ કે રાત્રિએ સ્નાન કરવાનો કોઈ પ્રસન આવ્યો તો રાત્રિએ જ સ્નાન કરી લેવું.

૪. રાત્રિમાં સ્નાન કરવાનો વિચાર

યમ કહે છે કે રજસ્વલા, ચાણ્ડાલ વિગેરેનો સ્પર્શ રાત્રિમાં થાય તો રાતનાં જ સ્નાન કરવું, તેમને તેમ સૈંઈ ન રહેવું. કારણ કે જો રાત્રિના સ્નાન કરવામાં ન આવે તો પાપ સવારના સો ગણું થાય છે. પરાશરઋષિ કહે છે કે ''સૈંર્ય અસ્ત પામ્યા પછી ચણ્ડાલ, પતિત, રજસ્વલા કે સૈંતિકા નો જો સ્પર્શ થાય તો સ્નાન કરીને અગ્નિ, સુવર્ણ તેમજ નક્ષત્રમણ્ડલ નું બ્રાહ્મણની આજ્ઞાથી દર્શન કરવું એટલે શુદ્ધ થાય છે''. જલાશયમાં સ્નાન કે આચમન રાત્રિના કરવું નહીં. સ્નાન કે આચમન કરવું પડે તો દિવસમાં લઈ આવેલા જલથી જ કરવું. રાત્રિમાં જલાશયમાં જઈ સ્નાન–આચમન થતું નથી. સ્નાન કરવાની બાબતમાં બીજો પણ એક વિશેષ દેવલઋષિએ કહ્યો છે. તે આ છે કે ''દિવસમાં મંગાવેલું જલ કોઈ નિમિત્ત પ્રાપ્ત થવાથી જો સ્નાનમાટે ઉપયોગમાં લેવું પડે તો તેમાં સુવર્ણ નાંખી અગ્નિની સાક્ષિથી લેવું. દિવસમાં મંગાવેલું જલ શબ અથવા શબનો સ્પર્શ કરનારનો જો સ્પર્શ થયો હોય તો સ્નાન કરવામાટે કામ ન આવે એમ જાણવું''. વૃદ્ધ શાતાતપ ઋષિ કહે છે કે

> ''દિવસમાં જે જલ લઈ આવવામાં આવ્યું હોય તે જલથી સર્વ પ્રકારે શુદ્ધિ પવિત્રતા થાય છે. પરન્તુ શબના સ્પર્શનો ત્યાગ કરીને રાત્રિમાં શબના સ્પર્શથી સ્નાન અથવા શબનો સ્પર્શ

કરનારનો સ્પર્શ કરવાથી સ્નાન કરવું હોય તો મજ્જન (એક દમ ઘણાજલમાં સર્વ અનનું બુડાડવું. અથવા જેને ડુબકી મારી નાહાવું કહે છે તે) કરવાથી જ શુદ્ધિ. થાય છે અને જો શબ યા તત્સ્પર્શ સિવાય બીજાનો સ્પર્શ થયો હોય તો ઘરના જલથી શુદ્ધિ થાય તેમ જાણવું. કદાચિત ઘરમાં જલ જ ન હોય તો અગ્નિને સળગાવી નદી અથવા હોજમાં સ્નાન કરવું. કદાચિત અગ્નિ ન હોય તો હાથમાં સોનાની વીટીં ધારણ કરીને સ્નાન કરવું અથવા અગ્નિની સાક્ષીથી સ્નાન કરવું''.

૫. રાત્રિમાં નદી વિગેરેના જલમાં સ્નાન કરવાનો વિચાર.

કાત્યાયન ઋષિ કહે છે કે રાત્રિમાં જલ ભરવું નહીં. જલમાં પ્રવેશ કે સ્નાન કરવું નહીં. જો કદાચિત્ જરૂર પડે તો તૈત્તિરીય શાખામાં કહેલા મન્ત્ર : **''ધામ્નો-ધામ્નો રાજન્નિતો વરુણનો મુગ્ચ, યદાપો અઘ્યા ઈતિ વરુણેતિ શપામહે તતો વરુણનો મુગ્ચ''** નો ઉચ્ચાર કરીને સ્નાન કરવું. રાત્રિમાં જલ ન ભરવામાટે 'મર્યાદાસિન્ધુ' ગ્રન્થમાં લખ્યું છે કે સૈંર્ય અસ્તનત થયા બાદ જલ ગ્રહણ ન કરવું એમ કેટલાક મહાત્મા ઋષિઓનું વચન છે અને વળી ગ્રહણ કરવું એમ પણ કોઈનું કહેવું છે. પરન્તુ જેટલા પ્રમાણમાં જલ લેવામાં આવે તેટલા પ્રાણાયામ કરવા ઈત્યાદિ વિચાર કરેલો છે. તેથી એમ જાણવું કે ન કરવાલાયકનો સ્પર્શ અથવા તત્સ્પર્શ જો દિવસમાં થાય તો દિવસમાં જ તીર્થ વિગેરેમાં શીતલ જલથી સ્નાન કરવું. તીર્થ વિગેરે ન હોય તો ગરમ જલથી અથવા 'પરોદક' (નીચે ઉપર ઠંડુ વચમાં ગરમ) નામક જલથી સ્નાન કરવું. અને જો રાત્રિમાં તેવો સ્પર્શ થાય તો તીર્થમાં જઈ અગ્નિને સળગાવી આગળ કહેવાઈ ગયેલો ''ધામ્નો'' એ મન્ત્રનો પાઠ કરી ત્યાર પછી મજ્જન પણ કરવું. મજ્જન એ નામનો એક જાતનો સ્નાનનો પ્રકાર છે જેનો અર્થ આગળ કહેવાઈ ગયો છે. અને જો મજ્જન પણ બની શકે તેમ ન હોય તો દિવસમાં ભરી રાખેલું ઘરનું જલ ગરમ કરાવીને અથવા 'પરોદક' નામક જલથી અગ્નિને સન્મુખ રાખી, જલમાં સુવર્ણ નાખીને સ્નાન કરવું. કદાચિત્ અગ્નિ પણ ન મળે તો, હાથમાં સુવર્ણ ધારણ કરીને સ્નાન કરવું. અને તેમ પણ ન બને તો પછી રાત્રિમાં જલ બહાર કાઢી જેમ બને તેમ પ્રથમ કહેલા પ્રકારે સ્નાન કરવું અને સ્નાન કર્યા પછી પ્રાણાયામ કરવા. કદાચિત્ કાંઈ પણ ન બની શકે તેમ હોય તો પછી શ્રીહરિનું સ્મરણ કરતાં જેમ બની શકે તેમ પણ સ્નાન તો કરવું જ, એમ ને એમ બેસી રહી રાત્રિ કાઢવી નહીં. શબનો તથા તેના સ્પર્શ કરનારનો સ્પર્શ થયો હોય તો-તો મજ્જનથી જ શુદ્ધિ થાય છે. એમાં પણ કદાચિત્ મજ્જનલાયક જલ ન મળે તો પછી શ્રીહરિનું સ્મરણ કરતાં-કરતાં સ્નાન કરવું એમ અમને ભાસે છે. પણ એમ ને એમ બેસી તો ન જ રહેવું. અને પછી સૈંર્યોદય થાય ત્યારે બીજી વાર સ્નાન કરવું.

૬. રાત્રિમાં જન્મ-મરણ તથા અટકાવ આવે તો તે બાબત કાલવિભાગનો વિચાર

મિતાક્ષરમાં કશ્યપઋષિનું વચન છે કે

૧. સૈંર્યનો ઉદય થતાં સ્ત્રીયોને અટકાવ આવે અથવા કોઈનો જન્મ થાય યા મરણ થાય તો જો દિવસ હોય તો દિવસ લેખવો. રાત્રિ હોય તો રાત્રીથી ગણના કરવી. અર્ધ રાત્રિ સુધી પ્રથમ દિવસ પછી બીજો દિવસ ગણાય છે.

૨. રાત્રિના ત્રણ ભાગ કરવા. તેમાં પ્રથમના બે ભાગ પૈંર્વ દિવસમાં ગણવા અને ત્રીજો ભાગ આવતા દિવસ સાથે ગણવો.

૩. રાત્રિમાં મરણ યા અટકાવ અથવા સૈંતક પ્રાપ્ત થાય તો સૈંર્યોદય થતાં પહેલાં સુધી પ્રથમ દિવસ જ ગણવો.

અહીં સદાચારથી વ્યવસ્થા જાણવી. એટલે જે રીત શિષ્ટોતરફથી ચલાવવામાં આવતી હોય તેમ ચાલવું. ઉપર કહેલી બાબતમાં તિથિનું મુખ્યપણું ન સમજવું.

વારથી ગણના કરવી. જે વારને રોજ સૈંર્યનો ઉદય થયો તે વારથી રોજ ગણાય. પણ તિથી જો ગણવા જાય અને પછી તિથી વધ-ઘટ હોય તો પછી ઘણી અડચણ આવે માટે સૈંતકાદિના વિષયોમાં વારથી ગણના કરવી યોગ્ય છે.

તેમજ રાત્રિની ગણત્રી પણ પ્રોક્ત પ્રકારથી જ કરવી. એટલે બે પક્ષ સમજવા.

૧. એક તો અર્ધ રાત્રિપર્યન્ત પ્રથમ દિવસ ગણાય.

૨. બીજો પક્ષ રાત્રિના ત્રણ ભાગ કરવા, તેમાં બે ભાગ સુધી પ્રથમ દિવસ. ત્રીજે ભાગે આવતો દિવસ જાણવો.

પરન્તુ નીચ જાતિમાફક રાત્રિની ગણના ન કરવી. 'શુદ્ધિમયૈંખ' નામના ગ્રન્થમાં પણ રાત્રિના ત્રણ ભાગ કરવાનો પક્ષ શિષ્ટ મનુષ્યોએ સ્વીકારેલો છે, એમ લખેલું છે.

૭. રાજસ્વલા સ્ત્રીની શુદ્ધિનો વિચાર

'મિતાક્ષરા' ગ્રન્થમાં સ્મૃત્યન્તરમાં લખે છે કે ''રજસ્વલા સ્ત્રી ચોથે દિવસે સ્નાન કરી સાધારણ શુદ્ધ થાય છે''. એટલે દેવ-પિતૃ સમ્બન્ધી કર્મમાં યોગ્યતાવાળી થતી નથી. સહજ કામકાજ કરવાને શુદ્ધ થાય છે. પરન્તુ યથાયોગ્ય શુદ્ધ તો પાંચમે દિવસે જ થાય છે. ''પાંચમો દિવસ રજની નિવૃત્તિ થવામાટે જાણવો. અર્થાત્ પાંચમે દિવસે રુધિરનો સ્ત્રાવ બંધ થઈ જાય છે માટે રજની નિવૃતિથી સ્નાન કરી, પતિવ્રતા સ્ત્રી સર્વ કાર્યોમાં લાયક સમજવી''. એટલે ''દૈવ-પિત્ર્ય વિગેરે કાર્યોમાં તે આવી શકે છે'' એમ મનુ વિગેરે ગ્રન્થકારો પણ લખે છે.

સારાંશ આટલો નિકળે છે કે રજોદર્શન બંધ થયા પછી પણ ચોથે દિવસે સ્નાન કરવાથી સ્પર્શાદિકમાં શુદ્ધિ થાય છે પરન્તુ દૈવ-પિત્ર્ય કાર્યોમાં તો રજોદર્શન રહિત જ પાંચમે દિવસે યોગ્યતા સમજવી. વૃદ્ધમનુ લખે છે કે ''ચોથે દિવસે સ્નાન કર્યા પછી વ્યવહાર(સ્પર્શાદિ)માં શુદ્ધ થાય છે. એટલે શાક, લોટ વિગેરેના સ્પર્શમાં યોગ્ય થઈ શકે છે;

પરન્તુ રસોઈ વિગેરે કાર્યોમાં યોગ્ય થઈ શકાતું નથી. કદાચિત્ શુદ્ધિ થયા પછી કંઈ કામકાજ કરતાં ધારણ કરેલાં વસ્ત્રમાં રજનો સમ્બન્ધ જાણવામાં આવે તો તરત અનાદિકની શુદ્ધિ કરી બીજું વસ્ત્ર ધારણ કરવું. તેમાં દોષ નથી એમ ગ્રન્થકારોના વચનોથી સિદ્ધ થાય છે.

૮. નિયમિત દિવસો પછી પાછું રજોદર્શન થાય તે બાબતનો વિચાર

તે બાબતમાં અત્રિ ઋષિ કહે છે કે

> ''જો સ્નાન કરી શુદ્ધ થયેલી રજસ્વલા સ્ત્રી પાછી રજસ્વલા અઢારદિવસથી પ્રથમ થાય તો અપવિત્રતા ન પાળવી. ઓગણીસમે દિવસે એક દિવસ અપવિત્રપણું. અને વીશ દિવસ પછી પૈંરેપૈંરું એટલે ત્રણ રાત્રિ અપવિત્રપણું પાળવું. સારાંશ કે જે દિવસે રજોદર્શન થાય તે દિવસથી માંડીને પાછું સત્તર દિવસની અંદર ફરીથી રજોદર્શન થાય તો અપવિત્રપણું સમજવું નહીં. અને જો અઢારમે દિવસે થાય તો એક દિવસથી શુદ્ધિ, ઓગણીશમે બે દિવસથી શુદ્ધિ અને વિશમેથી ત્રણ દિવસે શુદ્ધિ જાણવી''.

કોઈ સ્મૃતિમાં એમ લખેલું છે કે ચૌદ દિવસો પહેલાં અપવિત્રપણું નથી હોતું. તો તેનો અર્થ એમ સમજવો કે સ્નાન વગેરે કરી લેવું. આ નિર્ણય તે સ્ત્રીની બાબતમાં કહેવાયો છે કે જેને સામાન્ય રીતે વીશ દિવસ પછી જ રજોદર્શન થતું હોય.

વિજ્ઞાનેશ્વર કહે છે કે ''જે સ્ત્રીને અઢાર દિવસ પહેલાં પાછું રજોદર્શન ઘણું કરીને થાય તો તે સ્ત્રીએ તો અઢાર દિવસ પહેલાં પણ પૈંરેપુરું એટલે ત્રણ રાત્રિ અપવિત્રપણું પાળવું''. જો પહેલે દિવસે રજોદર્શન થયું તેમ જણાયું અને બીજે દિવસે-ત્રીજે દિવસે નથી જણાતું તો પણ પૈંરેપુરું અપવિત્રપણું પાળવું. કારણ કે કશ્યપ ઋષિનું વચન છે કે રજસ્વલા સ્ત્રીએ અંજન વિગેરે કરવું નહીં, તો તે નિષેધ ઉપરથી જ સિદ્ધ થાય છે કે ચોથે દિવસે જ શુદ્ધિ થાય; તે પહેલાં શુદ્ધ ન થાય. અને કદાચિત્ રજોદર્શન થયું હોય પણ તેની ખબર ન પડી હોય તો તે બાબતમાં 'નિર્ણયસિન્ધુ' ગ્રન્થમાં 'પ્રજાપતિ' કહે છે કે

> ''જો રજોદર્શનથી મલિન થયેલું કપડું માલુમ પડે અને રજોદર્શન થવાની ખબર નથી, ફક્ત કપડા ઉપરથી રજોદર્શન થયું એમ માત્ર જણાય તો ઘરમાં કરેલું કામકાજ સર્વ દોષવાળું સમજવું અને ત્યાર પછી ત્રિરાત્રથી શુદ્ધિ જાણવી''.

આ પરથી એમ દેખાય છે કે મલરૂપ દોષની વસ્ત્રાદિકમાં રહેલી સત્તા જ અપવિત્રપણાને ઉત્પન્ન કરનારી છે. 'કર્મતત્વપ્રકાશિકા' તથા 'ધર્મપ્રવૃત્તિ' નામના ગ્રન્થોમાં 'કૃષ્ણભટ્ટ' કહે છે કે ''અટકાવ જાણ્યા પછી દોષ લાગે છે, જાણ્યા પહેલા દોષ હોવાનો સમ્ભવ નથી''. અને તેમ 'યમ' નામના ગ્રન્થકાર પણ જણાવે છે કે

> ''કોઈ જાતના વ્યસનને લીધે, કામકાજના પ્રસનને લીધે

અથવા નિદ્રાસમ્બન્ધી વિસ્મરણને લીધે થયેલું રજોદર્શન જાણવામાં ન આવ્યું હોય તો ત્યાં સુધી તે સ્ત્રી પવિત્ર કહેવાય અને જ્ઞાન થયા બાદ જો કોઈ પદાર્થોનો સ્પર્શ કરે તો, જો તે માટિનાં વાસણ હોય તો તેને ફેંકી દેવાં; ઘી-તેલને ગરમ કરી બીજા પાત્રોમાં ભરી લેવાં, લાકડાંનાં વાસણ વિગેરેને ઘસાવી લેવાં. શીંગડાંનાં તથા દાંતના પણ તેમજ અથવા સો વાર રાખથી માંજી લેવાં. ગોબર માટી જલથી ઘર લિપાવી કાઢવું. અનાજ હોય તો પ્રોક્ષણ કરી લેવું. આ પ્રમાણે શુદ્ધિ કરવી. નહીં કહેલા અશુભ પણ દોષો જાણેલા હોય અથવા ન જાણેલા હોય તો પણ બ્રાહ્મણોની આજ્ઞા લઈ પુણ્યાહવાચન કરાવવું. એટલે સર્વની શુદ્ધિ થઈ જાય છે''.

સન્દેહવાળા રજોદર્શન બાબત પ્રજાપતિએ સ્નાન કરવાનું કહેલું છે. તે ઉપરથી એમ સમજવું કે જ્ઞાનથી જ અપવિત્રપણું પેદા થાય છે. 'સ્મૃત્યર્થસાર' નામના ગ્રન્થમાં લખવામાં આવ્યું છે કે રજસ્રાવ પ્રથમ ન જાણવામાં આવ્યો હોય અને પછી ચાર દિવસમાં જાણવામાં આવે તો અપવિત્રપણું પ્રાપ્ત થાય જ છે. જનનાશૌચ વિગેરેમાં પણ જાણવાથી જ અપવિત્રપણું થાય છે, ન જાણવામાં આવે તો પવિત્રપણું જ સમજવું. એ પ્રમાણે જે કાંઈ પાપનું નિમિત્ત થાય તે પોતાની સત્તાથી જ પાપને સમ્પાદન કરનારું સમજવું. રજોદર્શન વિગેરેમાં પોતાની સત્તાને લઈને જ પાપ ઉત્પન્ન થાય છે, માટે આરમ્ભકાલનું અનુમાન કરીને સ્પર્શ દોષ લાગુ થાય છે અથવા નષ્ટ થાય છે એમ જાણી રાખવું. અને જો આરમ્ભકાલનું અનુમાન જ ન થઈ શકે તો અપવિત્રપણું પણ કેમ જ આવી શકે? માટે આરમ્ભકાલનું અનુમાન કારણભૈંત માનવું.

અહીં શંખા થાય કે કહેલા સમયમાં જેમ કે પાંચમે દિવસે અથવા કોઈ વખતમાં કોઈ બાબતનો સન્દેહ થયો તો તે બાબતમાં કેમ કરવું એ ખાતે કાંઈ નિર્ણય કર્યો નથી. પરન્તુ ''સન્દિગ્ધમાત્રે સ્નાનં સ્યાત્'' આ વચનથી જે સ્ત્રીને સન્દેહ પેદા થાય તેણે સ્નાન કરવું અને તે સન્દેહવાળી સ્ત્રીએ સ્પર્શ કરેલાં વસ્ત્રાદિને ધોઈ નખાવવા અને ગોમૈંત્ર, સુવર્ણ તથા જલ થી ''અપવિત્રઃ પવિત્રો વા'' ઈત્યાદિ મન્ત્રોએ કરીને બીજા પદાર્થોની ઉપર પ્રોક્ષણ કરાવવું. જે ઘરમાં ઘણી સ્ત્રીઓ હોય અને મલમાત્રનું જ ફક્ત જ્ઞાન થાય, રજસ્વલા સ્ત્રીનું જ્ઞાન ન થાય તો પણ દિવસોની ગણનાથી જે સ્ત્રી રજોદર્શનને લાયક હોય તે સ્ત્રીએ ઉપર પ્રમાણે કરવું. કદાચિત્ એ બાબતમાં પણ સન્દેહ પેદા થાય તો, તે ઘરમાં જેટલી સ્ત્રીઓ હોય તે સર્વ સ્ત્રીઓએ ઉપર પ્રમાણે કરવું અને એવી બાબતમાં પુણ્યાહવાચન કરાવવું તથા જાણેલા ન જાણેલા સર્વ પદાર્થો ઉપર પૈંર્વોક્ત વાક્યથી બધે ઠેકાણે પ્રોક્ષણ કરાવવું. આ સિવાય બીજી શુદ્ધિ જણાતી નથી. અથાણા અને પાપડ નો પણ ત્યાગ કરવો. યાજ્ઞવલ્ક્યઋષિ પણ જણાવે છે કે ''છોવાયેલી સ્ત્રીદ્વારા અભડાયેલ સંઘુષ્ટ અન્ન અને

પર્યાય અન્ન નો ત્યાગ કરવો''. અથાણા-પાપડ પણ અન્ન કહેવાય છે તેથી તેઓનો ત્યાગ કરવો એમ ગ્રન્થકાર કહે છે એમ ભાસે છે.

૯. રાજસ્વલાને કોઈ બીજો અપવિત્ર સ્પર્શ કરે અથવા એક રજસ્વલા બીજી રજસ્વલાનો સ્પર્શ કરે તે બાબત વિચાર

'અપરાર્ક' નામના ગ્રન્થમાં અનેક વચનો લખ્યાં છે તેનો અર્થ અહીં કહિએ છીએ.

> રજસ્વલા અને સુવાવડી સ્ત્રીને શબ તથા ચાણ્ડાલ નો સ્પર્શ થાય તો તેઓએ ત્રણ રાત્રિ પર્યન્ત ઉપવાસ કરવો. ચાણ્ડાલ અથવા શ્વપચ નો સ્પર્શ થાય તો પઞ્ચગવ્ય પણ ખાવું એટલું અધિક શાતાતપે કહ્યું છે. કશ્યપઋષિ કહે છે કે શુદ્ધ થયા બાદ તેમ કરવું. અને તે રાત્રિ પછી તો બકરીથી સુંઘાડવું એમ કશ્યપે જણાવ્યું છે. બૃહસ્પતિ તો એમ કહે છે કે કોઈ માહાપાતકી તથા શ્વપાક જાતિના ચાણ્ડાલનો પહેલે દિવસ સ્પર્શ થાય તો ત્રણ દિવસ ઉપવાસ, બીજે દિવસે સ્પર્શ થાય તો બે દિવસ ઉપવાસ અને ત્રીજે દિવસે થાય તો એક દિવસ ઉપવાસ કરવો. તે પછી થાય તો 'નક્તભોજન' એટલે કે સાજે ભોજન કરવું, એ પ્રમાણે રજસ્વલા સ્ત્રીએ કરવું. પરન્તુ શુદ્ધિ થયા બાદ કે તેમ કરવું શક્ય ન બને શકે તો શાતાતપ નામના ઋષિ કહે છે કે રજોદર્શનના દિવસથી ઉપવાસ સ્નાનના દિવસપર્યન્ત કરવા, સ્નાન કર્યા પછી સમયથી તેની શુદ્ધિ થાય છે. એ પણ કદાચ ન બને તો, પરાશર ઋષિ કહે છે કે અહોરાત્ર ઉપવાસ કરવો, પઞ્ચગવ્યનું (પઞ્ચગવ્ય એટલે દૈંધ, દહીં, ઘી, ગોબર અને ગોમૈંત્ર સમજવાં.) લેવું, બને તેટલું સુવર્ણનું દાન કરવું અને બ્રાહ્મણ ભોજન યથાશક્તિ કરાવવું.

હવે પરસ્પર રજસ્વલા એક બીજાનો સ્પર્શ કરે તે બાબતમાં કેમ કરવું તેનો ખુલાસો કરવામાં આવે છે. એક ગોત્રવાળી રજસ્વલાઓ પરસ્પર સ્પર્શ કરે તો સ્નાન કરવું. ભિન્ન-ભિન્ન ગોત્રવાળી પણ સવર્ણ રજસ્વલા સ્ત્રી એક-બીજાનો સ્પર્શ કરે તો એક રાત્ર ઉપવાસ કરવો. ક્ષત્રિય રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ થાય તો બ્રાહ્મણી રજસ્વલા સ્ત્રીને ત્રિરાત્ર, વૈશ્યજાતિની સ્ત્રીના સ્પર્શમાં પઞ્ચરાત્ર અને શૈંદ્રજાતિની સ્ત્રીના સ્પર્શમાં છ રાત્ર ઉપવાસ કરવા એ પ્રમાણે વૃદ્ધવશિષ્ટ ઋષિનો મત છે.

રજસ્વલા સ્ત્રી કોઈ પેશાબ કરતી બીજી સ્ત્રીને અડકી જાય તો પેશાબ કરનારી સ્ત્રીએ અહોરાત્ર ઉપવાસ કરવો. ભોજન કરતી સ્ત્રીને રજસ્વલાનો સ્પર્શ થાય તો ભોજન કરનારી સ્ત્રીએ ત્રણ રાત્રિ સુધી જલનું પાન કરીને રહેવું.

રજસ્વલા સ્ત્રીને કુતરા, શીયાળ કે ગર્દભ વિગેરે જાનવરનો સ્પર્શ થાય તો અથવા રજસ્વલા સ્ત્રી ઉપર કહેલા જાનવરનો જાતે સ્પર્શ કરે તો સ્નાન કરી તારા ઉગે ત્યાં સુધી ઉપવાસ કરે અને પઞ્ચગવ્યનું ભક્ષણ કરે. એ પ્રમાણે ધર્મશાસ્ત્રમાં ઘણું કહેલું છે.

૧૦. રજસ્વલા સ્ત્રીના સ્નાનાદિકનો વિચાર.

રજસ્વલાના સ્નાનને દિવસે તેલ વિગેરેથી થયેલાં તથા મસ્તકથી થયેલાં મલીન વસ્ત્રો સર્વ ધોઈ નાખવાં. 'કૃષ્ણભટ્ટીય' નામક ગ્રન્થમાં પરાશર ઋષિ કહે છે કે

> ''રજસ્વલા સ્ત્રીએ ત્રિરાત્ર પૈર્ણ થાય એટલે સનવ (સનવ એટલે પ્રાતઃકાલ પછી ત્રણ મુહૂર્તનો વખત.) નામક ચોથા દિવસના સવારના સમયમાં મલને ધોઈ નાંખી, ૬૦ વખત મૃત્તિકાથી દંતધાવન કરવું. પછી મલત્યાગ કરી, શરીરને ગોબરના જલથી ધોઈ, સચૈલ સ્નાન કરવું. પરન્તુ ઘેર સ્નાન કરવું નહીં. તળાવ યા નદી વિગેરે જલાશયમાં સ્નાન કરવું''.

અહીં ઘેર સ્નાન ન કરવું અને જલાશયમાં જઈ સ્નાન કરવું એનું કારણ એમ દેખાય છે કે વિના જલાશય યથાયોગ્ય મલ ન ધોવાય તથા તૈલ વિગેરેની ચીકાશ સાફ ન થઈ શકે. ગોબરના જલથી સર્વની શુદ્ધિ કરવી ઇત્યાદિ લેખ ઉપરથી માલમ પડે છે કે જલાશયમાં જઈ સ્નાન કરવું. અત્રિ ઋષિ પણ કહે છે કે

> ''રજસ્વલા સ્ત્રી ચોથે દિવસે વારંવાર સાઠ વખત માટી લઈ પોતાના દાંતોની શુદ્ધિ કરે અને 'સનવ'નામક સમયમાં તીર ઉપર જઈ, સચૈલ સ્નાન કરે. તે સ્નાનમાં રાખ, ગોબર અને મૃતિકા થી ઉપયુક્ત થવું. સ્નાન કર્યા બાદ પવિત્ર વસ્ત્ર ધારણ કરી ચન્દન પુષ્પાદિકથી સુશોભિત થઈને આચમન કરી પુષ્પોથી સૈર્યનું પૈંજન કરે અને પ્રાર્થના કરે કે ''હે પ્રભો! ઇન્દ્રના જેવો મારો પતિ મને અર્પણ કરો''. એ પ્રમાણે પ્રાર્થના કરી ઇન્દ્રભાવથી પોતાના પતિની પ્રાર્થના કરવી. જે સ્ત્રી ઋતુનું સ્નાન કર્યા પછી જેને સ્નેહપૈર્વક જુવે છે તેવો તેને પુત્ર પ્રાપ્ત થાય છે''.

આ પ્રમાણે 'સ્મૃત્યર્થસાર' નામક ગ્રન્થમાં સનવ સમયમાં ફક્ત સ્નાન કરવાને જણાવ્યું છે, પરન્તુ સ્થાનમાટે નિર્ણય યથાયોગ્ય કર્યો નથી. તેથી ઘરમાં પણ સ્નાન થાય. ૬૦ વખત માટીથી બ્રાહ્મણી સ્ત્રીએ, ૧૨૦ વખત માટીથી વિધવા સ્ત્રીએ તથા ક્ષત્રિયાદિકની સ્ત્રીઓએ સાઠના ચોથા-ચોથા ભાગની ન્યૈનતાથી અપવિત્રપણું દૈર કરવું. બીજા પ્રાચીન-અર્વાચીન ગ્રન્થોમાં ચોથે દિવસે રજસ્વલાને સ્નાનમાત્ર જણાવ્યું છે. પરન્તુ, તે સ્નાન ક્યાં અને ક્યે વખતે અને કેમ કરવું ઇત્યાદિ વૃત્તાન્ત જણાવ્યું નથી. પરન્તુ સદાચાર એવો છે કે સૈર્યોદય પછી ચોથે દિવસે પ્રથમ કહી ગયા તે પ્રકારથી ઘરમાં પણ સ્નાન

થઈ શકે, વ્યાસસ્મૃતિના બીજા અધ્યાયમાં એમ લખ્યું છે કે રજસ્વલા સ્ત્રીએ ત્રણરાત્રિ પૈંર્ણ થાય એટલે સૈંર્યોદયમાં ચોથે દિવસે સચૈલ સ્નાન કરવું અને પછી ધર્મપૈંર્વક ભર્ત્તાનું મુખદર્શન કરવું.

શાસ્ત્ર અને સદાચાર થી આ પ્રમાણે દેશકાલથી વ્યવસ્થા યોગ્ય ભાસે છે. જો કે તળાવ, નદી વિગેરેમાં સ્નાન કરવું સર્વસમ્મત જેવું છે તો પણ, દેશકાલ તપાસતાં કેટલીક બાબતોમાં સહાયતા પૈંર્ણ નથી બની શકતી. કોઈ એકલી ઘરમાં સ્ત્રી હોય તો તે સ્ત્રીએ યથાયોગ્ય પોતાની શુદ્ધિ કરવામાં અશક્યતાને પ્રાપ્ત થવું પડે અને આ અતિદુષ્ટ કલિયુગમાં લાજવાળી તરુણ સ્ત્રીમાટે ઘરથી બહાર યથાયોગ્ય સ્નાનાદિક કરવા અશક્ય થઈ પડે. માટે આ બાબતમાં પણ દેશકાલ જોવા જરૂરી છે. એ પ્રમાણે ઘરમાં પણ રજસ્વલા સ્ત્રીએ સ્પર્શ કરેલી ભીની ભૈંમી તથા ઘર પણ યથાયોગ્ય પવિત્ર કરવું. ''વ્યસનથી અથવા કાર્યભારથી'' એ પ્રમાણે આગળના નિર્ણયમાં યમના વચનનું પ્રમાણ આપી ગયા છીએ કે કાંઈ પણ અપવિત્રપણું જાણવામાં આવે તો જાણ્યા પછી પદાર્થની શુદ્ધિ વિલેપનાદિથી કરવી જોઈએ. તે પ્રમાણે રજસ્વલાએ સ્પર્શિત ભૈંમીને શુદ્ધ કરવી. રજસ્વલાએ સ્પર્શેલ જલનો ત્યાગ કરવો. 'મર્યાદાસિન્ધુ' માં દેવલનું વચન છે કે અક્ષુબ્ધ (અક્ષુબ્ધ એટલે નદી તળાવનું જલ.) અને પ્રસૃત (પ્રસૃત જલ એટલે વિસ્તારવાળું જલ.) જલનો રજસ્વલા સ્પર્શ કરે તો તે જલ અપવિત્ર થતું નથી. અર્થાત્ નદીમાં જઈ યા તળાવમાં જઈને રજસ્વલા તળાવ-નદીના ઘણાં જલનો સ્પર્શ કરે તો તે જલ અપવિત્ર થતું નથી. અર્થાત્ કૈંપાદિથી બહાર કાઢેલું જલ તથા થોડું જલ રજસ્વલાના સ્પર્શથી અપવિત્ર થાય છે એમ સમજવું. અને અપવિત્ર પદાર્થના સમ્બન્ધથી સ્થાન પણ અપવિત્ર થાય છે એમ પણ સાથે જ સમજવું. મૈંલ ગ્રન્થમાં રજસ્વલા વિગેરેનો સ્પર્શ એમ લખ્યું છે તે ઉપરથી ચાણ્ડાલાદિનો સ્પર્શ સમજી લેવો. અર્થાત્ તેના સ્પર્શથી પણ કૈમુતિકન્યાયે ચાણ્ડાલ, સૈંતકી, સૈંતિકા, રજસ્વલા વિગેરેએ સ્પર્શ કરેલું જલ અપવિત્ર થાય છે એમ જાણવું. કેટલાક ગુજરાતી લોકો રજસ્વલાએ અડકેલા જળનો ત્યાગ કરતા નથી તે અનાચાર છે એમ જાણવું. વળી ત્રીજે દિવસે મલને દૈંર કરવામાટે સારસ્વત બ્રાહ્મણ તથા ક્ષત્રિય વિગેરેની સ્ત્રીઓ મધ્ય દેશમાં સ્નાન કરે છે તે પણ સર્વથા અયોગ્ય જ છે.

રજસ્વલાની માફક શબનો સ્પર્શ કરનારે યા શબના આશૌચવાળા મનુષ્યે મસ્તકનું વસ્ત્ર વિગેરે ધોઈ મૃત્તિકા તથા ભસ્મ થી સ્નાન કરવું. જો કે આ બાબતમાં માટી કેટલી વાર લઈ સ્નાન કરવું વિગેરે લખ્યું નથી. તો પણ સદાચારને લીધે તેમ કરવું યોગ્ય છે. કારણ કે મરણાશૌચ મોટી બાબતવાળું છે માટે તે લોકોએ અડકેલ જલનો ત્યાગ કરવો.

હવે રજસ્વલા વિગેરે રોગી હોય તો તેમણે કેમ સ્નાન કરવું તે વિષે વિચાર કરીએ છીએ. સ્નાન કરનાર માણસ રોગી હોય એટલે સ્નાન ન કરી શકે તેમ હોય તો બીજો નિરોગી મનુષ્ય દશ વાર વારંવાર રોગીનો સ્પર્શ કરી-કરીને સ્નાન કરે તો તેમ કરવાતી રોગી માણસ શુદ્ધ થાય છે. શુક્રાચાર્ય પણ તાવના રોગવાળી સ્ત્રી જો રજસ્વલા થાય તો કેવી રીતે

શુદ્ધિ કરવી એ બાબત જણાવે છે કે ચોથે દિવસે બીજી સ્ત્રી તે રજસ્વલાનો સ્પર્શ કરે, વારંવાર સ્પર્શ કરતી જાય અને સ્નાન કરે, એમ દશ વખત યા બાર વખત કરી વારંવાર આચમન કરતી જાય અને પછી છેલી વખતે તે કપડાંનો પણ ત્યાગ કરે ત્યારે તે રોગી રજસ્વલા સ્ત્રી શુદ્ધ થાય છે. ત્યાર બાદ યથાશક્તિ દાન દે અને પુણ્યાહવાચન કરાવે. તેમ કરવાથી રજસ્વલાની શુદ્ધિ થાય છે.

જો રજોદર્શનના દિવસોમાં વચમાં ગ્રહણ આવે તો 'નિર્ણયસિન્ધુ'માં સ્નાન કરવાનું લખ્યું છે. સૈંતિકા વિગેરેને ગ્રહણમાં, હોમ જપાદિકમાં ઘરમાં સ્નાન કરતાં દોષ નથી. રજસ્વલા સ્ત્રી પણ તીર્થમાંથી જલ મંગાવી સ્નાન કરે. 'ભાર્ગવાર્ચનદીપિકા'માં તથા સૈંર્યોદયનિબન્ધ વચનથી માલમ પડે છે. નૈમિત્તિક એટલે કાંઈ નિમિત્તથી આવેલું સ્નાન કરવામાં રજસ્વલા સ્ત્રી પણ લાયક છે એમ પરાશરનું વચન પણ પ્રમાણમાં જાણવું. ત્રણ દિવસની અંદર જો ગ્રહણ આવે તો પણ સ્નાન કરી, આંજણ આંજ્યા વિના પાછું અપવિત્રપણું પૈંર્ણ કરવું. અર્થાત્ રજસ્વલાવ્રત પૈંર્ણ કરવું. એમ જ ગ્રહણ નિમિત્ત સ્નાન પ્રાપ્ત થાય તો જો ગ્રસ્ત થયેલ ચન્દ્ર યા સૈંર્ય નો મુકાવાના વખતમાં ઉદય થાય તો ગ્રહણ નિમિત્ત સ્પર્શકાલીન સ્નાન પ્રાપ્ત છે, છતાં તે વખત ન આવે અને શુદ્ધ ચન્દ્રબિમ્બ અથવા શુદ્ધ સૈંર્યબિમ્બનો જ ઉદય માલમ પડે તો સ્નાન કરવામાં 'દૃષ્ટ્વા સ્નાયાત્' એ વચનથી વિરોધ આવે. કારણ કે તેનો એવો અર્થ છે કે ગ્રસ્ત થયેલ ચન્દ્રાદિને જોઈને સ્નાન કરવું. પરન્તુ તે વખત ન આવવાને લીધે અવકાશના અભાવથી માર્જન પૈંર્વક દાન કરી મોક્ષ સ્નાન કરવું એ અમને યોગ્ય ભાસે છે.

હવે બાલક વિગેરેને રજસ્વલાનો સ્પર્શ થાય તો શું કરવું તેનો નિર્ણય 'શુદ્ધિમયૈંખ'માં હરિહર ભાષ્યમાં શાતાતપ આ પ્રમાણે કહે છે કે રજસ્વલાનો સ્પર્શ શિશુ (શિશુ એટલે જેને અન્નપ્રાશન નથી થયું તેવું બાલક.) કરે તો તેને જળ છાંટવું. અને રજસ્વલાનો સ્પર્શ બાળક (જેના વાળમોવાળા ઉતરેલ ન હોય) તે કરે તો તેને આચમન કરાવવું. જો કુમાર (જેને યજ્ઞોપવિત નથી થયું) તે જો કરે તો તેને સ્નાન કરાવવું.

રજસ્વલા વિગેરેએ જોયેલા અન્નની શુદ્ધિ કેમ કરવી તે બાબતમાં શાતાતપ આજ્ઞા કરે છે કે જીવ અભિશાપિત (નિન્દિત), મહાપાતકી, સૈંતિકા, રજસ્વલા અને નાસ્તિક એઓએ જોયેલા અન્નનો નિર્ણય એમ સમજવો કે તે અન્નને પ્રોક્ષણ કરી તેમાંથી જરાક કાઢી નાખી, નિઃશંક થઈ પછી ભક્ષણ કરવું. અથવા ભસ્મથી સ્પર્શ કરી યા ઉમ્બાડીયાથી સ્પર્શ કરી અથવા સુવર્ણ રજતથી અડકી યા બકરાથી સુંઘાવી ભક્ષણ કરવું. આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે ઉપર કહેલાં રજસ્વલા વિગેરેએ જોયેલું જલ છોવાતું નથી. આ પ્રમાણે અત્યન્ત અપવિત્ર પદાર્થ બાબત વિચાર કર્યો છે.

૧૧. ઉપર કહેલા સિવાયના સ્પર્શાદિકથી સ્નાન કરવા વિગેરેનો વિચાર.

પરાશર ઋષિ કહે છે કે

''ખરાબ સ્વપ્ન આવ્યે, સ્ત્રીસમ્ભોગ કરવા પર, ઓકી કાઢેલ પદાર્થનો સ્પર્શ થાયે, મલત્યાગ કરવા પર, હજામત કરાવ્યે, ચિતા તથા પૈંય નો સ્પર્શ કર્યે, સ્મશાનમાં જવા પર, સ્મશાનમાં હાડકાનો સ્પર્શ કરવા પર સ્નાન કરવું''.

અહીં મૈથુન કરનારને સ્નાન જણાવ્યું છે તે ઋતુકાલ સમ્બન્ધી મૈથુન વિષયમાં જાણવાનું છે તેમ મનાઈ કરેલા સમય વિષયકને સ્નાન છે એમ જાણવું. ઋતુ વિના જ્યારે સ્ત્રીની પાસે જવામાં આવે ત્યારે મૈત્ર-મલના ત્યાગથી જેમ અપવિત્રપણું થાય છે તેમ અપવિત્રપણું થાય છે એમ જાણવું. આઠમ, ચૌદશ તથા દિવસમાં પર્વણીમાં જો મૈથુન કરવામાં આવે ત્યારે સચૈલસ્નાન કરવું અને ''વારુણીભિશ્ચ'' એ મન્ત્રોથી શરીર ઉપર માર્જન કરવું એમ મિતાક્ષરામાં તથા 'સ્મૃત્યન્તર'માં 'અપરાર્ક' નામક ગ્રન્થકાર જણાવે છે.

'મર્યાદાસિન્ધુ'માં જણાવ્યું છે કે ભોજન બાદ તરત જો વમન થાય તો સ્નાન કરવું નહી. તે જ પ્રમાણે ભોજન કરતાં-કરતાં આર્દ્ર હાથે જો વમન કરવામાં આવે તો પણ સ્નાન ન કરવું. પણ જો બીજા વખતમાં વમન થાય તો સ્નાન કરવું. શોક અને અશ્રુપાત માં તેમ પણ જાણવું એમ આપસ્તમ્બનું વચન છે. અર્થાત્ શોકમાં અશ્રુપાત થાય તો સ્નાન કરવું એમ અર્થ જાણવો.

દસ્તવાળો માણસને દશ વખત જ્યારે વિરેક થાય ત્યારે સ્નાન કરવું એમ 'ગોવિન્દરાજ' નામક ગ્રન્થકાર કહે છે. હરડે વિગેરે ખાવાથી તથા વ્યાધિયુક્ત થવાથી આઠ વખત ઉપર વિરેક થાય તો સ્નાન કરવું એમ મેધાતિથિનું વચન છે. તથા મૈથુન, દુઃસ્વપ્ન, વમન અને વિરેક માં સ્નાન કરવું એમ વિષ્ણુનું વચન છે. આ નિમિત્તથી ઉત્તરદિશાના રહેનારા લોકોનું કથન છે એમ ત્રણ મત છે.

પૈંયના સ્પર્શમાં સ્નાન કરવું કહ્યું છે. પરન્તુ વગર કારણે જ્યારે તેનો સ્પર્શ થઈ જાય ત્યારે એમ જાણવું. ''વગર કારણે કોઈ માણસ પૈંયનો સ્પર્શ કરે તો સ્નાન કરવાથી શુદ્ધ થાય છે'' એમ લિનપુરાણમાં વચન છે.

હાડકાના સ્પર્શમાં મનુએ વિશેષ નિર્ણય કહ્યો છે ''બ્રાહ્મણ જો મનુષ્યના સ્નેહવાળાં અસ્થિનો જો સ્પર્શ કરે તો સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. અને જો સ્નેહવિનાના અસ્થિનો સ્પર્શ થાય તો આચમન કરી પૃથ્વીનો સ્પર્શ કરતાં સૈંર્યદર્શન કરવું''. સ્નેહવાળું એટલે માંસ-મજ્જા વિગેરેના સન્દેહવાળું. બ્રહ્મપુરાણમાં પણ લખ્યું છે કે ''માણસના સ્નેહવાળા અથવા સ્નેહવિનાના હાડકાનો સ્પર્શ કરવામાં આવે તો સ્નાન કરવું. પૃથ્વીનો અથવા ગાયનો સ્પર્શ કરી સૈંર્યનું દર્શન કરવું અને વિષ્ણુનું સ્મરણ કરવું''. અર્થાત્ સુકાં અસ્થિનો સ્પર્શ થાય તો પણ સ્નાન કરવું. પરન્તુ તે જાણી જોઈને સ્પર્શ કરવાની બાબતમાં જાણવું.

યમ કહે છે કે ''અજીર્ણમાં, વાન્તિમાં, સૈંર્યાસ્તમાં, દુઃસ્વપ્નમાં, દુર્જનના સ્પર્શમાં સ્નાનમાત્ર કરવું જોઈએ''. અજીર્ણના અપગમમાં સ્નાન કરવાને દેવપૈંજન

વિગેરેમાં જણાવ્યું છે તે દેવપૈંજનનો અધિકાર સિદ્ધ થવામાટે મર્યાદાસિન્ધુમાં જણાવ્યું છે. તેમજ સૈંર્યોદય તથા સૈંર્યાસ્ત માં નિદ્રા કહેવામાં આવી છે એમ અપરાર્કમાં જણાવ્યું છે. કશ્યપનું વચન એવું છે કે

> ''ઉદયમાં અને અસ્તમાં રેતઃપાત થાય તો, નેત્ર ફરકે તો, ચીંશ થાય તો, ચિન્તામાં આરોહણ થાય તો, પૈંયનો સ્પર્શ થાય તો સચૈલસ્નાન કરી ''પુનર્મનઈતિ'' એ મન્ત્રનો જપ કરવો. અને મહાવ્યાહૃતિએ કરીને સાત ઘીની આહુતિથી અગ્નિમાં હોમ કરવો''.

સ્મૃત્યન્તરમાં પણ જણાવવામાં આવે છે કે

> ''ચિતા, ચિતાનું કાષ્ઠ, પૈંય, ચાણ્ડાલ અને દેવલક (પૈસો લઈ ત્રણ વર્ષ પર્યન્ત દેવપૈંજા કરે તેનું નામ દેવલક કહેલું છે અને તે હવ્ય-કવ્યમાં નિન્દિત છે.) નો સ્પર્શ થાય તો વસ્ત્રસહિત જલમાં પ્રવેશ કરવો''.

મિતાક્ષરામાં બ્રહ્માણ્ડપુરાણમાં પણ લખેલું છે કે

> ''શૈવ, પાશુપત (કોઈ જાતનો શિવમાર્ગી), લોકાયતિક(નાસ્તિક) તથા શુદ્ધ નાસ્તિક, ન કરવાના કર્મમાં આસક્ત બ્રાહ્મણ અને શૈંદ્ર ઈત્યાદિનો સ્પર્શ થાય તો વસ્ત્રસહિત જલમાં પ્રવેશ કરવો''.

'અપરાર્ક' નામક ગ્રન્થમાં બૌદ્ધનો પણ સ્વીકાર કરેલો છે. કોઈ બીજી સ્મૃતિમાં પણ લખેલું છે કે

> ''નગ્ન, પાશુપત, બૌદ્ધ, કાલ(મરણ કરનાર), કૌલ(પતિત જાતિ) અને દિશશ્ચર(દિશાઓમાં ફરનાર) ઈત્યાદિને જોઈને સૈંર્યનું દર્શન કરવું તથા સ્નાન કરવું''.

મર્યાદાસિન્ધુમાં હારિત કહે છે કે

> ''બૌદ્ધ, પાશુપત, જૈન, લોકાયતિક, કાપાલિક (એટલે મનુષ્યના મસ્તકની તુમ્બલી ધારણ કરનારાઓ), ન કરવાના કર્મ કરનારા દ્વિજ તથા શૈંદ્રો ને સ્પર્શ કરવાથી વસ્ત્રસહિત જલપ્રવેશ કરવો''.

''કાપાલિકનો સ્પર્શ થયે વધારે એક પ્રાણાયામ કરવો'' એમ હારીતનામના ઋષિ કહે છે. 'પાશુપત' એટલે વેદધર્મથી બહાર ગયેલા એમ વ્યાખ્યા કરી છે. અપરાર્કમાં અનિરા કહે છે કે ''શ્વપાક એટલે કૈંતરાને પકાવી ખાનાર એક જાતના ચાણ્ડાલની છાયામાં આવવાથી સ્નાન કરવું અને ઘીનું પ્રાશન કરવું''. બીજીપણ ઘણી જાતો ત્યાં કહેલી છે. હંમેશ નિત્ય કર્મનો કરનારો એક પક્ષ પછી અસ્પૃશ્યતા (સ્પર્શ ન કરવાપણું)ને પ્રાપ્ત થાય

છે. એમ જાતિબાહાર કરેલો પણ સમજી લેવો. તથા

''પુલ્કસ (એક જાતનો ચાણ્ડાલ), મ્લેચ્છ(અનાર્ય), ભિલ્લ, પારસિ વિગેરે, સાવિકા સ્રી, શ્વપાલ(કૈંતરાનો ધણી), ઉન્મત્ત, શૈંદ્રનું એઠું, ઉચ્છિષ્ટ મનુષ્ય, શૈંદ્ર, કુતરું, વિષ્ઠા, સૈંવર, ઉંટ, ખર, નાઈડો, શિયાળ, વાનર, કાક, કૈંકડો, ગીધ, ઘૈંવડ વગેરેના સ્પર્શની બાબતમાં પણ ઉપર પ્રમાણે સમજી લેવું''.

''ભાસ, કાગડો, વાનર, માર્ગ્જાર, ખર, ઊંટ, કૈંતરું, વિષ્ઠા અને સૈંવર એઓને અપવિત્રપણું જાણવું''.

સદાચારચન્દ્રોદયમાં મોરને પવિત્ર ગણવામાં આવેલ છે.

''ચિતાની જગામાં થયેલું વૃક્ષ, ગળી, ગળીના કાંઈ વિકારો, ચાણ્ડાલ, મહાપાતકીની છાયા, શિવ નિર્માલ્ય, પઞ્ચનખ પશુ (ભક્ષ્યવર્જિત પઞ્ચનખ પશુનો નિષેધ મનુએ લખ્યું છે, તે જોઈ લેવો.), શબ, પરકીય વસા, વિષ્ઠા, રજ, મૈંત્ર, રેત, મજ્જા અને રુધિર ઇંત્યાદિનો સ્પર્શ થાય તો સચૈલસ્નાન કરવું''.

અહીં જેની મનાઈ કરી છે એ પક્ષિઓ સિવાય બીજા પક્ષીઓના વાયુથી ઉડેલાં પીંછાનો સ્પર્શ થાય તો તેમાં કોઈ જાતનો દોષ ન માનવો એમ અમને ભાસે છે. અને અહીં જેના સ્પર્શથી સ્નાન કરવાને જણાવ્યું છે તેવા સ્પર્શ કરેલા મનુષ્યનો જો સ્પર્શ થાય તો સ્પર્શ કરનારે આચમન કરવું.

'મર્યાદાસિન્ધુ'માં શાતાતપ કહે છે કે

''કપડાં રનનાર, મોચી, પારાધી, માછીમાર, વણકર, નટ, નાટક વિગેરેને જાણનારો, મુખમાં વીર્ય ધારણ શીલ, શ્વાન, સર્વ વર્ણની સ્રી, ચક્રનાં ચિન્હવાળો, ઘાંચી, જલ્લાદ, ગામનો કુકડો તથા સૈંવર; એટલાઓમાંથી કોઈના પણ મસ્તકસિવાય બીજા અનનો સ્પર્શ કરે તો જલથી તે અન ધોઈ નાખવું. અને આચમન કરવાથી શુદ્ધ થવાય છે''.

આપસ્તમ્બ શાખાવાળાઓનું આ બાબતમાં એવું કહેવું છે કે ઉપર કહેલામાંથી જો કોઈ ઉચ્છિષ્ટનો સ્પર્શ કરે તો એક રાત્રિ જલપાન કરે અને ઉપર કહેલા ઉચ્છિષ્ટ જો કોઈ ઉચ્છિષ્ટ મનુષ્યનો સ્પર્શ કરે તો ત્રણ રાત્રિપર્યન્ત ઘૃતપ્રાશન (ઘીનું ભક્ષણ) કરવાથી શુદ્ધ થવાય. બૃહત્પરાશર કહે છે કે

''મ્લેચ્છના તથા કાપણી કરનારના (એટલે અન્ન, વૃક્ષ, ઘાસ વિગેરેનો કાપનાર), અર્થાત્ લીલાં વૃક્ષ તૃણાદિનું છેદન કરનારના આસનનો જો સ્પર્શ ક્ષેત્રમાં અથવા ઘરમાં થાય તો આચમન કરી મસ્તક ઉપર જલથી પ્રોક્ષણ કરવાથી મનુષ્ય શુદ્ધ થાય છે''.

'શંખ'નામક ઋષિ કહે છે કે ''ઉચ્છિષ્ટ મનુષ્યનો સ્પર્શ થયે અથવા ખાવાના

ઉચ્છિષ્ટ પદાર્થનો સ્પર્શ થયે હાથ-પગ ધોઈને આચમન કરવાથી શુદ્ધ થવાય છે''.

હાથવગેરે ધોતાં નીચે પડેલા જલથી ભીની-અપવિત્ર થયેલી જમીનને અડકવામાં આવે તો જે અનને તેનો સ્પર્શ થયો હોય તે અન ધોઈ નાખવું તથા આચમન કરવાથી શુદ્ધ થવાય છે. યમ કહે છે કે

> ''વર્ષાદના દિવસોમાં ગારાવાળા ગામના ઉકરડાનો જો સ્પર્શ થાય તો પગને છ વખત માટી લઈ ધોઈ નાંખવા. અને જાસ્રને ત્રણ વાર માટીથી ધોઈ નાંખવી. આ પ્રમાણે શુદ્ધિ કરવી''.

બીજાં પણ નિમિત્તો શાસ્રમાંથી જોઈ લેવાં. જેમકે સ્નાન કરીને જો જલપાન કરવામાં આવે તો, છીંક આવે તો, શયન કરવામાં આવે તો, રસ્તામાં જઈ આવ્યા તો, ભોજન કરીને, કપડાં પહેરીને પણ આચમન કરવું જોઈએ. પિતૃકાર્યમાં તેમજ સર્વદા પણ અધોવાયુનો ત્યાગ કરતાં, આક્રન્દ કરતાં, ક્રોધ કરતાં, છીક આવતાં, બિલાડી તથા ઉંદર નો સ્પર્શ કરતાં, થુકતાં, હાસ્ય કરતાં, અસત્ય બોલતાં અવશ્ય આચમન કરવું.

૧૨. સ્પર્શમાં દોષ ન થવા બાબત વિચાર

મર્યાદાસિન્ધુમાં બૃહસ્પતિ કહે છે કે

> ''તીર્થમાં, વિવાહમાં, યાત્રામાં, સઙ્ગ્રામમાં, દેશના વિપ્લવમાં, નગરનો અથવા ગામડાનો દાહ થતો હોય તેમાં સ્પર્શાસ્પર્શનો વિચાર દોષવાળો ન સમજવો. અર્થાત્ દોષ લાગતો નથી. એમજ પરમકષ્ટરૂપ આપત્તિમાં, રોગના ભયમાં, પીડામાં, માતા-પિતા-ગુરુની આજ્ઞામાં દોષ પ્રાપ્ત થતો નથી''.

શાતાતપ ઋષિ કહે છે કે

> ''ગોકુલમાં (પશુ સમ્બન્ધી સમુદાયમાં) કંદોઈની શાળામાં(અથવા પવા-દાળીયા વિગેરે શેકનારની શાળા.), તૈલયન્ત્ર તથા શેરડી ના રસના યન્ત્રમાં, સ્રીયોમાં, રાજકુલમાં પવિત્રતાનો વિચાર કરવાનો નથી''. અર્થાત્ ઉપર કહેલી બાબતોમાં અપવિત્રતા દોષાવહ થતી નથી.

અત્રિસ્મૃતિમાં પણ લખે છે કે ''સ્રીયો તથા રોગી સમ્બન્ધી અપવિત્રતા દોષને ઉત્પન્ન કરનારી થતી નથી''.

પૃથ્વીચન્દ્રોદયમાં પણ પરાશરઋષિ કહે છે કે ''વિવાહ, ઉત્સવ, યજ્ઞ, સઙ્ગ્રામ, જનસમુદાય, વન કે ભય'ર અરણ્યમાં ભાગવું હોય ત્યારે સ્પર્શાસ્પર્શનો દોષ લાગુ થતો નથી''.

'ષડ્ત્રિંશન્મત' માં પણ લખે છે કે ''દેવયાત્રા, વિવાહ, મોટા-મોટા યજ્ઞો અને

સર્વ ઉત્સવોમાં સ્પર્શાસ્પર્શનો દોષ લાગુ થતો નથી''. અર્થાત્ સ્પર્શાસ્પર્શ થાય તો દોષ લાગતો નથી.

સ્મૃત્યન્તરમાં પણ લખે છે કે ''દેવાલયની સમીપમાં રહેલા દેવયાત્રામાટે આવેલા ચાણ્ડાલ અને પતિત નો જો સ્પર્શ થાય તો પણ સ્નાન ન કરવું. અને જો સ્નાન કરે તો સ્નાન કરનારે દેવદ્રોહ કર્યો એમ કહેવાય''.

સ્મૃત્યર્થસારમાં 'સ્પર્શાસ્પર્શ' શબ્દનો અર્થ એવો લખ્યો છે કે સ્પર્શ જેનાથી જાણવામાં આવે છે એવી 'ત્વક્' (ચાંમડી) નામની ઈન્દ્રિયને બીજીઓ એટલે નેત્ર, કર્ણ, મુખ, કર, પાદ ઈત્યાદિ ઈન્દ્રિયને સ્પર્શ થાય તો તે ઠેકાણે સ્પર્શ થયો એમ કહેવાય. અને જો સ્પર્શ ન થાય તો અસ્પર્શ એમ વ્યવહાર થાય છે. અર્થાત્ ઉપર કહેલી બાબતોમાં જો સ્પર્શ થવામાં આવે તો પણ તે સ્પર્શજન્ય દોષ ધર્મશાસ્ત્રના વચનોને આધારે લાગુ પડતો નથી એમ સમજવું. પછી તે સ્પર્શ આપણા તરફથી કરવામાં આવ્યો હોય અથવા તે અપવિત્ર પદાર્થ તરફથી કરવામાં આવ્યો હોય તો પણ એમ સમજી લેવું જોઈએ. અર્થાત્ તેના તરફથી યા આપણા તરફથી તે દોષ લાગતો નથી.

૧૩. શુદ્ધ થયેલને પાછું અપવિત્રપણું પ્રાપ્ત થવાના કારણો અને પછી પાછી તેની શુદ્ધિ કેમ થાય છે તેનો વિચાર

તે બાબતમાં જેના સ્પર્શથી સ્નાન કરવાને જણાવ્યું છે તેનો સ્પર્શ થાય તો સ્નાન કરવું અવશ્ય પ્રાપ્ત છે જ એમાં કાંઈ પણ સન્દેહ જ નથી. અને જેના સ્પર્શથી આચમન કરવાને જણાવ્યું છે તેના પણ સ્પર્શમાં સ્નાન જ કરવું યોગ્ય છે. જેમકે સદાચારચન્દ્રોદયમાં લખે છે કે

> ''કુતરું, કાગડો, ઊંટ, ગધેડો, ઘૈંવડ, સૈંવર અને ગામનાં
> બીજાં પક્ષીઓ, દીવો, સુપડું અને શૈયા, પાદત્રાણ, સાવરણી
> આટલા પદાર્થનો જે માણસ સ્નાન કર્યા પછી સ્પર્શ કરે તો ફરીથી
> સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે''.

બૃહસ્પતિ પણ કહે છે કે જે બીજા કેટલા એક આચમન કરવાથી શુદ્ધ થવાય એવા પદાર્થોનો સ્નાન પછી સ્પર્શ થાય તો પણ સ્નાન કરવું પ્રાપ્ત છે અને બીજા પણ તેવા પદાર્થોના સ્પર્શમાં સ્વતઃસિદ્ધ સ્નાન જ પ્રાપ્ત થાય છે. જેમ સાથવાનો હોમ કરવાને જ્યાં શાસ્ત્રમાં કહ્યું છે ત્યાં, હોમ કરનાર પોતાની અંજલી પોહોળી કરીને જેમ હોમ કરે છે તેમ, યોગ્યતાના બળથી અહીં પણ ઉપર કહેલા જાનવરોના સ્પર્શમાં યોગ્યતાના બળથી સ્વતઃસિદ્ધ સ્નાન જ પ્રાપ્ત છે. ''નાભીની ઉપર જો પક્ષીનો સ્પર્શ, હાથને છોડીને, થાય તો સ્નાન કરવું. અને જો બીજા અનનો સ્પર્શ કરે તો ધોઈ નાખવાથી શુદ્ધિ થાય છે'' એમ સદાચારચન્દ્રોદયમાં લખેલું છે. મને તો બીજી જ કાંઈ બાબત ભાસે છે. તે એ કે શાસ્ત્રમાં દીવા વિગેરેનો જો સ્પર્શ કરવામાં આવે તો તે સ્પર્શથી સ્નાન કરવું જોઈએ એમ લખ્યું છે.

પરન્તુ તે દીવા વિગેરે લૌકિક દીવા સમજવાં. જેમ કે લખ્યું છે કે ''બકરીની રજ, ગધેડાની રજ અને સાવરણીની રજ તથા દીવાની છાયા અને મઞ્ચક (પલંગ વિગેરે) ની છાયા પૈર્વકાળમાં કરેલા પુણ્યનો નાશ કરે છે''. અને વળી કહેલું છે કે ''સૈંપડાનો પવન, નખના અગ્રભાગનું જલ, સ્નાનવસ્ત્રથી અનનું માર્જન, સાવરણીની રજ તથા કેશનું જલ આટલા પદાર્થો પુરાકૃત પુણ્યનો નાશ કરે છે'' એમ અત્રિસ્મૃતિમાં પુણ્યનો નાશ કરનારા પ્રોક્ત પદાર્થો છે એમ જણાવ્યું છે. પરન્તુ, તે લૌકિક પદાર્થો જાણવા, અલૌકિક નહીં. કારણ કે દાનમાટે પાસે રાખેલા તે પદાર્થોના સ્પર્શમાં સ્નાન કરવું યોગ્ય નથી. કેમકે શ્રાદ્ધ વિગેરેમાં દીપદાન કરવાને જણાવ્યું છે, કાર્તિક વિગેરે માસમાં પરમેશ્વરને દીપ અર્પણ કરવાને જણાવ્યું છે. એમજ સૈંપડામાં સૌભાગ્ય દ્રવ્ય રાખી અર્પણ કરવું તથા શૈયામાં વિષ્ણુની મૈર્તિનું સ્થાપન કરવું અને ગુરુપાદુકાદિનો સ્પર્શ કરવો તથા ભગવાન્‌ના મન્દિરમાં માર્જન વિગેરે કરવું ઈત્યાદિ ધર્મશાસ્ત્રમાં કરવાને કહેલું છે. તો પછી પરસ્પર વિરોધ પ્રાપ્ત થશે. કારણ કે સ્નાનોત્તર ઉપર કહેલા દીપ શૈંર્પાદિનો સ્પર્શ કરવાથી સ્નાન લખેલું છે અને દાનાદિ કરવાથી પુણ્ય લખેલું છે તો પછી પરસ્પર વિરોધ આવશે. માટે સ્નાન કર્યા પછી પણ અલૌકિક દીપ શૈંર્પ સમ્માર્જની પાદુકા વિગેરેનો સ્પર્શ થાય તો સ્નાન ન કરવું એમ સમજવું. લૌકિક દીપ શૈંર્પ સમ્માર્જનીનો જો સ્પર્શ થાય તો અવશ્ય સ્નાન કરવું એમ સમજી લેવું. આ ઠેકાણાનાં વચનો દાનખણ્ડમાં સદાચારચન્દ્રોદય, વિષ્ણુભક્તિચન્દ્રોદય, હરિવલ્લભસુધોદય ઈત્યાદિ ગ્રન્થોમાં સ્પષ્ટ તપાસી જોવાં.

ગુરુપાદુકા વિગેરેનું પૈંજ્યપણું શ્રીમદ્‌ભાગવતમાં પણ જણાવવામાં આવ્યું છે. ભગવાને કૃષ્ણાવતારમાં ઉદ્ધવને, રામાવતારમાં ભરતજીને પોતાની પાદુકાનું અર્પણ કરેલું જ છે. એમજ 'શ્વેતાશ્વતર' ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે ''જે માણસ દેવની માફક પોતાના ગુરુની ભક્તિ કરે છે તે ગુરુભક્તિ કરનાર માહાત્માને સર્વ પુરુષાર્થો સિદ્ધ થાય છે''. માટે દેવમાફક ગુરુભક્તિ કરવી સ્વતઃસિદ્ધ હોવાથી ગુરુપાદુકાદિનો સ્પર્શ પ્રત્યુત પવિત્ર કરનારો છે એમ જાણવું. અર્થાત્ ગુરુપાદુકાના ઉપરના ભાગનો સ્પર્શ કરવાથી અપવિત્રપણું પ્રાપ્ત થતું નથી કે જેથી સ્નાન કરવું પડે. નૃસિંહપુરાણમાં પણ પોતાના દૈંતોને યમરાજાએ જણાવ્યું છે કે ''હે દૈંતો! જે માણસ વિષ્ણુના મન્દિરમાં સમ્માર્જન (સાવરણીથી વાશીંદુ કરવું) અને ગોબરથી ઉપલેપન (લીપવુ) કરે છે તે માણસના ત્રણ કુલનો તમારે ત્યાગ કરવો''. અર્થાત્ આ પરથી ભગવાન્‌ના મન્દિરની રજ પણ મહાપવિત્ર સ્પષ્ટરીત્યા માલમ પડે છે ત્યારે ભગવન્મન્દિરની સાવરણીના સ્પર્શથી અપવિત્રતાની વાત જ ક્યાં રહી! સારાંશ કે સમ્માર્જની(સાવરણી) તો મહાપવિત્ર છે. પરન્તુ તે ભગવન્મન્દિરમાંની, બીજી લૌકિક નહીં. ઉપલેપન કરવાને પણ શ્રીભાગવતમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે માટે એમ નિશ્ચય થાય છે કે લૌકિક સમ્માર્જની, દીપ, શૈયા, સૈંર્પ વિગેરેની સ્પર્શ કરવામાં મનાઈ છે. અલૌકિકની નહીં જ.

બીજું એમ લખેલું છે કે સ્નાન કરવા પછી નાભીના નીચે જો જોડાનો સ્પર્શ થાય

તો સ્નાન કરવું નહીં, તે અન ધોઈ નાખવું. એ બાબતમાં એમ સમજવાનું છે કે તીર્થાદીમાં સ્નાન કરી પગરખાં પેહરી ઘેર આવતાં અપવિત્રપણું પ્રાપ્ત થતું નથી. કારણ કે દૈંરથી આવતાં રસ્તામાં અનેક અપવિત્ર પદાર્થો પડેલા હોય છે અને તેનો સ્પર્શ ક્યાંક પણ થઈ જ જાય માટે તે બાબત અશક્ય જેવી છે. તેથી શાસ્ત્રમાં લખેલું છે કે બ્રાહ્મણના ચરણ નિરન્તર પવિત્ર જ રહે છે. માટે ઘરે આવી પગ ધોઈ નાખવા. સારાંશ આ છે કે જો પગમાં પગરખાં પહેરેલાં હોય તો રસ્તાના અનેક અપવિત્ર પદાર્થોનો સ્પર્શ ન થાય અને ઘેર આવી પગરખાંનો ત્યાગ કરી પગ ધોઈ નાખવા વધારે ઉત્તમ છે. અનેક અપવિત્ર પદાર્થોના સ્પર્શ કરતાં એક પગરખાંનો સ્પર્શ કરવો જ વધારે ઉત્તમ છે. શાસ્ત્રમાં લખ્યું છે કે પાદુકા (ખડાઉ) અથવા ચાંખડીયુ ઉપરના ભાગથી પવિત્ર કહેવાય છે અને પગરખાં પણ ઉપરના ભાગમાં પવિત્ર કહેવાય છે. માટે સ્નાન કર્યા બાદ ઘેર આવવામાં એવા જોડાં પહેરવા કે જેને મૈંત્ર વિગેરેના ત્યાગમાં ધારણ કરેલા ન હોય. તેથી આ બાબતમાં સમ્પ્રદાયની રીત પ્રમાણે આચાર પાળવો. સદાચારચન્દ્રોદયમાં તથા બીજી સ્મૃતિમાં પગરખાં મળ-મૈંત્રનો ત્યાગ કરતી વેળાએ ધારણ નહીં કરવાં એમ જણાવેલું છે. પરન્તુ હાલ વર્તમાન કાળમાં સર્વ દેશમાં તે વખતે પગરખાં પહેરવાનો ચાલ ચાલે છે, માટે તે ઉપરથી અપવિત્રપણું સ્પષ્ટ માલમ પડે છે. કેટલાક શિષ્ટ મનુષ્યો તો એમ કહે છે કે પગરખાંનો સ્પર્શ ગુલ્ફ(ઘુંટી)ની નીચે અપવિત્ર ન જાણવો. કલિયુગમાં સ્મૃતિ કરતાં સદાચાર વધારે પ્રબલ ગણવામાં આવે છે. માટે પગરખાનું ધારણ અસાધારણપણાને પ્રાપ્ત કરે છે.

'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં દેવલઋષિ કહે છે કે શરીરમાં પ્રવાહી માર્ગોથી મલાદિકનો પ્રવાહ થવો અથવા સ્રાવ થવો તેથી અને અન્ન વિગેરેના પ્રવેશથી અપવિત્રપણું પ્રાપ્ત થાય છે. પતિત, અશુચિ અને અપવિત્ર પદાર્થોના સ્પર્શથી અપવિત્રપણું પ્રાપ્ત થાય છે. જેમ કે શયન પછી, કપડાં ધારણ કર્યા પછી, (એક વસ્ત્રનો ત્યાગ અને બીજાનું ધારણ) પછી, રસ્તામાં ચાલી આવવા પછી અને અસત્યને સત્ય તરીકે યા ક્રૈર તરીકે કહેવાથી, છાશ નાખ્યા પછી ન મળેલાં અર્થાત્ દહીપણાને પ્રાપ્ત ન થયેલા દૈંધના છાંટા ઉડવાથી અથવા જ્ઞાનથી આચમન કરવું. ત્યાર પછી શુદ્ધ થવાય છે. એટલે જો શરીર ઉપર લેપ કરવો પડે અને તૈલ વિગેરેથી મર્દન કરવું પડે અને કોઈ ગન્ધવાળા પદાર્થો શરીર ઉપર લગાડવા પડે તો, પછી પવિત્ર થવામાટે માટી, જલ અને ગોબર થી પવિત્ર થવું. લેપમાં સ્નેહમાં અને ગન્ધમાં શુદ્ધ થવામાટે માટી, જલ અને ગોબર થી શુદ્ધ થઈ પછી આચમન કરવાથી શુદ્ધ થવાય છે. શરીરમાંથી નિકળતા મલો બાર પ્રકારનાં છે. તે મનુ તથા વિષ્ણુ એ આ પ્રમાણે જણાવ્યા છે. વસા(છાતીનો મેદ) (છાતીનો મેદ એટલે કફ સમજવો.)) શુક્ર(પુરુષ વીર્ય તથા સ્ત્રીનું રજ) અસૃક્(પરૂ સ્નાયુ માંસ વિગેરે) મજ્જા, મૈંત્ર, વિષ્ઠા, કાનનો મેલ, નખ, કેશ(રૂવાટાં વિગેરે), મુખમલ થૈંક વિગેરે, શ્લેષ્મા(સળખમ થવાથી નાસિકાદ્વારા નિકળતું જલ) આંસુ, આંખના ચિપડા અને સ્વેદ એટલે અવયવનો મલ. આ બાર પ્રકારના મલોનું નિઃસ્પન્દ(થોડું નીકળવું) થાય. અથવા નિઃસ્રવ(વારંવાર નીકળવું) થાય તો અને પ્રથમ કહી

ગયા છીએ તેમ, અન્ન વિગેરેના પ્રવેશથી અશુદ્ધિ થાય છે તો તે ઠેકાણે અન્નાદિ શબ્દથી જલ, દૈંધ, ઔષધ વિગેરે જાણી લેવાં. સારાંશ આ છે કે ઉપર કહેલા દ્વાદશ મલોનું થોડું નીકળવું થાય યા વારંવાર નીકળવું થાય અથવા અન્નાદિનો પ્રવેશ થાય તો અપવિત્રપણું પ્રાપ્ત થાય છે અને કર્મકાલના સમયમાં વિશેષ અપવિત્રપણું પ્રાપ્ત થાય છે. આ ઉપરના બાર મલોની બાબતમાં સારાંશ એ સમજવાનો છે કે પ્રથમ વસા(છાતીનો મેદ) થી આરમ્ભી વિષ્ઠાપર્યન્તના જે છ મલો તેમાંથી કોઈનું જરાપણ નીકળવું થાય તો ઘણી જ અશુદ્ધિ જાણવી. અને બાકીના બીજાં છ મલો જે કાનના મેલથી લઈને તે સ્વેદપર્યન્તનામાથી જો કોઈનો નિઃસ્રવ(વારંવાર નીકળવું) થાય તો પણ ઘણી જ અશુદ્ધિ જાણવી એમ સમજી રાખવું જોઈએ. બૌધાયન નામક ગ્રન્થકાર કહે છે કે બાર મલમાંથી પહેલાનાં જે છ મલો તેનાથી જો શુદ્ધ થવું હોય તો માટી અને જલ થી શુદ્ધ થવું. અને બાકીના બીજા જે છ મલો રહ્યા તેનાથી જો શુદ્ધ થવું હોય તો ફક્ત જલથી જ શુદ્ધ થવાય છે. એ પ્રમાણે વ્યવસ્થા જાણવી. આજે શુદ્ધિ કહી છે તે પોતાના મલ બાબત સમજવી. પારકા બાર મલમાંથી જો કોઈનો સ્પર્શ થાય તો સ્નાન કરવાને પ્રથમ જ જણાવી ગયા છીએ, તેનું સ્મરણ રાખવું. જો કદાચિત્ કર્મસમ્બન્ધી સમયમાં પહેલાના છ મલોમાંથી કોઈનું નીકળવું થાય તો સ્નાન કરવું. બીજા બાકીના છ મલોનું પણ ઘણું વારંવાર નીકળવું થાય તો પણ સ્નાન જ કરવું સિદ્ધ થાય છે. મનુએ તો બાર મલમાંથી કોઈનું પણ નીકળવું થાય તો માટી અને જલ નો ઉપયોગ કરવો એમ લખેલું છે. અને કુલ્લૈંકભટ્ટની વ્યાખ્યામાં ગોવિન્દરાજ લખે છે કે દેવસમ્બન્ધી તથા પિતૃસમ્બન્ધી કર્મના વખતમાં તે કર્મયોગ્ય સિદ્ધ થાય માટે માટી તથા જલ લેવું યોગ્ય છે એમ જણાવેલું છે. 'મર્યાદાસિન્ધુ' નામક ગ્રન્થમાં એમ લખે છે કે બાર મલમાંથી છેલાં છ મલમાટે કેવલ જલથી ગન્ધવાળા લેપનો બિલકુલ નાશ નથી સમ્ભવતો. માટે જલ અને માટી યથાસમય બેયનો ઉપયોગ કરવો યોગ્ય છે. ઉપાધિથી અપવિત્ર થયેલ પદાર્થ જેમ કે એક ઉચ્છિષ્ટ. તો તે ઉપાધિથી ઉચ્છિષ્ટ થાય છે. એમ જ કોઈ પદાર્થ એવો હોય છે કે સ્વભાવથી જ અપવિત્ર હોય છે. જેમ કે દેવલ ઋષિએ કહેલું છે કે ''માણસનું હાડકું શબ, વિષ્ઠા, વીર્ય, પેશાબ, સ્ત્રીનું રજ યા આર્તવ, વસા(હૃદયનો મેદ) મેદ, રૂધિર, ચીપડા, સળખમનું જલાદિ, મજ્જા આટલી ચીજો અપવિત્ર કહેવાય છે''. માટે આટલી ચીજમાંથી હર કોઈનો સ્પર્શ થાય તો અપવિત્રપણું સ્પષ્ટ સમજી લેવું. અહીં અથવા બીજે કોઈ ઠેકાણે પણ દૈંધની મલમાં ગણત્રી કરી નથી. માટે સ્તનમાંથી કદાચિત્ દૈંધનો સ્રાવ થાય તો પણ અપવિત્રતા લાગુ પડતી નથી. આ ઉપરથી એમ ન સમજવું કે તે સ્તનમાંથી નિકળતું દૈંધ સર્વથા સર્વકાલ પવિત્ર જ છે. કારણ કે એમ લખેલું છે કે સ્ત્રીનું દૈંધ દ્વિજો પાન કરે તો અર્થાત્ પીએ તો ફરીથી સંસ્કારને પ્રાપ્ત થાય છે. માટે સર્વદા તે પવિત્ર નથી. અર્થાત્ સ્તનમાંથી જો સ્રાવ થાય તો તેનાથી અશુદ્ધિ નથી એમ જાણવું. અશુદ્ધિ લખી છે તે પાન કરવામાં લખી છે, બીજે ઠેકાણે નહીં અને જો એમ ન હોય તો શાસ્ત્રમાં લખ્યું છે કે હાથોહાથઅન્ન આપે તો, પ્રત્યક્ષ હાથોહાથલૈંણ આપે તો અને માટીનું ભક્ષણ કરે તો, ગોમાંસ ખાવા બરોબર

બને છે. ત્યારે તે પ્રમાણે કરનારના સ્પર્શમાં પૈર્ણ અપવિત્રપણું પ્રાપ્ત થવું જ જોઈએ, પરન્તુ તેમ નથી. હવે શયન ખાતે દક્ષે અપવિત્રપણું જણાવેલું છે. તે આ પ્રમાણે કે નવ છિદ્રવાળો અત્યન્ત મલિન આ દેહ દિવસ-રાત્રિ મલને સ્રવ્યા કરે છે. અર્થાત્ મલિન થાય છે. માટે પ્રાતઃકાલમાં સ્નાન કરવું, એ પરમશુદ્ધિ છે. નિદ્રા કરનાર માણસની ઇન્દ્રિયો ગન્ધ-પરશેવાવાળી થાય છે અને મલોથી ઝર્યા કરે છે. ઉત્તમ તથા અધમ અનો સર્વ સમાનતાને પ્રાપ્ત થઈ જાય છે. અહીં પ્રસુપ્ત (સારી રીતે સુતેલો) એ શબ્દથી બેઠેલો અથવા ચાલતો જે માણસ હોય છે તેની ઇન્દ્રિયોમાંથી લાળ, પરસેવો વિગેરેનો અભાવ હોય છે તેથી સુતેલા મનુષ્ય સમાન દોષ લાગુ પડતો નથી. માટે તેવા માણસે આચમન કરવું અને જો બેઠેલો માણસ અથવા ચાલતો માણસ હોય અને લાળ વિગેરેનો સ્રાવ થાય તો સ્નાન કરવું. જો કે દક્ષે પ્રાતઃસ્નાનને લઈને શયન પર્યન્તનો દોષ કહ્યો છે, તો પણ નિદ્રાવસ્થામાં ગમે તે વખતે દોષનું તુલ્યપણું છે. માટે નિદ્રાવસ્થામાં તે દોષ લાગુ છે એમ સમજવું.

હવે કપડા બદલાવ્યા હોય તો આચમન કરવું. કારણ કે અલ્પદોષ લાગુ પડે છે. માટે જ સદાચારચન્દ્રોદયમાં પરાશર લખે છે કે

> ''થૈંકવામાં, શયનમાં, કપડાં પહેરવામાં અને આંસુ પડવામાં આમ કર્મ કરનાર મનુષ્યને જો ઉપર કહેલી બાબતોમાંથી કાંઈ પણ બને તો આચમન કરવું અથવા જમણા કાનનો સ્પર્શ કરવો''.

તે જ પ્રમાણે બેઠાં-બેઠાં અથવા ચાલતાં-ચાલતાં પણ તેમ કરવું પ્રાપ્ત છે એમ સમજી લેવું. કારણ કે પ્રોક્ત યુક્તિથી સ્પષ્ટ જણાય છે. માટે ઉપર કહેલું શ્રોત્રાચમન (દક્ષિણ કર્ણનો સ્પર્શ) ત્યારે કરવો કે જ્યારે આચમન બની ન શકે. સદાચારચન્દ્રોદયમાં લખે છે કે ''આચમન કરવું અથવા ગાયના પાછલા ભાગનો સ્પર્શ કરવો અથવા સૈર્યનું દર્શન કરવું અથવા દક્ષિણ કર્ણનો સ્પર્શ કરવો''. માર્કણ્ડેય ઋષિ પણ કહે છે કે ''જો આચમન ન બને તો ગાયના પાછલા ભાગનો સ્પર્શ કરવો. તે પણ ન બની શકે તો સૈર્યદર્શન કરવું અને તે પણ ન બની શકે તો દક્ષિણ કર્ણનો સ્પર્શ કરવો''. દક્ષિણ કર્ણનો સ્પર્શ યાજ્ઞવલ્ક્યઋષિએ પણ વખાણેલો છે : ''ગંગા દક્ષિણ કર્ણમાં વસે છે, અગ્નિ નાસિકામાં વસે છે, માટે બેયનો જો સ્પર્શ કરવામાં આવે તો તત્કાલ મનુષ્ય શુદ્ધ થાય છે''.

હવે મુખમાંથી પડેલા થોડા પણ બિન્દુ વસ્ત્ર વિગેરે ઉપર પડે તો તે જલબિન્દુઓ પવિત્ર છે એમ જાણવું; પરન્તુ વસ્ત્ર વિગેરે ઉપર પડ્યા હોય તો જ, શરીર ઉપર પડે તો પવિત્ર ન સમજવા. તે બાબત ગૌતમ કહે છે કે ''મુખસમ્બન્ધી જલના બિન્દુઓ જો પડે તો ઉચ્છિષ્ટ થતું નથી, પરન્તુ તે શરીર ઉપર પડવા ન જોઈએ. વસ્ત્ર ઉપર પડે તો અપવિત્રપણું થતું નથી''.

હવે જો કોઈને શુક્ત વચન (કઠોર અથવા અસમ્બદ્ધ) વચન કહેવામાં આવે તો તથા 'દ્રપ્સાવિદ્ધ' એટલે અત્યન્ત ઘાટા કફાદિથી શરીર લિપ્ત થાય તો પવિત્ર થવામાટે

વિધિ કહેવાય છે. સર્વ શરીરની શુદ્ધિ માટે આચમન કરવાનો પ્રકાર કહ્યો છે. જેમ કે ''સ્નાન કરીને, પાન કરીને, છીંક આવવાથી, શયન પછી, ભોજન કરીને, રસ્તામાં ફરી આવવાથી આચમન કરેલા માણસે પણ ફરીથી આચમન કરવું અને કપડાં બદલાવીને પણ આચમન કરવું'' એ પ્રમાણે લખાયેલું છે. 'છન્દોગપરિશિષ્ટ' નામના ગ્રન્થમાં કહેલું છે કે

> ''પિતૃસમ્બન્ધી મન્ત્રના ઉચ્ચારણમાં, ન જોવાલાયક વસ્તુ જોવામાં, અપાન વાયુના ત્યાગમાં, અત્યન્ત હસવામાં, અસત્ય ભાષણ કરવામાં, માર્જાર તથા મૈષક નો સ્પર્શ કરવામાં, ક્રોધથી પેદા થનારી ગાળમાં ઈત્યાદિ સર્વ નિમિત્તોમાં કર્મ કરનાર મનુષ્યે જલનો સ્પર્શ કરવો તથા હૃદયનો સ્પર્શ કરવો''.

ભગવત્સેવામાં જો અપાન વાયુનો ત્યાગ કરવામાં આવે તો સ્નાન કરવું પ્રાપ્ત છે, એ પ્રમાણે શાસ્ત્રમાં લખેલું છે. અશ્લીલ ભાષણ(ન બોલવાના બોલો બોલવા તેને સંસ્કૃત ભાષામાં અશ્લીલ એમ કહે છે.), અધોવાયુ (અપાનવાયુ)નો ત્યાગ કરવો એ બેય બાબત કરવાની મનાઈ છે. વારાહપુરાણમાં ભગવાન્ આજ્ઞા કરે છે કે

> ''મારો સ્પર્શ કરતાં-કરતાં જે માણસ અધોવાયુનો ત્યાગ કરે છે તે માણસ વિષ્ઠાસહિત પવનનું પાન કરે છે એમાં સંશય નથી. તે પાંચ વર્ષ માખી થાય છે, સાત વર્ષ ઉંદર, ત્રણ વર્ષ કૈંતરો અને નવ વર્ષ પર્યન્ત કાચબો થાય છે''

એ પ્રમાણે તેની અપરાધોમાં ગણના કરવામાં આવી છે તથા તે બાબતસર ફલ કહેવામાં આવ્યું છે.

અજીર્ણ થયું હોય તો સ્નાન કરવાનું કહેલું છે. કારણ કે અધોવાયુ ઘણું કરીને અજીર્ણથી જ ઉત્પન્ન થાય છે. માટે ભગવત્સેવામાં અધોવાયુનો ત્યાગ થવાથી સ્નાન કરવું યોગ્ય છે.

મીંદડીનો સ્પર્શ થાય તો સ્નાન કરવાને કહ્યું છે તેમાં એમ સમજવાનું છે કે વ્યક્તિ જાતે જો માર્જારને સ્પર્શ કરે તો તેણે સ્નાન કરવું. ''ગામનો કૈંકડો, કાગડો, મીંદડો, ગધેડો, ઊંટ, કુતરું અને સુવર આટલાં અપવિત્ર જાનવરોનો સ્પર્શ થાય તો વસ્ત્રસહિત જલમાં પ્રવેશ કરવો'' એમ અનિરાઋષિએ સ્પર્શની બાબતમાં અપવિત્રતા જણાવી છે. પણ જો માર્જાર પોતે મનુષ્યનો સ્પર્શ કરે તો તે સ્પર્શ દૈષિત ગણવામાં આવતો નથી. કારણ કે જો આવું ન માનીએ તો શાસ્ત્રમાં જે એમ લખ્યું છે કે ''માર્જાર, કડછી તથા પવન સદા પવિત્ર છે'' તે વચન બાધિત થાય. માટે જો આપણે માર્જારનો સ્પર્શ કરીએ તો સ્નાન પ્રાપ્ત થાય છે, નહીં તો નહીં. અથવા એવો પણ અભિપ્રાય લઈ શકાય કે બિલાડી જો વાસણ વિગેરેનો સ્પર્શ કરે તો તે પવિત્ર જ રહે છે પણ જો શરીરનો સ્પર્શ કરે તો સ્નાન કરવું. દક્ષિણી પણ્ડિતોના ગ્રન્થોમાં તો એમ લખ્યું છે કે ''ભોજનમાં તથા પૈંજાદિ કર્મોમાં માર્જારના પૈંછનો સ્પર્શ થાય તો સ્નાન કરવું. એ સિવાયના બીજા સ્થળોમાં પવિત્રપણું છે''. 'રત્નાવલી' નિબન્ધમાં

કહ્યું છે કે ''માર્જારના પૈંછનો સ્પર્શ ભોજન તથા કર્મકાલમાં બ્રાહ્મણ કરે તો સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે. આજ સનાતનકાલની વિધિ છે''.

એમજ ન્હાયેલ વ્યક્તિ સ્નાન ન કરેલનો– સ્નાન કરેલ મનુષ્યને વસ્ત્ર વિગેરે વચમાં હોય અને તેના સ્પર્શથી –સ્પર્શ કરે તો, પ્રચેતાના વચનથી, સ્પર્શ કરનારે સ્નાન કરવું જોઈએ. પરન્તુ જો કાષ્ઠ વિગેરેનો વચમાં અન્તરાય હોય અને જો સ્પર્શ થાય તો ફક્ત આચમન કરવું. તેમજ ઊની કાપડ, કમ્બલ, રેશમી વસ્ત્ર વિગેરેથી જો સ્પર્શ થાય તો પણ આચમન જ કરવું.

૧૪. વસ્ત્ર વિગેરેનો શુદ્ધિવિચાર

''વસ્ત્ર બાબતમાં અહત(સંચામાંથી નિકળેલું) જે વસ્ત્ર તેની શુદ્ધિ પ્રોક્ષણ કરવાથી થાય છે'' એમ 'અપરાર્ક' તથા 'વાયુપુરાણ' જણાવે છે. અને 'પૃથ્વીચન્દ્રોદય' ગ્રન્થજણાવે છે કે 'અહત' કપડું સર્વ કર્મમાં શુદ્ધ છે. તેનું લક્ષણ પૃથ્વીચન્દ્રોદયમાં પુલસ્ત્ય તથા શાતાતપ અને સદાચારચન્દ્રોદયમાં કાત્યાયન ઋષિ પણ કહે છે કે ''એક વાર ધોબીએ ધોયેલું જે કપડું તે''. પૃથ્વીચન્દ્ર કહે છે કે ''ફક્ત જલથી જ ધોયેલું કપડું તે અને નવું સફેદ તથા સદશ, કોઈએ ધારણ કરેલું નહીં એવા લક્ષણવાળું જે કપડું તેને 'અહત' નામ આપવામાં આવે છે. અને તે સર્વ કર્મમાં પવિત્ર ગણવામાં આવે છે''. સદાચારચન્દ્રોદયમાં કહે છે કે ''આઠ હાથનું નવીન સફેદ અને સદશ તથા અધારિત જે કપડું હોય તે 'અહત' કહેવાય છે અને તે સર્વ કર્મમાં પાવન તરીકે ગણવામાં આવે છે''. આ ધર્મશાસ્ત્રનાં વચનોની બાબતમાં શ્રીપુરુષોત્તમજી મહારાજ આજ્ઞા કરે છે કે મને એમ ભાસે છે કે આચારતિલકમાં ''વીર્ય, રુધિર, ઉલટી, શ્લેષ્મ, મૈંત્ર, પુરીષ(વિષ્ઠા), ચિકણાઈ, દુર્ગન્ધી પદાર્થ અને જીર્ણપણું'' આ નવ દોષ કપડામાં કહેલા છે. માટે આ દોષથી રહિત જે વસ્ત્ર તે વસ્ત્રને 'નવીન' તરીકે કહેવામાં આવે છે. નહીં તો ''ધારણ કરેલું'' એ શબ્દ ઉપરથી વ્યર્થતા સિદ્ધ થાય. માટે લક્ષણમાં ધારણ ન કરેલું એમ લખ્યું છે. લક્ષણમાં વળી લખે છે કે સફેદ અર્થાત્ બીજા રનવાળું નહીં એમ નિર્ણય થાય છે. એટલે નિષિદ્ધ વર્ણવાળું નહીં એમ સમજવું. ''વસ્ત્ર તથા ઉપસ્કરવાળી શૈયા, લાલ કપડાં અને પુષ્પો આટલા પદાર્થો પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે એ બાબતમાં સંશય નથી'' એમ 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં બૃહત્પરાશરનું વચન છે. માટે હવે બીજા વાક્યમાં આઠ હાથનું એમ લખેલું છે અને શ્રુતિમાં પણ ''અહત વસ્ત્રને ધારણ કરે'' એ પ્રમાણે અહતવસ્ત્રનું ધારણ જણાવ્યું છે તેથી એમ જણાય છે કે 'અહત' વસ્ત્ર ધારણમાં યોગ્ય છે તે ઉપરથી અહતવસ્ત્રનું લક્ષણ સિદ્ધ થઈ શકતું નથી. ફક્ત અહતવસ્ત્ર ધારણ કરવા લાયક છે એમ સમજવાનું છે.

'અહત' નામક વસ્ત્ર ચાર પ્રકારનું જાણવું તે આ પ્રમાણે :

૧. એક નહીં ધારણ કરેલું અને જરા ધોયેલું
૨. બીજું નહીં ધારણ કરેલું અને નવીન

૩.ત્રીજું નહીં ધારણ કરેલું અને સફેદ

૪.ચોથું નહીં ધારણ કરેલું અને સદશ (છેડાવાળું).

આ પ્રમાણે 'અહત' કપડું ચાર પ્રકારનું થાય છે. તેથી જુદાં-જુદાં કર્મોમાં તેનું-તેનું પવિત્રપણું સુખથી સમ્ભવે છે. જેમ કે ચાર જાતમાંથી પહેલી જાતનું અહત વસ્ત્ર યજ્ઞ વિગેરે કર્મોમાં કામ આવે છે. બીજી જાતનું અહત વસ્ત્ર ઓઢાડવા વિગેરેમાં ઉપયોગી થાય છે. બીજી જાતનું અહત વસ્ત્ર ચિત્ર-વિચિત્ર કસુમ્બા વિગેરેથી રનેલું સુવાસિનીઓમાટે તથા શ્રીરાધા-દામોદરને અર્પણ કરવામાટે યા દાનાદિમાટે ઉપયુક્ત થાય છે. તથા ચોથી જાતનું 'અહત' વસ્ત્ર ગુજરાતના મનુષ્યો વિવાહમાં કન્યાને પહેરવામાંમાટે ઉપયુક્ત કરે છે.

હવે નવું અને વગર ધોયેલું વસ્ત્ર ભગવાન્‌ને ઉપયુક્ત થતું નથી. વારાહપુરાણમાં ભગવાન્ કહે છે કે ''જે માણસ ગળીથી રનેલું વસ્ત્ર મને અર્પણ કરે છે તે માણસ તથા નવીન અક્ષાલિત(વગર ધોયેલું) વસ્ત્ર અર્પણ કરનારો અવશ્ય 'રૌરવ' નામના નરકમાં જાય છે''. આ પ્રમાણે ગળીનું રનેલું નવું તથા વગર ધોયેલું કપડું અર્પણ કરવામાટે નિંદા લખી છે. સારાંશ આ છે કે સર્વ જાતનાં નવીન કપડાં તથા મનુષ્યોએ વગર ધારણ કરેલાં ધોયેલાં, રંગબેરંગી, લાલ અને નિર્મલ વસ્ત્રોનો સ્પર્શ થાય તો પ્રોક્ષણથી શુદ્ધિ થાય છે અને ભગવત્સમ્બન્ધી કર્મમાં તેવાં કપડાનો સ્પર્શ દોષને ઉત્પન્ન કરનારો થતો નથી.

વળી 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં લખ્યું છે કે મેધ્ય(પવિત્ર પદાર્થ) ચાર પ્રકારનો છે એમ દેવલઋષિએ કહ્યું છે તે ચાર પ્રકાર આ પ્રમાણે. એક શુચિ, બીજું પૈંત, ત્રીજું સ્વયંશુદ્ધ અને ચોથું પવિત્ર. આ પ્રમાણે મનુએ પણ પ્રજામાટે જણાવ્યું છે.

<u>શુચિ</u> : નવીન અથવા નિર્મલ પદાર્થ હોય 'શુચિ' તરીકે કહેવાય છે.

<u>પૈંત</u> : નિર્મલ પદાર્થ જ્યારે સંસ્કાર આદિથી કર્મલાયક થાય ત્યારે પૈંત આ પદાર્થ છે એવી રીતે ઓળખાય છે

<u>સ્વયંશુદ્ધ</u> : જે પદાર્થ પોતે જાતે જ ફક્ત મેધ્યતા(પવિત્રપણા)ને પ્રાપ્ત થાય છે, પછી તે પદાર્થ સ્થાવર હોય અથવા જનમ હોય તો, તે પદાર્થ સ્વયંશુદ્ધ તરીકે કહેવાય.

<u>પવિત્ર</u> : અને બીજા પદાર્થોથી પોતે દૈંષિત થતો નથી અને જો તેનો બીજા પદાર્થને સ્પર્શ થાય તો તેને શુદ્ધ કરી આપે અને દેવ પિતૃના કાર્યમાં પરમ પૈંજ્ય તે પદાર્થ પવિત્ર તરીકે જાણવો.

આગળ નવીન અથવા નિર્મલ જે પદાર્થ તે 'શુચિ' કહેવાય છે એમ કહ્યું. એ ઠેકાણે 'નવીન' શબ્દનો અર્થ તરતનું પેદા થયેલું અર્થાત્ બીજાએ ધારણ કરેલું નહીં એમ સમજવું. અને નિર્મલ એટલે મલાદિ વિનાનું એમ સમજવું. અહીં 'શુદ્ધ' શબ્દ અને 'સ્વયંશુદ્ધ' શબ્દ એ બન્ને 'શુચિ'શબ્દના પર્યાય છે એમ જાણવું. અને 'શુચિ'શબ્દ છે તે પોતે જ કારણને લઈને પૈંત વિગેરે નામોને ધારણ કરે છે. અહીં પવિત્ર પદાર્થો ગ્રન્થકારોએ કેટલા ગણેલા છે તે ગણાવીએ છીએ તે આ પ્રમાણે છે : સર્વ જાતનાં અનાજ, સર્વ જાતના પદાર્થો(વસ્ત્ર વિગેરે), આભરણો(દાગીના) સર્વથા વર્જિત પદાર્થોથી જાણવામાં આવે ત્યારે

પવિત્ર તરીકે ગણવાં. નિર્મલ જે પદાર્થ જેને અપવિત્ર પદાર્થનો સંસર્ગ નથી થયો ત્યારે તે નિર્મલ પદાર્થ 'શુચિ' નામે ઓળખવામાં આવે છે. અને તેજ જ્યારે કર્મલાયક થાય છે ત્યારે પૈંત પદાર્થ તરીકે ઓળખાય છે. (ક્યારે કે જ્યારે તે પદાર્થનો ઉપભોગ થયો નથી અને કોઈ દૈવી કર્મમાટે જ્યારે તેની ઉપર પ્રોક્ષણ વિગેરે કરવામાં આવે. સારાંશ કે કંઈ સંસ્કાર કરવામાં આવે ત્યારે). પૈંત એવું દ્રવ્ય (પદાર્થ)નું નામ ક્યારે પડે છે તે આ પ્રમાણે. જે પદાર્થ શુદ્ધ છે પરન્તુ કર્મમાં લેવા લાયક નથી તો તેને 'શુચિ' એમ કહેવાય. નિર્મલ છે, સંસ્કારવાળું છે એવું જે દ્રવ્ય (પદાર્થ) તે હર કોઈ જાતની ક્રિયામાટે 'પૈંત' તરીકે કહેવાય છે. હવે સ્વયંશુદ્ધ પદાર્થ કેને કહેવો તે જણાવે છે. જે દ્રવ્ય(ઘર વગેરે) અપવિત્ર, લેપવિનાનું છે અને અશુચિ પદાર્થના સ્પર્શ માત્રથી જ દૈષિત છે અને પોતે એટલે તે પદાર્થ જાતે જ પુરુષવ્યાપાર સિવાય પવન માત્રથી જ શુદ્ધપણાને પ્રાપ્ત થાય તો તે પદાર્થ સ્વયંશુદ્ધ(પોતે સ્વાભાવિક શુદ્ધ) તરીકે કહેવાય. દા.ત. ઘર, અગ્નિહોત્ર વિગેરેમાં હોમ કરનારનાં પાત્રો, રથવિગેરે યાન, ઘોડા, હાથી વિગેરે વાહન, ખડ્ગ (ખડ્ગ શબ્દનો અર્થ લોકો તલવાર તરીકે કહે છે, પરન્તુ એક ધાર કરવત જેવી અને બીજી તલવાર જેવી હોય તે ખડ્ગ.) વિગેરે હથિયાર, સજીયો, વહાણ અને આસન. આટલા પદાર્થો સ્વયંશુદ્ધ સમજવા. તે જ પમાણે પશુઓ, ઋતુવિનાની સ્ત્રિઓ(બ્રહ્મહત્યાદિ સ્ત્રિઓને ઋતુકાલમાં જ લાગુ પડે છે), પદાર્થોના ઢગલાઓ, વ્યાપારિઓએ ખરીદેલું કાંઈ પણ પણ્ય(વેચવાની ચીજ) તથા અદષ્ટ (એટલે જે પદાર્થને અપવિત્રપણાનો સ્પર્શ થયો છે વિગેરે બાબતો જાણવામાં ન હોય તે), વાણીથી જ જે યોગ્ય હોય તે –આટલા પદાર્થો સ્વયંશુદ્ધ તરીકે સમજવા. અદષ્ટ, વાણીથી પ્રશસ્ત અને સ્વયંશુદ્ધ આ ત્રણ પદાર્થો ભગવાન્ મનુ કહે છે કે પરમ શુદ્ધ તરીકે જાણવા. અર્થાત્ બીજા પદાર્થનો સ્પર્શ થાય તો શુદ્ધ થાય એમ પણ એને જરૂર નથી કારણ કે તે જાતે જ પોતે-પોતાની મેળે શુદ્ધ છે.

હવે મેધ્ય(પવિત્ર) પદાર્થોની ગણના કરવામાં આવે છે : ''બકરી અને ઘોડો એ બે જાનવરો મુખથી પવિત્ર છે, ગાયો વાંસાથી પવિત્ર છે, પુષ્પવાળાં વૃક્ષો તથા બ્રાહ્મણો પણ પવિત્ર તરીકે ગણવા, ભસ્મ, મધ, સુવર્ણ, દર્ભસહિત તલ, નેપાલ દેશના ધાબળા, અઘાડો, સરસડો, આકડો, પદ્મપુષ્પ, આમળાં, મણિ, પુષ્પો, સરશવ, દૈંર્વા, પ્રિયનવ(ધાન્ય વિશેષ અથવા ઘઉલા, સુગન્ધી) અક્ષત(ચોખા) વેળુ, રાતી-પીળી હળદર, ચન્દન, જવ, ખાખરો, ખેર, પીપળો, તુલસી, ધાવણી, વડ આટલા પદાર્થો પવિત્ર છે એમ જાણવું અને હવ્ય-કવ્યમાં બ્રહ્મતત્વને જાણનારા અથવા વેદને જાણનારા બ્રાહ્મણો પવિત્ર છે એમ સમજવું. મનુષ્યોના મલનો નાશ કરનારા શોધન દ્રવ્યોમાં પુષ્ટિ આપનારાં દ્રવ્યોમાં જલ, ગોબર અને માટી વિશેષે કરીને પવિત્ર ગણાય છે. સર્વ પ્રકારની અપવિત્રતા દૈંર કરવામાટે સર્વને સર્વદા ઉપર કહેલા પદાર્થો કહ્યા છે''. માટે નવીનપણાએ તથા નિર્મલપણાએ કરીને પવિત્ર વસ્ત્રાદિની શુદ્ધિ કરવામાટે શંખના જલથી પ્રોક્ષણરૂપ સંસ્કારે કરીને પવિત્રપણું પ્રાપ્ત થાય છે. માટે તેવા પદાર્થોનો ભગવત્સેવામાં સ્પર્શ દોષ

લાગુ પડતો નથી.

કર્મઠ લોકો(આચાર પાળવામાં કુશલો) એમ કહે છે કે ખારા વિગેરેથી કપડાના ધોનારા ધોબીઓ કપડાં ધોઈ આપે છે અને પછી તે કપડાં જલમાં ધોઈ નાખીએ તો પણ કપડામાં દોષ રહે છે. કારણ કે ધોબીએ ધોયેલાં કપડાં ખારા વિગેરે મેલને દૈર કરનારા પદાર્થોથી નિર્મલ થયાં છે તો પણ તે અપવિત્ર તરીકે ગણવાં. 'તૈત્તિરીય' ઉપનિષદ્માં એમ લખ્યું છે કે 'દાક્ષાયણ' નામનો યજ્ઞ કોઈ જાતની કામના બાબતમાં કરવામાં આવે છે તો તે બાબતમાં તેવાં કપડાં ઉપયુક્ત થતાં નથી અને જો ઉપયોગ કરે તો કર્ત્તાને તે દોષ લાગુ પડે, બીજાને નહીં. તે દાક્ષાયણ યજ્ઞનું વ્રત એવી જાતનું છે કે ''ખોટું ન બોલવું, માંસ નહીં ખાવું, સ્ત્રી પાસે જવું નહીં અને વ્રત કરનાર યજમાન પવિત્રપણાથી પવિત્ર વસ્ત્ર ધારણ કરે તો પછી દેવતાઓ ઈચ્છિત ફલ આપનારા થાય છે''. તો કપડાની અત્યન્ત પવિત્રતા તે ઠેકાણે તે યજ્ઞકર્ત્તા યજમાનમાટે જણાવેલી છે. માટે તે અથવા તેવાં બીજાં વ્રતોમાં તેમ કરવું યુક્ત છે.

વળી એકાદશસ્કન્ધ શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે પદાર્થની શુદ્ધિ અથવા અશુદ્ધિ પદાર્થથી અથવા વચનથી થાય છે. અથવા સંસ્કારથી યા સમયથી, મોટાપણાથી અથવા અલ્પપણાથી થાય છે, અને શક્તિથી અશક્તિથી, અથવા બુદ્ધિથી અને સમૃદ્ધિથી, તથા દેશ અવસ્થાના અનુસરણથી પાપ આત્માને પ્રાપ્ત થાય છે'' આ પ્રમાણે ભગવાન્નાં વચન છે. વળી શ્રીધર કહે છે કે ''દેશ, કાલ, આત્મા, દ્રવ્ય, દ્રવ્યનું પ્રયોજન, ઉત્પત્તિ અને અવસ્થા ઈત્યાદિને જાણીને શુદ્ધિ કરવી''. બૌધાયનનું પણ વચન છે કે ''પોતાની શક્તિ સમૃદ્ધિ વિગેરે, દ્રવ્યનું સ્વરૂપ, દ્રવ્યનું પ્રયોજન(જરૂરી) વિગેરે બરોબર જોઈ તપાસી પદાર્થની અપવિત્રતાની કલ્પના કરવી. તેમ શાસ્ત્રની આજ્ઞાનો પણ સાથે વિચાર કરવો. માટે તેવા પદાર્થના સ્પર્શમાં દોષ લાગતો નથી''. આ પરથી ચન્દરવા તથા પડદા(ટેરા) વિગેરે નવા બનાવવાની અશક્તિ હોય તો ચાલે, અર્થાત્ દોષ ન લાગે.

આગળ ભગવાન્નાં વચનો કહી ગયા છીએ તેનો આ પ્રમાણે અર્થ કરવો :

દ્રવ્ય એટલે પાત્ર વસ્ત્ર વિગેરેની શુદ્ધિ જલ વિગેરેથી અને અશુદ્ધિ મૈત્ર વિગેરેથી પ્રાપ્ત થાય છે.

વચનથી શુદ્ધિ અને અશુદ્ધિ : ''આ પદાર્થ શુદ્ધ છે કે અશુદ્ધ છે'' એવો સન્દેહ પેદા થાય તો ''આ પદાર્થ શુદ્ધ છે'' એવું બ્રાહ્મણનું વચન પ્રમાણ તરીકે જાણવું અને ''શુદ્ધ નથી'' આવા વચનથી તેની અશુદ્ધિ જાણવી.

પ્રોક્ષણાદિરૂપ સંસ્કારથી પુષ્પાદિની શુદ્ધિ જાણવી અને અવઘ્રાણ(સુંઘવા)થી અશુદ્ધિ ગણવી.

કાલથી શુદ્ધિ અને અશુદ્ધિ : દશાદિ દિવસોથી નવીન જલ વિગેરેની શુદ્ધિ સમજવી અને વિપરીતપણાથી અશુદ્ધિ સમજવી. દા.ત. વર્ષાકાળમાં વરસાદ આવે તો ત્રણ દિવસ સુધી તે જલ અગ્રાહ્ય(ન લેવા લાયક) જાણવું અને વિના વખત જો વરસાદ આવે તો

તે જલ દશ દિવસ પર્યન્ત અશુદ્ધ જાણવું, અર્થાત્ દશ દિવસ પછી શુદ્ધિ થાય છે.

તેમજ પિરશવામાં ન આવેલાં અન્નાદિની શુદ્ધિ જાણવી અને વિપરીત(પિરશવામાં આવેલાં) અન્નાદિની અશુદ્ધિ જાણવી.

મોટાપણાથી તથા નાનાપણાથી અશુદ્ધિ તથા શુદ્ધિ આ પ્રમાણે સમજવી. ચાણ્ડાલ વિગેરેએ સ્પર્શ કરેલા તળાવ વિગેરેના જલની મોટાપણાથી શુદ્ધિ અને અલ્પપણાથી અશુદ્ધિ માનવી.

શક્તિ અને અશક્તિ થી શુદ્ધિ અથવા અશુદ્ધિ આ પ્રમાણે છે. સૈર્ય-ચન્દ્રના ગ્રાસમાં(ગ્રહણમાં) તથા સૈંતક વિગેરેમાં જે માણસ સમૃદ્ધિવાળો હોય તેને અન્ન વિગેરેમાં અશુદ્ધિ જાણવી. અને અસમર્થના અન્ન વિગેરેમાં શુદ્ધિ જાણવી.

બુદ્ધિથી શુદ્ધિ : પુત્રના જન્માદિથી દશ દિવસ ઉપર જો ખબર પડે તો શુદ્ધિ, નહીં તો અશુદ્ધિ.

સમૃદ્ધિથી શુદ્ધિ અને અશુદ્ધિ : જીર્ણ થયેલું તથા મેલવાળું કપડું સમૃદ્ધિવાળાને અશુદ્ધિવાળું છે એમ જાણવું અને અસમર્થને માટે શુદ્ધિવાળું જાણવું.

તેમાં પણ વિશેષ કહે છે કે ઉપર કહેલા પદાર્થો તથા વચનો પદાર્થની અશુદ્ધિદ્વારા આત્માને પાપયુક્ત કરે છે. પણ ક્યારે કે દેશ-અવસ્થાના અનુસારે કરીને સર્વપણાથી નહીં. જેમકે જે ઠેકાણે ભય ન હોય તે ઠેકાણે સ્થાન વિગેરેની શુદ્ધિ કરવામાં આવે પણ જ્યાં ચોર વિગેરેનો ઉપદ્રવ હોય ત્યાં તેમ નથી બની શકતું. તેમજ રોગ વિગેરેથી રહિત યુવાવસ્થામાં મનુષ્યો પાપ કરે છે. પરન્તુ બાલ્યાવસ્થામાં અથવા રોગયુક્ત અવસ્થામાં નથી કરતાં. તેમ ઉપર પણ સમજી લેવું. અને બ્રહ્મપુરાણમાં એમ કહ્યું છે કે હંમેશા દેવ-પિતૃસમ્બન્ધી કર્મમાં ધોયેલું કપડું ધારણ કરવું અને લિનપુરાણમાં પણ કહે છે કે દેવકાર્યમાં જેનો ઉપયોગ થાય તેવા કપડાં હમેશ ધોઈ નાંખી પવિત્ર ધારણ કરવાં. પરન્તુ, આ લખાણ વર્ષાઋતુને છોડી બીજા વખતમાટે છે એમ જાણવું. કારણ કે વરસાદના દિવસમાં બીજા દિવસે ધોવામાં આવેલા કપડાંઓને કર્મલાયક કરવા માટે પ્રોક્ષણ કરવું એ જ પવિત્રતાનો ઉપાય છે. અને તે જ ઉપાય રાજાધિરાજ પ્રભુની પૈંજામાટે પણ જાણવો.

કાલથી થયેલો દોષ પ્રોક્ષણ કરવાથી નાશ પામે છે. તેમજ વગર સ્નાન કરેલા માણસે કાષ્ઠ વિગેરેથી ધોયેલા કપડાનો સ્પર્શ કરવામાં આવે તો તેમાં દોષ નથી. જેમ ઉપાકર્તવ્ય(યજ્ઞમાં મારવાલાયક) પશુનો સ્પર્શ કરવાના સમયમાં જો તે પશુનો પછવાડેથી સ્પર્શ કરવામાં આવે તો યજમાનનું મરણ થાય અને તેમ ન કરવામાં આવે તો યજમાનની સ્વર્ગલોકથી હાનિ થાય, આ બેય દોષો દેખાડી આગળ લખે છે કે વપાશ્રપણી(ચરબી કાઢવામાટે બે મુખવાળું યજ્ઞસમ્બન્ધી પાત્ર)થી પછવાડાના પશુના અનનો સ્પર્શ કરવો. વપાશ્રપણીથી જો સ્પર્શ કરવામાં આવે તો સ્પર્શ કર્યો પણ કહેવાય અને ન કર્યો પણ કહેવાય. માટે બેય દોષમાં સ્પર્શરૂપ ન્યાયને દોષ લાગુ પડતો નથી. તે જ પ્રમાણે ધોયેલાં કપડાંને વગર સ્નાન કરેલો માણસ જો લાકડી વિગેરેથી લઈ લે તો તેમાં ઉપરનાં

દૃષ્ટાન્તાનુસાર સ્પર્શ કર્યો પણ કહેવાય અને ન કર્યો પણ કહેવાય, માટે તેમ કરવામાં અડચણ નથી. અહીં એમ ન સમજવું કે પ્રચેતાના વચનનો વિરોધ આવશે. કારણ કે પ્રચેતાનું વચન બીજી બાબતનું છે.

કોઈ એમ કહે છે કે ઉનના કપડાથી વીટાયેલું, રેશમી કપડાથી વીંટાયેલું અથવા કાળા મૃગચર્મથી વીંટાયેલું વસ્ત્ર પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે. આથી પ્રચેતાના વચનનો વિરોધ આવતો નથી. કારણ કે બેય વચનો ભિન્ન-ભિન્ન વિષયનાં છે. 'અપરાર્ક' નામક ગ્રન્થમાં સ્મૃત્યન્તરથી તથા મર્યાદાસિન્ધુમાં દેવલ ઋષિએ અપવિત્ર પદાર્થના ચાર વિભાગ કર્યા છે તે આ પ્રમાણે છે : ૧.દૈંષિત ૨.વર્જિત ૩.દુષ્ટ અને ૪.કશ્મલ. તેની વ્યવસ્થા આ મુજબ જાણવી :

<u>દૈંષિત</u> : જે પવિત્ર પદાર્થને અપવિત્ર પદાર્થનો સ્પર્શ થતાં તે પવિત્ર પદાર્થ અપવિત્ર થઈ જાય તે પદાર્થ દૈંષિત કહેવાય.

<u>વર્જિત</u> : ખાવા-પીવામાં જેની મનાઈ કરી છે તે 'વર્જિત' નામનો અપવિત્ર પદાર્થ કહેવાય તેમજ કર્મથી કોઈ પદાર્થ વર્જિત તરીકે કહેવાય છે જેમકે ''વ્યન(અનહીન) પાતકી, ચાણ્ડાલ, ગામનાં કૈંકડાં તથા સૈંવર, કૈંતરું આ છ પદાર્થો કર્મથી વર્જિત છે. કોઈ કાળથી વર્જિત પદાર્થો હોય છે, જેમકે વ્રણ(છિદ્ર) વાળો માણસ, સૈંતકી, સૈંતિકા(સુવાવડી), મત્ત(કેફી), ઉન્મત્ત(ગાંડો), રજસ્વલા, મૃતબન્ધુ(જેનો ભાઈ ગુજરી ગયો છે તે), અશુદ્ધ –આટલા પદાર્થો પોતાના કાલથી વર્જિત છે એમ જાણવું''.

<u>દુષ્ટ</u> : હવે 'દુષ્ટ' નામનો અપવિત્ર પદાર્થ ક્યો તે જણાવે છે. ''પરશેવો, આંસુનાં ટીપાં, ફીણ, કાઢી નાખેલાં નખ-રૂંવાટાં, લીલું ચર્મ(ચામડું) અને લોહી ––આટલા પદાર્થોને પણ્ડિતો દુષ્ટ તરીકે કહે છે''.

<u>કશ્મલ</u> : હવે 'કશ્મલ' નામનો ચોથો અપવિત્ર પદાર્થ તે આ પ્રમાણે છે ''માણસનું હાડકું, ચરબી, વિષ્ઠા, વીર્ય, પેશાબ, આર્તવ(અટકાવનો રૂધિર) અથવા સ્ત્રીનું રજ, શબ, દુર્ગન્ધિ પદાર્થ, પરૂ વિગેરે પદાર્થો 'કશ્મલ' પદાર્થ તરીકે કહેવાય છે''. બીજા પદાર્થોથી દૈંષિત થયેલા પદાર્થોની પ્રોક્ષણ કરવાથી શુદ્ધિ થાય છે. કશ્મલ પદાર્થનો ત્યાગ કરવો શુદ્ધિરૂપ બને છે. કોઈ ઠેકાણે 'વ્યન'ને બદલે 'ત્યક્ત' એવો પાઠ છે તો ત્યાં નાતબહાર રાખવામાં આવ્યો હોય તે માણસ સમજવો.

સારાશં એ છે કે વગર સ્નાન કરેલો માણસ ઉપર કહેલી બીનાઓમાં લખવામાં અથવા ગણવામાં નથી આવ્યો માટે તે ઠેકાણે દોષ નથી એમ સમજવું. એટલે અસ્નાત માણસ કાષ્ઠાદિથી ધોયેલું કપડું લઈ લે તો સ્પર્શદોષ લાગુ થતો નથી એમ જાણવું.

વળી આશ્વલાયન સ્મૃતિમાં લખ્યું છે કે પહેરવા અને ઓઢવા માં ધોળું કપડું 'પ્રશસ્ત' તરીકે જાણવું. અને જો મળી આવે તો બ્રાહ્મણને વધારે સારું રેશમી કપડું કહેલું છે. ઉંનનું કપડું તથા ત્રેવડું કપડું પહેરવામાં ન રાખવું, ઓઢવામાં તે પ્રશસ્ત ગણેલું છે. તેવા કપડાનો સ્પર્શદોષ લાગુ પડતો નથી. ત્રેવડા કપડાને ધારણ કરનારો માણસ જો ભોજન

અથવા મલનો ત્યાગ કરે તો ધોઈ નાખવાથી ત્રેવડું કપડું શુદ્ધ થાય છે. અને રેશમી વસ્ત્ર તો સર્વદા પવિત્ર તરીકે જ ગણવામાં આવે છે. ઉનનું કપડું વીર્ય, શવ, પેશાબ, વિષ્ઠા કે રજસ્વલા ના સ્પર્શવાળું થયું હોય તો પણ તે આવિક (બકરા-ગાડર વિગેરે)ની ઉનનું કપડું અપવિત્ર થતું નથી, અર્થાત્ સર્વદા પવિત્ર જ રહે છે. આ પ્રમાણે ઉનના કપડામાટે અનિરા ઋષિએ કશ્મલ પદાર્થનો સ્પર્શ થાય તો પણ તે અપવિત્ર થતું નથી એમ લખ્યું છે. જો આવું હોય તો પછી ઉનનાં કપડાથી વીંટાયેલા બીજા કપડાના સ્પર્શમાં તો દોષ ક્યાંથી જ લાગુ પડે! ન જ પડે. માટે જે સદાચાર છે તેને દુષ્ટ ન ગણવો એમ નિશ્ચય સમજવો.

મૈત્ર વિગેરેનો વસ્ત્રને જો સ્પર્શ થાય તો તે તો દૈષિત જ થાય છે તેમ 'અપરાર્ક' ગ્રન્થમાં 'યમ' કહે છે. જો પેશાબ, વિષ્ઠા, વીર્ય અથવા રુધિર થી વસ્ત્ર દૈષિત થાય તો જલથી તે કપડું ધોઈ નાખવું. જો ધોઈ નાખવાથી શુદ્ધ ન થાય તો તેટલા ભાગને કાપી નાખવો અથવા બાળી નાખવો. એમજ મદ્ય(મદિરા) વિગેરેના સ્પર્શમાં પણ સમજી લેવું. એઠાના સ્પર્શમાં તે કપડું ધોઈ નાખવું એ બાબત અર્થથી જ સિદ્ધ થાય છે.

યાજ્ઞવલ્ક્ય ઋષિએ બીજાં કેટલાંએક વચનો લખેલાં છે જેમાં વસ્ત્રોની શુદ્ધિ જણાવેલી છે. જેમકે ''ખારો, જલ તથા ગોમૈંત્ર થી ઉનનું કપડું તથા 'કૌશિક' નામનું કપડું શુદ્ધ થાય છે. શ્રીફલ(બિલાં) થી 'અંશુપદ' નામનું કપડું શુદ્ધ થાય છે અને અરીઠાથી નેપાલ દેશના ધાબળાઓ શુદ્ધ થાય છે. ધોળા સરસવથી 'ક્ષોમ' નામનું કપડું શુદ્ધ થાય છે''. આ પ્રમાણે જણાવ્યું છે, પરન્તુ હાલમાં તે-તે કપડાના ધોનારાઓ તે-તે કપડાને ધોઈ આપે છે. માટે તે વચનોનો આહીં સઙ્ગ્રહ કરવામાં આવતો નથી.

શ્રીમદ્ભાગવતના એકાદશસ્કન્ધમાં લખ્યું છે કે અપવિત્ર પદાર્થથી જે કપડું લેપવાળું થાય અને તે લેપ જે પદાર્થથી નષ્ટ થઈ વસ્ત્ર પાછું પોતાની પ્રકૃતિ(સ્વરૂપ)ને પ્રાપ્ત થાય ત્યારે તે પવિત્ર તરીકે ગણવું. આ પ્રમાણે ફલના તુલ્યપણાનો ભગવાને આદર જણાવેલો છે માટે તે કપડાંને ધોવા પછી પ્રોક્ષણાદિ કરવું યોગ્ય જ છે. વળી અનિરાઋષિ કહે છે કે ઘણી કીમ્મતનાં ઉનનાં કપડાં વાયુ, અગ્નિ, સૈંર્ય-ચન્દ્રમાના કિરણોથી પવિત્ર થાય છે. એમજ દોરી-દોરડાંની પણ વસ્ત્રમાફક જ શુદ્ધિ કરવી. જેમકે વ્યાસજી કહે છે કે ''કપડું જલથી તથા માટીથી પવિત્ર થાય છે. અને દોરી-દોરડાં તથા છાલ, પાન, પંખા વિગેરે કપડારૂપ તે પણ તેનાથી જ શુદ્ધ થાય છે''. દોરી વિગેરે જો અતિદુષ્ટ થઈ ગયું હોય તો તેટલા ભાગનો ત્યાગ કરવો. લોકમાં જેને 'નવાર'(ખાટલાની દોરી) કહેવામાં આવે છે તે પણ એક જાતનો દોરીનો પ્રકાર છે માટે તેને માટે પણ તેમજ કરવું.

૧૫. પાત્ર વિગેરેનો શુદ્ધિ વિચાર

યાજ્ઞવલ્ક્ય ઋષિ કહે છે કે ''સોનાનું પાત્ર, રૂપાનું પાત્ર, અબ્જપાત્ર(મોતી શંખ છીપનું પાત્ર), ઊર્ધ્વપાત્ર (યજ્ઞસમ્બન્ધી ખાંડનીઓ વિગેરે પાત્ર), ગ્રહપાત્ર (યજ્ઞમાં સોમરસ સ્થાપન કરવાનું પાત્ર), પથ્થરનાં પાત્ર, વાસ્તુક વિગેરે શાક, રજ્જુ (બાંધવામાટે

તથા છોડવામાટે દોરી) તથા આદુ વિગેરે ફળ, આંબા વિગેરેનાં ફળ, વસ્ત્ર, વાંસ વિગેરેનાં પાત્ર, બકરી વિગેરેનાં ચામડાં, છત્ર વિગેરે બીજાં લૌકિક પાત્રો, યજ્ઞસમ્બન્ધી 'ચમસ' પાત્રો. આ બધા પત્રોની શુદ્ધિ જળથી થાય છે''. આ ઉપર કહેલાં સુવર્ણ વિગેરેનાં પાત્રો, વિના લેપવાળાઓને, જો એઠા થાય તો જલથી ધોઈ નાખવાથી શુદ્ધિ થાય છે અને જો એઠાનો સ્પર્શ ન થાય તો ધોવાની કાંઈ જરૂર નહીં. આ શુદ્ધિ લૌકિક અને વૈદિક સાધારણ છે એમ જાણવું.

ઉપર કહેલાં વચનોમાં શાક વિગેરેનું પણ ગ્રહણ છે તેથી એમ સમજવું કે પાકાદિ માટે અન્ન વિગેરેથી ભરેલાં પાત્રોનું તથા શાક વિગેરેનું પીરસવાપણાની નિવૃત્તિમાટે ધોઈ નાખવાનું વિધાન કૈમુતિક ન્યાયથી પ્રાપ્ત થાય છે એમ ગ્રન્થકાર શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે. સમુદાયથી ભરેલા પાત્રો પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે, કારણ કે ધાન્ય વિગેરેને માટે પ્રોક્ષણ કરવું કહેલું છે માટે.

હવે લેપવાળાં પાત્રોની શુદ્ધિ કહે છે કે ''ચરુ, સ્રુક્, સ્રુવ (યજ્ઞસમ્બન્ધી પાત્ર), ઘી-તેલની ચીકાશવાળાં હોય તો ગરમ જળથી ધોઈ નાખવાં એટલે શુદ્ધ થાય છે'' એમ વિજ્ઞાનેશ્વર કહે છે. એઠાં ન હોય અને જરા લેપવાળાં હોય તો પણ તે પ્રમાણે શુદ્ધિ કરવી. પ્રથમ ચરુ શબ્દનું ગ્રહણ કર્યું છે તે લેપવાળાપણું જણાવવામાટે છે. અને જો લેપવિનાનાં પાત્રો હોય તો ગરમાશવાળાં જલનું પ્રયોજન રહે નહીં. ''લેપવિનાનું સોનાનું પાત્ર જલથી શુદ્ધ થાય છે. અને મોતી શંખ છીપ ના વાસણ તથા પથ્થરનું પાત્ર અને રૂપાનું વાસણ અનુપસ્કૃત(લેપાદિરહિત) કેવલ જલથી શુદ્ધ થાય'' આ પ્રમાણે મનુનું વચન છે. તેથી એમ જણાય છે કે કેવલ પાત્ર તેણે કહ્યાં છે એ પ્રમાણે અમને (ગ્રન્થકાર કહે છે) ભાસે છે. અપરાર્ક પણ એમજ કહે છે કે મનુનું વચન જે છે તેનો એવો અર્થ છે કે લેપાદિરહિત જેમાં કાંઈ પણ નાખેલું નથી એવું પાત્ર, એમ અર્થ જણાવ્યો છે. મેધાતિથિકહે છે કે અત્યન્ત 'અનુપહત' એટલે પદાર્થના બિલકુલ સ્પર્શવિનાનું પાત્ર એમ અર્થ સમજવો. પાણિની ઋષિએ સૈંત્રમાં 'વૈકૃત' શબ્દ ગણેલો છે તે ઉપરથી પણ એવો અર્થ માલમ પડે છે કે ચિત્રવિચિત્ર રેખા વિગેરેથી રહિત પાત્ર. તે પણ યોગ્ય છે. કારણ કે જે પાત્રમાં કાંઈ રેખાઓ અથવા ખાડા-ખપચા વિગેરે હોય તો તેમાં અન્નાદિ ભરાઈ રહે તો પછી કેવલ જલથી તે પાત્ર સાફ થઈ શકતું નથી. માટે પાણિનીએ પણ કહેલો અર્થ ઉચિત જ છે.

'નિર્ણયામૃત' ગ્રન્થમાં પણ એમજ લખ્યું છે કે જે પાત્ર ઘણા લીંપાઈ ગયા હોય તે બાબતમાં મનુ કહે છે કે ''તૈજસ પાત્રો અને મણીનાં પાત્રો અને પથ્થરનાં પાત્રો રાખ, જલ તથા માટી થી શુદ્ધ થાય છે''. વિદ્વાનો કહે છે કે અહીં 'તૈજસપાત્ર' એટલે ધાતુનાં પાત્રો સમજવાં. જેમકે સોનું, રૂપું, કાંસું, લોઢું, કલઈ, સીસું આટલા ધાતુઓને 'તૈજસધાતુ' તરીકે કહે છે. માટે આ ઉપરથી તેના પાત્રો એમ સમજવું. અહીં 'કાંસું' એ શબ્દથી પીતલ પણ સમજી લેવું. કારણ કે બ્રહ્માણ્ડપુરાણમાં કાંસું તથા પીતલ એ બેયનો ધાતુપાત્રોમાં પાઠ લીધેલો છે. 'જસત' ધાતુ સીસાનો જ એક ભેદ છે. (ગ્રન્થકાર કહે છે કે)

મને અહીં એમ ભાસે છે કે બ્રહ્મવૈવર્તપુરાણમાં એમ લખ્યું છે કે

> ''હંમેશ નવીન વાસણથી રસોઈ કરવી. અથવા એક પખવાડીયું પૈંર્ણ થાય ત્યાં સુધી નવીન પાત્રથી જ રસોઈ કરવી અને પછી તે પાત્રોને નાખી દેવાં અને સ્થાન શુદ્ધ કરી પૈંજા કરનારે પાકથી નિવૃત્ત થવું''.

આ પ્રમાણે ભગવાને શ્રીનન્દજીને વૈષ્ણવબ્રાહ્મણનાં ધર્મોમાં હંમેશ રસોઈનાં વાસણો રસોઈ કરી કાઢી નાખવાને જણાવ્યું છે. પરન્તુ માટી સિવાય બીજી જાતનાં વાસણો હંમેશ ત્યાગવા અશક્ય છે, તેવાં વાસણો અગ્નિની જ્વાલાથી મેશવાળાં થાય છે માટે તેને દૈંર કરવી. એમ કરવાથી તે વાસણ નવીન થયું ગણવામાં આવે છે એવો એક પક્ષ છે. અને સદાચાર પણ તેવો જ છે તેથી માલમ પડે છે માટે માટીથી અથવા રાખથી તે વાસણની મશકાઢી નાખવી. કાંસાના પાત્રનો લેપ રાખથી દૈંર થાય છે માટે ત્યાં રાખ જ લેવી. લેપવિનાનાં પાત્રોની, થોડા લેપવાળાં પાત્રોની અને ઝાઝા લેપવાળાં પાત્રોની શુદ્ધિ ઉચ્છિષ્ટ લેપવાળાં પાત્રોની બરાબર જ છે એમ સમજવું. અને એ જ સદાચાર સમ્મત છે.

ઉચ્છિષ્ટનો સ્પર્શ બે પ્રકારનો બને છે એક નીચલા અનમાં તથા બીજા ઉપરના અનમાં. ઉપરના અનને ઉચ્છિષ્ટનો સ્પર્શ થયો હોય તો જે અન એઠું થયું હોય તે અન માટીથી ધોઈ નાખવું. તેમજ નીચલા અનને જો એઠાંનો સ્પર્શ થયો હોય તો અથવા એઠા માણસના હાથનો સ્પર્શ થાય તો જે અનને ઉચ્છિષ્ટનો સ્પર્શ થાય તે અપવિત્ર પદાર્થથી લીંપાયેલા અનની જેમ શુદ્ધિ કરવી ઘટે તેમ તે ઠેકાણાની શુદ્ધિ કરવી એમ મને ભાસે છે.

ચાંમડાની બાબતમાં યાજ્ઞિકદેવવિરચિત સ્મૃતિસારમાં કહ્યું છે કે ''ગોમૈંત્રના જલથી શૈંર્પ(સુપડું) શુદ્ધ થાય છે. ધૈંપથી તેલ વિગેરેની કુપિયો શુદ્ધ થાય છે અને ગોમૈંત્ર તથા ધોળા સરસવથી ચામડું શુદ્ધ થાય છે''. વળી બીજું પણ કહ્યું છે કે ''ત્રણ દિવસ રાખ માટી અને જલ થી, ત્રણ દિવસ ત્રિફળા(હરડાં બેડાં આમળાં)થી અને સાત રાત કષાય(કાઢા)થી ચર્મની શુદ્ધિ કરવી. એક પલ (બે અથવા ચાર તોલાં) રાખ, તેથી બમણી માટી અને તેથી ત્રણગણો કાઢો અને ત્રણગણી ત્રિફળા લેવી. આંબો, જાંબુ, આમળી, પીપર, પીપળો, ઉંબરો, વડ આ સાત વૃક્ષના કાઢાથી ચર્મ શુદ્ધ કરવું''. આ શુદ્ધિ અલ્પ ઉપઘાત વિષયક જાણવી.

૧૬. ઉચ્છિષ્ટના સ્પર્શવાળા પાત્રનો શુદ્ધિવિચાર

શંખ કહે છે કે

> ''બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ના ઉચ્છિષ્ટ સ્પર્શથી એક વાર માંજી નાખવાથી પાત્રની શુદ્ધિ થાય અને શૈંદ્રના ઉચ્છિષ્ટ સ્પર્શથી ચાર વખત માંજવાથી શુદ્ધ થાય છે, એટલે અગ્નિમાં તપાવી હાથધોઈ યત્નથી તે પાત્રને ધોવું અને પછી ગાયના

શીંગડાનો સ્પર્શ કરાવવો. ત્યારે તે પાત્ર પવિત્ર થાય''.

આ પાત્ર કાંસ્યપાત્ર સિવાયનું સમજવું. કારણ કે કાંસાના પાત્રની આગળ વધારે શુદ્ધિ કહેવાશે માટે. 'મર્યાદાસિન્ધુ' નામક ગ્રન્થમાં પાત્રોની શુદ્ધિ બાબત એમ લખ્યું છે કે 'શંખ' નામક ગ્રન્થકાર કહે છે કે

> ''દાંત તથા શીંગડા નાં પાત્રોની શુદ્ધિ સરસવના કલ્ક(સરસવ વાટેલાનો પીડો)થી કરવી. ફલ તથા પાત્રો ની ગાયના વાળથી શુદ્ધિ કરવી અને હાડકાં કે તેનાં પાત્રોની શીંગડાના પાત્ર માફક શુદ્ધિ કરવી''.

આ શુદ્ધિ અલ્પસંસર્ગ માટે છે એમ સમજવું. અધિક સંસર્ગ થયો હોય તો વાયુપુરાણમાં શીંગડાનાં પાત્રોમાટે ઘસાવી નાખવાથી શુદ્ધિનો વિધિ લખ્યો છે તેમ જાણવું. વળી મનુ કહે છે કે ''અગ્નિ અને જલ ના સંયોગથી સુવર્ણ અને રજત(રૂપું) બને છે(શોભે છે). માટે તે બેનો સંયોગ ઘણા ગુણવાળો જાણવો''. વેદમાં એમ લખ્યું છે કે ''અગ્નિએ વરૂણની સ્ત્રીની કામના કરી'' આ બાબત જ્યાં લખી છે તે અર્થવાદમાં સોના-રૂપાની જલ અગ્નિના સંયોગથી પેદાશ કરી છે માટે તેની શુદ્ધિ તેના કારણથી વધારે ઉત્તમ જાણવી. વળી ત્રાંબું, લોઢું, કાંસું, પીતળ, કલઈ, સીસું આટલા ધાતુઓનું પવિત્રપણું ખાર, ખટાશ અને જલ થી યથાયોગ્ય કરવું. હારીતઋષિ તો એમ કહે છે કે

> ''કાંચન, શંખ અને છીપ તેની શુદ્ધિ જલથી કરવી અને તેલ, ઘી વિગેરે ચીકાશ તથા બીજા પદાર્થોવાળાં તે પાત્રોની શુદ્ધિ જવ, ઘઉં, મટર, અડદ, મસૈર, મગના લોટથી તથા ગોબરથી ધોઈ નાખવાથી થાય છે. ખટાશ અને ખાર થી ત્રાંબાનાં પાત્રોની શુદ્ધિ થાય છે. રાખથી કાંસાનાં પાત્રોની શુદ્ધિ થાય છે. કીટોડો ચડી ગયેલાં લોઢાનાં પાત્રોની શુદ્ધિ કાનસ તથા તેલ ઘસાવાથી થાય. પથ્થરનાં પાત્રોની શુદ્ધિ રેતી ઘસવાથી થાય. મણિમય પાત્રોની શુદ્ધિ પથ્થરના ઘસવાથી માંજવાથી થાય છે. કાષ્ઠનાં પાત્રોની શુદ્ધિ ઘસાવાથી થાય છે. અને માટીનાં પાત્રોની શુદ્ધિ બીજી વાર અગ્નિમાં પકાવવાથી થાય છે. પાંદડાં વિગેરેનાં પાત્રો(જેમ કે સાદડી, ફડાના પંખા, ઘાસની ઝાંપી, ઝાંપા કંડણી કરંડીયા ઈત્યાદિ પાત્રો)ની શુદ્ધિ ગોમૈત્ર, ગોમય અને બીલી ના ફળથી થાય છે. અને વળી એમ પણ લખ્યું છે કે જલવાળી ગાયના વાળની દોરીથી ફલોની યા ફલપાત્રોની કમણ્ડલૈ વિગેરે યોગીયોનાં પાત્રોની શુદ્ધિ કરવી એમ જાણવું''.

શુદ્ધિ કરવી એટલે જે પદાર્થ તે પાત્રમાં નાખવામાં આવ્યો હોય તે પાત્રની શુદ્ધિ કરવી. એટલે એમ સમજવું કે તે ચીજનો તેમાંથી સ્પષ્ટ ગન્ધ દૈંર થઈ જાય ત્યારે તે શુદ્ધ થયું

કહેવાય એમ જાણવું. આગળ કહી ગયા છીએ કે ''સ્નેહવૈવર્ણ્યોપહત'' એટલે ઉચ્છિષ્ટ વિગેરેની ચીકાશવાળું તે પાત્ર એમ અર્થ સમજવો. આગળ કહી ગયા કે જવ વિગેરેનો લોટ લઈ સાફ કરવું. અટલે એમ સમજવાનું છે કે ઉપર કહેલાં અન્નનો લોટ લેવો, તેમાંથી જેનો મળે તે લેવો એમ અર્થ સમજવાનો છે. ઉપર કહી ગયા કે લોહપાત્રની શુદ્ધિમાટે કાનસ ઘસવું. એ ઠેકાણે એમ સમજવાનું કે સજીયો, છુરી વિગેરે હથીયારો શોધવામાટે તે કાર્ય કરવું. પણ કડાયાં કે કડાઈ ની શુદ્ધિ કરવી હોય તો-તો રેતી લઈને ઘસવાથી શુદ્ધિ થાય છે એમ જાણવું. પથ્થરનું ઘસવું તથા માંજવું, આ બે કાર્ય સોની વિગેરે લોકો જાણે છે કે જે પથ્થરના ઘસવાથી તે પાત્ર ઉજ્જવલ થઈ જાય છે એમ જાણવું.

કાંસાનાં વાસણમાટે ઉપર કહી ગયા તેથી વધારે પણ શુદ્ધિ લખી છે તે પરાશર, શાતાતપ અને આપસ્તમ્બ કહે છે કે

> ''પશુ અથવા ગાય-બેલોએ સુંઘેલાં કાંસાનાં પાત્રો અને શૈંદ્રનાં એઠાં થયેલાં કાંસાનાં પાત્રો દશખારથી શુદ્ધ થાય છે. અને તે પાત્રો કાગડા કૈંતરાંના સ્પર્શવાળાં હોય તો પણ દશ વાર માંજી સાફ કરવાથી શુદ્ધ થાય છે''

એમ નિર્ણયામૃત તથા અપરાર્ક પણ કહે છે. 'શંખ' નામના ગ્રન્થકાર આ બાબતથી પણ વધારે કહે છે કે જે કાંસાનું પાત્ર સૈંતિકાએ ઉચ્છિષ્ટ કર્યું છે અથવા મદ્ય વિગેરે(દારૂ)ના સ્પર્શવાળું છે તો પણ તેને તાવ દેવો નહીં, ફક્ત એકવીશ વાર માંજવાથી શુદ્ધ થાય છે. કાંસાના પાત્ર સિવાય બીજા તૈજસ ધાતુનાં વાસણો જો સૈંતિકાનાં એઠા વિગેરેના થોડા સ્પર્શવાળાં થયાં હોય તો જવ વિગેરેના લોટથી એકવીશ વાર માંજવાથી શુદ્ધિ થાય. પરન્તુ કાંસાના પાત્રને તપાવવું નહીં. એમ અપરાર્કના કથનથી જણાય છે. નિર્ણયામૃતનો એવો મત છે કે શોધક પદાર્થમાં સાત પદાર્થ ગણેલા છે. તો એક પદાર્થથી ત્રણ-ત્રણ વાર શુદ્ધિ કરવી. એટલે સાત તેરી એકવીશ વાર માંજવાથી તૈજસ પાત્રથી શુદ્ધિ કરવી. પરન્તુ કાંસ્યપાત્રની શુદ્ધિ તો માર્જન(માંજવું) તથા તાપનથી થાય. આ બાબતમાં અપરાર્કનું કથન યુક્ત છે. સ્મૃત્યન્તરમાં એમ લખ્યું છે કે કાંસાને મદ્યનો લેપ કરવામાં આવ્યો હોય તો તાપ આપવો. એટલે કાંસાપાત્રમાં મદ્ય ભરવામાં આવ્યું હોય તો તાપ આપવો. પરન્તુ ઉચ્છિષ્ટની અપવિત્રતા મદ્ય કરતાં અલ્પ છે. માટે જરૂર પડતા જ તાપ આપવો યુક્ત છે. અપરાર્ક તથા નિર્ણયામૃત માં આદિત્યપુરાણમાં પણ કહ્યું છે કે

> ''સુવર્ણ, રૂપું, પથ્થર, છીપ, રત્ન, કાંસ્ય, લોહ, ત્રાંબુ, પીતલ કલઈ, સીસું આટલા ધાતુનાં પાત્રો લેપ વિનાનાં કેવલ જલથી શુદ્ધ થાય. અને જો શૈંદ્રના એઠાના સંસર્ગવાળા હોય તો ખાર ખટાઈ અને જલથી શુદ્ધ થાય છે''.

માંજવું યથાયોગ્ય કરવું. ચૌદ વખત અથવા દશ વખત કરવું, આ પ્રમાણે વચનાન્તર છે માટે તેમ કરવું.

મર્યાદાસિન્ધુમાં બ્રહ્મપુરાણમાં ખાર, ખટાઈ અને જલ થી શુદ્ધિ કરવી એમ કહીને આગળ જણાવ્યું છે કે

''સૈંતિકા, શબ, વિષ્ઠા, પેશાબ અને રજસ્વલા આટલાનાં સ્પર્શવાળાં કાંસાના પાત્રો શુદ્ધિમાટે અગ્નિમાં નાખવાં, પરન્તુ અગ્નિ જેટલો સહન કરી શકે તેટલો જ દેવો''.

પ્રથમ તે પાત્રને ધોઈ નાખવું. પછી જેટલો અગ્નિ સહન કરી શકે એટલે કે જેટલા અગ્નિથી તે પાત્રનો નાશ ન થાય તેટલો અગ્નિ આપવો. આ પ્રમાણે સર્વ વ્યાખ્યાકારોએ વ્યાખ્યા કરી છે.

આનો આ સાર છે કે

''બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય નાં ઉચ્છિષ્ટ પાત્રો અને લેપવિનાનાં માટીનાં વાસણો ઉચ્છિષ્ટ પુરુષના સ્પર્શથી પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે. અને લેપવાળું પાત્ર અવચૈંડન(અગ્નિસંયોગ) કરવાથી શુદ્ધ થાય છે. લેપવગરનું માટીનું વાસણ અથવા પાત્રસમુદાય, પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે અને સલેપ માટીનું વાસણ અગ્નિસંયોગ કરવાથી શુદ્ધ થાય છે''.

એમ બૃહસ્પરાશરનું વચન છે.

એઠા હાથવિગેરેનો સ્પર્શ થાય તો પણ અગ્નિસંયોગ, એટલે તે માટીના પાત્રનું રૂપ વિગેરે બદલી જાય એવો અગ્નિસંયોગ કરવો. લાંકડાં વિગેરેનાં પાત્રોને ઉચ્છિષ્ટ પુરુષનો સ્પર્શ થાય તો હરકત નહીં. અથવા તે પાત્રો ઉપર પ્રોક્ષણ કરવું. લેપવાળાં પાત્રો હોય તો ઘસાવવું અને એઠાં લેપવાળાં પાત્રોનો અથવા એઠાં લેપવાળા હાથવિગેરેથી પાત્રનો સ્પર્શ થાય તો તે કાષ્ઠનાં વાસણો અથવા શીંગડાનાં વાસણો ઘસાવી નાખવાં. તેમજ વૈદલપાન વિગેરેના પંખા વિગેરેઓને પ્રક્ષાલન કરવાથી શુદ્ધતા પ્રાપ્ત થાય છે. ગોમૈંત્ર, ગોબર(બિલાં વિગેરે)ના ઘસવા પૈંર્વક જલથી ધોઈ નાખવું.

અહીં જો કે કાચ તથા કાગળ ના વાસણોની શુદ્ધિ ક્યાંય લખાયેલી નથી તેથી લખી નથી. છતાં વિષ્ણુધર્મોત્તરના બીજા કાણ્ડના દ્રવ્યશુદ્ધિના અધ્યાયમાં કાચના વાસણની શુદ્ધિ કહી છે. કાચના વાસણોની શુદ્ધિ કેવળ જલથી થાય છે. કાગળનાં વાસણની શુદ્ધિ તો ત્યાં પણ કહી નથી.

ચીનાઈ પાત્રને કોઈ એમ કહે છે કે કાચ વિશેષ છે અથવા માટીનો વિકાર છે. કોઈ કહે છે કે કોઈ જાતનાં કોડાનો વિકાર છે. જો કોડાંનો વિકાર માનીએ તો મોતી, શંખ, છીપ વિગેરેનો વિકાર માનવો જોઈએ. જો એમ માનીએ તો, અલ્પઅપવિત્રતા થઈ હોય તો જલથી શુદ્ધિ જાણવી. મધ્યમ અથવા અત્યન્ત અપવિત્રતા પ્રાપ્ત થાય તો ત્યાગ કરવો યોગ્ય છે. હાડકાનાં માનવામાં આવે તો તક્ષણ (અગ્નિસંયોગ) કરવાથી શુદ્ધિ શક્ય છે.

પરન્તુ તે તક્ષણ કરવું અશક્ય છે. માટીના કે કાચના માનતાં જલથી અને અગ્નિસંયોગથી શુદ્ધિ જાણવી. પરન્તુ ચીનાઈ વાસણો શિષ્ટ લોકો સ્વીકારતા નથી. કારણ કે તેની પેદાશ ઘણી જ હલકી તરેહથી થાય છે. તેની ઉત્પત્તિનો પ્રકાર 'અર્કપ્રકાશંખ નામના વૈદ્યકગ્રન્થમાં રાવણે આ પ્રમાણે જણાવ્યો છે :

> ''શિવજી કહે છે કે હે પ્રિયા પાર્વતી! જુના હાડકાની માટી કરવાનો પ્રકાર કહું છું તે સાંભળ. શિલાજીતને ઠેકાણે એક મનોહર ખાડો કરવો. તે ખાડામાં જાનવરોના હાડકાના ઢગલા નાખવા. તેમાં સાજીખાર, માહાખાર, માટીનો ખાર, લૈંણ, ગન્ધક અને ગરમ જલ નાખવા. અને નાનાપ્રકારના મૈંત્રો તેમાં નાખવા. એ પ્રમાણે છ માસ સુધી પથ્થર તથા માટી રાખી તેની ઉપર હાડકાં નાખવાં. અને તે ઉપર અગ્નિની ભઠ્ઠી કરવી. એમ ત્રણ વર્ષ કરવાથી સર્વ પથ્થરમય એક ભાગ થઈ જાય છે. પછી તેમાંથી તે ચૈંર્ણ બહાર કાઢી તેનાં પાત્રો બનાવવાં''.

આ પ્રમાણે તે પાત્રોની બનાવવાની રીત છે.

કાગળનાં પાત્રોનું યથાયોગ્ય શોધન, પ્રોક્ષણથી, ધોવાથી તથા શોષણથી કરવું. કારણ કે સણપણું તે પાત્રોને હોય છે માટે. મિતાક્ષરામાં ક્ષૌમવસ્ત્ર માફક સણની શુદ્ધિ કહી છે. માટે મને (ગ્રન્થકાર કહે છે કે) એમ ભાસે છે કે બીજા તૈજસ ધાતુવિનાનાં પાત્રોની શુદ્ધિ પ્રથમ કહેલાં યાજ્ઞવલ્ક્ય, હારીત વિગેરેનાં વચનોથી જાણવી.

લેપ વિનાનું કાંસા સિવાયના ધાતુના પાત્રને ઉચ્છિષ્ટ એવા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો એ અનુચ્છિષ્ટ અન(વગર એઠાં અન)થી સ્પર્શ કર્યો હોય તો તે પાત્ર દૈંષિત થતું નથી. એઠા હાથવિગેરેથી સ્પર્શ કરવામાં આવે તો એકવાર માંજવાથી શુદ્ધિ થાય. ત્રિવર્ણની સૈંતિકા તથા રજસ્વલા ના સ્પર્શથી અપવિત્ર થયેલું પાત્ર એકવીશ વાર માંજવાથી શુદ્ધ થાય છે. અને સૈંતિકા તથા રજસ્વલા ના એઠાથી અપવિત્ર થયેલું પાત્ર યોગ્ય અગ્નિ દીધા બાદ પૈંર્વોક્ત રીતિથી માંજવાથી શુદ્ધ થાય છે. એમ રજસ્વલાના સ્પર્શમાં પણ સમજી લેવું.

ઉચ્છિષ્ટ શૈંદ્રના સ્પર્શમાં ધોઈ નાખવાથી શુદ્ધિ થાય છે. શૈંદ્રોચ્છિષ્ટ પાત્રને ચાર વાર માંજવાથી તથા યોગ્ય અગ્નિ દીધા બાદ ગાયના શીંગડા સ્પર્શ કરાવવો. ગાયના સુંઘવામાં પણ એમ જ સમજવું.

કાંસાનું પાત્ર ત્રિવર્ણનું ઉચ્છિષ્ટ થયેલું માંજી નાખવાથી શુદ્ધ થાય છે. એઠા અનના સ્પર્શમાં એક વાર માંજવાથી શુદ્ધિ થાય છે. અને શૈંદ્રનું એઠું હોય તો દશ વાર ખારથી માંજવું તથા અવચૈંડન કરવું. તે અવચૈંડન જેટલું સહન થઈ શકે તેટલું કરવું. ગાય-બેલના સુંઘવામાં પણ એમજ. શૈંદ્રની સ્ત્રી અથવા સુવાવડી સ્ત્રીનું એઠું થયેલું કાંસાનું પાત્ર કાઢી નાખવું. એટલે ઉપયોગમાં ન લેવું. અનિરા ઋષિ કહે છે કે કાંસાના વાસણમાં જે માણસ કોગળા કરે અથવા પગ ધોય તો છ માસ પર્યન્ત જમીનમાં રાખી તે પાત્રને પાછું પૈંર્વે

જેવું ઉજ્વલ હોય તેવું કરી લેવું. અહીં કાંસાનું વાસણ જ નહીં પણ પિતલના વાસણમાટે પણ સમજી લેવું એમ અમને(ગ્રન્થકારને) જણાય છે.

૧૭. અપવિત્ર પદાર્થનો કોઈને સ્પર્શ થાય તો તેની શુદ્ધિ કરવાનો વિચાર.

અમેધ્ય એટલે અપવિત્ર વસ્તુ દેવલઋષિએ આ પ્રમાણે ગણેલી છે : માણસનું હાડકું, શબ એટલે કે પશુ વિગેરેનું એટલે ઉંદર, અંધીચીચી પર્યન્તનું શબ જાણવું. કદાચિત્ ઉંદર, ચીચી સિવાયના પ્રાણીના શબમાટે સન્દેહ થાય તો અલ્પપ્રાણીની કીટમાં ગણના છે માટે પ્રોક્ત વિષય યુક્તિ યુક્ત છે એમ જાણવું. અર્થાત્ અહીં ઉપર પ્રમાણે શબનો અર્થ સમજી લેવો. વિષ્ઠા એટલે માર્જાર પર્યન્તની વિષ્ઠા અને મૈત્ર પણ સમજી લેવું. વીર્ય, આર્તવ, વસા, મેદ, અશ્રુ(આંસુ), આંખના ચીપડાં, સળખમ અથવા કફ અને મદ્ય આટલાં પદાર્થો અપવિત્ર તરીકે ગણવામાં આવ્યા છે. ઉંદરની વિષ્ઠા અન્નમાંથી કાઢી દૈંર કરવું તેમ કરવાથી અત્યન્ત દોષપણું દૈંર થઈ જાય છે. હવે મદ્ય(દારૂ) બાર પ્રકારનું શાસ્ત્રમાં કહેલું છે તે પુલસ્ત્યઋષિ આ પ્રમાણે જણાવે છે

> ''પાનસ(ફણસનું મદ્ય), દ્રાક્ષ(ધ્રાખનો દારૂ), માધ્વૈક(મહુડાનો દારૂ), ખર્જૈરનું મદ્ય, તાલનું, શેરડીના રસનો દારૂ, મધનું મદ્ય, [1]તૈર નામનું મદ્ય, અરિષ્ટ નામનું મદ્ય, મૈરેય નામનું મદ્ય, નાળીયેરનું મદ્ય અને માહા નીચમાં નીચ બારમું સુરા નામનું મદ્ય. એ પ્રમાણે બાર પ્રકારનાં મદ્ય ગણેલાં છે''.

તેમાં બીજા અગીયાર મદ્ય તો સમાન છે પણ બારમું સુરા નામનું મદ્ય સર્વ મદ્યમાં અધમ ગણેલું છે એમ જાણવું.

હવે તૈજસ પાત્રો એટલે સુવર્ણ, ત્રાંબું, રૂપું, કાંસ્ય, લોહ, કલઈ અને સીસું આટલી ધાતુનાં પાત્રો તે તૈજસ પાત્ર સમજવાં. તે તૈજસ પાત્રોને પૈશાલ વિગેરેથી [2]ઉપઘાત થાય ત્યારે તેની શુદ્ધિ અપરાર્ક તથા નિર્ણયામૃતમાં બૌધાયને આ પ્રમાણે કહેલી છે :

> ''તૈજસ પાત્રોને મૈત્ર, વિષ્ઠા, વીર્ય, રૂધિર, શબ અને મદ્ય નો અત્યન્ત સ્પર્શ થાય તો આવર્તન(અગ્નિના તાપથી રસ કરાવી નવીનતા કરવી) કરવું. અને જો અલ્પ સંસર્ગ થાય તો પરિલેખન(એટલે ચોતરફથી શસ્ત્રોવડે અવયવપાત્રના ઘસાવી નાખવારૂપ કર્મ) કરવું. અને ફક્ત સ્પર્શ જ જો થાય તો એકવીશ વાર રાખથી ચોતરફથી માંજી નાખવું. અને તૈજસ સિવાયના બીજા પાત્રોને જો તેવો સ્પર્શ થાય તો ઉત્સર્ગ(ત્યાગ) કરવો''.

પાત્રોને માંજી નાખવાની બાબતમાં 'હારીત' નામના ગ્રન્થકારે તથા શાતાતપે આ પ્રમાણે કહ્યું છે કે ''સોના, રૂપા, ત્રાંબા, કલઈ, કીટોળાવાળું લોઢા, પીતળ, સીસા અને સાધારણ લોઢા નું પાત્ર, પથ્થરના ઘસવાથી પવિત્ર થાય છે''. તેમજ બીજી સ્મૃતિમાં પણ

કહ્યું છે કે કાંસાનું વાસણ મદ્યથી ઉપલિપ્ત (લેપવાળું) થતું નથી તે પાત્ર રાખથી પવિત્ર થાય અને જે કાંસાનું પાત્ર મદ્ય અથવા મૈંત્ર યા વિષ્ઠાથી લેપવાળું થાય તે કાંસાનું પાત્ર તાપ અને ઘસાવવાથી પવિત્ર થાય છે. અને જો ત્રાંબાનું પાત્ર અપવિત્ર થયું હોય તો તે ત્રાંબાનું પાત્ર ખટાશથી પવિત્ર થાય છે, પરન્તુ જો તે પાત્ર માંસના લેપવાળું ન થયું હોય તો અને જો માંસના લેપવાળું થયું હોય તો, દાહ કરવાથી શુદ્ધ થાય છે.

બૌધાયનની માફક વિષ્ણુ પણ કહે છે કે વિષ્ઠા, મૈંત્ર, વીર્ય, શબ, રૂધિર ના લેપવાળાં [૩]તૈજસ પાત્રો [૪]આવર્તન કરવાથી, ઉલ્લેખન(ઘસવાથી), તાપ આપવાથી અને એકવીશ વાર રાખથી માંજવાથી પવિત્ર થાય છે. તૈજસ પાત્રોને વીર્ય, વિષ્ઠા, મૈંત્ર, રુધિર તથા શબ વિગેરેનો ઘણો સંસર્ગ થાય તો અને ચાણ્ડાલ, સુવાવડી સ્ત્રી, રજસ્વલા, પતિત વિગેરેનો પણ જો ઘણો સ્પર્શ થાય તો, આવર્તન(અગ્નિના તાપથી ગાળી નખાવવું) કરવું. અને ઉપરનાઓનો જો થોડો સ્પર્શ થાય તો પ્રતાપન(બરોબર તપાવવું). અને જો ઉપર કહેલાઓનો સ્પર્શ જ માત્ર થાય તો એકવીશ વાર રાખ વિગેરેથી માંજી નખાવવું.

'અપરાર્ક' નામના ગ્રન્થકાર કહે છે કે એકવીશ વાર માંજવું અને ધોવું એમ વારંવાર કરતું જાવું. એ પ્રમાણે એકવીશ વાર કરવાથી શુદ્ધ થાય છે એમ એમનો મત છે. નિર્ણયામૃતમાં પણ એમજ કહ્યું છે. તૈજસ પાત્રોને મૈંત્ર વિગેરેનો સ્પર્શ થાય તો ફરીથી નવું કરાવવું. અથવા એમ ન બને તો ગોમૈંત્રમાં રાખવું એ પણ યુક્ત છે. એમજ માંજાર, પલ્લી વિગરેના મૈંત્રાદિકનો અત્યન્ત સ્પર્શ થાય તો ઉપર કહેલ પ્રમાણે જ શુદ્ધિ કરવી.

તેમજ તમરા વિગેરે હલકા જીવો શાક વિગેરેમાં પડી રંધાઈ ગયા પછી જાણવામાં આવે અને પછી પાકના પાત્રમાં તે જાનવરના અવયવો લેપરૂપે જોવામાં આવે તો તે પાત્રને તપાવવું. અને [૫]અંધીચીચી, ઉંદર વિગેરે જાણવામાં આવે તો તે પાત્ર ઉલ્લેખન(ચોતરફથી અવયવનું ઘર્ષણ) કરાવવું. માછલી તથા જલજીવ વિગેરેના શબના સંસર્ગમાં પણ એમજ સમજી લેવું. તેમજ સ્પર્શ કરેલા પાત્રો જો ભોજનના પાત્રો હોય તો અલ્પ સ્પર્શ થવાથી રાખ વિગેરેથી માંજી નાખવું, સાક્ષાત્ જો સ્પર્શ થાય તો વધારે વખત માંજી નાખવું જોઈએ એમ જાણવું.

વળી ત્રાંબાના વાસણમાં દૈંધ, દહીં રાખવામાં આવે અને કાંસાના પાત્રમાં મધ રાખવામાં આવે અને ગોળ અને આદુ ભેળું થાય તો તે મદ્ય જેવું અથવા મદ્ય જ સમજવું. પરન્તુ તેમાં ઘી ભેળું ન થવું જોઈએ એમ સ્મૃતિઓમાં વચનો છે. આવી જાતના અલ્પ અપવિત્રતાના સંસર્ગમાં તે પાત્રની માંજવાથી શુદ્ધિ થાય છે. માટે જ સદાચાર ચન્દ્રોદયમાં ષટ્ત્રિંશન્મતમાં લખે છે કે હોમ કાર્યમાં, દોહન કરવામાં, રાંધવામાં, પીરસવામાં અને સ્નાન, તર્પણ અને દાન માં ત્રાંબાના પાત્રમાં રાખેલું ગવ્ય (દૈંધ, દહીં, ઘી, ગોબર, ગોમૈંત્ર) દોષવાળું થતું નથી. એમજ દીવાના ફક્ત સ્પર્શમાં પણ જાણવું. તથા ગાય, બેલ વિગેરેના સુંઘેલાં પાત્રો દશ વખત માંજવાથી પવિત્ર થાય છે એમ પરાશર વિગેરેના વાક્યોમાં શુદ્ધિ જણાવી છે. 'શંખ' નામના ગ્રન્થકાર કહે છે કે કાળા પક્ષીના મુખના સ્પર્શવાળું પાત્ર

ઘસવાથી શુદ્ધ થાય, પરન્તુ કેવલ માંજવાથી શુદ્ધ થતું નથી. કોઈ 'શ્વાપદ' નામના જાનવરના મુખના સ્પર્શથી અપવિત્ર થયેલું પાત્ર ઉલ્લેખન કરવાને યોગ્ય છે એવો પણ મત છે. કારણ કે તેનો નિષેધ શંખ જ જણાવે છે. માટે મૈંલમાં 'મુખ' શબ્દ લખ્યો છે તે પરથી ઉપર પ્રમાણે શુદ્ધિ સાબિત થાય છે. અનાન્તરના સ્પર્શમાં પણ તેમજ જાણી લેવું. 'શ્વાપદ' નામનું જાનવર માંજારથી કોઈ બીજી જાતનું જાણવું. 'વિજ્ઞાનેશ્વર' લખે છે કે માંજાર, દર્વીઅને પવન હંમેશ પવિત્ર જ છે. એજ યુક્ત પણ છે.

પાત્રસમુદાય હોય તો જે પાત્રને અપવિત્ર પદાર્થનો સ્પર્શ થાય તે જ પાત્ર અપવિત્ર થાય, બીજા નહીં, તે બાબત અપરાર્કમાં હારીત કહે છે કે સંહત પાત્રોમાં(પાત્ર સમુદાયમાં) જે એક પાત્રને અપવિત્રતાનો દોષ લાગુ પડે તેજ પાત્રને શુદ્ધ કરવું. પરન્તુ તે અપવિત્ર પાત્ર જેને અડ્યું હોય તેવાં બીજાં પાત્રોને શુદ્ધ કરવાની જરૂરી નથી. 'શંખ' નામક ગ્રન્થકાર પણ લખે છે કે પોતાના અથવા પારકાના સંયોગથી પેદા થનારો દોષ જે પાત્રનો જેણે કરીને જાય તો તેનું શોધન કરવું કહેલું છે. તે શોધન દ્રવ્યની શુદ્ધિ કરનારું સામાન્ય જાણવું. શોધનની રીત પૈંર્વોક્ત હારીતના વચનને અનુસરનારી જાણવી.

જેની શુદ્ધિ શાસ્ત્રવચનોથી ન જણાય તેઓની શુદ્ધિ મર્યાદાસિન્ધુમાં શતાતપ કહે છે કે જે અપવિત્ર પદાર્થને જે એક સ્પર્શ કરે તો તે જ દૈંષણને પ્રાપ્ત થાય છે અને તેને બીજો સ્પર્શ કરે તો તે દોષવાળો થતો નથી. આ વિધિ સર્વ પદાર્થો માટે સમજી લેવી. આ પરથી કાષ્ઠ વિગેરેમાં ૅચીવરાદિનો સંસર્ગ થાય તો તે સંસર્ગનું સ્વરૂપ વિચારી અશુદ્ધિની કલ્પના કરવી. માંજારની વિષ્ઠા વગેરેના સંસર્ગમાં તો એમ સમજવું કે તે વિષ્ઠા અપવિત્ર છે માટે તેને જો કોઈ બીજો પદાર્થ અડકે તો તે પણ અપવિત્ર બને, કારણ કે સદાચાર પણ તેવો જ છે માટે એમ જાણવું. બૌધાયન કહે છે કે લાકડાનાં પાત્રો એઠાંનાં કામમાં આવ્યાં હોય તો તે પાત્રોને ઘસાવવાં અને એઠાંના લેપવાળાં થયાં હોય તો તેને છોલાવવાં અને મૈંત્ર, વિષ્ઠા, વીર્ય વિગેરેના દોષવાળાં થયાં હોય તો ત્યાગ કરવો. અહીં 'અવલેખન' શબ્દથી શસ્ત્ર અથવા વસ્ત્ર થી કાષ્ઠનાં પાત્રોને ઘસવું એમ સમજવું, 'તક્ષણ' એટલે છોલવું એ શબ્દ જુદો લખ્યો છે માટે 'મર્યાદાસિન્ધુ' ગ્રન્થમાં લખ્યું છે કે શબ, ચાણ્ડાલ અને વિષ્ઠા નો જો અલ્પ સંસર્ગ થાય તો પણ ઘર્ષણ(ઘસવું) કરવું. કોઈ એમ કહે છે કે વિષ્ઠાનો જો પાત્રને સંસર્ગ થયો હોય તો જ્યાં સુધી ગન્ધનો નાશ ન થાય ત્યાં સુધી છોલાવવું. અને શબ વિગેરેના સ્પર્શમાં માટી-પાણીથી ધોઈ નાખવું. કૈંતરાં વિગેરેનો સ્પર્શ થયો હોય તો ચટાઈ આસન વિગેરેને ધોઈ નાખવાં એવો મત છે. તે ઠેકાણે પણ રસોઈ કામમાં આવતા પાત્રોનો તો ત્યાગ જ કરવો એમ અમને (ગ્રન્થકારને) ભાસે છે. શીંગડાં, દાંત, હાડકાના પાત્રોની પણ તેજ પ્રમાણે વ્યવસ્થા જાણવી. મણિમયપાત્રોને માટે મૈંત્ર વિગેરેનો સંસર્ગ થાય તો વિષ્ણુ કહે છે કે મણિમયપાત્રો, પથ્થરનાં પાત્રો, અબ્જપાત્ર(છીપ, મોતી વિગેરેનાં)ને સાત રાત્રિ પર્યન્ત જમીનમાં ડાટી રાખવાં અને એઠાંનો સંસર્ગ થયો હોય તો કશ્યપ કહે છે કે રેતીથી દાંતનાં, શીંગડાંનાં, શંખનાં, છીપનાં, મણિનાં પાત્રોની શુદ્ધિ કરવી. અપરાર્કનો પણ મત એમ જ

છે. એમજ વાંસનાં, લાકડીનાં, નેતરનાં અને નિચૈંલ(પનસ) વિગેરેનાં પાત્રોની શુદ્ધિ કાષ્ઠપાત્ર માફક કરવી. તેમાં પણ જો વાંસ, લાકડીનાં પાત્રોમાં કપડાં રાખવામાં આવતાં હોય તો પ્રયોજન(કાર્ય જરૂરી)નો વિચાર કરી ગન્ધ લેપનો જેવી રીતથી યોગ્ય નાશ થાય તેવી રીતે ધોઈને શુદ્ધિ કરવી. પાકેલાં અન્ન જો રાખવામાં આવતાં હોય તો તે પાત્રોનો ત્યાગ જ કરવો ઉચિત છે. માટીનાં વાસણની તો ફરીથી પકાવવાથી જ શુદ્ધિ થાય છે. અને તે પણ શુદ્ધિ કૈંતરાં વિગેરેના સ્પર્શ દોષમાં જ કરવી, બીજાં સાધારણ દોષોમાં નહીં. તે બાબત મનુ કહે છે કે મદ્ય, મૈંત્ર, વિષ્ઠા, કફ, દુર્ગન્ધિપદાર્થ, રૂધિર, આંસુ ના સ્પર્શથી થયેલું અપવિત્ર માટીનું વાસણ શુદ્ધ થતું નથી. પરન્તુ જો ફરીથી તેનો પાક થાય તો શુદ્ધ થાય છે. મર્યાદાસિન્ધુમાં પણ લખ્યું છે કે થૈંક, રૂધિર વિગેરેના સ્પર્શવાળું માટીનું પાત્ર ત્યાજ્ય છે અને જો બીજા સાધારણ દોષવાળું જો તે પાત્ર થયું હોય તો જેમ-તેમ ચાલે, પરન્તુ ચાણ્ડાલાદિનો સ્પર્શ થયો હોય ત્યારે તો ત્યાગ જ કરવો. અપરાર્કમાં સ્મૃત્યન્તરથી લખે છે કે ચાણ્ડાલોએ સ્પર્શ કરેલું ધાન્ય અથવા કપડું તે ધોઈ નાખવાથી શુદ્ધ થાય છે, પરન્તુ માટીના વાસણનો તો ત્યાગ જ કરવો.

ફલના પાત્રોની શુદ્ધિ કહી જ છે. પરન્તુ અત્યન્ત અપવિત્ર પદાર્થનો સંસર્ગ થાય તો ત્યાગ જ કરવો યોગ્ય છે. વળી અપરાર્કમાં કહ્યું છે કે માટી તથા જલ થી શુદ્ધિ કરવી. એમ કહીને આગળ લખે છે કે દોરી વલ્કલપાત્રોની તથા ચમસ(યજ્ઞપાત્ર), તૈંબડાં, ચામડાં એઓની શુદ્ધિ કરી પછી ગાયના વાળની દોરીથી ઘસવું, ત્યારે શુદ્ધ થાય છે. ચામડાંમાટે કશ્યપ કહે છે કે ઘાસ, કાષ્ઠ, રજ્જુ, ભોજપત્ર, શણ, રેશમ, જન્તુ (કોઈ જાતનું પાંદડાંનું પાત્ર યા વસ્ત્ર, ચાંમડું, વાંસ, પંખા, ફલ, પત્ર, વલ્કલ વિગેરેની વસ્ત્રમાફક શુદ્ધિ કરવી. માટી, કાષ્ઠ, ચાંમડાં અત્યન સંસર્ગવાળાં થયા હોય તો ત્યાગ કરવો. [૭]અસંસ્કૃત જમીનમાં રાખવામાં આવ્યાં હોય તો તે પદાર્થો ધોઈ નાખવા. પરોક્ષ મંગાવેલા પદાર્થોની ઉપર જલથી પ્રોક્ષણ કરવું. એમજ હલકી જાતની સમિધાઓ પણ જો અપવિત્ર પદાર્થ વિગેરેના સંસર્ગવાળા થયાં હોય તો પણ પ્રોક્ષણ કરવું. પરન્તુ તે સમિધાઓ એક પુરુષથી ઉપડી શકે તેટલાં હોય તો તેમ કરવું. કાચબાના કડાં વિગેરેની શુદ્ધિ ચર્મ(ચામંડા) પ્રમાણે કરવી એમ સમજવું. એમજ બીજાઓને માટે પણ સમજી લેવું.

૧.તૈર નામનું એક જાતનું મદ્ય હોય છે. ૨.સ્પર્શ. ૩.સોનું, રૂપું, ત્રાંબુ, કાંસું, લોઢું, કલઈ સીંસાનાં પાત્રો સમજવાં. ૪.અગ્નિના તાપથી ગાળી નાખવું. ૫.અથવા ઢેઢગરોડી પણ લોકો કહે છે. ૬.ચીથરાં વિગેરે. ૭.સંસ્કારવિનાની.

૧૮. શૈયા વિગેરેની શુદ્ધિનો વિચાર

આ બાબતમાં બૌધાયન કહે છે કે

''આસન, શયન, યાન(રથગાડી વિગેરે), વાહાણો, માર્ગ, ઘાસ, આટલા પદાર્થો અને પાકેલી ઈંટોનો ઢગલો

પવનથી તથા સૈંર્યથી પવિત્ર થાય છે. પોતાની શૈયા, આસન, યાન, (રથાદિ) સ્ત્રી, છોકરું, કમણ્ડલું આટલી ચીજો પોતાની પવિત્ર જાણવી અને પારકી હોય તો અપવિત્ર જાણવી''.

આ બાબતમાં 'હારિત' નામક ગ્રન્થકાર કહે છે કે યાન-શયન બીજાના ત્યાગ કરવા લાયક છે. અર્થાત્ તે બની શકે છે. એમ માનવામાં આવે છે. તે ઠેકાણે કહે છે કે નહીં એમ યોગ્ય નથી કારણ કે જુદા-જુદા વર્ણો કહ્યા છે. માટે પવિત્ર-અપવિત્રના સંસર્ગ દોષથી પાપના સંસર્ગનો સમ્બન્ધ બને છે માટે જુદી-જુદી જાતની પવિત્રતા કલ્યાણ કરનારી હોય છે. અહીં અર્થ એમ સમજવાનો છે કે ધર્મશાસ્ત્રમાં ચારે વર્ણોમાટે ઉત્તમતા, અધમતા જણાવેલી છે. તેમજ પાપ-ઉપપાતકને કરનારા મલિન લોકો(પાતકી લોકો) તેની સાથે પાપરહિત લોકો જો તેના સમાન આસન અથવા શૈયામાં શયન વિગેરે કરે તો, પાતકીનો તે પાપરહિત લોકોએ સંસર્ગ કર્યો ગણાય તેથી તેઓને પ્રાયશ્ચિત્ત કરવાને જણાવેલું છે અને એમજ પાપરહિત માણસને જો પાતકીનો સમ્બન્ધ થાય તો જેમ રોગીનો સંસર્ગ રોગરહિતને બને તેની માફક પાતકીનો સંસર્ગ જો નિષ્પાપને થાય તો પાપ લાગે અને પ્રાયશ્ચિત્ત કરવું પડે માટે જુદી-જુદી શૈયાઓ જુદાં-જુદાં આસન કરવાથી જુદી-જુદી જાતનું પવિત્રપણું શ્રેયસ્કર છે. એમ જાણવું.

ત્યારે પોતાની શૈયા અથવા આસન ન મળે તો શું કરવું. આ બાબતમાં ફરીથી હારીત કહે છે કે પોતાની શૈયા વિગેરે ન મલી શકે તો પવિત્ર ધાબળા વિગેરેથી અન્તર્ધાન કરી એટલે તેની ઉપર બિછાવી અથવા ધાબળાથી ઢાંકી ધાબળાની અંદર તે શૈયાને રાખી તે શૈયાનો ઉપયોગ કરવો. કારણ કે પતિત (પાતકી) વિગેરેની શૈયા વિગેરેનો જો સ્પર્શ થાય તો સચૈલ(કપડા શીખે) સ્નાન કરવાને અપરાર્કે જણાવ્યું છે. આ શૈયાની બાબત ઉપરથી ગાદી, તકિયા, આસન વિગેરે માટે સમજી લેવું. વળી એમ પણ લખ્યું છે કે શયન(બિછાનું), આસન, યાન(રથાદિ) અને સમુદાયવાળો દ્રવ્યસમૈંહ, આટલા પદાર્થો ચાણ્ડાલ વિગેરેના સ્પર્શવાળા થાય તો પણ પ્રોક્ષણ કરવાથી પવિત્ર થાય છે. વળી ગાદી, તકિયા વિગેરેને એઠાંનો સ્પર્શ થાય તો સર્વનિબન્ધમાં દેવલઋષિ કહે છે કે

''ગાદી, ગાદલું, ઓશિકું યા તકિયો, પુષ્પ, લાલ વસ્ત્ર, આટલા પદાર્થોને છાંયામાં જરા સુકાવી જરાક હાથથી ઝાટકી નાખવા. એટલે સાફ કરવાં યા જલથી સાફ કરવાં. પછી ફરીથી જલ છાંટી કામમાં લગાડવાં અને જો તે અતિમલીન થયાં હોય તો યથાયોગ્ય શુદ્ધ કરવાં''.

બૃહત્પરાશર કહે છે કે વસ્ત્ર, ઉપસ્કરસહિત શૈયા, લાલ કપડાં અને પુષ્પો પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય છે એમાં સંશય નહીં એમ શાસ્ત્રમાં કહ્યું છે.

૧૯. ધાન્ય વિગેરેની શુદ્ધિ કરવાનો વિચાર.

મનુ કહે છે કે ''ઘણુ અન્ન હોય તો અથવા ઘણા વસ્ત્ર હોય તો જલ છાંટવાથી તેની શુદ્ધિ થાય છે અને જો થોડાં હોય તો જલથી ધોઈ નાખવાથી શુદ્ધિ થાય છે''. યાજ્ઞવલ્ક્ય પણ કહે છે કે ''સમુદાયવાળાં ઘણાં વસ્ત્રો અથવા ધાન્યો પ્રોક્ષણ કરવાથી શુદ્ધિ થાય છે''.

અહીં સમુદાયપણું યા બહુપણું સ્વરૂપથી થયેલું ન સમજવું. કિન્તુ બહુપણું એટલે અનેક માણસોથી ઉપાડી શકાય તેનું નામ બહુપણું એમ અર્થ સમજવો. એમ 'અપરાર્ક' નામક ગ્રન્થકાર કહે છે. અને એ કથન યોગ્ય જણાય છે કારણ કે એક મુઠી ભરીને અનાજ હોય તો તે પણ દાણે-દાણે અન્ન એવું નામ ધારણ કરશે જ. અને બહુ પણ કહેવાશે. અથવા ત્રણ દાણા અનાજ હોય તો તે પણ બહુ એમ તો કહેવાશે. કારણ કે એકથી વધારે અનેક જેમ કહેવાય છે તેના માટે બહુ નામના વિશેષણને વ્યર્થતા પ્રાપ્ત થાય માટે ઉપરનો અર્થ યોગ્ય છે. આ બાબતમાં 'બૌધાયન' નામના ગ્રન્થકારની પણ સમ્મતિ આ પ્રમાણે છે.

> ''સમુદાયવાળાં કાષ્ઠ વિગેરેને જો ચાણ્ડાલાદિનો સ્પર્શ થાય તો અને એક પુરુષ ઉપાડી શકે તેનાથી ઓછા હોય તો તેને જલથી ધોઈ નાખી પછી સુકાં કરી લેવાં અને અનેક પુરુષો ઉપાડી શકે તેવાં અને તેટલાં હોય તો તે કાષ્ઠોને જમીન બરાબર સમજવાં''.

એમ 'લૌગાક્ષિ' નામના ગ્રન્થકારનો મત છે.

ચાણ્ડાલ વિગેરેએ સ્પર્શ કરેલી જાજી ચીજ હોય તો પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય અને અલ્પ હોય તો જેમકે કાંઈક ધાન્ય હોય તો ધોઈ નાંખવું. અને જો ચોખા હોય તો તેનો ત્યાગ કરવો. અહીં ચોખા આ શબ્દથી ફોતરાં વિનાનાં ધાન્યનું ગ્રહણ છે એમ સમજવું અને ત્યાગ કરવો તે પણ જો તો ધાન્ય થોડું હોય તો કરવો કારણ કે જાજા અનાજની શુદ્ધિ બીજી આગળ કહેવાની છે માટે. તે બાબતમાં બૌધાયન કહે છે કે

> ''શાળ, શાક, મૈંલ અને ફલ આટલી ચીજો પ્રોક્ષણ કરવાથી પવિત્ર થાય છે અથવા જેટલો ભાગ અપવિત્ર થયો હોય તેટલા ભાગનો ત્યાગ કરવાથી, અથવા માથેથી ફોતરાં કાઢી નાખવાથી પવિત્ર થાય છે. અનેક પુરુષથી ઉપડી શકે તેવાં શાળ ધાન્યને જો ચાણ્ડાલ વિગેરેનો સ્પર્શ થાય તો પ્રોક્ષણ કરવાથી શુદ્ધ થાય અને મૈંત્ર વિગેરેનો સંસર્ગ થયો હોય તેટલા ભાગનો ત્યાગ કરવાથી શુદ્ધ થાય, અથવા અપવિત્ર રજ વિગેરે દ્રવ્યનો સંયોગ થાય તો તે ધાન્યને ફોતરાંરહિત કરવાથી શુદ્ધિ જાણવી''.

કશ્યપ કહે છે કે

> ''અનેક પુરુષોથી ઉપાડી શકાય તેવાં શાળ વિગેરે ધાન્ય એટલે શાળ, જવ અને ગોધૈંમ(ઘઉં) તેઓને પ્રોક્ષણાદિ કરવું એટલે શાળને પ્રોક્ષણ કરવું. જવને પર્યગ્નિકરણ(બળતું ઉબાળિયું ઉપર ફેરવવું). કરવું અને ઘઉંને ધોઈ નાખવાં અને શાળ વિગેરે ચોખા થોડા હોય તો વિમર્શન(હાથથી ચોળી નાખવાં) કરવું અને અનેક પુરુષોદ્ધાર્ય (અનેક પુરુષથી ઉપડી શકે તેવાં) ધાન્ય, શાળ કે ચોખા હોય તો પ્રોક્ષણ કરવાથી શુદ્ધિ થાય. કાંતો ખાંડવાથી ઉજ્વલ કરવું. શમીધાન્ય (કોશીધાન્ય) એટલે જેની ફળીયું થાય છે તેવું ધાન્ય. જેમકે મગ, અડદ, વિગેરે તે જો એક પુરુષથી ઉપડી શકે તેટલું હોય તો હાથથી ચોડી નાખવું અને જો અતિ અલ્પ હોય તો દળી નાખવું અને અનેક પુરુષધાર્ય હોય તો પ્રોક્ષણ કરવું''.

અહીં નિઘર્ષણ એટલે પ્રથમ કહી ગયેલું વિમર્શન એટલે ચોખું કરી વીણી ચોળી સાફ કરવું એમ જાણવું. અને જો અત્યન્ત અલ્પ હોય તો ત્યાગ કરવો.

આદિત્યપુરાણમાં લખ્યું છે કે ''ઘરમાં આગ લાગી હોય અને પશુ માણસો મરણ પામે તો તે ઘરમાં રહેલી શાળ તથા ધાતુ-દ્રવ્યનો સઙ્ગ્રહ અને માટીના વાસણમાં રહેલાં જવ, અડદ, તિલ વિગેરે દોષવાળાં થતાં નથી''. એમ મનુએ કહ્યું છે. ત્યાર પછી ''ઘરમાં અગ્નિ વધવા લાગે અને ઠેકાણે-ઠેકાણે બળવા લાગે અને કોઈ પ્રાણીનો નાશ ન થાય ફક્ત ઘર જ બળી જાય તો ઘરમાં રહેલાં સર્વ પદાર્થો વિચાર ન કરતાં લઈ લેવા''. આ પ્રમાણે અપરાર્કમાં પણ લખ્યું છે તે જાણવું. મિતાક્ષરામાં વિજ્ઞાનેશ્વર કહે છે કે

> '' બહુપણું એટલે શું કે જે ઠેકાણે ઘણું ધાન્ય પડેલું છે અને ઘણાં કપડાં પડેલાં છે એટલે અનાજ કપડાના ઢગલા પડે છે તેવામાં આવીને તેને ચાણ્ડાલનો સ્પર્શ થાય તે વખતે એમ બને કે ચાણ્ડાલનો સ્પર્શ કેટલાએકને થયો છે અને કેટલાએક મોટા ભાગને નથી થયો, તો તેવે ઠેકાણે એમ કરવું યોગ્ય છે કે જે કપડાઓને સ્પર્શ થયો છે તે કપડાં સર્વે ધોઈ નાખવાં. અને બીજાં કપડાંને પ્રોક્ષણ કરવું અને અનાજમાટે પણ તેટલો ભાગ અનાજનો જેને ચાણ્ડાલનો સ્પર્શ થયો છે તે કાઢી નાખવો. બાકીના ઉપર પ્રોક્ષણ કરવું અને જો જાજો ભાગ અપવિત્ર થયો હોય તો તે ભાગને ધોઈ નાખવો. અને જો બન્ને ભાગ સરખાં હોય તો પ્રોક્ષણ કરવું. આટલો ભાગ પવિત્ર છે અને આટલો ભાગ અપવિત્ર છે એ બાબતના અવિવેકમાં તો ધોઈ નાખવાથી

જ શુદ્ધિ થાય. અને અનેક પુરુષધાર્યપણામાં તો સ્પર્શ કરેલાને પણ પ્રોક્ષણ કરવું''.

આ પરથી પરમ્પરા બાબતનો સ્પર્શ પણ આવી જ જાય છે. 'મર્યાદાસિન્ધુ' નામના ગ્રન્થમાં એમ લખ્યું છે કે ''દ્રોણથી (દ્રોણ શબ્દનો અર્થ આઠ હજાર બસો છપ્પન પલ જાણવો. પલ એટલે ચાર તોલા) વધારે જે પદાર્થ હોય એટલે જો દ્રોણથી વધતું અનાજ હોય તો તેને બહુપણું લાગુ થાય છે તે ઠેકાણે દેશકાલ જોઈને શુદ્ધિ કરવી''. એમ બૌદ્ધાયનનું કહેવું છે. અને બીજા પણ લોકો કહે છે જેમકે ''દુકાળની વખતે હલકી ગતિવાળા એટલે જેને અન્ન ખાવા નથી મળતું તેવા માણસને એક અડધો શેર અન્ન હોય તો તે બહુ તરીકે કહી શકાય છે અને તેવા વખતમાં યુક્ત જ છે''. એમજ વસ્ત્રોમાટે પણ બહુપણું અનેક પુરુષધાર્ય હોય તો જાણવું અને ત્રણ કપડાથી વધારે કપડા હોય તેને બહુપણું પણ પૈર્વોક્ત રીતથી તેવા વખતમાં જાણી લેવું જોઈએ. નાગદેવ વિરચિત સઙ્ગ્રહમાં લખ્યું છે કે ''વીશ ધોળાં કપડાં, અગીયાર ચિત્ર-વિચિત્ર કપડાં અને ત્રણ કસુંબલ કપડાં, બહુ તરીકે કહેવાય છે''.

હવે **સંહત**પણું એટલે વિજ્ઞાનેશ્વર કહે છે કે ''જેની એટલે જે પદાર્થની શુદ્ધિ કરવી કહી છે તે પદાર્થના અવયવોને પરસ્પર સંહત તરીકે કહેવાય છે''. મર્યાદાસિન્ધુકાર એમ કહે છે કે ''સંહતપણું એટલે કઠિનપણું સમજવું. તેણે કરીને ઠંડું ઘી, ગોળ, શેરડીનો રસ વિગેરેને સંહત તરીકે કહેવાય''. અંગિરા એમ જણાવે છે કે ''શયન, આસન અને યાન આટલી ચીજો જો રોમવાળા એટલે ઉનના કપડામાં બંધાયલી હોય એટલે તે કપડાં રોમબદ્ધ થયાં હોય તો તે સંહત તરીકે કહેવાય''. અહીં રોમબદ્ધ શબ્દથી ધાબળાનું ગ્રહણ કરી શકાય છે. અહીં જેમ યોગ્ય શુદ્ધિ કરવી ઘટે તેમ કરવી પ્રાપ્ત છે.

જલવિનાના રસોની શુદ્ધિ **પ્લાવન** કરવાથી થાય છે. પ્લાવ એટલે સમાન પદાર્થથી વાસણ ભરવું અને તે પાછું જરાક જેણે કરીને નીકળે તેનું નામ પ્લાવ અથવા પ્લાવન એમ વિજ્ઞાનેશ્વર કહે છે. સારાંશ એ છે કે એક વાસણમાં ઘી વિગેરે કાંઈપણ રસ ભર્યો હોય અને તેટલું તેવી જાતનું બીજું દ્રવ્ય તે વાસણમાં ભરવામાં આવે એટલે ભરેલામાં બીજી તેવી જાતની ચીજ ભરવામાં આવવાથી ઉભરાઈ જાય એમ અર્થ જાણવો. એમજ અપવિત્ર પદાર્થના સ્પર્શથી અપવિત્ર થયેલ બીજા રસાદિની તેજ પ્રમાણે એટલે આપ્રમાણે જ શુદ્ધિ કરવી. આનું જ નામ **ઉત્પવન** જાણવું. મનુ પણ સર્વ દ્રવ્યો (પાતળા પદાર્થો) ની શુદ્ધિમાટે ઉત્પવન કરવાને જણાવે છે. અહીં 'ઉત્પવન' એટલે બીજા પાત્રમાં આડું કપડું રાખી ગળી નાખવું. વિજ્ઞાનેશ્વર લખે છે કે એમ જો ન કરવામાં આવે તો કીટ વગેરે તે ચીજમાંથી ન નીકળી શકે માટે તેમ કરવું અવશ્ય પ્રાપ્ત છે. આ પ્રમાણે કેશ, કીટ, માંખી, વિગેરેવાળી ચીજમાટે કરવું એમ જાણવું. કુલ્લૈંકભટ્ટવિરચિત મનુની ટીકામાં એમ લખ્યું છે કે ''પ્રાદેશમાત્ર (અંગુઠાના અગ્રભાગથી તે તર્જનીના અન્તપર્યન્ત) પ્રમાણવાળાં બે દર્ભનાં કટકાના અગ્રભાગથી 'પવમાનઃ

સુવર્જનઃ' એ અનુવાક(વેદમન્ત્ર)થી ઉત્પવન કરવું અથવા સ્પર્શ કરેલા અંશનું દૈરીકરણ કરવું''. આ પ્રમાણે પ્રોક્ત સ્થલમાં લખ્યું છે અને આ ઉત્પવન એક શેર પદાર્થ હોય તો કરવું પણ જો અલ્પ હોય તો–તો ત્યાગ જ કરવો. આ પણ કૈંતરા, કાગડાના સ્પર્શમાં જાણવું. નીચવર્ણના વાસણનો સ્પર્શ થયો હોય તો તે ચીજ પાતલો પદાર્થ રસમય બીજા વાસણમાં પૈંર્વોક્ત પ્રકારથી સિંચનરૂપ કરી, જેટલા પ્લાવથી તે રસ બહાર નિકળે તેટલો પ્લાવ કરી બાકીનો રહેલો ભાગ શિષ્ટલોકો (પ્રતિષ્ઠિત લોકો) છોડી આપે છે. ''મધ અથવા મધુપર્કનું જલ અથવા મધ અને જલ, દૈંધ અને દૈંધના વિકારો દહીં, છાશ વિગેરે એક પાત્રથી બીજા પાત્રમાં લઈ જવાથી શુદ્ધ થાય છે'' એમ બૌદ્ધાયનનું વચન છે.

એમજ શૈંદ્રના વાસણમાં હોય તો પણ આ પ્રમાણે જ શુદ્ધિ કરવી અને નીચ વર્ણના હાથથી પ્રાપ્ત થયેલાઓને તો એક પાત્રથી બીજા પાત્રમાં લઈ જવું અને ફરીથી પ્લવન પ્રથમ કહી ગયા છીએ તે પ્રમાણે કરવું. 'શંખ'નામક ગ્રન્થકાર કહે છે કે ખાવાલાયક ઘૃતવાળા પદાર્થો હોય તો તેઓને ફરીથી પ્લવન કરવું. એમજ તેલ વિગેરેને અને રસોને પણ એજ પ્રમાણે કરવું. શાક વિગેરે માટે જેટલો ભાગ દૈંષિત હોય તેટલો કાઢી નાખી બાકીનો હોય તેમનું આપ્લાવન કરવું એટલે શુદ્ધિ થાય છે.

મર્યાદાસિન્ધુમાં અને બ્રહ્મપુરાણમાં પણ જણાવ્યું છે કે ''સસ્ય ધાન્યના અંકુર અથવા નવીન ધાન્ય, ફોતરાવાળાં અનાજ અથવા શાળ, શાક, મૈંલ, ફલ આટલા પદાર્થોમાં જેટલો ભાગ દૈંષિત થયો હોય તેનો ત્યાગ કરી જલથી બીજા અવશિષ્ટ ભાગને ધોઈ નાખવો એટલે તેની તે શુદ્ધિ થઈ એમ સમજવું''.

મ્લેચ્છ વિગેરેના વાસણમાં રહેલાં હોય તો પરાશર કહે છે કે

> ''કાચું માંસ, ઘી, મધ, તેલ, ફળ અથવા ફલનો સમ્ભવ જેમાંથી થાય એમ હોય તે પદાર્થ આટલા પદાર્થો મ્લેચ્છના વાસણમાં રહેલા હોય ત્યાં સુધી અપવિત્ર અને બાહાર કાઢવામાં આવે ત્યારે પવિત્ર થાય છે એમ જાણવું''. તેમજ ''આભીર(ભરવાડ, ગોવાળ વિગેરે)ના વાસણમાં રહેલા દૈંધ, દહીં અને ઘી પણ ત્યાં સુધી પવિત્ર કહેવાય કે જ્યાં સુધી તેમાં તે રહે છે. જેટલા પદાર્થો વેચવાલાયક હોય છે તે સર્વ કારીગરનાં હાથમાં જ્યાં સુધી રહે ત્યાં લગી પવિત્ર તરીકે સમજવાં''.

અહીં મ્લેચ્છના વાસણમાં રહેલા ચાર પદાર્થોની શુદ્ધિ કહીને આગળ બીજા વચનમાં દૈંધ–દહીંને ભરવાડ–ગોવાળના વાસણનાં પણ શુદ્ધ તરીકે કહ્યાં. આ ઉપરથી એમ સમજવું કે જો ભરવાડ–ગોવાળ મ્લેચ્છ હોય તો તેના વાસણમાં રહેલાં દૈંધ અથવા દહીં ન લેવા જોઈએ. કારણ કે 'મ્લેચ્છથી બીજો કોઈ નીચ છે જ નહીં' એમ વચન છે. ''વેચવાલાયક બજારમાં આવેલી બધી ચીજો પવિત્ર સમજવી'' એમ કહ્યું છે. આ પરથી પાકેલાં ફલો વિગેરે તો મ્લેચ્છ પાસેથી પણ લઈ શકાય છે એમ જાણવું. આંબા વિગેરેના

ફળો ઘણા દિવસે ઉપયુક્ત થઈ શકે છે માટે તે લોકોથી પક્વ પણ લઈ પ્રોક્ષણ કરવું એટલે શુદ્ધ થાય છે. ધોઈને રાખી મુકવાથી તેમાં ગન્ધ પેદા થાય છે. માટે જે પદાર્થની શુદ્ધિ કરવી જેમ યોગ્ય ઉપપત્તિ થાય તેવાં પ્રયોજનના બલથી જાણી લેવું.

કારીગરના હાથમાં રહેલી ચીજો પવિત્ર લખી છે. આ પરથી ધોબી, વણકર વિગેરેના સંસર્ગથી થયેલી અશુદ્ધિ પૈર્વોક્ત પવિત્રતાની અપવાદ તરીકે સમજવી. આ પરથી હલકી જાતના કારીગરોનું બનાવવાની ક્રિયામાં, પદાર્થોની ઉત્પત્તિમાં તથા સંસ્કારમાં લાગેલું પ્રત્યવાયનું કારણપણું નિવારણ કરવામાં આવે છે એમ જાણવું. અને ધોબી, નોકરો વિગેરેએ સંસ્કાર કરેલાં વસ્ત્ર વિગેરેનું વણકર યા દરજી, ઘાંચાં વિગેરેએ પેદા કરેલા પદાર્થોનું પવિત્રપણું છે જ એમ વાક્યનો અભિપ્રાય છે એમ સમજવું. તેથી કારીગરે સ્પર્શ કરેલ અન્ન વિગેરે પદાર્થવિના પદાર્થની ઉત્પત્તિ અને સંસ્કાર ન થાય તો તે પણ શુદ્ધ જ છે. જેમ વસ્ત્રની ઉત્પત્તિમાં ખળીમાટે જ શંખ કહે છે કે કારીગરનો હાથપવિત્ર છે. આકર દ્રવ્યો (પદાર્થની ઉત્પત્તિનું ઠેકાણું તથા પદાર્થો) પણ પવિત્ર જ છે. પૈઠીનસિ ઋષિ કહે છે કે દરેક આકરો(પદાર્થની ઉત્પત્તિના સ્થાનો), સુરા(મદ્ય)ના આકાર સિવાય, પવિત્ર જાણવાં. આ બાબતમાં અપરાર્કનો પણ મત છે. વિજ્ઞાનેશ્વર કહે છે કે કારીગરોને સૈંતક વિગેરે હોય તો પણ તેના હાથથી બનતી કારીગરીમાં તેના હાથને પવિત્રપણું જાણવું. આ બાબતમાં પણ શાસ્ત્રનું વચન છે કે ''કારીગરો, વૈદ્યો, દાસી, દાસો, રાજાઓ, રાજાના નોકરો તરત પવિત્ર જ કહ્યા છે એમ જાણવું''. આ બેય બાબતો યોગ્ય જ છે.

૨૦. પાકેલા અન્નની શુદ્ધિનો વિચાર

આ બાબતમાં અપરાર્કમાં તથા સદાચારચન્દ્રોદયમાં યમ કહે છે કે

''અન્નમાં માખી અથવા કીટ(કીડો) જો જોવામાં આવે, અથવા ઉંદરની લીંડી, જોવામાં આવે યા છીકવામાં આવે અથવા 'અવધૈંનિત' એટલે જેની ઉપર કપડું ધુણાવવામાં યા હલાવવામાં અથવા કપડાથી ફટકારવામાં આવ્યું હોય તેવું અન્ન જો થાય તો રાખથી તે અન્નનો સ્પર્શ કરી જલથી પ્રોક્ષણ કરવું અને પછી તે અન્ન ખાવાના કામમાં લેવું''.

''જે અન્ન ઉપર છીક ખાવામાં આવી હોય તથા કેશ પડેલા હોય, પતંગીયું પડેલું હોય, કીડાઓ પડેલા હોય, રજસ્વલાએ જોયેલું હોય, યા પતિત માણસે(મહાપાપ કરનારે) જોયેલું હોય તો અલાત(ઉમ્બાડીયું) રાખ, જલ તથા [1]સોનાના જલથી સ્પર્શ કરી ભક્ષણ કરવા લાયક તે અન્ન થાય છે''

એમ મનુ કહે છે. અહીં 'માખી' શબ્દથી કાળી માખી સમજવી. બૌધાયન કહે છે કે ''હવિના દેષોમાં કાળી માંખી, શાતિકા નામની માખી, માંકડ, વસ્ત્ર, મસ્તકની જુ આટલા

પદાર્થો ગણેલા છે'' આમ અપરાર્ક પણ કહે છે. માટે સદાચારચન્દ્રોદયમાં વાક્ય છે કે ''મક્ષિકા(માખી) વિગેરેને અદુષ્ટપણું છે. માખી, દંશ(ડાંસ), મચ્છર, ઘુણ(કાષ્ઠનો કીડો), ઝીણી-ઝીણી કીડીયો અને સડેલા માંસનો કીડો આટલા પદાર્થો દોષને પેદા કરનારા થતા નથી'' એમ કહ્યું છે. અપરાર્ક એમ કહે છે કે અપવિત્ર પદાર્થમાં ફરનારો કીડો એમ અર્થ કરવો. બૌધાયન કહે છે કે

> ''કેશ, કીટ, નખ, રૂવાડાં, ઉંદરની વિષ્ઠા આટલા પદાર્થ અન્નમાં જો જોવામાં આવે તો તેટલો ભાગ અન્નનો ત્યાગ કરી બાકી રહેલા અન્ન ઉપર જલથી પ્રોક્ષણ કરવું. અને ભસ્મથી સ્પર્શ કરી પ્રશસ્ત વચનથી ગ્રહણ કરી 'ભૈંર્ભૈવઃ સ્વ'' આ શબ્દો મુખથી બોલી ધ્યાન કરવું. પછી તે અન્નથી ભોજન કરવું''

એમ કહેલું છે. સદાચારચન્દ્રોદયમાં ચામડી અને કેશ આ બે બાબત વધારે કહી છે. એમજ યાજ્ઞવલ્ક્યનું પણ કથન છે. ગૌતમ કહે છે કે કેશ, કીટ સાથે પાકેલું અન્ન સર્વથા ભોજન કરવા લાયક નથી એમ નિર્ણયામૃતમાં કહેલું છે. મિતાક્ષરમાં પણ એમ જણાવેલું છે. એ યુક્ત પણ છે. કેમકે જો એમ ન હોય તો પરસ્પર વચનનો વિરોધ આવે.

ગાયે સુંઘેલા અન્નની પણ એજ વ્યવસ્થા જાણવી. માર્કણ્ડેયપુરાણમાં લખ્યું છે કે ''ગાયે સુંઘેલું હોય તથા કેશ, માખી અને કીટ થી દૈંષિત હોય તો તે અન્નની શુદ્ધિ જલથી, રાખથી, માટીથી કરવી''. યાજ્ઞવલ્ક્યે પણ એમજ જણાવેલું છે. પરાશર કહે છે કે

> ''પાકેલું અન્ન [2]દ્રોણભારથી વધારે હોય અને કૈંતરાં-કાગડાના સ્પર્શવાળું હોય તો પણ તે અન્નનો ત્યાગ કરવો નહીં અને તેની શુદ્ધિમાટે બ્રાહ્મણોને પ્રશ્ન કરવો. અને જેમ તેઓ કહે તેમ કરવું. અને જો કૈંતરાં, કાગડા વિગેરેનું ચાટેલું હોય તો તથા લાળવાળું હોય તો તેટલો ભાગ છોડી દઈ આઠ હજાર ગાયત્રીમન્ત્રથી પવિત્ર થયેલા જલથી પ્રોક્ષણ કરી અને મન્ત્રથી ચોતરફ અગ્નિ ફેરવી પછી તે અન્ન ભક્ષણ કરવા લાયક થાય છે એમ જાણવું''.

આ બાબતમાં જમદગ્નિ કહે છે કે દ્રોણ ભાર માત્ર(આઠ હજાર બસો છપન પલ) પાકેલું અન્ન કૈંતરું-કાગડો વિગેરેએ સ્પર્શ કરેલું અને કશ-કીટવાળું પણ અન્ન આ પ્રમાણે શુદ્ધ થાય છે. એમજ વેચાણથી લીધેલું હોય તો પણ વિદ્વાનો કહે છે કે આજ પ્રમાણે શુદ્ધિ કરવી. પરન્તુ બે વાર પાકેલું તથા પીરવામાં આવ્યું હોય તેવું અન્ન [3]શુક્તાદિ ક્યારે પણ પવિત્ર થતું નથી. અહીં 'દ્રોણ' શબ્દનો અર્થ આઠ હજાર બસો છપ્પન (૮૨૫૬) પલ સમજવો. ગૌતમઋષિ કહે છે કે અપરાર્ક, મર્યાદાસિન્ધુ, હેમાદ્રિ ગ્રન્થોમાં યમ અને મનુ કહે છે કે [4]દેવદ્રોણીમાં, વિવાહમાં, યજ્ઞમાં, ઉત્સવોમાં કાગડા-કૈંતરાઓએ

સ્પર્શ કરેલું જે અન્ન તે અન્નનો ત્યાગ કરવો નહીં. જેટલા અન્નને દૈંષિતપણાનો દોષ લાગુ પડ્યો હોય તેટલા અન્નનો ત્યાગ કરી બાકીના અન્નને સંસ્કાર કરી શુદ્ધ કરવું. ઘાટા પદાર્થોને પ્રોક્ષણ કરવાથી શુદ્ધિ કરવી. પાતળા પદાર્થોની તાપ આપી શુદ્ધિ કરવી. જલની અગ્નિ તથા ઘી ના સ્પર્શથી શુદ્ધિ કરવી. છાગના(બકરાના) મુખનો સ્પર્શ થવાથી પવિત્ર થાય છે એમ જાણવું. 'દેવદ્રોણી' શબ્દથી દેવયાત્રા એવો અર્થ કરવો એમ અપરાર્કનું કથન છે અથવા પૈંર્વોક્ત અર્થ મર્યાદસિન્ધુમાં લખ્યો છે આ અર્થથી ઘણું અન્ન એવો અર્થ દેખાડવામાં આવે છે. મર્યાદસિન્ધુમાં 'પ્રકૃત' એ શબ્દનો અર્થ ઉત્સવ એમ કર્યો છે.

(૧.સુવર્ણના સ્પર્શવાળું જલ. ૨.દ્રોણ શબ્દથી આઠ હજાર બસો છપન પલ સમજવા. પલ એટલે ચાર તોલા. ૩.સ્વભાવથી મીઠા રસો હોય અને કાલે કરી ખાટા થઈ જાય તે. ૪.દેવતાના નૈવેદ્યમાટે જે સ્થલમાં ઘણુંક અન્ન રાંધવામાં આવે તે.)

૨૧. ઘી, દૂધ વિગેરેની શુદ્ધિ કરવાનો વિચાર :

''ઘી, દૈંધનો વિકાર એટલે દૈંધની કાંઈ પણ ચીજ બાસુંદી વિગેરે, દૈંધ, શેરડીનો રસ, ગોળ, શૈંદ્રના વાસણમાં રહેલી છાશ તથા મધ આટલી ચીજો દૈંષિત થતી નથી''. ઉપર કહેલી ચીજો પવિત્ર ખરી પણ જે પાત્રમાં તે રાખવામાં આવે તે જો પાત્ર જ અપવિત્ર હોય તો તે પાત્ર બાબત જુદી શુદ્ધિ કરવી. તે શુદ્ધિ આટલી જ કે જે પાત્રમાં તે ચીજ હોય તેમાંથી બીજા પાત્રમાં તે ચીજ નાખવી.

આધાર દોષની બાબતમાં શંખ કહે છે કે દ્રવ(પાતળો પદાર્થ રસાદિ) એક પાત્રમાંથી બીજા પાત્રમાં નાખવો. તે ચીજો એ કે ઘી, દૈંધનો કાંઈ વિકાર, દૈંધ, શેરડીનો રસ, ગોળ.

ભક્ષ્ય-અભક્ષ્ય બાબત લખ્યું છે કે ''બેલપાસે જવાની ઈચ્છા કરનારી ગાયનું તથા વાછડાવિનાની ગાયનું દૈંધ નહી લેવું જોઈએ. એમજ ઉંટણીનું દૈંધ એક ડાબલાવાળા જનાવરનું દૈંધ, સ્ત્રીનું દૈંધ, અરણ્યના જાનાવરોનું દૈંધ તથા ગાડરનું દૈંધ લેવું નહીં''.

યાજ્ઞવલ્કયે સામાન્યપણાથી ઉપર કહેલાં દૈંધનો નિષેધ કરેલો છે. છતાં પણ હારીત કહે છે કે

> ''જે ગાયને બેલપાસે જવાની ઈચ્છા હોય તે ગાયનું અથવા જે ગાયે ગર્ભ ધારણ કર્યો હોય તેનું દુગ્ધ પાન કરવું નહીં. રૂતુપણાવાળી હોવાથી હતવત્સા(જેનો વાછડો મરી ગયો છે તેવી ગાય)નું પણ દૈંધ તે ગાય વાછડાના શોકવાળી હોવાથી લેવું ન જોઈએ. તેમજ દુઝણી ગાય વાછડા વિનાની હોય તો પણ તેનું પણ દૈંધ પીવાના કામમાં લેવું ન જોઈએ. જેમ કોઈ ખાવા બેઠેલા માણસ પાસેથી તેનું અન્ન ઝૈંટી લઈ કોઈ ખાય તેની માફક વાછડા વિનાની ગાયનું દૈંધ પણ સમજવું. એમજ નવીન પ્રસૈંતા થયેલી

ગાયનું પણ દૈંધ ન લેવું. કારણ કે રજોદોષવાળું તે હોય છે. માટે
સાત રાત પછી તે નવપ્રસૈંતાનું દૈંધ લેવું એમ કોઈનો મત છે. દશ
રાત્રિ પછી દૈંધ કામમાં આવે એમ બીજા કોઈ કહે છે એક માસ
પછી અમૃતરૂપ થાય છે એમ ધર્મના જાણનારાઓ કહે છે''.

આમ હારીતનું વચન છે. આ વચનની વ્યાખ્યા 'શ્રાદ્ધહેમાદ્રિ' નામના ગ્રન્થમાં લખી છે. મૈંલ ગ્રન્થમાં 'વૃષસ્યન્તી' પદ છે આ ઉપરથી જ જે ગાયને મૈથુનની ઇચ્છા મટી ગઈ હોય તેવી ગાયનું દૈંધ લેવાને હરકત નથી એમ જાણવું. જે ગાયનો, ભૈંલી જવાથી, વાછડાનો શોક મટી ગયો હોય તેવી ગાયનું દૈંધ પીવામાં અડચણ નથી. જીવતો વાછડો હોય અને દૈંધ દોવા ટાણે દૈંધના લોભથી એક બાજુ તેને બાંધી રાખે અને દૈંધ બધૈં દોઈ લેવામાં આવે તો તે દૈંધ વાછડાલાયક ન થવાને લીધે ઉપયુક્ત થતું નથી, કારણ કે લોભી માણસ હોય તે વાછડાનો ભાગ દૈંધનો રાખતો નથી. માટે તે દૈંધ અપવિત્ર છે એમ જાણવું. તેમાં દષ્ટાન્ત જેમ કે કોઈ માણસ જમતો હોય અને હઠથી તેનું અન્ન લઈ લેવામાં આવે અને પોતે જમી જાય તેમ તે જાણવું. તેમજ નવીન પ્રસૈંતા થયેલી ગાયનું પણ દૈંધ લેવાય નહીં. કારણ કે રૂતુપણું હોય છે માટે નવીન પ્રસૈંતા થયેલી ગાયમાટે ઉપર લખ્યા ત્રણ પક્ષો જણાવ્યા છે. તે પક્ષોમાં જે પક્ષમાં રજોનિવૃત્તિનો નિશ્ચય થાય તે પક્ષનો સ્વીકાર કરવાથી તે દૈંધનો ઉપયોગ કરવામાં ધર્મની હાનિ થતી નથી. જે ગાયનો વત્સ નષ્ટ થયો હોય તે ગાયને ખોળ વિગેરે ખવરાવવાથી જો વત્સના શોકની નિવૃત્તિ માલુમ પડે અને મરી ગયેલા વાછડાને લીધે જો તે તેને સુંઘે કરે નહીં એમ જો બને તો તે ગાયનું દૈંધ શુદ્ધ સમજવું. અને નવીન પ્રસૈંતા ગાયને દશ દિવસ જ્યારે થાય ત્યારે ઘણું કરીને હમણા શુદ્ધિનો અનિકાર કરવામાં આવે છે પરન્તુ સાત રાત સુધી ગાયના દૈંધનો અનીકાર કરવામાં આવતો નથી, પરન્તુ સાત રાત પછી જ્યારે રજની નિવૃત્તિનો સંસર્ગ નષ્ટ થાય ત્યાર પછી શુદ્ધ જાણવું, માસ પૈંર્તિની કાંઈ જરૂર નહીં.

વાછડા વિનાનું જે દોહન કરવું તે બાબતમાં તો એમ જાણવું કે જ્યાં સુધી વાછડું દૈંધની ઇચ્છા કરે છે, ઘાસ વિગેરે ખાતાં નથી આવડ્યું અને દૈંધ વિના બીજા પદાર્થથી તૃપ્ત થતું નથી તો પછી તે વાછડાને માટે યોગ્ય આહાર રાખી તે પછી દોહન કરવામાં આવે તો તે દૈંધ શુદ્ધ છે એમ સિદ્ધ થાય છે.

તેમજ એકી સાથે બે પ્રજાને ઉત્પન્ન કરનારી ગાયનું દૈંધ પણ ગૌતમ કહે છે કે લેવું યોગ્ય નથી. તેમાં કોઈ હેતુ ગ્રન્થકાર જણાવતા નથી. એમજ ગર્ભવતી ગાયનું દૈંધ લેવામાં દુગ્ધના સ્રાવને લીધે આંચળોમાં પીડા થતી હોય છે માટે તેમજ જોડલાને પેદા કરનારી ગાયના દૈંધમાટે એવું કારણ દેખાય છે કે જો દૈંધ કાઢી લેવામાં આવે તો બે વાછડાંની ભૈંખ પૈંર્ણપણે શાન્ત ન થાય માટે તે દૈંધ ઉપર વાછરડાંની સત્તા છે માટે દોષ લાગતું હશે એમ અમને ભાસે છે.

જે ગાયના દૈંધની મનાઈ છે તો તે ગાયના બીજા પણ પદાર્થો ન લેવા એમ

મિતાક્ષરામાં લખેલું છે. છતાં ગોમૈંત્ર તથા ગોબર ની મનાઈ ન હોવી જોઈએ. જો કે મિતાક્ષરામાં એમ લખ્યું છે તો પણ અમને એમ ભાસે છે કે જ્યાં સુધી રજોદોષ હોય ત્યાં સુધી ગોમૈંત્રાદિકનો નિષેધ માનવો જોઈએ.

બ્રહ્મપુરાણમાં લખ્યું છે કે ''દ્રાક્ષા(ધ્રાખ)નો રસ, શેરડીનો રસ પહેલે દિવસે તરતમાં શુદ્ધ રહે છે. તેમજ યતિ બ્રહ્મચારીએ માંગેલી ભિક્ષા પણ પવિત્ર જાણવી''. તે બાબતમાં અપરાર્કમાં મનુએ જણાવ્યું છે કે ''બ્રહ્મચારીએ માંગેલી ભિક્ષા નિત્ય પવિત્ર છે એમ સ્થિતિ છે''. અહીં 'બ્રહ્મચારી' શબ્દથી જેને ભિક્ષા માગવાને શાસ્ત્રમાં આજ્ઞા કરેલી છે તેવો બ્રહ્મચારી જાણવો. ભિક્ષાના અધિકારીઓ મનુએ ગણેલા છે તે આ પ્રમાણે છે :

> ''સાન્તાનિક(સન્તાનમાટે જ વિવાહ કરનાર), યજન કરનાર, રસ્તામાં ચાલનાર, સર્વવેદસ(સર્વ આપી દેનાર એટલે જેણે સર્વ ઘરની ચીજો ઘર વિગેરે બીજાને જેણે પરમેશ્વર પ્રીત્યર્થ આપી દીધેલ છે તેવો માણસ), ગુરુ, માતા, પિતા, સ્વાધ્યાયમાટે ભિક્ષા માગનારો, રોગી –આટલા ધર્મને માટે ભિક્ષા માગનારા બ્રાહ્મણોને સ્નાતક તરીકે કહેવાય છે માટે તેઓની ભિક્ષા દૈંષિત થતી નથી''.

રસ્તામાં ફરવા વિગેરેથી જ્યાં સુધી ભિક્ષા પૈંર્ણ ન થઈ હોય ત્યાં સુધી અપવિત્રના સંસર્ગથી પણ બ્રહ્મચારીની ભિક્ષા અપવિત્ર થતી નથી. માટે જ એ બાબત વિના વશિષ્ટ શુદ્ધિ કહે છે.

ખાવાલાયક પદાર્થોમાં ફરતાં કદાચિત્ ઉચ્છિષ્ટનો સ્પર્શ થાય તો હાથમાં જે પદાર્થ હોય તે જમીન ઉપર રાખીને આચમન કરી ફરીથી ફરવા જવું. અહીં અપવિત્રના સંસર્ગથી આચમન કરવારૂપ શુદ્ધિ લખી છે તે 'ઉચ્છિષ્ટ'શબ્દથી કહેવામાં આવે છે. ખાવાલાયક પદાર્થો એ શબ્દથી દરેક ભિક્ષામાં તેમ નહીં સમજવું. ત્યારે પિરસવાની બાબત વિગેરેમાં જાણવું. અર્થાત્ પીરસતાં-પીરસતાં જો એઠાનો સંસર્ગ થઈ જાય તો પીરસવાની ચીજ બાજુ ધરી આચમન કરવું. પછી પુનઃ કાર્ય શરૂ કરવું એમ સમજવાનું છે. વળી મનુ કહે છે કે ''હાથમાં કાંઈ ચીજ હોય અને જો એઠાનો સ્પર્શ થાય તો તે હાથમાં રહેલી ચીજ પણ ન છોડી દેતાં એટલે જમીન ઉપર ન રાખતાં આચમન કરવાથી તે માણસ પવિત્ર થાય છે''. પરન્તુ આ વચન વસ્ત્ર વિગેરેથી જુદી-જુદી ચીજો હાથમાં હોય તો તે બાબતસર છે એમ જાણવું. વળી બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે ''પીરસનારને ઉચ્છિષ્ટ શૈંદ્રનો સ્પર્શ થાય તો હાથમાં જે ચીજ હોય તે ચીજ બીજાને આપી દેવી પોતે ભક્ષણ ન કરવી''. આ પરથી એમ નક્કી થાય છે કે શૈંદ્ર સિવાય જો કોઈ બીજો માણસ સ્પર્શ કરે તો દોષ નથી એમ તે બ્રહ્મપુરાણના વચનનો આશય છે એમ અપરાર્કમાં જણાવેલું છે એમ જાણવું.

> સદાચારચન્દ્રોદયમાં મનુ તથા વશિષ્ટ નું વચન લઈ જણાવ્યું છે કે

''જો પદાર્થ એવો હોય કે જે અન ઉપર ધારણ કરી શકાય તો ધારણ કરીને જ આચમન કરવું. અથવા ઉચ્છિષ્ટનો સ્પર્શ જેને થયો હોય એવો આચમન કરવા લાયક માણસ, ભક્ષણ કરવા લાયક પદાર્થ, ન હોય તો જમીન ઉપર ન રાખતાં આચમન કરી પવિત્ર થવાય છે અને જો ખાવા લાયક પદાર્થ હોય તો જમીન ઉપર રાખી આચમન કરી તે ચીજ ઉપર પ્રોક્ષણ કરી ગ્રહણ કરવી''.

પ્રથમ કહેલાં બે વચનોમાં ઉચ્છિષ્ટ કર્મક સ્પર્શ તથા ઉચ્છિષ્ટકર્તૃક સ્પર્શ દોષ પુરુષને લાગુ પડે છે અને શુદ્ધિ પણ તેની જ કહી છે. પરન્તુ તે ઉચ્છિષ્ટના સમ્બન્ધથી પુરુષના હાથમાં રહેલું દ્રવ્ય દુષ્ટ થતું નથી, કારણ કે ફરીથી ફરવામાટે નીચે ન રાખવાને જણાવ્યું છે તેથી એમ ભાસે છે. તેમ દ્રવ્યનો ત્યાગ કરવાને પણ જણાવ્યું નથી એવો બે ગ્રન્થનો તાત્પર્ય છે. આ પરથી એમ જણાય છે કે ખાવા લાયક પદાર્થને બીજે ઠેકાણે મોકલાવવામાં પણ સાક્ષાત્ સ્પર્શ ન થાય તો દોષ નથી જ. અપવિત્ર પદાર્થનો સ્પર્શ થાય તો ત્યાગ કરવો એ શિષ્ટાચારથી ભાસે છે.

વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે ''શૈંદ્રનું અન્ન ઘરમાં જો આવે તો પ્રોક્ષણ કરી વિદ્વાન માણસે ગ્રહણ કરવું. આ પરથી એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે અપવિત્ર પદાર્થનો તે અન્નને સ્પર્શ થાય તો તેનો ત્યાગ જ કરવો જોઈએ, બીજો નિશ્ચય થતો નથી''.

વળી સદાચારચન્દ્રોદયમાં લખે છે કે અંગિરાઋષિ કહે છે કે ''વગડામાં જે ઠેકાણે જળ ન મળી શકે ત્યાં રાત્રે ચોર-વાઘવાળા રસ્તામાં કદાચિત્ પેશાબ-દસ્ત કરવામાં આવે અને હાથમાં કાંઈ પદાર્થ હોય તો દૈષિત થતો નથી''. અહીં 'દ્રવ્ય' શબ્દથી અન્ન પણ લઈ શકાય છે. પ્રથમ શૌચ કરી, હાથ-પગ ધોઈ, જલનો સ્પર્શ કરી, ગ્રહણ કરેલા પદાર્થને પ્રોક્ષણ કરી પવિત્રતાને પ્રાપ્ત થવાય છે. હલાયુધમાં હારીત કહે છે કે

> ''દ્રવ્ય હાથમાં હોય અને દસ્ત-પેશાબ કરવામાં આવે તો અન્ન જમીન ઉપર રાખી, યથાવિધિ દસ્તે જઈ, જલનો સ્પર્શ કરી, પક્વ અન્ન લઈ લેવું. તે પવિત્ર તરીકે થાય છે. ઘીથી પાકેલું અન્ન પક્વ અન્ન પુરુષના સંયોગથી જેમ અપવિત્ર થાય છે. તેમજ જમીન ઉપર રાખી, હાથ-પગ ધોઈ, આચમન કરી, ફરીથી તે ઉપર પ્રોક્ષણ કરી પવિત્ર થાય છે. પુષ્પ, ઘાસ વિગેરે હોય તો હવિ(ઘી) અથવા અગ્નિમાં હોમવા લાયક પદાર્થથી તે ઉપર પ્રોક્ષણ કરવું''.

માર્કણ્ડેય ઋષિ કહે છે કે

> ''જમીન ઉપર દ્રવ્ય ન રાખીને પણ શૌચ કરવામાં હરકત નથી. જે માણસે પકવાન્ન ગ્રહણ કરેલ છે તેવા માણસે જો પેશાબ અથવા દસ્ત કરી હોય, અને તે પકવાન્ન પોતાના

મસ્તક-ખભા વિગેરે અન ઉપર રાખવામાં આવ્યું હોય તો પણ યથાન્યાય દસ્ત કરી યથાવિધિ જલનો સ્પર્શ કરી (એટલે હાથ-પગ ધોઈ) તે અન્ન ઉપર પ્રોક્ષણ કરી તેમાંથી એક ગ્રાસ જુદો કાઢી સૈંર્યદર્શન કરાવી તે ગ્રાસનો ત્યાગ કરવો. બાકીનો ભાગ શુદ્ધિપણાને પ્રાપ્ત થાય છે''

આ પ્રમાણે તે ઠેકાણે લખ્યું છે. આ ઉપરથી એમ નક્કી-નિર્ણય થાય છે કે પેશાબ કરવામાં તથા દસ્ત કરવામાં જ્યારે દોષ લાગુ પડતો નથી, ત્યારે ઉચ્છિષ્ટના સ્પર્શમાં તો ક્યાંથી જ દોષ લાગુ પડે? વળી પકવાન્ન શબ્દનો અર્થ એમ લખ્યો છે કે ઘીથી પાકેલું અન્ન તે પકવાન્ન તરીકે કહેવામાં આવે છે તે પણ યોગ્ય જ છે. કારણ કે ગ્રહણમાં રાંધેલું અન્ન કામમાં નથી આવતું. આ પ્રમાણે મનાઈ કરી છે તો પણ શાસ્ત્રમાં લખ્યું છે કે ''આરનાલ(કાંજી), દૈંધ, છાસ, દહીં, તેલ, ઘીથી પાકેલું અન્ન, મોટા માટીના વાસણમાં રહેલું જળ આટલી ચીજો રાહુના સૈંતકમાં અપવિત્ર થતી નથી''. અહીં ઘીથી પાકેલા અન્નને દૈંષિતપણું ન હોવાને લીધે પવિત્રપણું યોગ્ય છે.

વાયુપુરાણમાં ચાતુર્માસ્ય માહાત્મ્યમાં અને અપરાર્કમાં આપસ્તમ્બ કહે છે કે સંસ્કાર વિનાનું આણેલું અન્ન 'અપ્રયત' તરીકે કહેવાય છે અને તે ભક્ષણ કરવા લાયક થતું નથી, પરન્તુ શૈંદ્રના સંસર્ગવાળું અન્ન અભોજ્ય નથી. જે અન્નમાં વાળ અથવા કાંઈ અપવિત્ર પદાર્થ પડ્યો હોય, અથવા અપવિત્ર પદાર્થમાં રહેનારો કીડો પડ્યો હોય, અથવા ઉંદરની લીંડી યા ઉંદરનું પૈંછ પડ્યું હોય અથવા તે અન્ન વસ્ત્રના કાંઈક દોષવાળું થયું હોય, શ્વાનના દોષવાળું થયું હોય, અથવા અપાત્રે દીઠેલું હોય, યા દાસીએ લાવવામાં આવ્યું હોય, નક્ત અન્ન હોય, ભોજન કરનારને શૈંદ્રનો સ્પર્શ થયો હોય, અથવા જે લાયક ન હોય તેવા સાથે, સમાન પઙ્ક્તિમાં, ભોજન કરનારાઓમાં અથવા ન ઉઠીને ઉચ્છિષ્ટ આપવામાં આવે, અથવા આચમન કરવામાં આવે, ખરાબ શબ્દો બોલીને અન્ન આપવામાં આવે, યા માણસોએ સુંઘેલું હોય, અથવા અપવિત્રોએ દીધેલું હોય, તો તે અન્ન અપ્રયત તરીકે સમજવું, પરન્તુ અભોજ્ય તરીકે જાણવું નહીં. માટે અપ્રયત અન્નને અગ્નિનો સ્પર્શ કરાવવો(એટલે અગ્નિ ચોતરફ ફેરવવો), પ્રોક્ષણ કરવું, સુવર્ણનો સ્પર્શ કરાવવો, ગાડરના મુખનો સ્પર્શ કરાવવો, એટલે તે અન્ન અપ્રયત મટીને પ્રયત બને છે અને પછી ભોજન કરવા લાયક થાય છે.

અપવિત્ર શૈંદ્રનો જો સ્પર્શ થાય તો ભોજનના કામમાં તે અન્ન આવતું નથી. અહીં એમ સમજવું કે અપ્રયત અન્નને જો શૈંદ્રનો સ્પર્શ થાય તો ભોજનમાં તે અન્ન ઉપયુક્ત થતું નથી અને પ્રયત અન્ન પકવાન્ન હોય અને શૈંદ્રના સ્પર્શવાળું હોય તો ભોજન કરવાની આજ્ઞા જો કે પ્રાપ્ત થાય છે, તો પણ શિષ્ટ લોકો ભગવત્પ્રસાદને માટે તે આજ્ઞાનો આદર કરે છે, બીજા અન્નને માટે તે આજ્ઞા સ્વીકારતા નથી. કહે છે કે કલિયુગમાં ભગવત્પ્રસાદ સિવાય તેવી જાતનું પકવાન્ન પ્રયત હોય તો પણ ભોજન કરવા લાયક નથી,

સદાચારને કલિયુગમાં સ્મૃતિના વચન કરતાં પ્રબલપણું છે.

૨૨. ઘીથી પાકેલા પદાર્થોનો ભક્ષણ કરવા ન કરવાનો વિચાર

''શૈંદ્રદ્વારા સંસ્કારેલું, ઘીથી પાકેલું, તેલથી પાકેલું, ગળ્યું અન્ન તથા શૈંદ્રે ભુંજેલો સતવો વિગેરે બ્રાહ્મણોને ભક્ષણ કરવા લાયક નથી''. આ પ્રમાણે બ્રહ્મવૈવર્તના શ્રીકૃષ્ણજન્મ ખણ્ડમાં કહેલું છે.

સુમન્તુઋષિ અને અંગિરાઋષિ કહે છે કે ''શૈંદ્રને ત્યાંથી આવેલો ગોરસ તથા સતવો, તેલ, સાનિ(સાનિ એટલે તેલવાળા ઘાણીમાં કુટાયેલા અરધા કચરાયેલા તલ), માલપૈંવા, દુધની કાંઈ ચીજ ભક્ષણ કરવામાં અડચણ નથી''.

મનુ પણ કહે છે કે ''ભાડભુંજીયાની દુકાનમાં ભુંજાયેલાં કાંઈ અન્નો, તેલથી પાકેલાં અન્નો, દૈંધની ચીજો, દહીં, સતવો આટલી ચીજો શૈંદ્રના અન્નને ન ખાનાર બ્રાહ્મણ વિગેરેના ખાવામાં પણ અડચણ નથી''.

શંખ પણ કહે છે કે ''દૈંધવાળાં યા દૈંધમાં બનેલા પૈંવા, સતવો, ઘાણી, છાશ, દહીં, ઘી, મધ આટલી ચીજો બજારમાંની ભક્ષણ કરવાલાયક છે, પણ જો વાસણને લેપ થવામાં ન આવ્યો હોય તો''.

એટલે બજારના વાસણો અરધા અપવિત્ર હોય છે, લેપવાળા(મશવાળા) હોય છે માટે આ વચન આપત્તિકાળનું છે. જો એમ ન હોય તો શૈંદ્રના અન્નના ભોજનનું નિષેધ કરનારા વાક્યનો વિરોધ આવે. ''બજારનું અન્ન ન ખાવું'' એ પ્રમાણે શંખના વચનનો પણ વિરોધ આવે એમ અપરાર્કનું કથન છે.

સદાચારચન્દ્રોદય તો આ વચનો લખીને આમ લખે છે કે શૈંદ્રના ગોરસ વિગેરે શૈંદ્રના ઘરથી બીજે ઠેકાણે લઈ જઈ ભક્ષણ કરવાં. ''ઘી, તેલ, દૈંધ, ગોળ તથા તેલ થી પાકેલું અન્નાદિ શૈંદ્રના ઘેરથી આવેલું બ્રાહ્મણ નદીને કીનારે લઈ જઈ ભોજન કરે'' એમ પરાશરે કહ્યું છે. કોઈ એમ કહે છે કે લવણ વિનાનું સ્નેહપક્વ(તેલથી પાકેલું) અન્નાદિ સચ્ચૈંદ્રનું ખાવું. આ કથનથી પૈંર્વોક્ત વચનોનો અવિરોધ છે. નિર્ણયામૃત કહે છે કે પ્રથમ કહેલા વચનોથી પકવાનનું અભક્ષ્યપણું જાણવું. 'દિનકરોદ્યોત' ગ્રન્થમાં કહ્યું છે કે શૈંદ્ર જાતિમાં દાસ, ગોપાળ, કુલમિત્ર(કોઈ તરહની શૈંદ્રની જાત) અને અર્ધસીરિ(કોઈ તરહની શૈંદ્રની જાતિ) આટલા શૈંદ્રોનું અન્ન ગ્રહસ્થને ખાવાલાયક, તીર્થયાત્રામાં અથવા અતિ દૈંર દેશમાં, કહ્યું છે. પરન્તુ તે કાર્ય કલિયુગમાં ન કરવું. આ નિષેધ કલિયુગમાં જ ગ્રહસ્થને માટે જ કરેલ છે, યતિ કે બ્રહ્મચારી ને નિષેધ નથી. અને આ મનાઈ પાક બાબતનો છે. બ્રાહ્મણ વિગેરેને શૈંદ્રને ત્યાં પાક કરવાની મનાઈ છે. માટે તેમ ન કરવું જોઈએ. તેથી આ મતને અનુસરીને કલિયુગમાં શૈંદ્રે રાંધેલું અન્ન, ગ્રહસ્થબ્રાહ્મણ વિગેરેએ ભોજન કરવું નહીં. બ્રાહ્મણાદિદ્વારા રાંધેલું અન્ન તો ખાવામાં હરકત નથી. અને બ્રહ્મચારી વિગેરેને તો તેણે રાંધેલું અન્ન ભોજન કરવા લાયક છે એમ જણાય છે.

અહીં મને તો (ગ્રન્થકાર શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે) આ બાબતમાં એમ ભાસે છે કે દેવલઋષિએ એમ કહ્યું છે કે ''સ્વદાસ, જાતિનો શૈંદ્ર, હજામ, ગોવાળ, કુમ્ભાર, ખેડુ આટલા શૈંદ્રોને ઘેર બ્રાહ્મણોએ ભોજન કરવું''. વળી યાજ્ઞવલ્ક્ય કહે છે કે ''શૈંદ્રોમાં દાસ, ગોપાલ, કુલમિત્ર, અર્ધસીરિ, નાઈ અને જે શૈંદ્ર પોતાનો આત્મા પણ નિવેદન કરે તેવાઓનું અન્ન ભોજન કરવા લાયક છે''. હારીત પણ જણાવે છે કે 'કુલ' નામક શૈંદ્ર, 'મિત્ર' નામક શૈંદ્ર, કુલપુત્ર, એટલે જેના કુલમાં પ્રાયઃ પુત્ર જ જન્મ પામતો હોય તેવો, ભિક્ષા માંગવા આવે તેને ભિક્ષા આપનારો શૈંદ્ર, શિષ્યક, સુહૃત્, ભયથી રક્ષા કરનારો, આવા શૈંદ્રોનું અન્ન ભોજન કરવા લાયક છે કે જ્યાં અન્તઃકરણ પ્રસન્ન રહે''. આ પ્રમાણે અપરાર્કમાં અનેકોને ભોજન કરવા લાયક એમનું અન્ન છે એમ જણાવ્યું છે. અને કલિયુગમાં અમુક નહીં કરવું તેની ગણનામાં દાસ વિગેરે ચારનું કથન છે. માટે તે સિવાયના બીજા શૈંદ્રોનું અન્ન ભક્ષણ કરવામાં હરકત નથી જણાતી, તો પણ એવાં વચનો છે કે શૈંદ્રનું અન્ન સ્વર્ગને આપનારું નથી. ''લોકવિદ્વિષ્ટ(મનુષ્યો જેનો દ્વેષ કરે તેવું) અન્ન છે માટે તેવી જાતના ધર્મનું આચરણ ન કરવું'' એવું નિષેધ(મનાઈ) વચન છે, પરન્તુ તે નિષેધ વચન પકવાન્ન ભોજન સમ્બન્ધી છે, માટે શૈંદ્રનું પકવાન્ન નહીં લેવું. દૈંધવાળું, શેરડીના રસસમ્બન્ધી, ફલાદિક ભોજન કરવામાં હરકત નથી માટે લેવું. માટે જ મનુ પણ કહે છે કે શૈંદ્રનું પકવાન્ન ભોજન કરવું નહીં. વળી ''જેમ નદીનું જળ એક સમયમાં પીવા લાયક થતું નથી અને બીજા સમયમાં પીવા લાયક થાય છે. તેમ અન્ન-પાન વિધિપૈંર્વક દ્વિજ વિગેરેના પાત્રમાં જો આવે તો તે દૈંષિત થતું નથી'' એમ અપરાર્કમાં સ્મૃત્યન્તર છે. સદાચારચન્દ્રોદયમાં વળી કહ્યું છે કે ''જેમ નદીજલ પવિત્ર થઈ જાય છે. એટલે અપવિત્ર હરેક જલ પણ નદી જલમાં જ્યારે ભળી જાય ત્યારે જેમ પવિત્ર થાય છે તેમજ શૈંદ્રથી બ્રાહ્મણના ઘરમાં આવેલું અન્ન પવિત્ર થઈ જાય છે''. વળી બીજું વચન છે કે ''ત્યાં સુધી શૈંદ્રનું અન્ન અપવિત્ર રહે છે જ્યાં સુધી બ્રાહ્મણના હસ્તનો તે અન્નને સ્પર્શ નથી થતો''. અર્થાત્ બ્રાહ્મણના હાથનો સ્પર્શ થવાથી સર્વ પવિત્ર થાય છે એમ પરાશરનું પણ વચન છે.

આ પરથી એમ જણાય છે કે સચ્છૈંદ્રના ઘરનું અન્ન, શૈંદ્રના ઘરમાં એટલે સચ્છૈંદ્રના ઘરમાં બ્રાહ્મણે રાંધેલું હોય અને બ્રાહ્મણ પવિત્ર રીતથી લઈ આવે અને દ્વિજના પાત્રમાં આપે યા રાખે તો તે અન્ન દૈંષિત થતું નથી. તેમજ સાથવો, ધાણી વિગેરે શૈંદ્રના ઘરના પાકેલા લોકદ્વેષ ન થતો હોય તો તે પણ દૈંષિત નથી. તથા જે શૈંદ્રાદિકનુ અન્ન નહીં ખાવું જોઈએ તેવાઓના ઘેર પણ તેના ઘરમાંથી કાચું અન્ન લઈ બ્રાહ્મણ પોતે પોતાના પાત્રમાં રાંધી જો ભોજન કરે તો દોષ નથી.

સચ્છૈંદ્રનું લક્ષણ સદાચારચન્દ્રોદયમાં બૃહત્પરાશરે કહ્યું છે તે આ પ્રમાણે છે : ''શુદ્ધ વંશમાં પેદા થયેલો, મદ્ય-માંસ ન ખાનારો, ત્રિવર્ણની સેવા કરનારો, વૈશ્યની વૃત્તિ કરનારો 'સચ્છૈંદ્ર' કહેવાય છે''. પોતાને આપી દીધેલાં ઘરમાં બ્રાહ્મણ જ પાક કરે તો-તો બિલકુલ દોષ નથી. કારણ કે નિવેદન પછી તેટલો વખત શૈંદ્રની તે ઘરમાં સત્તા રહેતી નથી,

વાસ કરનાર બ્રાહ્મણની સત્તા રહે છે.

૨૩. જલની શુદ્ધિનો વિચાર

આ બાબતમાં મનુ લખે છે કે ''જમીનમાં રહેલા જે જલથી ગાયની તરશ છીપાય, અપવિત્ર પદાર્થથી અવ્યાપ્ત હોય અને શુદ્ધ ગન્ધ-રન વાળું હોય તે જલ શુદ્ધ સમજવું''. એમજ પથ્થરમાં રહેલું જલ પણ શુદ્ધ સમજવું.

વિષ્ણુ પણ લખે છે કે ''જમીનમાં રહેલું અથવા શિલામાં રહેલું જલ, ગાયની તૃષાને પૈંર્ણ કરનારું હોય અને અપવિત્ર પદાર્થના સંસર્ગવાળું ન હોય તો તે જલ શુદ્ધ જાણવું''. તેજ પ્રમાણે નદી વિગેરેમાંથી કાઢેલા, શુદ્ધ પાત્રમાં મૈંકેલું જળ પણ શુદ્ધ સમજવાં.

''શુદ્ધ પાત્રોમાં યથાવિધિ રાખેલાં જલ ઉત્તમ જાણવાં. અને જો તે પાત્રમાં રાખેલા જલ એક રાત્રિના વાસી થઈ ગયા હોય તો તે જલનો ત્યાગ કરવો'' એમ દેવલ વાક્ય છે.

અહીં ગાયની તૃપ્તિ પર્યન્તનું જલ સમજવું. માટે ઘણું જેમાં જલ હોય એવા નદી વિગેરે સ્થાનોથી બાહાર કાઢેલાં જલ રાત્રિવાસી હોય તો પણ દોષ નહીં એમ 'પારિજાત' નામનો ગ્રન્થકહે છે. અહીં પણ પ્રોક્ત જલની બાબત જાણવી. અહીં વાસી જલ કાઢી નાખવું એમ જણાવ્યું છે, પરન્તુ તીર્થવિનાનું તે જલ હોય તો તેમ કરવું. તીર્થનું જલ વાસી હોય તો પણ હરકત નહીં.

મર્યાદાસિન્ધુમાં લખ્યું છે કે ''કરકાદિ(કરવા-કરંડીયા વિગેરે)માં પણ રહેલું તીર્થનું જલ દૈંષિત થતું નથી''. ચરણામૃતની બાબતમાં પણ તેવુંજ જાણવું. કારણ કે તેને પણ તીર્થપણું છે માટે.

તેમજ અપરાર્કમાં દેવલ કહે છે કે ''અક્ષોભ્ય જલને એટલે નદી, તળાવ, વાવ ના જલને, પ્રસૃત જલને, મોટા વિસ્તારવાળા જલને, દૈંષણ લાગતું નથી. થોડા જલને અને બાહાર કાઢેલાં જલને ખરાબ પદાર્થથી દૈંષણ લાગે છે. જે કાંઠા પર અપવિત્ર યા ખરાબ સ્પર્શવાળો જલ હોય તો ત્યાંનું જલ ન લેવું''. અથવા ચાણ્ડાલ વિગેરે અપવિત્રના સ્પર્શવાળો માર્ગ હોય તો પણ તે ઠેકાણેથી જલ ગ્રહણ ન કરવું. કોઈ ઠેકાણે વધુ જલ હોય અને અપવિત્ર ગન્દાદિવાળું હોય, તો તે પણ દૈંષિત જાણવું.

બહાર કાઢેલાં જલને માટે યમ કહે છે કે

> ''વનમાં પ્રપા(જલસત્ર શાળા) જલનું સદાવ્રત, ઘડામાં રહેલું જલ, અથવા જલ કાઢવા સારું રાખેલો સર્વ સાધારણ ઘડો, પથ્થરનું સર્વને માટે રાખેલું પાત્ર અથવા કાષ્ઠનું જલપાત્ર, મસકનું જલ, આટલી ચીજોમાં રહેલું જલ, શૈંદ્ર સિવાય બીજાઓને પાન કરવા લાયક ન સમજવું, પરન્તુ જો આપત્તિકાલ હોય તો

જમીનમાં રહેલું જલ પીવામાં હરકત નહીં''.

કોઈ ઠેકાણે પૈંર્વોક્ત જલને માટે પણ પીવાની મનાઈ કરી છે. જેમકે તેવું જલ જમીનમાં રહેલું હોય અથવા સ્વચ્છ હોય એટલે પવિત્ર હોય તો પણ જો અશુભ જગામાંથી ચાલતું આવતું હોય તો ગ્રહણ ન કરવું અને જો અરણ્યમાં રહેલું જલ સત્ર, શાલા વિગેરેનું પણ હોય અને શુદ્ધ ભૈંમીમાં રહેલું હોય પણ જો અશુભમાંથી ચાલતું આવતું હોય તો ત્યાગ કરવા લાયક છે એમ જાણવું.

૨૪. જલાશય(તળાવ કુવા વાવડી હોજ વિગેરે)ની શુદ્ધિનો વિચાર

આ બાબતમાં દેવલ ઋષિ કહે છે કે ''કૈંતરાં, શિયાળ, ગધેડા, ઉંટ અને માંસ ને ખાનારાં બીજા જાનવરોથી ગંદું થયેલું જો જલ હોય તો બધું જલ કાઢી નાખવું. અને તે જલાશયમાંથી પાંચ માટીના પિંડ પણ બહાર કાઢવા''.

બ્રહ્મપુરાણમાં લખે છે કે ''જે જાનવરોનું માંસ ખાવા લાયક નથી તેવાં જાનવરના શરીરોથી વાવ, કુવો તથા તળાવ નું જલ યુક્ત થાય તો સર્વ જલ અપવિત્ર થાય છે''. અહીં જાનવરોનાં શરીરવાળું એમ કહ્યું છે, આ ઉપર તે જાનવરના મરેલાં શરીર એમ સમજવું.

''જાનવરોના શબવાળું જો જલ થાય તો સર્વ જલ કાઢી નાખી મન્ત્રપૈંર્વક સર્વની શુદ્ધિ કરનારું પઞ્ચગવ્ય તે જલાશયમાં પધરાવવું. ઘણાં જલમાંથી તે શબ કાઢી નાખવું. અને પછી ૧૦૦ અથવા ૬૦ યા ૩૦ જલના ઘડા બહાર કાઢી નાખવા. અને પછી મન્ત્રપૈંર્વક પઞ્ચગવ્ય તેમાં નાખવું''. વાવ અથવા પગથીયા જેને હોય તે જલાશય સમજવો. આ બાબતમાં જમદગ્નિ કહે છે કે

> ''વાવ, કુવો, તળાવ અથવા નાના સ્થાવર જલાશયમાં મોટા-નાના પ્રાણીના શબ પડી જાય તો અથવા કોઈ કારણે તેમાં સડી જાય, જીર્ણ થઈ જાય તો તે જલ સર્વ કાઢી નાખી તેની અંદર પઞ્ચગવ્ય(દૈંધ, દહી, ઘી, ગોમૈંત્ર તથા ગોબર) પધરાવવું. પથ્થરથી અથવા ઇંટોથી તે સ્થાન બાંધી નાખવું, બાંધેલા ભાગમાં પ્રોક્ષણ કરી બ્રાહ્મણોના આશીર્વચન દેવાં. ઘણા જલમાં તેમ થયું હોય તો સાત ઘડા જલ બાહર કાઢવું. ઝીણાં-ઝીણાં હાડકાવાળા પ્રાણીથી જલ દુષ્ટ થયું હોય તો ત્રીશ ઘડા જલ બહાર કાઢવું''.

હવે કુવાની બાબતમાં વિષ્ણુ કહે છે કે

> ''જેના પાંચ નખ હોય તેવાં જાનવરોથી દૈંષિત જલ થયું હોય તો તે કુવામાંથી સર્વ જલ બહાર કાઢી નાખવું. બાકીનું રહેલું જલ શસ્ત્રથી શોધવું. એટલે કોદાળી વિગેરે હથીયારથી ખોદી બહાર કાઢવું. પાકેલી ઇંટવાળા કુવામાં અગ્નિ બાળવો. નવીન

જલ નીકળવા લાગે એટલે તેમાં પઞ્ચગવ્ય પધરાવવું. તેમજ અલ્પ સ્થાવર જલાશય હોય તો તેમાં પણ યા જમીનમાં જલાશય સાધારણ હોય તો તેમાં પણ તેમજ કરવું અને જો ઘણો જ મોટો જલાશય હોય તો હરકત નહીં''.

'સ્થાવર' એટલે પ્રવાહવિનાનો જલાશય એમ સમજવું.

આપસ્તમ્બ કહે છે કે ''પગરખાં, કફ, વિષ્ઠા, મૈત્ર, સ્ત્રીનું રજ, આટલી ચીજોથી અપવિત્ર થયેલો જલાશય જો હોય તો તે જલાશયમાંથી સાઠ ઘડા જલ કાઢી નાખવું''. બૃહસ્પતિ કહે છે કે

''હાડકાં, ચાંમડાં, કૈંતરાં, ગધેડાં થી દૈંષિત થયેલું જલ બધું બહાર કાઢી નાખવું અને તે જલાશયને શુદ્ધ કરવો. એમ જ વાવ, કુવો તથા તળાવ દૈંષિત થયાં હોય તો સો ઘડા તેમાંથી જલ બહાર કાઢી પઞ્ચગવ્ય તેમાં પધરાવવું. ખરાબ પદાર્થો તેમાંથી કાઢી નાખવા. જીર્ણ થયેલા યા સડી ગયેલા પદાર્થો કાઢી દૈંર કરવા''.

અહીં આ પ્રમાણે વ્યવસ્થા કરવી. જલાશયમાં થોડું જલ હોય તો તેમ યા મોટો હોય તો તેમ યોગ્ય વ્યવસ્થા સમજીને કરવી. અત્યન્ત પ્રબલ જલાશયમાં કાંઈ અપવિત્રતાનો સંસર્ગ થયો હોય તો જ્યાં સંસર્ગ થયો હોય તે સિવાય બીજે ઠેકાણે અપવિત્રતામૈંલક અડચણ જાણવી નહીં. એટલે બીજે ઠેકાણે દોષ નથી. જલના ઘડા જાજા યા થોડા ભરી જલ બહાર કાઢવું આ બાબતમાં જલના તારતમ્યથી(ન્યૈંન-અધિકપણાથી) વિચારી લેવું. આ પરથી જેમાં ઘણું જલ હોય એવા કુવામાં જો ઉંદર વિગેરે સૈંક્ષ્મ પ્રાણીના શબની દુર્ગન્ધ આવતી હોય તો અથવા તે બાબત સન્દેહ થાય તો પ્રોક્ત જમદગ્નિના વાક્યથી ત્રીશ વિગેરે જલના ઘડા બહાર કાઢવા. અને તે કુવાના જલથી સ્નાન સુધ્યાદિ કરવામાં આવે તો પણ જ્યાં સુધી નિશ્ચયપૈંર્વક જ્ઞાન ન થયું હોય ત્યાં સુધી પાપ લાગતું નથી. અને નિશ્ચય થયા બાદ તો જે ઘડાથી તે કુવાનું જલ બહાર કાઢવામાં આવ્યું હોય તે જો માટીનો ઘડો હોય તો તેનો ત્યાગ કરવો. જો ધાતુનો હોય તો અગ્નિજ્વાલાનો સ્પર્શ કરાવવો અને ખટાશથી તેને માંજી શુદ્ધ કરવો એમ ભાસે છે.

અહીં બૃહસ્પતિ લખે છે કે ''ઉચ્છિષ્ટ મલીન કે ખરાબ હોય, વિષ્ઠાનો લેપ હોય તો પણ તે સર્વની જલથી શુદ્ધિ થાય છે. પરન્તુ જલની શુદ્ધિ શેનાથી કરવી? તો જલની શુદ્ધિ સૈંર્ય ચન્દ્રના કિરણોથી, પવનના સ્પર્શથી, ગાયની મૈંત્રવિષ્ઠાથી થાય છે એવો નિર્ણય છે''.

યમ કહે છે કે ''બકરી, ગાય, ભેંસ, બ્રાહ્મણની સ્ત્રીયો અને પ્રસૈંતિકા દશ રાત્રિથી શુદ્ધ થાય છે. અને જમીનમાં રહેલું નવીન જલ પણ દશ દિવસે શુદ્ધ થાય છે''. અહીં જમીનનું જલ આ શબ્દથી અન્તરિક્ષ જલને અપવાદ તરીકે જાણવું.

બૃહત્પરાશર કહે છે કે ''જલનું પવિત્રપણું દિવસમાં સૈર્યના કિરણોથી, પવનથી તથા રાત્રિ માં ચન્દ્રના કિરણોથી, પવનથી થાય છે તેવું ધર્મને જાણનારાં મુનિયો કહે છે''.

મ્લેચ્છોના ખાત બાબતમાં આપસ્તમ્બ કહે છે કે

> ''મ્લેચ્છ વિગેરેનું જલ હોજમાંથી અથવા ધુનામાંથી પીવામાં આવે તો તે જલ જો ગોઠણ પર્યન્તનું હોય તો પવિત્ર જાણવું. અને જો ગોઠણથી નીચેનું હોય તો અપવિત્ર જાણવું. તે જલ જો કામના વિના પીવામાં આવ્યું હોય તો દિવસે ભોજન ન કરતાં સાંજે ભોજન કરવું. અને જો કામનાથી પાન કરવામાં આવે તો અહોરાત્રપર્યન્ત ભોજન ન કરવું''.

આ પ્રમાણે મર્યાદાસિન્ધુમાં જલની શુદ્ધિ કહી છે.

૨૫. જમીનની શુદ્ધિનો વિચાર

તે બાબતમાં મર્યાદાસિન્ધુમાં અપરાર્ક અને દેવલ કહે છે કે અમેધ્ય(અપવિત્ર) થયેલી જમીન પાંચ પ્રકારે અથવા ચાર પ્રકારે શુદ્ધ થાય છે. અને દુષ્ટ થયેલી જમીન બે પ્રકારે અથવા ત્રણ પ્રકારે શુદ્ધ થાય છે અને મલિન થયેલી જમીન એક પ્રકારે શુદ્ધ થાય છે.

અશુદ્ધ થયેલી જમીન ૧.અમેધ્ય ૨.દુષ્ટ અને ૩.મલિન આમ ત્રણ પ્રકારની છે. એમાં પહેલી અમેધ્ય નામની જમીનની શુદ્ધિ કહે છે.

જે જમીન ઉપર ગર્ભિણી સ્રીને પ્રસવ થાય, જ્યાં મનુષ્યનું મરણ થાય, જે ઠેકાણે ચાણ્ડાલો બેઠા હોય, જ્યાં શબ રાખવામાં આવ્યું હોય, યા વિષ્ઠામૈંત્રવાળી જમીન હોય અથવા જે ઠેકાણે શબ જોવામાં આવે એ પ્રમાણે અપવિત્રતાવાળી જે જમીન હોય તે જમીન 'અમેધ્ય' તરીકે જાણવી. એવી અમેધ્ય જમીનને બાળવી, ખોદી નાખવી, લીંપવી યા ખોદીને લીંપવી, વરસાદનું તેમાં જલ પડે તેમ કરવું. આમ પાંચ પ્રકારે શુદ્ધિ કરવી.

અપરાર્કમાં કહ્યું છે કે વાપન(ખોદીને વૃક્ષાદિ વાવવાં) ને ઠેકાણે ધાવન(ધોઈ નાખવારૂપ) કર્મ કરવું. બાળી નાખવાને જણાવ્યું છે તે ઠેકાણે ઘાસ કાષ્ઠ વિગેરે નાંખીને તે જમીન બાળવી. ખનન(ખોદવું) એટલે શસ્રથી ખોદી નાખવું. અથવા ઉપલેપન(લીંપવું) તે ગોમુત્ર-ગોબર, ભસ્મથી લીંપવું. વાપન એટલે બીજી માટી લઈને તે જમીન પૈરવી. આ બાબતથી ચાર પ્રકારે યા પાંચ પ્રકારે અમેધ્ય થયેલી જમીન શુદ્ધ કરવી.

હવે દુષ્ટ તથા મલિન જમીનનું લક્ષણ કહેવાય છે.

> ''કૃમી(કરમીયાં) કીડાના પગ જે જમીન ઉપર આવતા હોય અથવા જેની ઉપર કફ પડ્યો હોય અથવા એઠું પડ્યું હોય તો તે જમીન દુષ્ટ તરીકે જાણવી. અને જે જમીન નખ, દાંત, રૂવાડાં, ચામડી, ફોતરાં, ધૈંડ, રજ, મલ, રાખ, ગારો, ઘાસવાળી થઈ હોય તે જમીન 'મલિન' તરીકે સમજવી''.

અપરાર્કમાં મિતાક્ષરામાં કહ્યું છે કે કુતરું, સુવર, ગધેડું, ઉંટ વિગેરેના સ્પર્શવાળી જે જમીન થાય તે જમીન 'દુષ્ટ'તાને પ્રાપ્ત થઈ એમ જાણવું. અનારા, ફોતરાં, કેશ, હાડકાં, રાખવાળી જમીન 'મલિન' તરીકે જાણવી.

દુષ્ટ થયેલી જમીન ત્રણ પ્રકારથી શુદ્ધ કરવી. એટલે કે દહન(બાળવાથી), ખનન(ખોદવાથી) અને લીંપવાથી; અથવા દહન અને ખનન થી શુદ્ધ થાય છે. અપરાર્કમાં વિકલ્પ કહ્યો છે.

સ્મશાનની જમીનની શુદ્ધિ પાંચ પ્રકારે કરવી. અને બીજી કોઈ અમેધ્ય જમીનની શુદ્ધિ વરસાદ સિવાય ચાર પ્રકારથી એટલે દહન, ખનન, ઉપલેપન અને વાપન આ ચાર પ્રકારથી કરવી. ઘણા વખતથી દુષ્ટ થયેલી જમીન દહન, ખનન અને ઉપલેપન આ ત્રણ પ્રકારથી કરવી. અને થોડા વખતથી દુષ્ટ થયેલી જમીનની શુદ્ધિ ઉલ્લેખન(ખોદવાથી) અને દાહ(બાળવાથી) બે પ્રકારથી કરવી. ઘણો વખત મલિન થયેલી જમીનની શુદ્ધિ એક ઉલ્લેખન (ઉલ્લેખન એટલે ખોદવું) કરવાથી જ જાણવી.

વિજ્ઞાનેશ્વર કહે છે કે માર્જન(જલ છાંટવું) અને અનુલેપન(લીપવું) તો બધે ઠેકાણે કરવું અથવા બે સાથે કરવું. એમજ થોડો વખત મલિન રહેલી યા થયેલી જમીનની શુદ્ધિ ઉપલેપનથી, ધાવન(ધોવાથી) અને વર્ષણ(વરસાદ)થી જાણવી.

યમ કહે છે કે જમીન સાત પ્રકારથી શુદ્ધ થાય છે તે આ પ્રમાણે : ''૧.ખનનથી ૨.પૈંરણથી એટલે જમીનમાં બીજી માટી નાખવાથી ૩.દાહથી ૪.અભિવર્ષણ (વરસાદથી) ૫.લેપનથી ૬.ગાયના ફેરવવાથી અને ૭.સમયથી''. આ પ્રમાણે સાત પ્રકારે જમીન પવિત્ર થાય છે.

યાજ્ઞવલ્ક્ય કહે છે કે ''જમીનની શુદ્ધિ માર્જન કરવાથી, દાહથી, કાલથી, ગાયના ફેરવવાથી, સેક (જલના છાંટવાથી) ઉલ્લેખનથી, લેપથી અને ઘર ફક્ત માર્જન અને લેપનથી શુદ્ધ થાય છે''.

મનુ કહે છે કે પાંચ પ્રકારે જમીન શુદ્ધ થાય છે : ''સમ્માર્જન (લીંપવાથી) અથવા કચરો કાઢવાથી, લીંપવાથી, જલ છાટવાથી, ખોદવાથી અને ગાયના વાસથી જમીન શુદ્ધ થાય છે''. અહીં ગાયનો વાસ એક દિવસ પર્યન્ત સમજવો. અહીં સેક, (જલથી જમીનના ધોવામાં) અને ગોવાસમાં, લેપ રહિતપણું જાણવું. અને અમેધ્ય જમીન બાબતમાં લેપવાળાપણું જાણવું, એમ મર્યાદાસિન્ધુનો મત છે.

મેધાતિથી કહે છે કે ''જે જમીનમાં પેશાબ યા વિષ્ઠા ઈત્યાદિનો લેપ થયો હોય તે ઠેકાણે ઉલ્લેખન અને માર્જન બે સંસ્કાર કરવા અને સેક (જલથી ધોઈ નાખવું) તે રૂપ સંસ્કાર નદીના કાંઠામાં, વન વિગેરેમાં કરવો''. આ વપનરૂપ સંસ્કાર હાડકાં વિગેરે દૈંર કરી બીજી માટી નાખવી તેનું નામ સમજવું. શ્મશાનની જમીનને બધા સંસ્કારો કરવા.

બૌધાયન આ બાબતમાં વિશેષ કહે છે કે

''ઘાટી જમીનને અપવિત્રતાનો સંસર્ગ થયો હોય તો

ઉપલેખન કરવું. છિદ્રવાળી જમીન ઉપર કર્ષણ (ખેડવા) રૂપ સંસ્કાર કરવો અને ક્લિન્ન (અપવિત્ર પદાર્થથી ભીની થયેલી) જમીન હોય તો અમેધ્ય પદાર્થ દૂર કરી લીંપી નાખવી અને શબનો સંસર્ગ થયો હોય તો ઉપર ભીંતને ઝાડી નાખવી. અથવા ઉપર-ઉપરથી ખોદી નાખવી. સૌર્યના કિરણોનો પ્રવેશ કરાવવો અને અગ્નિની જ્વાલા દેખાડવી. જમીનની શુદ્ધિ ગાયના ફેરવવાથી, ખનનથી, દહનથી, વરસાદના વરસવાથી, ઉપલેપનથી અને કાલથી થાય છે''.

અહીં કાલથી શુદ્ધિ થાય છે આ કાલ શબ્દનો અર્થ એવો છે કે જે જમીન ઉપર કોઈ અપવિત્ર પદાર્થનો લેપ થયો હોય તો તે લેપનો ક્ષય જ્યાં સુધી ન થયો હોય ત્યાં સુધીનો સમય સમજવો.

યમ કહે છે કે રતાવિનાની જે જમીન હોય તે પવિત્ર જાણવી. તે ગામમાં કોઈ-કોઈ ઠેકાણે જાણવી. બધે ઠેકાણે જમીન શુદ્ધ જાણવી જે ઠેકાણે કાંઈ લેપ વિગેરે ન થયો હોય તો.

બ્રહ્મપુરાણમાં કહ્યું છે કે ''ગામડાથી સો દણ્ડ જમીનનો ત્યાગ કરવો. શહેરથી ચારસો દણ્ડ જમીનનો ત્યાગ કરવો. બધે ઠેકાણે જમીન શુદ્ધ જાણવી. જ્યાં કાંઈ લેપ વિગેરે જોવામાં ન આવે ત્યાં''. આટલો વિશેષ જણાવ્યો છે.

ભવિષ્યપુરાણમાં લખ્યું છે કે ''જે ઠેકાણે ગળી વાવવામાં આવે તેટલી જમીન બાર વર્ષ પર્યન્ત અશુદ્ધ રહે છે અને બાર વર્ષ પછી તે જમીન પવિત્ર થાય છે''.

યમ કહે છે કે ''જે જમીન ઉપર બ્રાહ્મણો રહેતા હોય તે જમીન, તે ઠેકાણે દેવમન્દિર હોય તે જમીન, જે ઠેકાણે ગાયોનો વાસ હોય તે જમીન સદા પવિત્ર હોય છે, એમ અમો સદા માનીએ છીએ''. અહીં સદા એ શબ્દથી એમ જાણવાનું છે ગોબર વિગેરે વિનાની પણ જમીન હોય તો પણ સદા ગાયના વાસની પૃથ્વી પવિત્ર છે. આ વાક્ય અપવિત્રના સંસર્ગવિનાની જમીન ઉપર લાગુ પડે છે.

બૌધાયન કહે છે કે ''અનેક પુરુષોથી ઉચકાવામાં આવે એવું કાષ્ઠ જમીન બરાબર જાણવું અને ઈંટો પણ ભેળી-ભેળી હોય જુદી-જુદી હોય તો પણ જમીન બરોબર જાણવી. જમીનની શુદ્ધિ માફક શુદ્ધિ કરવી. ઈંટો ચુનાથી ચોટેલીયો હોય તો અથવા ન હોય તો પણ અશુદ્ધ તરીકે ન જાણવી'' એ મર્યાદાસિન્ધુ કહે છે.

ઈંટો વિગેરેને ચાણ્ડાલ વિગેરેનો સ્પર્શ થાય તો જમીનની શુદ્ધિ માફક તેની શુદ્ધિ કરવી એમ અપરાર્કનો મત છે.

૨૬. ઘરની શુદ્ધિનો વિચાર

એ બાબત મર્યાદાસિન્ધુમાં મનુ કહે છે કે ''માર્જન(માટી, ઘાસ, કાષ્ઠનું

દૈંરીકરણ.) તથા ઉપાંજન(લીંપવા) થી ઘરની શુદ્ધિ થાય છે''. અહીં 'ઉપાંજન'નો અર્થ લીંપવું આટલું જ નહીં પણ ચુનો-ગોબર વિગેરેથી જમીન તથા ભીંતનું લીંપવું સમજવું. આ માર્જન અને ઉપાંજન શબ ચાણ્ડાલ વિગેરેના સંસર્ગમાં કરવાનું છે એમ જાણવું. અને જો તેમ ન હોય તો ન કરવું.

યાજ્ઞવલ્ક્યે જમીનની શુદ્ધિમાં કહેલું છે કે ''ઘરની શુદ્ધિ માર્જન અને લેપનથી કરવી''. એમ કહીને ફરીથી માર્જન અને લેપન કરવું એમ જે કહેલું છે તે ઉપરથી એમ જાણવાનું છે કે હંમેશ ઘરની શુદ્ધિ માર્જન લેપનથી કરવી એમ સમજવાનું છે.

શબના દોષ વિષયમાં સંવર્ત કહે છે કે

> ''ઘરની અંદર શબનો દોષ થયો હોય તો માટીના વાસણ તથા રાંધેલું અન્ન દૈંર કરી ઘર ગોબરથી લીંપી નાખવું અને પછી બકરાને ઘરમાં ફેરવવું. પછી મન્ત્રથી પવિત્ર કરેલાં દર્ભ, સુવર્ણ અને જલે કરીને આખા ઘરમાં પ્રોક્ષણ કરવું ત્યારે તે ઘર શુદ્ધ થાય છે એમાં સન્દેહ નથી''.

મ્લેચ્છ વિગેરેનું ઘરમાં મરણ થયું હોય તો બૃહદ્યમ કહે છે કે ''કૈંતરું, શૈંદ્ર, મહાપાતકી અને મ્લેચ્છ-ચાણ્ડાલ આટલામાંથી કોઈનું મરણ ઘરમાં થયું હોય તો ચાર માસ પર્યન્ત તે ઘરનો ત્યાગ કરવો'' એમ મર્યાદાસિન્ધુ કહે છે. વળી આગળ તેજ કહે છે કે ''ત્રિવર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય)માંથી કોઈનું પણ મરણ ઘરમાં થાય તો ત્રણ દિવસે ઘરની શુદ્ધિ થાય છે. અને બહારની જમીન એક દિવસે અગ્નિ ફેરવવાથી તથા લેપન કરવાથી શુદ્ધ થાય છે''. અહીં મન્ત્રથી જલ પ્રોક્ષણ કરવાની જરૂરી જણાય છે એમ જાણવું. એમ પ્રથમ કહેલા સંવર્તનના વચનથી જાણવું.

હવે ચાણ્ડાલ વિગેરેનો ઘરમાં વાસ થયો હોય તો તે બાબતમાં લઘુપારાશર કહે છે કે ''અજાણતાં ચાણ્ડાલ જેના ઘરમાં વાસ કરે તે જ્યારે જાણવામાં આવે ત્યારે તે ઘરવાળા બ્રાહ્મણની ઉપર બીજા બ્રાહ્મણોએ દયા કરવી''. એમ કહીને આગળ જણાવ્યું છે કે ''પીતલ તથા કાંસા ના વાસણનો શુદ્ધ આકાર કરાવવો. વસ્ત્રોને જલથી પવિત્ર કરાવવાં. માટીના વાસણનો ત્યાગ કરવો. કસુમ્બો, ગોળ, કાપૈંસ, લૈંણ, દહીં, ઘી અને ધાન્ય આટલી ચીજો ઘરના બહાર બારણામાં મુકવી અને ઘરમાં હુતાશન(અગ્નિ) પ્રકાશીત કરી સર્વત્ર જ્વાલાદર્શન કરાવવું એટલે સમસ્ત ઘર શુદ્ધ થાય છે એમ મનુ કહે છે''.

ધોબણ, મોચણ, પારાધણ, વાંસનું કામ કરનાર, ઘાંચાની સ્ત્રી ચારે વર્ણના ઘરમાં અજાણી જો આવી રહે તો જાણ્યા પછી પ્રથમ જે શુદ્ધિ કહી ગયા તેની અડધી શુદ્ધિ કરવી, ઘરને બાળવો નહીં. બાકીનું સર્વ કરવું. જો કોઈના ઘરની અંદર ચાણ્ડાલ જાય તો તે ઘરમાંથી રસ પૈંર્ણ માટીના વાસણ બહાર ન કાઢતાં ગોબર અને જલ થી તે ઘર છાંટી નાખવું. પ્રાયશ્ચિત્ત કરવા માટે બોલાવેલી સભાના સ્થાનના આકારમાં પણ તેમ કરવું. પીતળનાં વાસણને ગળાવી નાખવાં અથવા તેમાં અગ્નિ નાખી તપાવવાં. આ શુદ્ધિ ચારે

વર્ણને સમાન સમજવી.

આગળના શ્લોકમાં તેમ લખ્યું છે માટે પ્રાયશ્ચિત્તનું પ્રકરણ આ નથી માટે અહીં તેનો બદલો લખતા નથી માટે ત્યાંની સ્મૃતિ તપાસી જાણવું. રસ એ ઠેકાણે ગોળ-લૈંણ સમજવાં, દહીં દૈંધ છાશ વિગેરે નહીં. કારણ કે તે ત્યાગ કરવા લાયક છે. માટે તે બાબતમાં ચવનઋષિ કહે છે કે

> ''ઘરમાં ચાણ્ડાલનો સંસર્ગ થયો હોય તો ઘરને પાવનરૂપ અહીં દાહ જાણવો. માટીના વાસણો બહાર ભાંગવાં, કાષ્ઠનાં વાસણો છોલાવી નાખવાં. શંખ-છીપ-રૂપાનાંની અને વસ્ત્ર વિગેરેને જલથી ધોઈ નાંખવા. કાંસા-ત્રાંબાના વાસણોની આકારથી શુદ્ધિ કરવી. કાંજી દૈંધ દહીં છાસનો ત્યાગ કરવો. બાકીના રસ અને પદાર્થ રાખવા''.

મરીચિ કહે છે કે ઘરમાં ચાણ્ડાલ વિગેરેની સ્થિતિ યા બેસવું થાય તો ઉપલેપન-દાહ-તાપથી શુદ્ધિ કરવી. ધાન્ય, ગોળ વિગેરે રસ, કસુમ્બો, કાપુસ આટલી ચીજો જળ-અગ્નિથી શુદ્ધિ થાય છે. એટલે જલ છાંટી અગ્નિ ચોતરફ ફેરવવો. એમજ ઘરમાં દેવાલય વિગેરેમાં જો કદાચિત્ કોઈ દુષ્ટોથી પશુ વિગેરે મારવામાં આવે અથવા મૃત રાખવામાં આવે ત્યારે અપવિત્ર થયેલી જમીન પાંચ પ્રકારે યા ચાર પ્રકારે શુદ્ધિ કરીને 'પાવમાની' વિગેરે મન્ત્રોએ કરીને સુવર્ણ, દર્ભ અને જલ થી ગોમૈંત્રાદિકથી પણ પ્રોક્ષણ કરી યથાશક્તિ બ્રાહ્મણ ભોજન કરાવવું. ચાણ્ડાલે જો લાંબા સમય સુધી નિવાસ કર્યો હોય તો ત્રીશ ગાય, એક બળદ બ્રાહ્મણોને આપી તે પછી પુનઃ વાસ અને દેવાયતન કરવું.

૨૭. શેરી વિગેરેની શુદ્ધિનો વિચાર

પરાશર કહે છે કે ''શેરીનો ગારો-પાણી, નવીન રસ્તો અને ઘાસ આટલી ચીજો દિવસમાં પવન-સૈંર્યથી શુદ્ધ થાય છે અને રાત્રિમાં ચન્દ્ર, નક્ષત્ર અને પવન થી પવિત્ર થાય છે''.

યાજ્ઞવલ્ક્ય કહે છે કે ''શેરીના ગારા-પાણીને ચાણ્ડાલ, કૈંતરું અને કાગડાએ સ્પર્શ કર્યો હોય તો પણ તે પવનથી જ પવિત્ર થાય છે. તેમજ ઈંટના ધોળા ઘર પણ પવનથી પવિત્ર થાય છે''. અહીં શેરીના ગારા-પાણી આ પ્રમાણે બહુ વચન જણાવ્યું છે તે ઉપરથી ગોબર અને કાંકરા નું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ તે પણ પવનથી પવિત્ર થાય છે એમ જાણવું.

વિજ્ઞાનેશ્વર કહે છે કે ''ઘાસ, કાષ્ઠ, પાંદડાંઓ ઉપર પ્રોક્ષણ કરવું''. એટલે રસ્તા સિવાયની જમીન મેધ્ય(પવિત્ર) છે એમ જાણવું. પૈંર્વોક્ત વચનથી યમ વાક્યનો ભોજનાદિકમાં શેરીમાટે અપવિત્રપણાના બોધકપણાથી વિરોધ જાણવો નહીં.

૨૮. જુદી-જુદી શુદ્ધિનો વિચાર

આ બાબતમાં મર્યાદાસિન્ધુમાં શંખ કહે છે કે ''સ્ત્રીઓનું, વાછડાઓનું, શકુની પક્ષિઓનું અને કૈતરાઓનું મુખ સદા પવિત્ર છે''. એટલે સ્ત્રીયોનું મુખ રતિમાં(સનમાં) પવિત્ર છે. વાછડાઓનું મુખ સ્રાવમાં. શકુનિ પક્ષિઓનું મુખ ઝાડમાં. અને કૈતરાંઓનું મુખ શિકાર કરવામાં પવિત્ર છે એમ સમજવું. અહીં સર્વ મુખસમ્બન્ધી બાબતમાં મોઢાની લાળના સંસર્ગથી થયેલા દોષને અપવાદ જાણવો. તેમાં પણ વાછડાની બાબત એવું વચન છે કે ''મોઢા સિવાય ગાયો પવિત્ર છે''. આ અપવાદ વચન તરીકે જાણવું. મૈળ ગ્રન્થમાં 'વત્સ' શબ્દ છે તે ઉપરથી બાલક પણ સમજવું. વિજ્ઞાનેશ્વર કહે છે કે ''બાલકોએ કરેલું કેટલુંક કાર્ય હંમેશ પવિત્ર તરીકે જાણવું''. અહીં 'શકુની' શબ્દ લખ્યો છે તેથી વિષ્ઠા ખાનારા કાગડા સિવાયના પક્ષી સમજવા.

મનુ અને વિષ્ણુ કહે છે કે ''કારીગરનો હાથસદા શુદ્ધ છે. બજારમાં વેંચવામાટે રાખવામાં આવેલી ચીજ પણ પવિત્ર સમજવી. બ્રહ્મચારીને મળેલી ભિક્ષા તથા સર્વ આકરો(ખાંણો) યા ભઠ્ઠીયો પણ પવિત્ર જાણવી''. અહીં કારીગરનો હાથપવિત્ર એમ લખ્યું છે તે ઉપરથી કારીગરનો હાથઅપવિત્રતાના સંસર્ગવિનાનો હોવો જોઈએ એમ સમજવો. મૈંલમાં પ્રસારિત એટલે બજારમાં ફેલાયેલી વસ્તુ સમુદાય આમ લખ્યું છે. આ ઉપરથી એમ સમજવાનું કે દુકાનમાંની વસ્તુને અનેક લોકોનો સ્પર્શ થતો હોય છે તેનો સ્પર્શદોષ લાગતો નથી. આ પરથી એ પણ જાણવું કે દુકામાંની વસ્તુ નિર્દોષ છે પણ દુકાનદારના ઘરની વસ્તુ ઊપર એ વાત લાગૈં પડતી નથી. બકી બધું તો પૈંવેં વ્યાખ્યાત છે જ.

બૌધાયન કહે છે કે ''નિરન્તર ચાલતી ધારા અદુષ્ટ સમજવી. પવનથી ઉડાવેલા રજકણ પણ પવિત્ર સમજવાં''. યમ કહે છે કે ''ગાય, ઘોડો, જલના છાંટા, છાયા, માંખી, શલભ(ટીડ), પોપટ, બોકડો, હાથી, રણમાં છત્ર, ચન્દ્ર-સૈંર્યના કિરણો, જમીન, અગ્નિ, રજ, વાયુ, જલ, દહીં, ઘી, દૈંધ આટલી ચીજો સ્પર્શમાં પવિત્ર જાણવી''.

ઉપરની કહેલી બધી ચીજો પવિત્ર છે. એટલે તેઓને અપવિત્રનો સ્પર્શ થાય તો પણ તેઓ પવિત્ર છે એમ જાણવું. અહીં ગાય વિગેરેના સ્પર્શમાં પવિત્રપણું જાણાવ્યું છે તે પવિત્રપણામાં પણ યાજ્ઞવલ્ક્યે કહ્યું છે કે ''બકરીનું અને ઘોડાનું મોઢું પવિત્ર છે પરન્તુ ગાય અને નર મળો નહીં'' આ વિશેષ કથનથી તેઓનું મુખ વિશેષ પવિત્ર છે. તેથી જ પાત્રાદિકની શુદ્ધિ તેમના મુખના સ્પર્શેથી મનાય છે.

અહીં જલબિન્દુઓને પવિત્રપણું જણાવ્યું છે તેમાં નખના અગ્રભાગથી પડેલા જલના બિન્દુ સિવાયના જલબિન્દુ સમજવા. લિનપુરાણમાં લખ્યું છે કે ''નખના અગ્રભાગના, કેશના ધોવણના, સ્નાનને માટે ધારણ કરેલા વસ્ત્રના છેડાના જલબિન્દુઓ લક્ષ્મીનો નાશ કરનારું અપુણ્યકર તથા અશુદ્ધ જાણવું તેના સ્પર્શમાં પણ દોષ લાગે છે'' એમ મર્યાદાસિન્ધુનું કથન છે.

પવિત્ર જળના છાંટા ચાણ્ડાલને અડીને પવનથી કોઈના ઊપર પડે તો તેને પવિત્ર સમજવા એમ અપરાર્કનો મત છે.

યાજ્ઞવલ્ક્ય કહે છે કે ''મુખથી પેદા થયેલા તેમજ આચમનના પણ બિન્દુઓ પવિત્ર છે''. આ બાબતમાં આટલો વિશેષ છે કે ''મુખસમ્બન્ધી જલબિન્દુઓ ઉચ્છિષ્ટપણું નથી કરતા જો અન ઉપર ન પડે તો'' એમ વશિષ્ઠનું વચન છે. ''આચમન કરવાથી જલના બિન્દુઓ પગનો સ્પર્શ કરે તો તે જલબિન્દુઓ જમીનથી પેદા થયેલા સમાન સમજવા. અને તે જલબિન્દુઓથી મનુષ્ય અપ્રયત(અપવિત્ર) થતો નથી'' એમ મનુનું વચન છે. અન ઊપર મોઢામાંથી નીકળેલા છાંટા પડતાં તે અંગ અપવિત્ર થાય છે તે પર થી એ પણ જાણવું કે જો પ્રભુની ભોગ સામગ્રી વિગેરે પર મોઢાના છાંટા પડે તો તે અપવિત્ર બને છે. તેથી જ બધેજ ઠેકાણે અને જગન્નાથજી વિગેરે મોટા સ્થળોમાં પાક વિગેરે સેવા કરનારાઓને મોઢા ઉપર વસ્ત્રબન્ધન કરવાનો સદાચાર પણ છે.

છાયાનું પવિત્રપણું ચાણ્ડાલ સિવાયનાની છાયાની બાબતમાં જાણવું. ''ચાણ્ડાલ અને મહાપાતકી ની છાયાનો સ્પર્શ કરી સ્નાન કરવું'' એવું વચન છે. ''જો શ્વાપાક(કૈંતરાને રાંધી ખાનારો) તથા ચાણ્ડાલ ની છાયા ઉપર બ્રાહ્મણ ચડે તો તે બ્રાહ્મણે સ્નાન કરવું. અને ઘીનું ભક્ષણ કરી તે બ્રાહ્મણ શુદ્ધ થાય છે'' એમ અનિરાનું વચન છે. ''રાત્રિમાં દીવાની, ખાટલો યા પલંગ ની તથા રાત્રિમાં પીપળાની છાયા તેમજ નીચ જનની છાયા, પ્રાચીન સમયના પુણ્યનો નાશ કરે છે. કારણ કે પ્રોક્ત છાયાઓને દુષ્ટપણું કહ્યું છે''. ચન્દરવા-તંબૈં વિગેરેની છાયામાં દોષ નથી. માટે તેની નીચે ભોજન વિગેરે કરવામાં દોષ નથી. ''ચાણ્ડાલ મહાપાતકીની છાયા સ્પર્શમાં દુષ્ટ નથી'' એમ જે બ્રહ્મપુરાણનું વચન છે તો તે અજાણતાં સ્પર્શ થઈ જાય તે બાબતમાં છે. અથવા જો ચાર યુગ વિગેરેના પરિમાણથી અધિક છાયા હોય તો વિરોધ નથી.

'અગ્નિ' શબ્દથી એવો તે અગ્નિ સમજવો કે જે ચાણ્ડાલ શબ સિવાયનો અગ્નિ હોય. તેજ પ્રમાણે જમીન, જલ, દહીં વિગેરેનું પણ જાણવું. રજ પણ બકરી વિગેરે સિવાયની જાણવી. ''ગધેડાની, બોકડાની, બકરીની, કૈંતરાની, સાવરણીની, વસ્ત્રોની આટલાની રજ પવિત્ર નથી એમ જાણવું''. ''કૈંતરા, કાગડા, ઉંટ, ખર(ગધેડા), ઘૈંવડ, સુવર, ગામના પક્ષીઓ, બકરા, ગાડર ની રજનો સ્પર્શ આયુષ્ય અને લક્ષ્મી ને હણે છે''. એમ મિતાક્ષરામાં શાસ્ત્રનું વચન છે. અથવા તેના સ્પર્શમાં સારી રીતે માર્જન કરવું એમ વિજ્ઞાનેશ્વર કહે છે. પવિત્ર રજો મર્યાદાસિન્ધુમાં તથા ગરુડપુરાણમાં કહેલીઓ છે તે આ પ્રમાણે છે ''હાથી-ઘોડાની રજ, પુત્રના અનની રજ આટલા પ્રકારની રજો મહાપાતકને નાશ કરનારી તથા પવિત્ર છે''.

ધુમાડો પણ પવિત્ર ગણ્યો છે. જેમ કે અપરાર્કમાં શંખનું વચન છે કે ''પવનથી આવેલ ધુમાડો, અગ્નિ તથા રજ પવિત્ર જાણવાં''. પૈંર્વમાં માખીનો સ્વીકાર કર્યો છે તે ઠેકાણે એમ સમજવું કે ડાંસ, મશક(મસલાં), કીડીઓ વિગેરેના ઉપલક્ષણમાટે માખીનું

નામ લીધું છે. એમ અપરાર્કનું કથન છે.

અને પવન તો ચાલતો શુદ્ધ જાણવો, પણ કપડાના છેડાથી પેદા થયેલો શુદ્ધ નથી એમ સમજવું. ''વસ્ત્રના છેડાનો પવન, સૈંપડાનો પવન, બે હાથનો પવન, મોઢાનો પવન આટલી જાતના પવનોનો સ્પર્શ થાય તો પુરુષના સુકૃતનો નાશ થાય છે'' એમ મર્યાદાસિન્ધુમાં તથા લિનપુરાણમાંથી જાણવું.

''દ્રાખ, શેરડીના યન્ત્ર, ખાણ અથવા ભઠ્ઠી, કારીગરોનો હાથ, ગાયની દોણી, બાલકોનું બહાર નિકળવું, સ્ત્રીઓનું અનુષ્ઠિત આટલી ચીજો પ્રત્યક્ષ જોએલીઓ પવિત્ર જાણવી''.

સારાંશ કે ''અલ્પ અપવિત્રપણાના સંસર્ગવાલા બાળકો-સ્ત્રીઓએ કરેલ તે અપવિત્રતાથી કરેલ છે એમ પ્રત્યક્ષતાથી જોવામાં જો આવે તો તે આચરણ શુદ્ધ છે'' એમ જાણવું એમ વ્યાખ્યા કરનારે કરેલી છે. મર્યાદાસિન્ધુમાં દેવલ કહે છે કે ''સ્મશાન સિવાયનું શુદ્ધ દેશમાં એટલે શુદ્ધ સ્થાનમાં રહેલું ગોબર પવિત્ર જાણવું. અને ગામ સિવાયની માટી, વીર્ય-વિષ્ઠા-મૈંત્ર સિવાયની જો હોય તો તે પવિત્ર જાણવી''. મર્યાદાસિન્ધુ વિગેરે ગ્રન્થોમાં સ્ત્રી વિગેરેની શુદ્ધિને જણાવનારાં અનેક વચનો છે. પરન્તુ ઉપયોગ સિવાય અહીં લખવામાં આવ્યાં નથી.

૨૯. આત્માની શુદ્ધિ કરવાનો વિચાર

આત્માની શુદ્ધિ જીવાત્માને પરમેશ્વરના જ્ઞાનથી થાય છે એમ યાજ્ઞવલ્ક્ય ઋષિનું કહેવું છે. ''જ્ઞાન, તપ, અગ્નિ, આહાર, મૃત્તિકા, મન, જલ, પવન, કર્મ, સૈંર્ય અને સમય આટલા પદાર્થો મનુષ્યોને પવિત્ર કરનારા કહ્યા છે''. મનુ પણ કહે છે કે ''શ્રવણ(સાંભળવું), મનન(સાંભળેલાનો વિચાર કરવો) વિગેરે રૂપ જ્ઞાન થવાથી થાય છે''.

પણ ભગવાને શ્રીભાગવતના અગીયારમાં સ્કન્ધના એકવિશમા અધ્યાયમાં જણાવ્યું છે કે ''મારું સ્મરણ કરવાથી આત્માની શુદ્ધિ થાય છે અને શુદ્ધ થઈ પણ્ડિત માણસે કર્માચરણ કરવું''.

તૃતીય સ્કન્ધમાં પણ લખ્યું છે કે ''ઈશ્વરના નામનું શ્રવણ કરવાથી, કીર્તન કરવાથી, દણ્ડવત કરવાથી, સ્મરણ કરવાથી કોઈ વખતે નીચ પણ કલ્યાણને (યજ્ઞકરણરૂપ.) પ્રાપ્ત થાય છે તો પછી બીજાને માટે દર્શનાદિક આપ આપો અને કલ્યાણાદિ થાય એમાં નવાઈ શું?'' સારાંશ કે નીચ પણ ભગવન્નામગ્રહણથી પવિત્ર થાય તો દર્શન કરવાથી પવિત્ર થાય એમાં સન્દેહ જ શું કરવો? કાંઈ પણ નહીં.

દ્વાદશ સ્કન્ધમાં પણ લખ્યું છે કે ''વિદ્યા, તપ, પ્રાણનો નિરોધ, મૈત્રી, પરમેશ્વર સાથે મિત્રભાવ, તીર્થનો અભિષેક, વ્રત(એકાદશી વિગેરે) દાન, જપ ઈત્યાદિ કરવાથી અન્તરાત્મા એવો શુદ્ધ થતો નથી કે જેવો ભગવાન્ અનન્તના હૃદયમાં રહેવાથી થાય છે''.

સારાંશ કે હૃદયમાં ભગવાનના નામના બિરાજવાથી જેવી શુદ્ધિ અન્તરાત્માની થાય છે તેવી ઉપર બતાવેલા રીતે થતી નથી. ષષ્ઠ સ્કન્ધમાં પણ શ્રીશુકદેવજીએ સર્વ પાપોના નિઃશેષ નિવારણમાટે ભક્તિ જ કહી છે અને લખ્યું છે કે ''વાસુદેવને પરાયણ થયેલા કોઈ માણસો કેવલ ભક્તિથી જ પાપને ધોઈ નાખે છે, જેમ સૈર્ય ઝાકળનો નાશ નિઃશેષપણે કરે છે''. વળી પરીક્ષિત રાજાને શુકદેવજી કહે છે કે ''હે રાજા! તપશ્ચર્યા વિગેરે કરવાથી પાપી મનુષ્ય તેવો પવિત્ર થતો નથી જેવો પરમાત્માના સેવકોની સેવા કરવાથી અથવા પરમાત્મામાં પ્રાણનું અર્પણ કરવાથી થાય છે''.

માટે આત્માની શુદ્ધિમાટે ભક્તિ જ દઢ ઉપાય છે. જ્ઞાનથી આનો વિકલ્પ નહીં સમજવો, કારણ કે તત્ત્વ વિચારમાં પ્રાયશ્ચિત્તપણાનું કથન છે. માટે વાંસની ગાંઠોને અગ્નિ જેમ બાળે એ દષ્ટાન્તથી એમ જણાય છે કે થોડા વખત પછી પાછા વાંસના અંકુરો પેદા થઈ જાય છે. અને ભક્તિની બાબતમાં ઝાકળનો સૈર્ય જેમ નાશ કરે છે તે દષ્ટાન્ત ઉપરથી સમસ્ત પાપનો નાશ થઈ જાય છે એમ સૈંચિત કર્યું છે. અને જ્ઞાન પછી ભક્તિ કહી છે તેથી ભક્તિની અધિકતા બતાવી છે. અને ઉરોક્ત બાબતનું પોષણ કરનારું અજામિલનું આખ્યાનનો ઉપન્યાસ કરીને ત્યાં શિવભક્ત અગત્સ્યની તેમાં સમ્મતિ દર્શાવીને જ્ઞાન કરતાં ભક્તિનું આધિક્ય ભગવદ્ભક્તોની સામે સાધેલું છે.

વળી લિંગ શરીરની પણ શુદ્ધિ આહારની શુદ્ધિથી કહી છે. તે શુદ્ધિ જ્ઞાનમાં ઉપયોગવાળી છે. ''આહારની શુદ્ધિથી સત્ત્વની શુદ્ધિ થાય છે અને સત્ત્વ(અન્તઃકરણ)ની શુદ્ધિથી નિશ્ચિત્ત સ્મૃતિ થાય છે'' એમ છાંદોગ્ય ઉપનિષદમાં જણાવેલું છે. વળી લખે છે કે ''હે સૌમ્ય! અન્નમય મન છે, જલમય પ્રાણ છે અને તેજોમય વાણી છે''. અહીં મન, પ્રાણ, વાણી આહારનું પરિણામ છે તેવું તથા તેનાથી પોષિત છે તેવું માનેલું છે. આહારની શુદ્ધિ પોત-પોતાની વર્ણાશ્રમ વૃત્તિથી સમ્પાદન કરેલા અન્નેને ભગવત્સમર્પણ કરીને તેનો પ્રસાદરૂપે ભોજન કરવાથી થાય છે. હરિવલ્લભસુધોદય નિબન્ધમાં બ્રહ્માણ્ડમાં જણાવેલું છે ''શ્રીહરિનું ચરણોદક રોજ પીવું અને હરિને નિવેદન કરેલું અન્નાદિનું ભોજન કરવું. તેનાથી સર્વ કામની પ્રાપ્તિ તથા આત્માની શુદ્ધિ થાય છે''. પદ્મપુરાણમાં લખ્યું છે કે ''શ્રીમુકુન્દાશનનો શેષ ભાગ જે માણસ રોજે-રોજ ભોજનમાં ગ્રહણ કરે છે તે માણસને પગલે-પગલે સોથી વધારે ચાન્દ્રાયણ વ્રત કરવાનું પુણ્ય થાય છે. બીજા દેવનું નૈવેદ્ય જો દ્વિજ(ત્રિવર્ણ) ભોજન કરે તો દ્વિજને 'ચાન્દ્રાયણ' નામક પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. પણ કેશવનું નૈવેદ્ય ભોજન કરે તો સર્વ પાપથી મુક્ત થવાય''. માટે જ્ઞાનપક્ષમાં પણ તેના સ્વરૂપના ઉપકારમાટે સ્મરણાદિરૂપ ભક્તિ જરૂર અપેક્ષિત છે અને તે સુકર પણ છે માટે સેવોપયોગી આત્માની શુદ્ધિ કરવામાટે પ્રભુના સ્મરણાદિ કરવા એ જ ઉપયુક્ત છે. આ બાબતમાં જોઈએ તેટલા પ્રમાણ છે પરન્તુ અમો એક દિક્‌માત્ર બતાવીએ છીએ.

શ્રીવલ્લભાચાર્યના ચરણકમલનો પ્રસાદથી અનેક નિબન્ધો જોઈ તપાસી

બાહ્યાભ્યન્તર એમ બે પ્રકારની શુદ્ધિ સ્પષ્ટ કરી છે.

આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યના ચરણકમલના દાસના દાસ
શ્રીપિતામ્બરજી માહારાજના પુત્ર શ્રીપુરુષોત્તમ માહારાજે
સ્પષ્ટ કરેલી દ્રવ્યશુદ્ધિ સમ્પૂર્ણ.

ઇતિ શ્રીદ્રવ્યશુદ્ધિની વૈદ્યશાસ્ત્રી માધવજી ગોપાલજી વિરચિત
'દ્રવ્યશુદ્ધિપ્રકાશિકા' નામની ટીકા સમ્પૈંર્ણ.

શ્રીઆચાર્યરત્ન પણ્ડિત શ્રીપુરુષોત્તમજી મહારાજની વાણી અનેક પ્રામાણિક પણ્ડિત પુરુષોને પ્રાયશઃ કાઠિન્યપણારૂપે અજાણી નથી. માટે વિદ્વાનોએ હંસપ્રકૃતિથી સમાધાન કરી લેવું.

આચાર્યરત્નની પવિત્ર વાણીને યથાયોગ્ય અસાધારણ જાણી ભાષાન્તર કરવા સત્વર તત્પર થાય તો શ્રીઆચાર્યચરણ આપજ સ્વકીય સમજીને પૈંર્ણ કરુણા વરુણાલય કરે તો જ સેવક જનનો સ્વાર્થ કૃતાર્થ સાર્થવાહ થાય. આ બાબતમાં સ્વલ્પ પણ સન્દેહ નથી. એજ પણ્ડિત વૈષ્ણવ જનોને પરમ પ્રેમપૈંર્વક પ્રાર્થના નિરન્તર છે.

।। અમૃતવચનાવલી ।।

(૧/ક) ત્યારે શ્રીગુસાંઇજીએ આપે શ્રીગોવર્ધનધરને પૈંછયું કે ''મહારાજ ! કૃષ્ણદાસનો તો દેહ છૈંટયો... હવે અમે કોને અધિકાર આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ'' ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે ! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો રાખીને બધા સામે કહો (કે) જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢી લ્યે. ત્યારે જે આવીને કહે તેને આપો. તેથી જેનો બગાડ થવાનો હશે તે તેની મેળેજ આવશે'' (**શ્રીગોવર્ધનનાથજી,** ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)

(ખ) એક દીવસ એક વૈષ્ણવે કિશોરીબાઇને કાંઇક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઇએ સિલ્દ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દીવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઇ પોતાના મનમાં ખૈંબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા કે તેં મારા માટે સામગ્રી કેમ લીધી ? તેથી અમે કેવી રીતે આરોગીએ ?

ભાવપ્રકાશ : આમાં એ જતાવ્યું કે પારકી-બીજાની સત્તા-સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઇપણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઇને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવો. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઇ વા.પ્ર.૨)

(૨) જે કટોરી (ગિરવિ) મૈંકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો (પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય કયારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા.

(**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય** : ઘરુવાર્તા-૩)

(૩) ....શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...'' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઇને શું તમે ખુશ થયા?'' ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહેવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ (દેવદ્રવ્ય) ઉપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૈંળ નાશ થશે''. આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો એવો જ છે.''

(**શ્રીગોપીનાથપ્રભુચરણ,** ૮૪વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સંભરવાળાની વાર્તા)

(૪) ધનવગેરેની કામનાઓ પુરી કરવા માટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઇએ. પોતાની આજીવિકા (ભરણપોષણ) ચલાવવા માટે પૈસા કમાવાના રૂપમાં જે થાય છે તે તો ખેતી-વાડીના ધંધાની જેમ 'લૌકિકકર્મ'

જ કહેવું જોઇએ (ધર્મ–ભક્તિ ક્યારેય પણ નહીં). મળત્યાગ કરીને ઇન્દ્રિયની શુદ્ધિ માટે ગંગાજલનો ઉપયોગ કરવાવાળાને તેના દ્વારા મળત્યાગ પછીની શુદ્ધિથી વધારે ગંગાસ્નાનું ફલ મળતું નથી. એટલું જ નહીં, સમજવા જેવી વાત એ છે કે ગંગા જેવી પવિત્ર નદીના જલનો આવો ધૃણાસ્પદ કાર્યને માટે ઉપયોગ કરવાના લીધે તે પાપી બને છે. આ જ રીતે પ્રભુની સેવા–કથા (સેવા,કથા,ગુણગાન,કીર્તન વિ.) કરીને તેના દ્વારા પૈસા કમાવાવાળાને સેવા–કથાનું કાંઈપણ (ધાર્મિક–ભક્તિમાર્ગીય) ફળ તો મળતું જ નથી. ઉલ્ટાનું આવું નીચ આચરણ કરવાને લીધે તે પાપનો જ ભાગીદાર બને છે. **(શ્રીગુસાંઇજી,** ભકિતહંસ)

(૫) પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર–આભૈષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

(શ્રીગોકુલનાથજી–ચતુર્થેશ : ૨૪ વચનામૃત)

(૬) સેવામાં જરૂરી તેવા ધન–સામગ્રી–સાજ વગેરે ન હોય તો સેવા કેમે થઇ શકે! આ બધુ વસાવવા માટે બીજો કોઇ ઉપાય ન હોય તો બીજા કોઇ પાસેથી ઉધાર લઇને કે કોઇક પાસેથી માંગીને કે ફંડ–ફાળો કરીને સેવા–મનોરથકરી શકાય કે નહીં ?

આ શંકાને દૈર કરવા માટે શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે આવી વિપરીત પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસેવા–સુખ સંબંધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ''ઉધાર લઇને કે કોઇ પાસે ઠાકોરજી માટે માંગીને પણ હું સેવા–મનોરથકરીશ જ'' આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેમાં બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે પ્રભુ માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તેવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો ભાવ છે. **(સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામાત્મજ, શ્રીગોપેશજી,** વિવેકધૈર્યાશ્રય વિવૃતિ શ્લોક ૪)

(૭) અહીં ભક્તિવર્ધિની ગ્રંથમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન ઉપલબ્ધ હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઇ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં, જેમ અત્યારે, ભેટ–સામગ્રી પધરાવીને નિત્ય કે મનોરથની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં પરમધર્મ માની લીધો છે તેવી રીતે) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઇ શક્તી નથી.**(શ્રીવલ્લભાત્મજ–શ્રીબાલકૃષ્ણજી,** ભક્તિવર્ધિની વ્યાખ્યા–૨)

(૮) જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીની સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથીજ પોતાના ઠાકોરજી માટે પોતાના જ અલગથી મુકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઇને તેને મૈંડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઇના પૈસાથી પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના

માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ પોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શકયા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શકયો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડયા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૈંડી મોકલાવી, પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ એ કે શ્રીઠાકોરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો. (**મહાપ્રભુ શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬)

(૯) પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૈરી) તરીકે વિત્ત આપીને બીજા કોઇ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવા માટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનને જ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજ દ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજો દ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? સમાધાન : આ શંકાનું સમાધાન આમ જાણવું કે કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. <u>ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં.</u> ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઇએ. (**સુરતસ્થ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી, સિદ્ધા.મુકતા.વિવૃ.પ્રકા.૨**)

(૧૦) લૌકિક કામનાઓને પૈંર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે કલેશ પામે છે. તેથી, કાંઇ ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી લાભપૈંજાર્થ સિવાય જેમાં નિષેધ નથી એવા પ્રકારથી 'મારૂં લૌકિક સિદ્ધ થાય' એવી કામનાથી જે સેવામાં પ્રવૃત્ત થયો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે. (**નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ, સિદ્ધાન્તમુક્તાવલી-ટીકા શ્લોક ૧૬-૧૭**)

(૧૧) જે શ્રી વલ્લભકુળ છે તે પોતાના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહી; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ <u>કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...</u> (**શ્રીમટ્ટુજી મહારાજનાં ૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમુ**)

(૧૨) શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવા માટે, યોગ્ય વ્યકિતઓની એક સમિતિની નીમર્ણૂંક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હકકો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબ જ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.(**ગોસ્વામી તિલકાયત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ, શ્રીનાથદ્વારા,** ડેકલેરેશન, મિતિ ભાદ્રશુકલા પંચમી, સં.૧૯૮૯ તા. ૫-૯-૧૯૩૨)

(૧૩) મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે શ્રીઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. શ્રીઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. શ્રીઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૈંષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવક ઉપર એ સરવે ખરચ કરે છે... શ્રીઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી... શ્રીઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ. (**નિ.લી.ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ,** અમરેલી, શ્રીવાગધીશલાલજીના આમુખત્યાર : 'અમરેલી હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક' મુદ્દા ઉપર ઈ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની)

(૧૪) જેવી રીતે અમારા પૈંર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૈંર્ણ રીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે. (**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી,** કામવન, મુંબઈના વૈષ્ણવોને લખેલ પત્ર : 'આશ્રય' એપ્રીલ ૮૭ના અંકમાં પ્રકાશિત)

(૧૫) આપણો મુખ્ય સિદ્ધાંત છે 'અસમર્પિત ત્યાગ'. ઉત્તમ ઉપાય તો આ જ છે કે ઘરમાં જે પણ કાંઇ રસોઈ બને તે પ્રભુને ભોગ ધર્યા પછી જ મહાપ્રસાદ લેવામાં આવે... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ સારી નહીં થઈ શકે. સાનુભાવતા કયારે સિદ્ધ થઈ શકે છે ? જ્યારે આપણી બુદ્ધિ નિર્મલ બને.... આજે આપણે હીરા (ઘરમાં બિરાજતા સેવ્ય શ્રીઠાકોરજી)ને ઓળખી નથી શકતા. સાચા હીરાને જવેરી જ ઓળખી શકે છે. હાલત કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મંદિરોમાં) દોડી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપ સાચો હીરો આપણને આપ્યો છે. ભગવાન ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિતે ચક્ષુઃ પશ્યમે યોગમીશ્વરમ્''ભગવાનને ઓળખવા માટે તો દિવ્યતા

મેળવવી પડે. દિવ્યતા જ આત્મબળ છે... તેથી મારો તો આપલોકોને આગ્રહ સાથે અનુરોધ છે કે આત્મબળ મેળવવા માટે પોતાનો કાંઇક દરરોજનો નિયમ રાખો. ષોડશગ્રંથના પાઠનો નિયમ રાખો... (**દ્વિતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ**, ઈન્દોર-નાથદ્વારા, શ્રીમદ્‌વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪)

(૧૬) **વકીલ :** જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગ માટે અને શ્રીઠાકોરજીની સેવાના નભાવ માટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

પૂ.પા.મહારાજશ્રી : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય. **(નિ.લી.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત "નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક" વિવાદમાં પુષ્ટિમાર્ગનાં વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની)**

(૧૭) ...તેવી જ રીતે આપણે ત્યાં સન્મુખ ભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખ ભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, શ્રીયમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું... અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખ ભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખ ભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે.... શ્રીઠાકોરજી-નિમિતે કાંઇ મંગાઈ નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને... તે લેનારની બુદ્ધિ બગડયા વગર ન રહે. **(નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગરના વચનામૃત-૪૮૪/૮૭)**

(૧૮/ક) વૈષ્ણવોની પાસે જે કાંઇ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે કાળની ભિષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ-હવેલીઓના વૈભવને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૈંલી ગયા હતા, સંજોગવશાત્ તે <u>હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૈંનો નથી.</u> ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાં આપણું સર્વનું હિત જ સિદ્ધ થવાનું છે.

(ખ) મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામાં વિશેષરૂપથી આગ વધવા ઈચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે

સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જસેવા કરવા યોગ્ય બને છે.... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

(ગ) શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્સમ્બન્ધ અને ભગવત્સેવાને જ મુખ્યતા આપવામાં આવી હતી. ત્યાર પછી, સારી રીતે જોવામાં આવે છે કે, તેમાં પણ અમુક ફેરફાર થઈ ગયા....શ્રીઆચાર્યચરણના અને શ્રીપ્રભુચરણના સેવક, આપણે જોઈ શકીએ છીએ કે, બધા પ્રકારના છે. એવું નથી કે અમુક ચોક્કસ વ્યકિતજ ભગવત્સેવા કરવા માટે લાયક હોયછે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઈ શકે છે. આવું કયાંય પણ લખેલું જાણવામાં આવતું નથી. કેટલાય પ્રકારના જીવ ભગવત્સેવા કરતા હતા. તેમાં સ્મશાનમાં રહેનાર, વેશ્યા વગેરેથી માંડીને સારા વિદ્વાન બ્રાહ્મણ પણ હતા. આજના સમયમાં, મને એવું લાગે છે કે, આપણે એ બધા ચરિત્રોને ભૈંલી જઈને પાછળથી મુખ્ય બની ગયેલા ભાવાત્મક રૂપને જ પકડીને બેસી ગયા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે... હું માનું છું કે ચરિત્રો (વાર્તાઓ) નો વિચાર કરવામાં (સમજવામાં) સિદ્ધાન્તોની આવશ્યકતા હોય છે. (**તૃતીય ગૃહાધીશ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ** : ૧૮/કઃ તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટ્યોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ : ૧૮/ખ : બયાન મૈંર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ. કાંકરોલી. ફાઈલ સંખ્યા ૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશ મંદિર દિનાંક ૭/૧૧/૬૫ : ૧૮/ગ : શ્રીમદ્‌વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯)

(૧૯) આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઔર વહી અનર્થ કી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવન પર'' ઈસ ઉકિતમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હ પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ' કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈ ! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હ ? <u>યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો... ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, કયોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હ. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.</u> (**નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ**, મુંબઈ-મદ્રાસ : વલ્લભવિજ્ઞાન અંક.૫-૬ વર્ષ ૧૯૬૫)

(૨૦/ક) આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન કયાં કરી રહ્યા છીએ ? આપણે ત્યાં

ગૃહસેવા કયાં બચી છે ? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે ? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે 'કૃષ્ણસેવા સદા કાર્યા'. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત. શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથકરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ) એ કાલે જે કહ્યું હતું (ઉપર ટાંકેલ ૧૫ માં વચનમાં) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

(ખ) પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભકિતવર્ધિની) અર્થાત્... પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોકત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે.... માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણના સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને.... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.**(નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ : દહીસરમાં શ્રીગોવર્ધનનાથહવેલી ટ્રસ્ટના સંસ્થાપક ૨૦/ક 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮)**

(૨૧/ક) અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠાકોરજીને ગોસ્વામી-સંબંધથી જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલે કે ભેટ કરીને, રિલીજિયસ એંડોમેંટના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ ધરાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જયારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

(ખ) ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો... ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઇએ. (**નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ :** ૨૧/ક : 'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ૨૧/ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)

(૨૨/ક) જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી જોઇએ, એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે.. વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ) લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

(ખ) તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટે જ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને કયાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલીનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી... અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટયુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણ કે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઇએ; એક દુકાનદાર દુકાન અને માલની ખરીદીમાં મૈંડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે; કેમ વેપાર સારો થાય, કેમ વેપાર વધે... માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવા માટે મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભારપૈર્વક કરવી. (**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબંદર** : ક -'સુધાધારા' પૃ.૧૧૪. ખ : 'સુધાબિન્દુ' પૃ.૭૩).

(૨૩) ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈ કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઇતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૈંત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ... સબ પ્રકારકે દાન ચઢાવા વ વસૈંલ વસૈંલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરૂદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હ, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામાં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે. (**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ** : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા. ૧-૨-૫૬).

(૨૪) ટ્રસ્ટ હવેલી-મન્દિર એટલે પુષ્ટિભાવોનું મોત :

ભગવાન-સ્વધર્મ પૈંજીથી (પૈસાથી) બંધાઇને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા પ્રેમપરવશ બનીને ચાલે છે. આજે જે (મન્દિરો-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનોની પ્રણાલી ચાલી રહી છે. તે પુંજીવાદની એક હમણાં હમણાં પેદા થયેલી કથા છે જેમાં ભગવાન, ગાય, ગુરૂ અને ધર્મઅનુયાયીઓ ઉપર એકચક્રીશાસન કરવાની લાલચ રહેલી છે. આ પ્રકારથી આદર્શના મહોરા કહેવાતા આ ધનલિપ્સા (ધનલાલસુ) અને ધનિકોની કથામાં તે પ્રેમ નથી જે

એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયૈ...'' આ આત્મીયતા ભરેલા મીઠા શબ્દોમાં ઝલકે છે. આ પ્રેમભરેલો અનુનય છે. અને આજના ટ્રસ્ટી અને સરકાર ભગવાનને પૈસા કે સત્તાના જોરે એમ કહે છે કે ''આ સ્થળથી જરાય પણ હલતા નહીં. ધ્યાન રાખજો, હું તમારો વ્યવસ્થાપક, ટ્રસ્ટી છું. તમારી ઈચ્છા હોય કે ન હોય, તમારે મારા ઉપર ભરોસો રાખવો જ પડશે, સમજ્યા !'' માણસો સમજે છે કે આ ધર્મરક્ષાનું જ એક સર્વશ્રેષ્ઠ રૂપ છે, પરંતુ.... આમાં પણ પ્રાણોની એટલી જ અસલામતી છે કે મોતથી કાંઈ ઓછી નથી... શ્રીવલ્લભાચાર્યએ આવી રીતે બાંધવામાં આવેલા ઈશ્વરને દામોદર માનવા માટે ઈન્કાર કરી દીધો.

શ્રીઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવવાળાઓએ શ્રીઠાકુરજીને વેંચી માર્યા છે :

....સરખી રીતે સમજો કે એવી કઈ મા હશે જે પોતાના છોકરાને પૈસાની લાલચમાં વેંચી નાખે; કે પછી કોઈ પ્રેમી કયારેય પણ પ્રત્યક્ષ તો શું સપનામાં પણ આવું કરવાનું તો દૈર રહ્યું, વીચારી કે જોઈપણ નથી શકતો. આ બાબતમાં એક વાર્તા યાદ આવે છે... એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી (અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ ગરીબ (ગોસ્વામી ગુરૂ) નું બાળક (શ્રીઠાકોરજી) રમાડવા માટે લીધું. કેટલાક દીવસો પછી બાળકની માંએ જે ગરીબ હતી તેણે પોતાનું બાળક માગ્યું ત્યારે પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારૂં બાળક છે, તારૂં નથી. તારાથી જે થાય તે કરીલે. બીચારી ગરીબ મા...ન્યાય માગવા લાગી... પરંતુ બધા (વૈષ્ણવ, આમજનતા, સરકાર) લોકો તે ગરીબની વિરૂદ્ધ જુબાની આપવા જતા રહ્યા. ન્યાયાધીશ હોંશીયાર હતા... ન્યાયાધીશ બોલ્યા કે... આ (બાળક)ના બે હકકદાર છે એટલા માટે આ (બાળક) ના બે ટુકડા કરીને આ બંનેને સરખા ભાગે આપી દેવામાં આવે. પૈસાદાર સ્ત્રી (ટ્રસ્ટી) એ આ વાત માની લીધી, પણ ગરીબ માએ રોતા રોતા કહયું કે ''નહી હજુર, આ બાળક મારૂ નથી; આ તો એનું જ બાળક છે, એને મારીને બે ટુકડા કરશો નહીં''... આવો ત્યાગ એક સાચી મા જ કરી શકે. આ તો બનાવટી ઠોકી બેસાડવામાં આવેલી વ્યવસ્થા છે.

આ રીતે પૈસાએ ધર્મ ખરીદયો, ભગવાન ખરીદયા, અને તે નિર્દોષ બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશા-હંમેશાને માટે ચુપ થઈ ગઈ. લોકોએ કહ્યું કે હવે ભગવાન બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરંતુ આવી અપેક્ષા તેની પાસે રાખી શકાય છે કે જે જીવતો હોય, કોઈના પ્રેમમાં બંધાયેલો હોય, તે પછી તે ખૈંબસૈંરત બાળકની નુમાઈશ અને પ્રદર્શન કરવા લાગ્યો, જેમ બેબીમિલ્કના ડબલામાં ચિત્ર કે મોડેલનું ચિત્ર હોય છે.

ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવતી સેવા પૂતનાના પ્રેમ જેવી છે :

દરરોજ એ વિચારવા લાગ્યો કે આનાથી કેટલી આવક થઈ, કેટલો વેપાર થયો, અને બધા વ્યવસ્થાપક એમ માને છે કે આ પ્રેમ છે, ભકિત છે. પણ હતો તો ધંધો જ, જેનું રૂપ પૈંતનાના પ્રેમની જેમ સચ્ચાઈને છુપાવી ગયું અને ભોળી જશોદાએ લાલનને તેને રમાડવા આપી દીધા.

મન્દિર-હવેલીઓ દુકાનો બની ગઈ છે :

કેટલો વેપાર થયો તેના ચોપડા રખાવા માંડયા. કેટલું ખાધું અને કેટલો નફો થયો

આનુ માપ તોલ થવા લાગ્યું. વેંચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ તે બાળક ભગવાન જે પ્રેમથી ભકતોને માટે ભોળો બની ગયો હતો. લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો અને કહી દીધું – આ સાર્વજનિક ઈશ્વર છે. તે સર્વશકિતમાનને સ્વાર્થનું સાધન અને જગન્નિયતા ઉપર ધનનિયન્તા રાજ કરવા લાગ્યા. હાલત એવી થઈ કે કોણ એને ખવડાવે–પીવડાવે ? તે તો સાર્વજનિક હતો !

મન્દિર–હવેલીઓના શ્રીઠાકોરજી જડ બની ગયા છે :

શ્રીદ્વારકાધીશને પણ એ છૈટ હતી કે તેઓ વિદૈંરના ઘરે શાક ખાઈ શકતા હતા પણ આ તો કાયમ માટે જડ બની ગયો, ફકત જોવા પૈંરતો જ !

....શું આ સિદ્ધાન્ત કોઇ પ્રેમીને માટે પ્રેમીકા કે માતાને મંજૈંર થશે ? પણ આ આજે માન્ય છે અને માન્ય કરવું પડશે. માત્ર પૈસા માટે પોતાનું દીલ નહીં, દુનિયાનું દીલ બહેલાવવા માટે, વેશ્યાની જેમ, જેનામા હૃદય જેવી કોઇ ચીજ રહી નથી શકતી અને હોય તો તે માની ન શકાય. બધાનો અધિકાર છે તેના ઉપર, જાણે કે તે સમ્પત્તિ હોય, જેની ઇચ્છા થાય તે ખરીદે, મન ફાવે તેમ ઉપયોગ કરે, જેવી ઇચ્છા થાય તેવું વર્તન કરે ! તેને કરવું જ પડશે. કઈ જાતની છે આ ભકિત અને પ્રેમની પરિભાષા ! છતાંપણ સ્વતન્ત્રતાના ભુંગળા વગાડવામાં આવે છે ! શું આ જ એ ભકિત છે જેને શ્રીવલ્લભ ‘‘માહાત્મ્યજ્ઞાનપૈંર્વક સુદૃઢ સર્વત્તોડધિક સ્નેહ’’ કહે છે ? આજે આ ભકિતનું માહાત્મ્ય આ જ છે કે કયા ભગવાનને ત્યાં કેટલી આવક થાય છે.

ટ્રસ્ટ મન્દિર પુષ્ટિપ્રભુને માટે જેલખાનું :

..... હવે કોઈ પ્રેમથી આ નથી કહી શકતું કે મારો બાળક મોડે મોડે સુતો છે, વહેલો ન ઉઠાડતા. સુરદાસનું પદ ભગવાનને જગાવવા માટે દુલાર નથી રહ્યું, ન તો કલેઉના પદમાં મમતાનો અનુનય છે; આ તો ફરજીયાત નાસ્તો છે જેને કેદીની જેમ ઈશ્વરને કરવો પડે છે. જાણે કે જેલખાનામાં ઉઠવાની કે ખાવાની ઘંટડી વાગી હોય !

....શ્રીવલ્લભાચાર્યજીએ જીંદગીમાં કયારેય પણ પોતાના કલેજાના ટૈંકડા આરાધ્યને દૈંર થવા દીધા નથી. આજે તે વહેંચાઈ રહ્યો છે ધનપતીઓના હાથમાં અને બંધાઈ ગયો છે સરકારી સંકજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને હવે તેને શો–રૂમનું પૈંતળું બનવાનો સમય નજીક આવી ગયો છે.

ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ હીનકક્ષાની છે :

બીચારા ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ બદતર છે... ભગવાનની સુંદર વિનિન્દિતમુકતા–દંતપંકિત બગલા ભગતોંને જોઇને ખીલી ઉઠે છે. સદાનન્દ નિરાનન્દ થઇને આ ધર્મ ખરીદવાવાળાના હાથોમાં સરાજાહેર વેંચાઇ રહ્યો છે.... બધાને આશરો આપવાવાળો પોતે જ નિરાશ્રિત થઇને બેઠો છે પોતાના ધનવાન ખરીદનારાઓની રાહ જોઇને !

હવેલી–મન્દિરમાં દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવીઃ

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન બ્રાહ્મણને દેવલકવૃત્તિથી અધમ માનેલો છે... આજે

એજ દેવલકવૃત્તિનું ધન જીભના ચટકારા લઈને વૈષ્ણવસમાજ ખાઈ રહ્યો છે. નાથદ્વારામાં કઈ વસ્તુ સ્વાદિષ્ટ છે.... આજ વિવેચન કરે છે... પણ મારૂં કર્તવ્ય શું છે આ કયારેય વિચારતો નથી. શ્રીનાથજીમાં ધનવાનોનું સામ્રાજ્ય છે... નાથદ્વારામાં હમણાં હમણાં પૈસા ખેંબ જ આવી રહ્યા છે, કેમકે ત્યાં ધનવાનોનું સામ્રાજ્ય છે. એમના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે... ગરીબો માટે ઉભા રહેનાર ઠાકોરજી હવે ફકત ધનિકો માટે ઉભા રહે છે.

શ્રીવલ્લભના આદર્શોના સ્મશાન જેવા મન્દિર-હવેલીઓ :

ભગવન્નામ ભાગવત દ્વારા હોસ્પિટલોને માટે કરોડોની રકમ જમા થાય છે. અને જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પણ અહીં તો સ્મશાનથી પણ આદર્શ ગાયબ થઈ જઈ રહ્યા છે ! કદાચ આદર્શનું સ્મશાન આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય.

મન્દિરનો પ્રસાદ ખાઈ શકાતો નથી :

...વલ્લભમતમાં આ સિદ્ધાન્તતઃ ખોટું છે અને આવા દેવસ્થાનોના ચઢાવાનો પ્રસાદ પણ ખાઈ શકાતો નથી. કારણકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

દર્શન-મન્દિર ધર્મપ્રચારનું માધ્યમ બની શકતા નથી :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૈર્તિનો સવાલ છે, ધર્મપ્રચારને તેની સાથે કોઈ સંબંધ નથી. અને ન તો એને ઉચિત પણ કહી શકાય. કારણ કે ભગવાને ધર્મની વ્યવસ્થાને માટે વેદવ્યાસ વગેરે જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મરક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિર) વ્યવસ્થા આચાર્યોચિત અને ધાર્મિક કે ભારતીય જ નથી ત્યારે શ્રીવલ્લભાચાર્યને સંમત હોવાનો તો સવાલ જ પેદા નથી થતો.... અમારી આ બાબતમાં સૈંચના છે કે એક અલગ વ્યવસ્થા... કરવી જોઈએ જેનાથી શ્રીવલ્લભસિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો આવી વ્યવસ્થા કરવામાં નહીં આવે તો દેવદ્રવ્ય થશે, જેનો ભોગ કરવાથી શ્રીઆચાર્ય સ્પષ્ટ કહી રહ્યા છે કે નરકપાત થશે.

નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો હવે ઘેરબેઠા જ માણસને પવિત્ર કરવા પોતાના ઉંચા-ઉંચા તરંગોથી બધાજ ઘર-બાર ને જ તરબોળ કરવા લાગી છે ! ... ૮૪ બેઠકોથી સંતોષ ન થયો તેથી હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોંના ખેતરોમાં પોતાના ઝારી અને બીજા ચિન્હો પ્રગટ કરવા માટે વિવશ થવું પડે છે ! (**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ :** ''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થા હેતુ પ્રતિવેદન'')

(ખ) શ્રીવલ્લભાચાર્યજીએ સેવાને વેંચાતી લેવાની વાત નથી કહી કે લઈ આવો પૈસા આપીને. નહીં. 'તનુવિત્તજા' પદનો અર્થ જ આ છે કે તે સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ. પરંતુ ધન લાગે અને તન ન લાગે તો સેવા કરી નથી કહેવાતી. (**પ્રથમેશ વાક્સુધા-૧.** પાનાનં. ૫૯)

(ગ) ...''સેવાડપિ કાયિકી કાર્યા'' એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને પરણેલી

સ્ત્રીને નથી લાવી શકાતી, વેશ્યાને લાવી શકાય છે. વેશ્યાથી ઘર નથી વસતુ આ વાત સ્પષ્ટ છે. તેથી સાફ વાત છે કે ભગવત્સેવા અને વરણમાં પતિ-પત્નિનું દષ્ટાન્ત અપાય છે કે જેમાં આત્મીય સમ્બન્ધ છે. (**પ્રથમેશ વાક્સુધા-૧,** પા.નં.૭૪)

(ઘ) ભેટ પણ શ્રીઆચાર્યની સન્મુખ જ થાય છે. પ્રભુની સન્મુખ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થાને સંભાળીને રાખવી જોઇએ. નહીંતર બુદ્ધિ બગડશે. આવું કરવાથી પતન થાય છે, અને થયું છે. (ત્યાંજ પા.નં. ૧૭૧) વસ્ત્ર અલંકારોમાં મન વધારે જતું હોય તો આવું સાહિત્ય રાખવાની આવશ્યકતા નથી. આવું કરવાથી લૌકિક વધે છે અને ધર્મભાવના નાશ પામે છે... તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઇજીએ ના કહી હતી અને શ્રીમહાપ્રભુજીએ નાવને (દ્રવ્ય સંપત્તિથી ભરેલી) ડુબાડીને પુરૂષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતાં. (ત્યાંજ પા.નં. ૧૮૦).

(ચ) ધર્મની પરમ્પરા પ્રદર્શન ઉપર આધારિત નથી પરંતુ એક યથાર્થ જીવનનો ઉ જ્જવલ પક્ષ છે... કુનવારા અને બીજા મનોરથો... નું રૂપ આગળ જઇને મહાપ્રભુ શ્રીવલ્લભની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદાનો નાશ કરનારૂં થશે જેની આજે કલ્પના પણ નથી કરી શકાતી. (ત્યાંજ પા.નં.૧૯૭) (**પ્રથમેશ નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ,** કોટા-જતિપુરા-મુંબઇ)

(૨૫/ક) પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય ?

ઉત્તર : દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઇ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય... આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઇએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

(ખ) મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૈં.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમાં વ્યકિતગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. કયાંય ધ્વજા-શિખર હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર' જ કહે છે... ('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક **નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત :** ૨૩/ક : વૈ.વા.અંક.૩. વર્ષ.માર્ચ ૧૯૮૩-૨૩/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

(૨૬/ક) ...બ્રહ્મસંબંધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઇન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ... મન્દિર-<u>ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકે લિયે હ. સેવા હમેં અપને ઘરોંમેં કરની હૈ.</u> (**'વલ્લભવિજ્ઞાન'** અંક : ૫-૬, વર્ષ ૧૯૬૫)

(ખ) આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસપૈર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે ? શું આજની સેવા 'ચેતસ્તત્પ્રવણં સેવા' (ચિત્તનું પ્રભુમાં પરોવાઈ જવું તે સેવા છે.) નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે ?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરાપણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોનાં પૈર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્તના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુ સૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વારા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે. (**પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજ,** વડોદરા-સુરત, પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩ વિ.સં.૨૦૩૪)

(૨૭)

પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શા માટે કહેવામાં આવે છે ?

ઉત્તર : સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યકિતગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યકિતગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતાનો પતિ અથવા પુત્રની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યકિતગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યકિતગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે... માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી. (**પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજી, સુરત :** 'પુષ્ટિને શીતલ છાંયડે' પાના નં. ૧૫૭-૧૫૮).

(૨૮) જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તેઓ પોતે તો કૃતાર્થ થાય જ છે પરંતુ તેઓના પરિવારના પરિજન (સભ્યો) પણ કૃતાર્થ થાય છે... બધી ઈન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા દ્વારા થાય છે... એટલા માટે ઘરમાં આચાર્ય શ્રીગુરૂચરણ દ્વારા પુષ્ટ કરાવીને શ્રીઠાકોરજી પધરાવો અને સમયને સેવામય બનાવો...

શ્રીઠાકોરજી ઘરમાં બિરાજતા હોય તો ઘર ઘર નથી રહી જતું, તેવું ઘર પ્રભુની ક્રીડા (રમણ)નું સ્થળ બની જાય છે... નન્દાલયની લીલાનું સ્થળ (નંદાલય) બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા... કિશોરીબાઇ... જીવનદાસ ... આ મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના શ્રીઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

...શ્રીઠાકોરજી આપણા નિધિ એટલે કે સર્વસ્વ છે... આવા પૈંર્ણપુરૂષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આ અલૌકિક નિધિ (ધન) આપીને આપણને ધન્ય બનાવ્યા છે. આનાથી મોટું કયું બીજું ફળ છે !

... જે સાંસારિક કામનાથી શ્રીઠાકોરજીનું ભજન એટલે કે દર્શન સ્મરણ સેવા કરે છે તેને કલેશ જ હાથમાં આવે છે... ઘરના ઠાકોરજી જ સર્વસ્વ છે... તેઓ જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તેઓ આપણા પતિ છે જે ભયથી રક્ષા તેમજ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી બીજે ઠેકાણે જઇને કોઈની સેવા કરી શકે છે ? કયારેય નહીં ....ઘરના સભ્યોથી આ સહન નહીં થાય... તેવી જ રીતે જે પોતાના માથે શ્રીઠાકોરજી ઘરમાં બિરાજે છે તેને આપણે ઈચ્છામાં આવે તેવા નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને સામગ્રી સિદ્ધ કરીને લાડ લડાવી શકીએ છીએ પણ આવો અધિકાર કોઇ બીજે ઠેકાણે કાંઇ થોડો મળી શકે છે. તેથી ''ઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયો''.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નંદાલયની લીલા કરવા માટે શ્રીગુસાંઇજીના ઘરમાં પધારવું પડયું. ''વ્યાજં લલૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્''. તેથી શ્રીનાથજીનો આ પાટોત્સવ જ મુખ્ય માનેલો છે. જે ફાગણવદી સાતમનો આવે છે.

તેથી ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખૈંબ જ જરૂરી છે. કોઇ પત્ની પોતાના પતિની સેવા ન કરે, તેના ગુણગાન જ ગાતી રહે... તો શું પતિ સંતોષ પામશે ? આ જ રીતે... જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે, પણ સેવા સ્વધર્મથી વિમુખ રહે છે તેઓ હરિના દ્વેષી છે (વિષ્ણુપુરાણ) સેવાથી સેવ્યને સંતોષ મળે છે આ જ વૈષ્ણવોનો સ્વધર્મ છે. (**દ્વિતિયગૃહીય પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ,** ઈન્દોર-નાથદ્વારા, ૨૫૨ વૈ.વાર્તા, ખંડ-૨ની ભૈંમિકા પૃ. ૧૫-૩૬)

(૨૯) શ્રીમહાપ્રભુજીએ જાુદા-જાુદા મંદીરોની પ્રણાલી ઉભી નથી કરી; પરંતુ આમાં જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યનો એક લાં...બો દ્રષ્ટિકોણ હતો. દરેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઇએ. કોઇ મન્દિરની બાજુમાં એક બહેન રહે છે. તેને મન્દિરની આરતીનો ઘંટાનાદ સંભળાય જાય છે. સેવા કરવા માટે બેઠેલી તે બહેન ઠાકોરજીના વસ્ત્ર વડા કરીને સ્નાન કરાવવા જઇ રહી હતી એટલામાં આરતીનો ઘંટાનાદ સંભળાયો. તે ઠાકોરજીને તે જ અવસ્થામાં છોડીને મન્દિરે દોડી ગઇ. થોડા સમયમાં પાછી ઘરે આવી. હવે વિચાર કરો કે આવી રીતે કોઇ સેવા કરે તો તેમાં કયારેય આનંદ આવી શકે છે શું ? અહીં તો એક-એક વૈષ્ણવનું ઘર નંદાલય છે. (**પૂ.પા.ગો.સુશ્રીઈન્દિરાબેટીજી,** વડોદરા ''વૈષ્ણવ પરિવાર'' અંક જૌંન ૯૦)

(૩૦) ''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકું કૉર્ટમેં સમઝાયે'' - ''હમારા ઈસમેં પૈરા સહયોગ હોગા, તનમનધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈ''. (**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર** : ગો.શ્યામ મનોહરજી (પાર્લા-કિશનગઢ) ને મોકલાવેલ તા. ૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

(**૩૧**) પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થવા લાગી છે. તેની પરમ્પરા જ હવે તૈંટવા લાગી છે. આના મૈંળમાં જો કાંઇ હોય તો તે છે આજની સાધન-સમ્પત્તિ. એ જ આપણા સંસ્કાર બગાડી રહી છે. અત્યારે પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ) સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભી શકશે. (જાુલાઇ, ૨૦૦૭ પૃ.૬) શ્રીમદાચાર્યચરણના મત પ્રમાણે ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૈંળ છે.... શ્રીગુસાંઇજીના વખતમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરૂઆત કરતી વખતે (તેમાં) માત્ર લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૈંચના આપેલી હતી... અત્યારે... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ મેળવવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં મુખ્યતા મનોરથીની થવા લાગી છે. શ્રી(ઠાકોરજી), ગુરૂ તથા સેવાભાવનાની મશ્કરી થવા લાગી છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદીરની તેના સંચાલકોની વૃત્તિજ બદલાઇ ગઇ છે. આડંબર અને યશને પુષ્ટ કરવા માટે ... ઘરે ઘરે રખડવાની સ્થિતિ પેદા થઇ ગઇ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં પોતાના સન્તાનોને જરૂરી સંસ્કાર પોતાના ઘરમાંથીજ આપવામાં આવે આ જ છે.

....મંદિરોનું સમ્પૈંર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે... સમ્પત્તિ ... મેળવવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે ધંધાના રૂપમાં ફેરવવા લાગી ગયા છીએ. (જાુલાઈ-૨૦૦૭, પૃ.૬)

ઠાકોરજીની સેવા ચોરની જેમ કરવી જોઇએ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું એનો ઢંઢેરો પીટવો કે એનું પ્રદર્શન કરવું તે પણ જીવની દીનતામાં વિક્ષેપ પેદા કરી શકે છે.... પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં પણ આટલી ગુપ્તતા જરૂરી છે. 'પ્રીત હીયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'ની રીતીથી તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે છે તેને કયારેય પણ જાહેર કરી શકાતું નથી. (સપ્ટે.૨૦૦૪, પૃ.૭)

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને બીજા ઠાકોરજીના દર્શન કરતાની સાથે જ પોતાની માથે બીરાજતા ઠાકોરજી ભુલાઇ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી એવો થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરૂપતિ' શબ્દનો પ્રયોગ થાય છે. જેમાં 'તિરૂ' નો અર્થ શ્રી અને 'પતિ' નો અર્થ નાથ(એટલેકે શ્રીનાથ) જ થાય છે. એટલે કે પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વનું દર્શન થવું જોઇએ. એમને આરોગાવ્યું એટલે આખી દૈંનિયાને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઇએ. જ્યારે અહીંઆ તો ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધાજ નિધિસ્વરૂપોના દર્શન થવાના બદલે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે

જીવમાત્રમાં આપણે પોતાના ઠાકોરજીના દર્શન કરવાના વિચાર કરી રહ્યા છીએ ! અને પાછી બુદ્ધિની ચતુરાઇ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે એટલા માટે ઘરમાં પ્રભુની સેવા કરીએ કે પછી બીજાઓની સેવા કરીએ બધું સરખું જ છે !! તેથી અન્યસેવાઓ દ્વારા સંતોષ મેળવવાનું શરૂ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાનું રક્ષણ થાય અને ઉપરથી પરમ ભગવદીય કહેડાવવા લાગ્યા !!! (સપ્ટેમ્બર, ૨૦૦૭ પૃ.૭)

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદઆપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. (ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭) (**નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ-પંચમેશ,** કામવન, માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, વલ્લભવિદ્યાનગર-કામવન)

(૩૨/ક) ગો.શ્રીહરિરાયજી : જરા ધ્યાનથી સાંભળજો .. ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૈંજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્'' ... લાભ-પૈંજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૈંજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૈંજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું. દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશ થશે. ...

ગો.શ્રીશ્યામમનોહરજી : એટલે ખાસ ધ્યાન રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૈંજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે...

ગો.શ્રીહરિરાયજી : અને ઉપધર્મત્વ આવી રહ્યું છે... અને આ નિષિદ્ધ છે. ....

ગો.શ્રીશ્યામમનોહરજી : આ સ્થિતિમાં ગુરુ પોતાના લાભ કે પૈંજાને માટે શિષ્યથી કાંઇ પણ ઠાકોરજી માટે માંગતો હોય તો તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવા લાયક હોતું નથી.

ગો.શ્રીહરિરાયજી : હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ' થી પણ સ્પષ્ટ થાય છે. (**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર** પુષ્ટિસિદ્ધાન્તચર્ચા સભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪, ૧૯૩)

(ખ) શ્રીમદાચાર્યચરણોએ ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી... આજ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્ત પદ કહ્યું છે... મજુરી પેટે પૈસા લઈને

કે દઈને બે પુરુષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્ત પદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા જ કહેત... **જો બે જુદી જુદી વ્યકિત તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુકત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી.** એથી જ માનસી સિદ્ધ નથી થતી.

(ગ) જ્યાં સુધી લાભપૈંજાર્થયત્નનો પ્રશ્ન છે તો તેતો કોઈપણ કક્ષાનો ભકત કરશે તો દેવલક જ થશે... જો કોઈ સ્વલાભપૈંજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોકકસ દેવલક છે.... **બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરૂદ્ધ છે.**

(ઘ) હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલ્ટાનું ભગવત્શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ... અમારા પ્રભુનો નિત્યનેગભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

(ચ) પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે શ્રીભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ,** જામનગર, અનિર્દિષ્ટપૃષ્ઠ સંખ્યાક ''તત્સિદ્ધયૈ તનુવિત્તજા'')

(૩૩) સંયુકતઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ સુજ્ઞજનો શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે. દૈવી જીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવાઆચાર્યોએ એક 'સંવાદસ્થાપકમંડળ' ની સ્થાપના કરીને મુંબઈમાં... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું...સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી' ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી. અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૈં.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૈંષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૈંજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવમાં ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઇ તે ખરેખર એક મોટી સિદ્ધી છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૈંજ્ય શ્રીશ્યામમનોહરજીની

સાથે સહમત થઈને પૈંજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે :

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૈંર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ઓછું કે વધારે હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક (સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને પૈસા કમાવાનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યકિત (=ભગવત્સેવ્યસ્વરૂપને પૈસા કમાવાનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈપણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૈંજાના હેતુથી પોતાના માટે દ્રવ્ય અથવા કોઇ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગનાં સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી. કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ (દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી-શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથીજ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(**સંયુકત ઘોષણાપત્ર** : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી ૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક ૧૧ માર્ચ ૧૯૯૨)

<u>હસ્તાક્ષર :</u>

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ,
પૈં.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ),
પૈં.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ (ગોકુલ-અમદાવાદ),
પૈં.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),
પૈં.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),
પૈં.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (કડી-અમદાવાદ),
પૈં.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ,
પૈં.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ,
પૈં.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ,
પૈં.પા.ગો.શ્રીહીરરાયજી (કામા-વીરમગામ-અમદાવાદ).

(૩૪) આ કાર્યક્રમ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) દ્વારા બને એટલા પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૈર કરવાનો પ્રયાસ કર્યો છે; બીજો કોઈ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઈ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો-હું તો પ્રવાસ ખુબ કરૂ છું - એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઈ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઈ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે ! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઈ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોય શકે ! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભકિત જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય** : ''પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા. ૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઈ, વિસ્તૃત વિવરણ પૃ. ૩૧૭-૩૧૮)

(૩૫) પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, કાંઇ દેખાડવા માટે તો છે જ નહીં, ભકત અને ભગવાનની વચ્ચે આંતરિક સમ્બન્ધ દઢ કરવાનો માર્ગ છે... બંનેના સંબંધ એવા હોવા જોઈએ કે કોઇ ત્રીજાને તેની ખબર ન પડે. આપણો આપણા ભગવાનની સાથે શું સમ્બન્ધ છે આને બીજી કોઈ વ્યકિતને દેખાડવાની જરૂર જ શું છે ? વખાણ કરાવવા માટે ? પોતાની મહાનતા વધારવા ? આ તો બધું જ બાધક છે. (**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** અમરેલી-કાંદીવલી, 'પુષ્ટિવનિતા' પૃ.૧૨)

(૩૬/ક)

પ્રશ્નઃ આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈ વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હ જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઇકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઈન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ ?

ઉત્તર : દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર

તો માત્ર એક હી (શ્રીનાથજીકો) હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. .... આજ મન્દિર જિતને હ અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હ વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હ. પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

(ખ) આજથી દોઢસો વર્ષ પૈર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો હતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા..

(ગ) આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી (સેવ્યસ્વરૂપને) સેવ્ય કરવાનું પણ ભૈંલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યકત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધી માની બેસે છે.

તનુવિત્તજા સેવા :

"તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા" આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ. જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીયજનોનું વાત્સલ્ય અને ભાવરૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્તના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવી દે છે.

(ઘ) ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ તો પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી... પોતાનું પેટ ભરવા માટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પ્રદ્મનાભદાસજી... આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથે જ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી !... આપણા મકાનમાં વાસણ ધોવાના પનાલા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે... તે પાણીતો માત્ર ગંધ જ મારે છે... ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગના દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્ય તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે... પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ વકતાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુકત... સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે. (પૈ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઓગસ્ટ ૧૯૯૪, અંપ ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭.૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ.૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)

(૩૭) શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ....<u>તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.</u> (**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓકટોબર ૧૫, ૨૦૦૩, પૃ.૪)

(૩૮) ચિત્ત ભગવત્પ્રેમમાં પરિપૈંર્ણ થઈ જાય, પૈંર્ણતઃ ભગવાનમાં લાગી જાય. તન્મય અને તલ્લિન બની જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવામાં આવે છે. આની સાથે માણસને શરીરથી પણ સેવા કરવી જોઈએ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાયછે. અહન્તા-અહંપણાનો નાશ થાય છે. અહન્તા અને મમતા એક-બીજાની સાથે જોડાયેલી રહે છે તેથી તનુજા અને વિત્તજા સેવા એક સાથે કરવી જોઈએ. આમાં મુખ્યતા તનુજા સેવાની છે. માત્ર પૈસા આપી દેવાથી સેવા થતી નથી. તેનાથી તો (ચિત્તમાં) રાજસી વૃત્તિ પેદા થાય છે. (**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** વડોદરા, શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન પૃ.૧૨૫)

(૩૯) કઈ બાર પ્રભુ સામગ્રી પર માત્ર દષ્ટિ કરતે હૈ, ઉસે આરોગતે નહી હૈ. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે... વૈષ્ણવોંકો પહેલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ. (**આશ્રય,** માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કી પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ... ''હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈ ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હ'' યહ તો મન મનાનેકી બાતે હૈ. યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા. (**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ,** ભાવનગર-કામવન, આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)

(૪૦) તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યકિત કરે ત્યારે જ તે માનસી સિદ્ધ કરે છે. માત્ર તનુજા કરી લીધી અથવા માત્ર વિત્તજા કરી લીધી તો અહન્તા-મમતા દૈંર નહીં થાય... કેવી રીતે ? હું તમને એક દાખલો આપું છું... જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો પ્રશ્ન જ નથી. પરંતુ જો કોઇ વિત્તજા સેવા કરશે તો સમજી જાવ કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથકર્યો. તેની તમે પહોંચ ફડાવશો... ત્યારે તમે કહેશો 'મેં સેવા લખાવી છે'. તમે બોલો છો 'મેં સેવા લખાવી છે' ત્યારે અહન્તા કયાં દૈંર થઈ ? હવે તમે મહેતાજી પાસે શું માંગશો ? ''આ પહોંચ છે, મારો પ્રસાદ લાવો''. તો જુઓ અહન્તા-મમતામાં આપણે વધારે બંધાઈ ગયા. તેથી આવી સેવા સંસારને દૈંર નહીં કરે, સંસારમાં ફસાવશે... માત્ર જો આપણે વિત્તજા કરીએ છીએ આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દૈંર નહીં થાય, મમતા દૈંર નહીં થાય તો માનસી કેવી રીતે સિદ્ધ થશે ? કારણ કે બધા જ બંધનનું મૈંળ અહન્તા-મમતા જ છે. (**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ,** કામવન-સુરત, સિદ્ધાન્તમુકતાવલી પ્રવચન, ભરૂચ, જાન્યુ.૨૦૦૫)

(૪૧/ક) શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના પુષ્ટિસમ્પ્રદાયમાં બે દીક્ષાઓ આપવામાં આવે છે. બંને દીક્ષાઓનું પ્રયોજન અને તેના પછી કર્તવ્યનો પણ વિચાર અતિ જરૂરી છે. માત્ર શિષ્યેષણાને વશ થઈને ચેલા મુંડવાના ચક્કરમાં આપવામાં આવતી દીક્ષાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. જે ભગવત્સેવા કરવા માટે તૈયાર નથી તેવાઓને ક્યારેય પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જોઈએ નહીં. પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં જો તે નિષ્ઠાવાળો હોય તો તેને માત્ર નામદીક્ષા લેવી જોઈએ અને અન્યાશ્રયનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણનો આશ્રય દ્રઢ કરવા માટે પ્રયત્નશીલ બનીને નામસેવારત રહેવું જોઈએ. પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી શ્રીકૃષ્ણની સેવા કરવી અનિવાર્ય છે.

શ્રીકૃષ્ણની સેવા પણ શ્રીમહાપ્રભુજી દ્વારા બતાવવામાં આવેલી રીતિને અનુસાર જ થઈ શકે છે. પોતાના ઘરમાં પોતાના પરિવારના સભ્યોની સાથે પોતાના જ દ્રવ્યથી ભગવત્સેવા કરવી જોઈએ. બીજાને પૈસા આપીને અથવા બીજા પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા તે ભગવત્સેવા તો ક્યારેય પણ નથી જ પરંતુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહ થવાથી ગુરૂ-અપરાધથી ગ્રસિત બનાવીને આરૂઢપતિત બનાવે છે અને આ ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ કરે છે. પૈસા કમાવા માટે કરવામાં આવતી ધંધાદારી સેવાથી તો ચાંડાલની સમાન હીન દેવલક બની જવાય છે. તેથી ભગવત્સેવા પોતાના ઘરમાં પોતાના પૈસાથી અને પોતાના જ શરીર દ્વારા જ થઈ શકે છે.

સેવાની જેમ ભગવત્કથા-કીર્તન પણ પોતે જ અથવા ભગવદીયોની સાથે કરવા જોઈએ. ધંધાદારી કથાકારોને દ્રવ્ય-દક્ષિણા આપીને કરાવવામાં આવતી કથા રાખમાં ઘી હોમવા બરાબર છે. આવી કથા, પારાયણ, કીર્તન અથવા સપ્તાહ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી સર્વથા વિરૂદ્ધ છે. તેથી સેવા અને કથા બંને પૈસા આપીને અથવા લઈને કરવાથી કોઈપણ જાતના અલૌકિક પુષ્ટિફલની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ નથી થઈ શકતી. હા બહિર્મુખ જરૂર થઈએ છીએ.

(ખ) ''અમે તો રાજના ખાસા ખવાસ રે મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરવાવાળા અમે મુકિત નથી માગતા. છતાં પણ વૈષ્ણવ ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષના માર્ગ ઉપર મોકલે છે ! પિતૃમોક્ષાર્થ ભાગવત સપ્તાહ ! કોઈ એકસો આઠ ! કોઈ એક હજાર આઠ ! ...આપણા પિતૃ તો ગોલોકમાં જાય છે ! તેને પાછા મોક્ષમાં શું કામ મોકલો છો? ... ભાગવત સપ્તાહ પૈરી થઈ ગયા પછી માળા પહેરામણી (સૌરાષ્ટ્રની એક વૈષ્ણવ પરંપરા) કરવામાં આવે છે અને કહે છે કે હવે ગોલોક ધામ ... હવે ગોલોકધામમાં મોકલવા છે ! મતલબ એવો થયો કે પિતૃઓને અહીંથી ત્યાં માત્ર ધક્કા જ ખવડાવવા છે ! આપણું કોઈ ધ્યેય જ નિશ્ચિત નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને ખોલ્યા નથી તેનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૈર્વજોને ભોગવવું પડી રહ્યું છે. (**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરૂષોત્તમલાલજી,** જુનાગઢ, શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

(૪૨) આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના

પાયાગત સિદ્ધાંત શું છે એના સાથે એમને કોઈપણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફકત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૈરી કરે છે. ... જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૈરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ... માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટીત જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકશે. ... પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ''કૃષ્ણસેવા સદા કાર્યા'' નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ... શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૈર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે ? ... એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૈર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ) માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુનાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૈર્વક ચાલવાવાળા (સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુનાયીઓ છે. પણ માર્ગ (હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા'' નો ઉપદેશ કેટલી હદે શકય છે ? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય ? ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''... પોતાના દેહ (શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે... ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષય પર શ્રીપુરુષોત્તમચરણ લખે છે... જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા.ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જયારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જયારે તનુવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ

માનસી સિદ્ધ કરે છે. ... પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

(ખ) ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય ! ... પહેલા જયારે દ્રવ્ય ખેંબ જ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે.... આ (ધંધાકીય મનોરથોના) દૈષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા (હવેલીવાળા)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૈષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફકત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવાની વસ્તુ નથી. ... બીજાને સુધારવા કરતા પહેલા આપણે સુધરીયે તો ... સંપ્રદાય આ વ્યાપારીકરણના દૈષણથી મુકત થશે. (**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય,** શ્રીકૃષ્ણાશ્રય હવેલી, રાજકોટ. કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં.૨૦૬૨. ખઃ ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ.૩)

(૪૩)

મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણાપત્ર - ૧૯૮૬

...જયાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પતિ-સેવાકર્તા (ગુરુ કે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં આમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન (સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન ન નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથહી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે... સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. .... વાલ્લભસમ્પ્રદાયમાં ગો. મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

...બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે. કયારેય સાર્વજનિક ન બની જાય ! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પદપદ્મં પ્રસીદતુ''.

હસ્તાક્ષર :

પૈં.પા.ગો.શ્રીઅજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)
પૈં.પા.ગો.શ્રીશ્યામસુંદરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૈં.પા.ગો.શ્રીવ્રજીપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૈં.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
પૈં.પા.ગો.શ્રીવલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૈં.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
નિ.લી.ગો. શ્રીવ્રજાધીશજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
પૈં.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
પૈં.પા.ગો.શ્રીરાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૈં.પા.ગો.શ્રીવિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૈં.પા.ગો.શ્રીયોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
પૈં.પા.ગો.શ્રીનવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
પૈં.પા.ગો.શ્રીમુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
પૈં.પા.ગો.શ્રીરમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
પૈં.પા.ગો.શ્રીનીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)
પૈં.પા.ગો.શ્રીશરદ્કુમારજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
પૈં.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

:: પત્ર દ્વારા સમ્મતિ ::

નિ.લી.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)
નિ.લી.ગો. શ્રીવ્રજભૈંષણલાલજી મહારાજ (જામનગર)
પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
નિ.લી.ગો. શ્રીગોવિંદલાલજી (કોટા)

(**''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યવંશજ ગોસ્વામીઓનું સંયુક્ત ઘોષણાપત્ર'' ૧૯૮૬.** પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)

(૪૪) શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/જાહેર ખાનગી મંદિરોમાં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ... પારિવારિક ભાવનાથી પૈર્વમાં ફક્ત દર્શન માટે આપવામાં આવેલી છૈંટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવરાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે, સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણે આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૈંની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા

ગૈરબ્રહ્મસમ્બન્ધથી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈપણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવત્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે ! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશકિત પ્રદાન કરે ! **''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !''.**

(**શપથપત્ર સ્થળ :** મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)

:: શપથ લેનારની સહી ::

કિશોરચન્દ્ર ગોસ્વામી (જુનાગઢ)
રઘુનાથ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા)
યોગેશ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શરદ્ ગોસ્વામી (માંડવી-હાલોલ)

''દાને હિ ન સ્વવિનિયોગઃ'' પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુ દેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાયછે.
(નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

શું પુષ્ટિમાર્ગમાં ફલ હોઇ શકે ? શું ? કેટલા પ્રકારના ફળનો વિચાર કરી શકાય ? વગેરે પુષ્ટિફળને સંલગ્ન સંગોષ્ઠી જેમાં આપને આપના મનમાં ઉઠતા પ્રશ્નોનું યોગ્ય સમાધાન મળશે...

પુષ્ટિફલમીમાંસા
(સંગોષ્ઠી)

પુષ્ટિભક્તિ તથા પ્રપત્તિ માં ફલ વિષયને લઇ શ્રીવલ્લભસુખધામ, કાંદીવલી-મુંબઇમાં આયોજીત ચર્ચાસંગોષ્ઠી અંતર્ગત પ્રસ્તુત આલેખપત્ર તથા તેની ચર્ચાનું સંકલન

ચર્ચા સંગોષ્ઠીના મુખ્ય વિષયો

* 'મુક્તિતારતમ્યનિર્ણય' ગ્રંથમાં પ્રતિપાદિત ફલનું સ્વરૂપ
* બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં પુષ્ટિફલ
* શ્રીસુબોધિનીજીમાં પુષ્ટિભક્તિના પરમફલનું નિરૂપણ
* શ્રીયમુનાષ્ટકમ્‌માં પુષ્ટિફલ
* પુષ્ટિપ્રવાહમર્યાદાગ્રન્થમાં પુષ્ટિફલ
* સિદ્ધાન્તરહસ્યગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* વિવેકધૈર્યાશ્રય ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ષોડશગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* નિરોધલક્ષણ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ભક્તિવર્ધિની ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* પંચપદ્યાનિ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* સંન્યાસનિર્ણય ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* શિક્ષાશ્લોકી ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* શાસ્ત્રાર્થપ્રકરણ તથા સાધનપ્રકરણના સંદર્ભમાં પુષ્ટિફલ
* સેવાફલ ગ્રન્થના સંદર્ભમાં પુષ્ટિફલ
* ન્યાસાદેશ ગ્રન્થ, વાર્તા સાહિત્ય તેમજ કીર્તન સાહિત્યના સંદર્ભમાં પુષ્ટિફલ

:: પ્રકાશક ::

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત.

ફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મતે ભાગવત પુરાણ એ ભગવદ્‌ગીતાનું જ વિસ્તૃત સ્વરૂપ છે.
આપશ્રી લખે છે : 'શાસ્ત્રાર્થો ગીતાર્થઃ' શાસ્ત્રાર્થપ્રકરણ ગીતાનો જ અર્થ છે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

:: અનુવાદક ::

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

(૩૨૦ પાનાનો બૃહદ ગ્રંથ, આકર્ષક મુખપૃષ્ઠ સાથે જેની છઠ્ઠી આવૃતિ પ્રકાશિત થઇ ચુકી છે)

વેદોના સાર એવા ઉપનિષદોનો પણ સાર તે 'ભગવદ્‌ગીતા'.
એકદમ સરળ ભાષામાં ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીનો અનુવાદ

પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યત્વે નીચે મુજબ સંકલન પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે :

૧. ગીતાના મૈંળ શ્લોકો
૨. શ્લોકાર્થ–વિવેચન : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી કૃત
૩. પ્રભુચરણ વિરચિત 'ગીતાતાત્પર્ય' તેમજ સવિવરણ 'ન્યાસાદેશ' ગ્રન્થનો ગુજરાતી અનુવાદ (અનુવાદક : ગો.વા.શ્રીવસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી) ગ્રન્થારંભમાં અને ગ્રન્થાન્તે

આ સિવાય ગોસ્વામી શ્રીશરદકુમારજી દ્વારા થયેલ 'ભગવદ્ગીતાસારસઞ્ચય' નું પણ પ્રકાશન પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે.

અન્તે 'શ્રીકૃષ્ણજન્મસ્થાન' મથુરા દ્વારા છપાયેલ ભગવદ્ગીતાના અભ્યાસુ સર્વજનોમાટે ઉપયોગી એવી ભગવદ્ગીતાની 'પાદાનુક્રમણિકા' પણ પૈંર્વપ્રકાશકોનો આભાર માનતાં પ્રકાશિત કરવામાં આવી રહી છે.

શ્રીમૈંલશંકર શાસ્ત્રીજીએ સમ્પૈંર્ણ ગીતા પર સ્વતન્ત્ર વિવેચન કર્યું છે. તેમાંના કેટલાક ઉપયોગી અંશોને આ ગ્રન્થમાં ક્યાંક–ક્યાંક 'વિશેષ' શીર્ષક નીચે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

:: પ્રકાશક ::

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી–કચ્છ, ગુજરાત.
ફોન : ૦૨૮૩૪–૨૩૧૪૬૩

<u>પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રકાશીત પ્રકાશનો</u>

૧.	પુષ્ટિવાક્સુધા	૧૫-૦૦
૨.	જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો	૭૦-૦૦
૩.	સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા)	અપ્રાપ્ય
૪.	સિધ્ધાંત સૂક્તિ (ગો.શ્રીશ્યામમનોહરજી)	નિઃશુલ્ક
૫.	વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪)	નિઃશુલ્ક
૬.	સિદ્ધાન્ત રહસ્ય (સંક્ષિપ્ત)	નિઃશુલ્ક
૭.	શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા)	અપ્રાપ્ય
૮.	ચિરકુટ ચર્ચા સમીક્ષા	નિઃશૂલ્ક
૯.	ધર્માધર્માગ્રદર્શનમ્	અપ્રાપ્ય
૧૦.	શ્રીભાગવત સુધા - રસબિંદુ	૧૫-૦૦
૧૧.	શ્રીસર્વોત્તમસ્તોત્રમ્	૧૫-૦૦
૧૨.	શ્રીયમુનાષ્ટકમ્	૧૫-૦૦
૧૩.	બાલબોધ અને પંચપદ્યાનિ	૫-૦૦
૧૪.	સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ	૧૦-૦૦
૧૫.	સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	૫-૦૦
૧૬.	નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ	૧૦-૦૦
૧૭.	વિવેકધૈર્યાશ્રય	૫-૦૦
૧૮.	શ્રીકૃષ્ણાશ્રય	૫-૦૦
૧૯.	ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ	૧૦-૦૦
૨૦.	સંન્યાસનિર્ણય અને સેવાફલ	૧૦-૦૦
૨૧.	ભક્તિયોગ (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી)	નિઃશૂલ્ક
૨૨.	કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી)	નિઃશૂલ્ક

:: ApNpdu âL$pi_p¡ ::

★ પુષ્ટિવિધાનમ્-૩ સહકારીણી
★ શિક્ષાપત્ર સાર સંચય
★ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય
★ પુષ્ટિમાર્ગીય મર્યાદાના ૨૪ સૂત્રો
★ શ્રીમદ્ ભાગવત ચિંતન તૃતીય સ્કન્ધ (ગોંડલ)
(પ્રવક્તા : ગો.શ્રીશ્યામમનોરહજી) (ગુજરાતી)

:: âpráõ\p_ ::

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)